સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 29
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
રવિવાર, ૨૦ જુલાઈ, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાંચ ફાઈટર જેટ તોડી પડાયાં હતાં

વૉશિંગ્ટનઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે આ વર્ષના મે મહિનામાં થયેલા યુદ્ધ દરમિયાન પાંચ જેટ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હોવાનો અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો અને ફરી એકવાર ભારપૂર્વક કહ્યું હતું કે અમેરિકાની દખલગીરીને કારણે જ બંને દેશ વચ્ચે યુદ્ધવિરામ થયું હતું.

વાઈટ હાઉસમાં શુક્રવારે કરેલા નિવેદન દરમિયાન ટ્રમ્પે બંનેમાંથી એક દ્વારા પાંચ જેટ ફાઈટર તોડી પડાયા હતા કે બંને દેશના મળીને કુલ પાંચ જેટ ફાઈટર તોડી પડાયાં હોવા અંગે ચોક્કસ પુરાવા પૂરા નહોતા પાડ્યા. વકરી રહેલા ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન લગભગ પાંચ (જુઓ પાનું ૨) ▸▸




**અમેરિકાના પ્રમુખ ટ્રમ્પનો સનસનાટીભર્યો દાવોઃ જોકે તેમણે આ વિધાનના ટેકામાં કોઈ પુરાવા નથી આપ્યા**

## મોદીજી પાંચ વિમાનનું સત્ય શું છે?: રાહુલ

નવી દિલ્હી : ભારતે ઑપરેશન સિંદૂર વડે પહલગામમાં ૨૨ એપ્રિલે બનેલી આતંકવાદી ઘટનાનો બદલો પાકિસ્તાન પર લશ્કરી કાર્યવાહી કરીને લીધો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે મે મહિનાની ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈ દરમિયાન પાંચ જેટ તોડવામાં આવ્યા હતા. તેમણે ફરી દાવો કર્યો હતો કે મારી દરમિયાનગીરીને લીધે લડાઈનો અંત આવ્યો હતો.

અમેરિકાના પ્રમુખે એ સ્પષ્ટ કર્યું નહોતું કે પાંચ ફાઈટર બે દેશના હતા કે કોઈ એક દેશના હતા. કૉંગ્રેસના સંસદસભ્ય અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સવાલ કર્યો હતો કે મોદીજી, પાંચ વિમાનનું સત્ય શું છે? દેશને જાણવાનો અધિકાર છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન લડાઈમાં પોતાના દાવાનો પુનરુચ્ચાર કરતાં કૉંગ્રેસે શનિવારે માગણી કરી હતી કે છેલ્લા ૭૦ દિવસથી અમેરિકાના પ્રમુખના દવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ અને નિર્વિવાદ નિવેદન સંસદમાં કરવું જોઈએ. કૉંગ્રેસના (જુઓ પાનું ૨) ▸▸



**કોલ્હાપુરચા રાજાઃ** મહારાષ્ટ્ર રાજ્યના તહેવાર ગણેશોત્સવને હવે મહિનાથી થોડો જ વધારે સમય બાકી રહ્યો છે ત્યારે રાજ્યભરમાં તેમના આગમનની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. મુંબઈના પરેલથી કોલ્હાપુર શહેરની સૌથી ઊંચી ગણેશજીની મૂર્તિનો પ્રવાસ શનિવારે શરૂ થયો હતો. (જયપ્રકાશ કેળકર)

## ભાષાનું મહાભારત

### સરદાર પટેલ - મોરારજી દેસાઈ વિશે રાજ ઠાકરે ઘસાતું કેમ બોલ્યો?

## ગુજરાતમાં આક્રોશ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મહારાષ્ટ્રમાં મરાઠી અને ગુજરાતી ભાષાનો વિવાદ વધુ ઘેરાયો છે. ત્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા રાજ ઠાકરેના એક નિવેદને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. મીરા ભાયંદરમાં એક જનસભાને સંબોધતા તેમણે સરદાર પટેલ, મોરારજી દેસાઈ પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનો દાવો ગુજરાતી વેપારીઓ અને ગુજરાતી નેતાઓએ કર્યો હતો. રાજ ઠાકરેના આ નિવેદનના ગુજરાતમાં જોરદાર પડઘા પડ્યા હતા. તેનાથી (જુઓ પાનું ૨) ▸▸

## રાજ ઠાકરેને હિન્દી તો મેં શીખવીઃ નિશિકાંત દુબે

### ભાજપના સાંસદે મનસેના નેતાની 'ડૂબો ડૂબો કર મારેંગે' કમેન્ટનો જવાબ આપ્યો



નવી દિલ્હી : ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ શનિવારે રાજ ઠાકરે પર કટાક્ષ કરતા કહ્યું કે મેં તેમને હિન્દી શીખવી.

તમે મુંબઈ આવો. 'મુંબઈ કે સમંદર મેં ડૂબો ડૂબો કર મારેંગે', ઠાકરેએ એક કાર્યક્રમમાં હિન્દીમાં કહ્યું હતું, જેમાં મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ પર દુબે પર 'તુમકો પટક પટક કે મારેંગે' ટિપ્પણી કરવા બદલ દુબે પર નિશાન સાધ્યું (જુઓ પાનું ૨) ▸▸

### પાકિસ્તાનને ઝટકા પર ઝટકો

## ટીઆરએફને આતંકવાદી સંગઠન જાહેર કરવાના નિર્ણયને ચીનનું સમર્થન

નવી દિલ્હી : ભારતના ઓપરેશન સિંદૂર બાદના સતત પ્રયાસોના પગલે અમેરિકાએ પાકિસ્તાનના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટને (ટીઆરએફ) આતંકી સંગઠન જાહેર કર્યું છે. જેની બાદ ભારતે અમેરિકાના નિર્ણયને આવકાર્યો છે. તેમજ હવે ચીને પણ અમેરિકાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. જેના લીધે પાકિસ્તાનની મુશ્કેલીમાં વધારો થયો છે. ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ એ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનું સાથી સંગઠન છે.

જોકે, આ મુદ્દે પાકિસ્તાનની પ્રતિક્રિયા અલગ જ હતી. પાકિસ્તાને આતંકી સંગઠન ટીઆરએફનો લશ્કર-એ-તૈયબા સાથે સબંધ હોવાનો ઇનકાર કર્યો છે. તેમજ પાકિસ્તાને દાવો (જુઓ પાનું ૨) ▸▸

## ભારત ચિંતામાંઃ બ્રહ્મપુત્રા પર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાનું શરૂ કર્યું ચીને


બીજિંગ : અરુણાચલ પ્રદેશમાં ભારતીય સરહદની નજીક બ્રહ્મપુત્રા નદી પર ૧૬૭.૮ અબજ અમેરિકન ડૉલરના ખર્ચે વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાની શરૂઆત ચીને શનિવારથી કરી દીધી છે.

ચીનના વડા પ્રધાન લિ કિયાન્ગે બંધ બાંધવાની શરૂઆતના ભૂમિપૂજન વખતે ઉક્ત જાહેરાત કરી હતી. નીઈન્ગચી શહેરમાં આ નદી યુર્લુન્ગ ઝાન્ગબોના નામે ઓળખાય છે. સરકારી સમાચાર સંસ્થા શિન્હુઆએ અહેવાલ આપ્યો હતો કે સ્વાયત્ત તિબેટ રિજનમાં નીઈન્ગચીના મેનલિંગ હાઈડ્રોપાવર સ્ટેશનની બંધની સાઈટમાં સમારોહ યોજાયો હતો. વિશ્વના સૌથી મોટા લેખાતા હાઈડ્રોપાવર પ્રોજેક્ટે નીચાણવાળા કાંઠા વિસ્તારમાં આવેલા ભારત અને બાંગ્લાદેશ માટે ચિંતા ઊભી કરી છે. એક અહેવાલ મુજબ આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૧૬૭.૮ અબજ ડૉલરના ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં પાંચ અલગ અલગ સ્તરના હાઈડ્રોપાવર સ્ટેશન હશે. આ હાઈડ્રોપાવર સ્ટેશન મારફતે પ્રતિવર્ષ ૩૦૦ અબજ કિલોવૉટ કરતાં પણ વધુ વીજળી પેદા કરવામાં આવશે જે ૩૦ કરોડ લોકોની વાર્ષિક વીજ જરૂરિયાત પૂરી કરશે. (એજન્સી) ■



**મહારથીઓની મીટિંગઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ વચ્ચે શનિવારે નવી દિલ્હીમાં બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્યત્વે તો ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ માટેની વ્યૂહરચના તેમ જ રાજ્ય ભાજપના નવા પ્રમુખના નામ વિશે ચર્ચા થઈ હતી. યોગી નવી દિલ્હીમાં ગઈ કાલે ભાજપના શીર્ષ નેતાઓને મળ્યા હતા. (એજન્સી)

## લોસ એન્જલસમાં ટોળામાં વાહન ઘૂસ્યું : 30 જખમી



લોસ એન્જલસમાં જ્યાં દુર્ઘટના થઈ એ સ્થળ. (એજન્સી)

લોસ એન્જલસઃ અમેરિકાના લોસ એન્જલસમાં શનિવારે એક વ્યસ્ત માર્ગ પર નાઇટ ક્લબમાં પ્રવેશવા માટે રાહ જોઇ રહેલા લોકોના ટોળામાં એક વાહન ઘૂસી ગયું હતું. જેમાં ૩૦ લોકો ઘાયલ થયા હતા.

લોસ એન્જલસ સિટી ફાયર ડિપાર્ટમેન્ટના જાહેર માહિતી અધિકારી કેપ્ટન એડમ વેન ગેરપેનના જણાવ્યા અનુસાર પીડિતોને સ્થાનિક હોસ્પિટલો અને ટ્રોમા સેન્ટરોમાં લઇ જવામાં આવ્યા છે. ફાયર વિભાગે એક નિવેદનમાં જણાવ્યું કે ઇસ્ટ હોલીવુડ વિસ્તારના સૅન્ટા મોનિકા બુલેવાર્ડ ખાતે થયેલા અકસ્માતમાં ઘાયલ થયા બાદ ત્રણ લોકોની હાલત ગંભીર છે.

વેન ગેરપેને જણાવ્યું કે લોકો એક કતારમાં નાઇટ ક્લબમાં પ્રવેશવાની રાહ જોઇ રહ્યા હતા ત્યારે (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાને ભારતનાં વિમાનો માટે ઍરસ્પેસ બંધી હવે ૨૪ ઑગસ્ટ સુધી લંબાવી

કરાચી : ભારત અને પાકિસ્તાન વચ્ચે પહલગામ આતંકી હુમલા બાદ તણાવ ઉભો થયો છે. જેમાં પણ ભારતના ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે.

જેની બાદ પાકિસ્તાને ભારતીય વિમાનો માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. આ પ્રતિબંધને હવે ૨૪ ઓગસ્ટ સુધી લંબાવી દેવાયો છે. આ પ્રતિબંધ ભારતીય એરલાઈન્સના તમામ વિમાનો, લીઝ પર લીધેલા સૈન્ય કે નાગરિક વિમાનનો સમાવેશ થાય છે.

જમ્મુ-કાશ્મીરમાં બાવીસમી એપ્રિલના રોજ પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ આદરેલા ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાને ભારતીય વિમાનો માટે એરસ્પેસ બંધ કરી હતી. પાકિસ્તાને ૨૪ એપ્રિલથી ભારતીય વિમાનો માટે એરસ્પેસ પ્રતિબંધ બંધ કર્યો છે. જેની બાદ ભારતે પણ ૩૦ એપ્રિલથી પાકિસ્તાની વિમાન માટે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી હતી. ■

## અમેરિકા સાથે ટ્રેડ ડીલ હાથવગીઃ વાટાઘાટોના પાંચમા રાઉન્ડનો અંત

નવી દિલ્હી : ભારત અને અમેરિકાની ટીમોએ ૧૭ જુલાઈના રોજ વોશિંગ્ટનમાં પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપાર કરાર (બિટીએ) માટે પાંચમા રાઉન્ડની વાટાઘાટો પૂર્ણ કરી છે અને ભારતીય ટીમ પાછી આવી રહી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વોશિંગ્ટનમાં ચાર દિવસ માટે વાટાઘાટો યોજાઈ હતી.

ભારતના મુખ્ય વાટાઘાટકાર અને વાણિજ્ય વિભાગમાં વિશેષ સચિવ રાજેશ અગ્રવાલ (જુઓ પાનું ૨) ▸▸

## ઓનલાઇન સટ્ટાબાજીને પ્રોત્સાહનઃ ગૂગલ અને મેટાને ઇડીના સમન્સ

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડીએ)એ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સની તપાસના સંદર્ભે ગૂગલ અને મેટાને નોટિસ આપી છે. એજન્સીનો (જુઓ પાનું ૨) ▸▸

## હવે ગ્રેટર નોએડાની શારદા યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીનો આપઘાત

ગ્રેટર નોએડાઃ તાજેતરમાં ઓડિસાની એક યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થિનીએ શિક્ષક દ્વારા જાતિય સતામણીથી કંટાળીને આત્મદાહ કર્યો હતો. આ ઘટનાને એક અઠવાડિયું થવા આવ્યું હતું, ત્યારે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોએડાની એક યુનિવર્સિટીમાં પણ એક વિદ્યાર્થિનીએ આત્મહત્યા કર્યાની ઘટના સામે આવી છે.

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોએડા ખાતે શારદા યુનિવર્સિટી આવેલી છે. જેમાં હરિયાણાના ગુરુગ્રામના અશોક વિહારની વતની એવી જ્યોતિ નામની યુવતિ બીડીએસના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને કોલેજની મંડેલા ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી. ૧૮ જુલાઈ ૨૦૨૫ને શુક્રવારના રોજ તે પોતાના રૂમમાં એકલી હતી. તેના રૂમ પાર્ટનર બહાર ગયા હતા.

સાંજે સાત વાગ્યે એક વિદ્યાર્થિનીએ જોયું કે જ્યોતિના રૂમનો દરવાજો અંદરથી બંધ છે. તેણે દરવાજાને ધક્કા માર્યા. બીજા ધક્કે દરવાજો ખુલી ગયો હતો. પરંતુ જેવો દરવાજો ખુલ્યો અને અંદરનું દૃશ્ય જોઈને વિદ્યાર્થિની ચોંકી ગઈ હતી. જ્યોતિએ ગળે ફાંસો ખાઈ લીધો હતો. વિદ્યાર્થિનીએ હોસ્ટેલના વોર્ડન અને અન્ય વિદ્યાર્થિનીઓને આ અંગે જાણ કરી હતી. આત્મહત્યા અંગે જાણ થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

### જ્યોતિની સુસાઈડ નોટમાં બે નામનો ઉલ્લેખ

તપાસ દરમિયાન પોલીસને જ્યોતિએ લખેલી સુસાઈડ નોટ પણ મળી આવી હતી. પોતાની આત્મહત્યાના કારણ અંગે સુસાઈડ નોટમાં જ્યોતિએ લખ્યું હતું કે, ''જો મારું મૃત્યુ થઈ જાય તો તેના માટે પીસીપી અને ડેન્ટલ મેડિકલ કોલેજના શિક્ષક જવાબદાર હશે. મહેન્દ્ર સર અને શૈરી મેડમ મારા મૃત્યુ માટે જવાબદાર છે. હું ઈચ્છું છું કે તેઓ જેલ ભેગા થાય. તેમણે મને માનસિક રીતે હેરાન કરી, મારું અપમાન કર્યું. તેમના કારણે હું લાંબા સમયથી ડિપ્રેશનમાં છું. હું ઈચ્છું છું કે, તેમને પણ આ બધું સહન કરવું પડે. માફ કરજો, હવે હું વધારે જીવી નહી શકું.'' ■

## વરસાદી તાંડવઃ યુપીમાં ૧૮નાં મોત

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૮ જણનાં મોત થયાં હોવાનું હવામાન ખાતાએ શનિવારે કહ્યું હતું. ૧૮ જણમાંથી આઠનું ડૂબી જવાને કારણે તો બે જણનું સર્પદંશથી મોત થયું હતું.

હવામાન ખાતાએ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કેરળ માટે અલર્ટ જારી કરી હતી.

ભારે વરસાદને કારણે રાજસ્થાનના અજમેર, પુષ્કર, બુંદી, સવાઈ માધોપુર અને પાલિ સહિતના અનેક વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી તો હિમાચલ પ્રદેશમાં અનેક સ્થળે ભેખડો ધસી પડવાની (જુઓ પાનું ૨) ▸▸

## નાઈજરમાં બે ભારતીય ઠાર

નિઆમેઃ સાઉથ-વેસ્ટ નાઈજરમાં આતંકવાદીઓએ બે ભારતીયને ઠાર માર્યા હોવા ઉપરાંત એકનું અપહરણ કર્યું હોવાનું સ્થાનિક ભારતીય એલચી કચેરીએ જણાવ્યું હતું.

નાઈજરના ડોસ્સો વિસ્તારમાં ૧૫ જુલાઈએ આતંકવાદીઓએ હુમલો કરી બે ભારતીયને ઠાર માર્યા હતા અને એકનું અપહરણ કર્યું હતું.

ડોસ્સોમાં કન્સ્ટ્રક્શન સાઈટની ચોકી કરી રહેલા સેનાના એકમ (જુઓ પાનું ૨) ▸▸

## ઓડિશામાં તરુણીને જીવતી સળગાવી

ભુવનેશ્વરઃ ઓડિશાના પુરી જિલ્લામાં શનિવારે અજાણ્યા તોફાનીઓએ ૧૫ વર્ષની એક તરુણીને જીવતી સળગાવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

તરુણીને ગંભીર અવસ્થામાં સારવારાર્થે એઈમ્સ ભુવનેશ્વરમાં લઈ જવામાં આવી હતી.

તરુણી ૭૦ ટકા દાઝેલી હોવા છતાં બોલી શકતી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન તેમ જ મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન પ્રાવતી પારિદાએ કહ્યું હતું કે અસરગ્રસ્ત તરુણીની સારવારનો તમામ ખર્ચ (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૦-૭-૨૦૨૫ થી તા. ૨૬-૭-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગીમંગળ સ્થિર ગતિએ સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી બુધ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. સપ્તાહના પ્રારંભે ચંદ્ર વૃષભ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૨મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. તા. ૨૪મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે, તા. ૨૬મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં સફળતા જણાશે. તા. ૨૨, ૨૩, ૨૪મીએ નોકરીના કામકાજનો સફળ નિર્ણય લઈ શકશો. નોકરીમાં સફળતા અનુભવશો. કારોબારમાં નાણાવ્યવહાર સરળતાથી સંપન્ન થતો જણાશે. વેપાર વધશે. કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ કરશો. મહિલાઓને હુન્નરની તાલીમ પ્રાપ્તિ માટે સફળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. તા. ૨૦, ૨૧, ૨૨ નોકરીના ક્ષેત્રે સફળતા દર્શાવે છે. કારોબારની નાણાઆવક જળવાઈ રહેશે. કારોબારમાં આર્થિક વ્યવહારો પણ પૂર્ણ કરી શકશે. સપ્તાહના પ્રવાસ એકંદરે સફળ બની રહેશે. મહિલાઓને પરિવારના સભ્યોમાં સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ માટે સફળ અનુભવ કરશો. તા. ૨૩, ૨૪, ૨૫ના કામકાજ એકંદરે શુભ પુરવાર થશે. મુસાફરીમાં ધાર્યા મુજબના સફળતાના અનુભવો થાય. સ્વતંત્ર કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. કોર્ટ–કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓનો તીર્થપ્રવાસ પ્રાસંગિક જવાબદારીઓ પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં રમતગમતક્ષેત્રે સફળતા જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૨ શુભ પુરવાર થશે. તા. ૨૩મીએ કાર્યક્ષેત્રે નાણાંની જવાબદારીએ સંભાળવું જરૂરી છે. સપ્તાહમાં ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ લાવી શકશો. નોકરીમાં મહિલાઓને સફળતા જણાશે. પડોશ મિત્રોમાં લાગણી સંબંધો જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ અધ્યયન ક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન જ્ઞાન મેળવશો. લાંબા અંતરનો પ્રવાસ સફળ બની રહેશે. નોકરીના કામકાજમાં સખત પુરુષાર્થ છતાંય પ્રગતિ જાળવી શકશો. વેપારના કામકાજમાં પ્રગતિ થશે. આર્થિક વ્યવહારો પણ સરળતાથી પૂર્ણ કરી શકશો. નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થશે. મહિલાઓને કારોબારની પ્રગતિ જળવાઈ રહેશે. પરિવાર માટે જરૂરી સાધનો મેળવી શકશો. વિદ્યાર્થીઓને અધ્યયન માટે વધુ સાવધાની દાખવવી જરૂરી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરીની હરીફાઈમાં વિજયી નીવડશો. આ સપ્તાહમાં નાણાવ્યવહાર સફળતાથી સંપન્ન થશે. વેપારના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓ નવા હુન્નરલક્ષી વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થીઓ અધ્યયન, વાંચનમાં એકાગ્રતા દાખવી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચના વેપારમાં તથા લાંબા અંતરના રોકાણ માટે સફળતા જણાશે. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૫ શુભ પુરવાર થશે. નોકરીમાં નવી જવાબદારીઓ પૂર્ણ કરી શકશો. વ્યવસાયના આર્થિક વ્યવહારો સફળતાથી પૂર્ણ થાય. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ નોકરી ક્ષેત્રે સફળતાનો અનુભવ કરશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસમાં સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૨૦, ૨૧, ૨૨ શુભ પુરવાર થશે. નોકરીના સ્થળની બદલી પણ શક્ય છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય જણાય છે. ભાગીદારીના સંબંધનો સુખદ અનુભવ થશે. મહિલાઓ આ સપ્તાહમાં નવા કારોબારનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષક અધિકારીનું પ્રોત્સાહન મળી રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાશે. આ સપ્તાહમાં નોકરીની પ્રવૃત્તિઓ નિયમિતપણે જળવાઈ રહેશે. અધિકારી તથા સહકાર્યકરોનો સહયોગ મેળવશો. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાશે. આર્થિક વ્યવહારો સફળ બની રહેશે. ગૃહિણીઓના આ સપ્તાહના કુટુંબના સભ્યો સાથેના વ્યવહાર વધુ સુખદ પુરવાર થશે. વિદ્યાર્થીઓનો અભ્યાસ અર્થે પ્રવાસ સફળ થતો જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અનુભવ, જ્ઞાન, કાર્યદક્ષતા મુજબ સફળ નિર્ણયો લઈ શકશો. નોકરીમાં આત્મવિશ્વાસપૂર્વક જવાબદારીઓ નિભાવી શકશો. પરિવારના કામકાજમાં પ્રગતિ જળવાશે. પરિવારજનો કારોબારમાં ઉપયોગી થાય. પ્રવાસ એકંદરે સફળ બની રહેશે. નાણાઆવકના સાધનો સક્ષમ પુરવાર થશે. ગૃહિણીઓને પરિવારના સભ્યોથી યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણની તકો પણ મેળવી શકશો. નોકરી ક્ષેત્રે આત્મવિશ્વાસ દૃઢ પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરો પણ ઉપયોગી થાય. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો. કારોબારની નાણાંઆવક જળવાઈ રહેશે. મહિલાઓ કાર્યક્ષેત્રે સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની મૂંઝવણમાં માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં સ્થાન પરિવર્તનો જણાય છે. તા. ૨૦, ૨૧, ૨૨મીએ સફળ નિર્ણયો લઈ શકશો. કુટુંબના સભ્યોની પ્રગતિ જળવાશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. નવા ક્ષેત્રો, નવા વ્યવસાયનો પ્રારંભ થાય. મહિલાઓ પરિવાર માટે જરૂરી સાધનસામગ્રી મેળવી શકશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ

### રવિવાર, તા. ૨૦-૭-૨૦૨૫, ભદ્રા સમાપ્તિ

ભારતીય દિનાંક ૨૯, માહે અષાઢ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
અષાઢ વદ–૧૦
જૈન વીર સંવત ૨૫૫૧,
માહે અષાઢ, તિથિ વદ–૧૦
પારસી શહેનશાહી રોજ ૧૦મો આવાં,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ
માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨જો બેહમન,
માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૪મો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૫મો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૨–૫૨ સુધી, પછી રોહિણી
ચંદ્ર મેષમાં સવારે ક. ૦૬–૧૧ સુધી, પછી વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતીઃ સવારે ક. ૦૭–૫૯, રાત્રે ક. ૧૯–૧૦
ઓટઃ બપોરે ક. ૧૩–૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૦૮ (તા. ૨૧).

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – દસમી. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨–૧૨. સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ નક્ષત્ર અને વારનો, ભગવાન સૂર્યનારાયણની પૂજાનો શ્રેષ્ઠ યોગ, અગ્નિપૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ગાયત્રી માતાનું પૂજન, હવન, જાપ, ઉંબરાના વૃક્ષનું પૂજન, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
આચમનઃ ચંદ્ર–હર્ષલ યુતિ, નિર્ણયોમાં વિલંબ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ યુતિ, સૂર્ય, પુષ્ય પ્રવેશ, ચંદ્ર કૃત્તિકા યુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.
ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–સિંહ, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૦–૭–૨૦૨૫ થી તા. ૨૬–૭–૨૦૨૫

રવિવાર, અષાઢ વદ–૧૦, વિ. સં. ૨૦૮૧, તા. ૨૦મી જુલાઈ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૨–૫૨ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૬–૧૧ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨–૧૨. સામાન્ય દિવસ.

સોમવાર, અષાઢ વદ–૧૧, તા. ૨૧મી. નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૧–૦૬ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. કામિકા એકાદશી (ગૌદૂધ), બુધ પશ્ચિમમાં અસ્ત થાય છે. લગ્ન, શુભ દિવસ.

મંગળવાર, અષાઢ વદ–૧૨, તા. ૨૨મી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૧૯–૨૪ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૮–૧૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ત્રયોદશી ક્ષય તિથિ છે. ભૌમ પ્રદોષ, કેરપૂજા (ત્રિપુરા), સૂર્ય સાયન સિંહમાં રાત્રે ક. ૧૯–૦૧. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮–૩૯. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, અષાઢ વદ–૧૪, તા. ૨૩મી, નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭–૫૩ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, ભારતીય શ્રાવણ માસારંભ, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫–૩૧. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અષાઢ વદ–30, તા. ૨૪મી, નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૬–૪૩ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૧૦–૫૮ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, દિવાસાનું રાત્રે જાગરણ, અન્વાધાન, દિપપૂજા, હરિયાલી અમાવસ્યા, ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), આદિ અમાવસ્યા (દક્ષિણ ભારત), ગુરુપુષ્યામૃતયોગ (વિવાહે વર્જ્ય), સાંજે ક. ૧૬–૪૩થી સૂર્યોદય. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, શ્રાવણ સુદ–૧, તા. ૨૫મી, નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૬–૦૦ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, શ્રાવણ માસારંભ, શિવપૂજન આરંભ, જીવંતિકા પૂજન, મહાલક્ષ્મી સ્થાપન અને પૂજન, નક્તવ્રતારંભ. શુભ દિવસ.

શનિવાર, શ્રાવણ સુદ–૨, તા. ૨૬મી, નક્ષત્ર આશ્લેષા બપોરે ક.૧૫–૫૧ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૫–૫૧ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. અશ્વત્થ મારુતિ પૂજન, ચંદ્રદર્શન, મું. 30, સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નિત ૩૫ અંશ, શુક્ર મિથુનમાં સવારે ક. ૦૮–૫૭. શુભ કાર્ય વર્જ્ય છે.

# હુર્રિયતનું હવે વજૂદ જ નથી રહ્યું : બિલાલ ગની લોન

શ્રીનગર : ભૂતપૂર્વ અલગતાવાદી નેતા બિલાલ ગની લોને સમય સાથે અપ્રસ્તુત કે અસંગત બનવા માટે હુર્રિયત કોન્ફરન્સને જ જવાબદાર ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે અલગતાવાદી ગઠબંધન નિષ્ક્રિય બની ગયું છે. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં 'સંકટભરી પરિસ્થિતિ અને વિભાજન' કરવા માટે પાકિસ્તાનને જવાબદાર ગણાવ્યું હતું. લોનની આ ટિપ્પણી બતાડે છે કે લોને પરંપરાગત અલગતાવાદના આલાપ કરવાનું છોડી દીધું છે. તેમણે કહ્યું હતું કે હુર્રિયત અને પાકિસ્તાને આ વિસ્તારમાં પ્રગતિ લાવવાની તકો રોળી દીધી હતી.

લોન મુખ્ય પ્રવાહ તરફના રાજકાણ તરફ વળ્યા છે એનું કારણ નવી પેઢી છે. તેમણે યુવાન પેઢીને એ સ્વીકારવાનો અનુરોધ કર્યો હતો કે ભારત મોટી સત્તા હોવાથી તેની સામે લડી શકાય નહીં. તેમણે યુવાનોને રાજકીય પક્ષોની નજરે દેશને ન જોવા અને ભારતમાં જગ્યા શોધવા ભારતને ભારત તરીકે જોવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલની પેઢીને આ સત્ય ૩૫ વર્ષથી કહેવું જોઈતું હતું. તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેમણે શોષણનું રાજકારણ અટકાવવાની નવા રાજકીય ક્ષેત્રમાં પ્રવેશવું જોઈએ, લોને ભારપૂર્વક જણાવ્યું હતું કે ૧૯૯૩માં જેની સ્થાપના કરવામાં આવી હતી તે અલગતાવાદી સંસ્થા હુર્રિયત કોન્ફરન્સે તેનું વજૂદ ગુમાવી દીધું છે. હુર્રિયત આજની તારીખે અસંગત બની ગઈ છે.હુર્રિયત ફન્કશનલ ભી નહી હૈ. લોને સ્વીકાર્યું હતું કે લોકોએ ભૂતકાળમાં હુર્રિયત પર વિશ્વાસ મૂક્યો હતો, પરંતુ હાલમાં વાસ્તવિકતા અલગ છે. (એજન્સી)

# લક્ષદ્વીપનો બિત્રા ટાપુ લશ્કરને સોંપી દેવાશે

કોચીઃ લક્ષદ્વીપ વહીવટીતંત્ર લશ્કરી કામગીરીના આશયથી બિત્રા ટાપુ હસ્તગત કરવા વિચારણા કરી રહ્યું હોવાના અહેવાલ છે.

વહીવટી તંત્રના આ નિર્ણયનો લક્ષદ્વીપના સાંસદ હમીદુલ્લાહ સૈયદે સખત વિરોધ કર્યો છે અને તેમણે ટાપુ પર વસવાટ કરતા સ્થાનિક લોકોને સંપૂર્ણ ટેકો આપવાની જાહેરાત કરી આ નિર્ણયનો વિરોધ કરવા રાજકીય અને કાયદાકીય માર્ગ શોધી કાઢવાનું વચન આપ્યું છે. આ નિર્ણય પાછળનો મુખ્ય આશય સ્થાનિક લોકોને અન્યત્ર ખસેડવાનો અને ટાપુની જમીન સંરક્ષણ વિભાગ તેમ જ કેન્દ્ર સરકારની સંબંધિત એજન્સીઓને ટ્રાન્સફર કરી આપવાનો હોવાનું તેમણે કહ્યું હતું. તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં મહેસૂલ ખાતાને બિત્રા ટાપુનો સમગ્ર જમીની વિસ્તાર હસ્તગત કરવા જણાવાયું છે. જિલ્લા કલેક્ટર શિવમ ચંદ્રાએ આદેશમાં જણાવ્યું હતું કે ગ્રામ સભા સહિત સંબંધિત તમામ લોકોને વિશ્વાસમાં લઈ આ કાર્ય કરવામાં આવશે.

હસ્તગત કરવામાં આવનારી જમીનનું સર્વેક્ષણ બે મહિનામાં કરી લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારત–પાકિસ્તાન

ફાઈટર જેટને હવામાં જ તોડી પાડવામાં આવ્યા હતા એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે પરમાણુ શસ્ત્રો ધરાવતા બંને દેશ વચ્ચે યુદ્ધ જોખમી સ્તરે પહોંચી ગયું હતુ અને બંને દેશ એકમેક પર પ્રહાર કરી રહ્યા હતા.

જોકે ટ્રમ્પના આ નિવેદન અંગે ભારતે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા નહોતી આપી. યુદ્ધ દરમિયાન વિમાન ગુમાવ્યા હોવાની ભારતે કબૂલાત કરી હતી, પરંતુ તેની વિગતો જાહેર નહોતી કરી.

બીજી તરફ પાકિસ્તાન કોઈપણ પ્રકારના પુરાવા આપ્યા વિના જ તેણે ભારતનાં છ વિમાન તોડી પાડ્યા હોવાનો દાવો કરી રહ્યું છે. જોકે પાકિસ્તાનના આ દાવાને ભારતીય સેનાએ ભારપૂર્વક નકારી કાઢ્યો હતો. (એજન્સી)

### ગુજરાતમાં

ગુજરાતી જનમાનસમાં ભારે રોષ વ્યાપ્યો હતો અને આકરી પ્રતિક્રિયાઓ આવી હતી.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે, મુંબઈને મહારાષ્ટ્રમાંથી અલગ કરવાનો દાવો અમુક ગુજરાતી વ્યાપારી અને ગુજરાતી નેતાનો હતો. આચાર્ય અત્રેનું પુસ્તક વાંચતા મને આઘાત લાગ્યો કે મુંબઈ મહારાષ્ટ્રને મુંબઈ ન મળે એના માટેનું પહેલું જે નિવેદન આવ્યું તે વલ્લભભાઈ પટેલે આપ્યું હતું. વલ્લભભાઈએ કહ્યું હતું કે, મુંબઈ મહારાષ્ટ્રને ન આપતા. વલ્લભભાઈ પટેલ જેમને અત્યાર સુધી અમે લોહપુરુષ માનતા હતા. તે ઉપરાંત રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન મોરારજી દેસાઈ વિશે ટીપ્પણી કરતા કહ્યું હતું કે જે જે વખતે મહારાષ્ટ્રમાં આંદોલન થયા છે તે વખતે આ મોરારજી દેસાઈએ ગોળીબાર કરીને મરાઠી લોકોને મહારાષ્ટ્રમાં ઠાર માર્યા હતા. અનેક વર્ષોથી ગુજરાતી લોકોની મુંબઈ પર નજર છે.

રાજ ઠાકરેનાં આ નિવેદનને પગલે ગુજરાતમાં આકરી પ્રતિક્રિયાઓ આવી હતી. ભાજપ નેતા અલ્પેશ કથીરિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે તેઓ બાળા સાહેબ ઠાકરેના પરિવારમાંથી આવે છે, જેથી તેઓ સન્માનનીય વ્યક્તિ છે, પરંતુ સન્માનનીય વ્યક્તિ હોવાને કારણે દેશના મહાનુભાવોનું અપમાન કરવાનો તેમને કોઈ હક નથી. સરદાર સાહેબ અને મોરારજી દેસાઈ વિશે ઘસાતું બોલીને તેઓ આ મહાનુભાવોનું અપમાન કરી રહ્યા છે. કથીરિયાએ આક્ષેપ કર્યો હતો કે રાજ ઠાકરે ભાષા અને પ્રાંતના વિવાદમાંથી બહાર આવી શક્યા નથી. આવી સન્માનનીય વ્યક્તિઓનું અપમાન કોઈ વ્યક્તિથી સહન ન થાય. તેમણે રાજ ઠાકરે દ્વારા જાહેરમાં માફી માગવામાં આવે તેવી માંગ કરી હતી.

રાજ ઠાકરેના નિવેદન પર સરદાર પટેલ ગ્રૂપના વડા લાલજી પટેલે પણ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે રાજ ઠાકરે એવા નેતાઓમાં સામેલ છે જેઓ હજુ સુધી ગુજરાતમાં સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા માટે પહોંચ્યા નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, તમે (રાજ ઠાકરે) સરદાર પટેલનું અપમાન કર્યું છે. રાજ ઠાકરે, તમારા પર કડક કાર્યવાહી કરાશે.

રાજ ઠાકરેના વિવાદાસ્પદ નિવેદન સામે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ પલટવાર કરતા કહ્યું હતું કે, મહારાષ્ટ્રના નેતા રાજ ઠાકરેએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ અને મોરારજી દેસાઈનું અપમાન કર્યું છે. પહેલા તે માત્ર ગુજરાતીઓનું અપમાન કરતા હતા હવે સરદાર વલ્લભભાઈ પટેલનું અપમાન કરીને તમામ હદ પાર કરી છે. તેમણે કહ્યું હતું કે જે પોતાની રાજનીતિ તો ચમકાવી નથી શકતા, એક સીટ જીતી નથી શકતા એટલે ભારતના મહાન નેતાઓનું અપમાન કરે છે. તેમણે ગુજરાતના મુખ્ય પ્રધાન અને મહારાષ્ટ્રની ભાજપ સરકાર કેમ આ બાબતે ચૂપ છે? તે અંગે પણ સવાલ ઉઠાવ્યા હતાં. આ સાથે જ તેમણે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રમુખ સી. આર. પાટીલને અપીલ કરી હતી કે રાજ ઠાકરે અને તેની ટીમ પર એફઆઈઆર દાખલ કરાવવામાં આવે.

આ વિવાદમાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં રાજકીય જમીન શોધવા માટે ગમે તેવા નિવેદન કરનારા મનસેના નેતાઓ પોતાનું વ્યક્તિત્વ મોટું કરવા માટે સરદાર સાહેબનું અપમાન કરે છે. ગુજરાત વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના સાથે જીવનારું છે. માત્ર ને માત્ર ગુજરાતીઓ પ્રત્યે વૈમનસ્ય યોગ્ય નથી. સરદાર સાહેબના અપમાન સમયે તેના નામથી વટાવનારા લોકો મૌન છે, તો આ લોકોમાં અને મનસેના નેતાઓમાં કોઈ ફેર નથી. ગુજરાત અને ગુજરાતીઓ ક્યારેય પ્રદેશ, ભાષા કે જાતિની વિખવાદની રાજનીતિમાં માનતા નથી.

### નાઈજર

પર અજાણ્યા ગનમેને હુમલો કર્યો હતો.

મૃતક ભારતીયના મૃતદેહ મેળવી તેને સ્વદેશ મોકલવા સ્થાનિક વહીવટી તંત્ર સાથે અમે વાતચીત કરી રહ્યા છીએ, એમ સ્થાનિક ભારતીય એલચી કચેરીએ કહ્યું હતું.

પશ્ચિમ આફ્રિકાના દેશોમાં રહેતા તમામ ભારતીયોને સાવધ રહેવાની સલાહ પણ તેમણે આપી છે. (એજન્સી)

### રાજ ઠાકરેને

હતું.''મેં રાજ ઠાકરેને હિન્દી શીખવી છે,'' દુબેએ એક્સ પર પ્રશ્નાર્થ ચિહ્ન સાથે પૂછ્યું.

'મરાઠી માણસો'ના મુદ્દા પર કડક રણનીતિ માટે જાણીતા ઠાકરે, ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા શાળાઓમાં પહેલા ધોરણથી ત્રીજા ધોરણ સુધી ત્રીજી ભાષા શીખવવાના નિર્ણયના વિરોધમાં તેમના પિતરાઈ ભાઈ અને શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે ફરી જોડાયા છે.

દુબેએ તેમના પર અને હિન્દી વિરુદ્ધના અભિયાન પર હુમલો કર્યો હતો, જેમાં મુંબઈમાં લોકો સાથે દુર્વ્યવહારની કેટલીક ઘટનાઓ બની હતી, જ્યારે નાના ઠાકરેએ તેમના પક્ષના કાર્યકરોને કહ્યું હતું કે જો તેઓ તેમના આંદોલન દરમિયાન કોઈને માર મારવાનું નક્કી કરે તો તેનો વીડિયો ન બનાવો.

### ઓનલાઈન સટ્ટાબાજી

આરોપ છે કે આ કંપનીઓએ સટ્ટાબાજી એપ્સના પ્રચારમાં મદદ કરી અને તેમના જાહેરાતો તથા વેબસાઈટ્સને પોતાના પ્લેટફોર્મ પર પ્રાધાન્ય આપ્યું.

ઇડીએ ગૂગલ અને મેટા પર ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના પ્રમોશન અને તેમની જાહેરાતોને પોતાના ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રાધાન્ય આપવાનો આરોપ લગાવ્યો છે. સૂત્રો અનુસાર, બંને કંપનીઓના પ્રતિનિધિઓને ૨૧ જુલાઈના પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. આ પ્રથમ ઘટના છે જ્યાં ભારતમાં કામ કરતી મોટી ટેક કંપનીઓને સટ્ટાબાજીને પ્રોત્સાહન આપવાના કેસમાં જવાબદાર ગણવામાં આવી છે.

આ કાર્યવાહી ઓનલાઈન સટ્ટાબાજી વિરુદ્ધ ઇડીના વ્યાપક અભિયાનનો ભાગ છે. આ ઉપરાંત એજન્સી ઘણા ડિજિટલ પ્લેટફોર્મ પર તેની ભૂમિકાની તપાસ કરી રહી છે. અગાઉ પણ ઘણા ફિલ્મી સ્ટાર્સ અને સોશ્યિલ મીડિયા ઈન્ફલુએન્સર્સ આવી ગેરકાયદે એપ્સના પ્રચાર માટે તપાસના માટે સમન્સ મોકલવામાં આવ્યા છે.

સૂત્રો પ્રમાણે ઇડીની તપાસમાં જાણવા મળ્યું છે કે ઘણી એપ્સ 'સ્કિલ બેસ્ડ ગેમ'ના નામે ગેરકાયદે સટ્ટાબાજીનો ધંધો ચલાવે છે, જેના દ્વારા કરોડો રૂપિયાની કાળી કમાણી થઈ છે. આ રકમ હવાલા ચેનલો દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે છે. ગયા સપ્તાહે ઇડીએ ૨૯ લોકો સામે કેસ નોંધ્યો, જેમાં પ્રકાશ રાજ, રાણા દુગુબટી અને વિજય દેવેરકોંડા જેવા સેલિબ્રિટીઝનો સમાવેશ થાય છે, જેમણે આ એપ્સના પ્રચાર માટે મોટી રકમ લીધી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### લોસ એન્જલસ

એક વાહને તેમને અડફેટે લીધા હતા. જેમાં મોટાભાગની મહિલાઓ હતી. આ વાહને એક ટેકો ટ્રક અને વેલેટ સ્ટેન્ડને પણ ટક્કર મારી હતી. ગેરપેને વધુમાં જણાવ્યું કે ઘાયલોમાંથી એક દર્દીને ગોળી વાગી હોવાનું પેરામેડિક્સને જાણવા મળ્યું હતું. આ મામલે પોલીસ તપાસ ચાલી રહી છે. આ એલએપીડી સાથે એક વ્યાપક તપાસ હશે.

### ઓડિશામાં

સરકાર ઉપાડશે. ગુનેગારને વહેલામાં વહેલી તકે ઝડપી લેવા તેમણે પોલીસને જણાવ્યું હતું.

તરુણી મિત્રનાં ઘરે જઈ રહી હતી ત્યારે બાલાન્ગા પોલીસ સ્ટેશન વિસ્તારના બાયાબર ગામ ખાતે શનિવારે સવારે નવ વાગ્યે આ કરુણ ઘટના બની હતી. પ્રાથમિક જાણકારી મુજબ બાઈક પર આવેલી ત્રણ અજાણી વ્યક્તિએ તરુણીને માર્ગમાં આંતરી હતી.

તરુણીને બળજબરીપૂર્વક ભાર્ગવી નદીના તટે લઈ જઈ તેનાં પર જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ ચાંપી દીધી હતી. આગ ચાંપ્યા બાદ ગુનેગારો ત્યાંથી નાસી છૂટ્યા હતા. તરુણીનાં ઘરથી ઘટનાસ્થળ લગભગ ૧.૫ કિ.મી.ને અંતરે હતું.

સ્થાનિક લોકોએ આગ બુઝાવી ૭૦ ટકા દાઝેલી તરુણીને પીપીલી સરકારી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાર બાદ તરુણીને સારવારાર્થે ત્યાંથી એઈમ્સમાં ખસેડવામાં આવી હતી.

ઘટનાને મામલે અત્યાર સુધીમાં કોઈની અટક કે ધરપકડ કરવામાં ન આવી હોવાનું સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ–એસપીએ કહ્યું હતું. (એજન્સી)

### વરસાદી તાંડવ

ઘટના બની હતી. હવામાન ખાતાએ હિમાચલ પ્રદેશમાં ઑરેન્જ અલર્ટ જારી કરી હતી.

ભારે વરસાદને કારણે સિક્કીમમાં સામાન્ય જનજીવન ખોરવાયું હતું અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. કેરળમાં રેડ અલર્ટ જારી કરી હોવાનું હવામાન ખાતાએ કહ્યું હતું. (એજન્સી)

### મોદીજી

કમ્યુનિકેશન્સના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે સંસદના ચોમાસું સત્રના બે દિવસ પહેલાં ટ્રમ્પે ૨૪મી વાર એ જ બે વાતનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે નિર્દેશ કર્યો હતો કે ટ્રમ્પે ફરી કહ્યું છે કે અમેરિકાએ અણુશસ્ત્રો ધરાવતા ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને અટકાવ્યું હતું. ટ્રમ્પે તેમની ટકોર પણ દોહરાવી હતી કે મેં ધમકી આપી હતી કે જો યુદ્ધ ચાલુ રહેશે તો કોઈ વેપાર કરાર નહીં કરાય. ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાનને અમેરિકા સાથે વેપાર કરાર જોઈતો હોય તો આ દેશોએ તત્કાળ યુદ્ધવિરામ કરવો જોઈએ.

રમેશે કહ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે એવો પણ ઘટસ્ફોટ કર્યો છે કે પાંચ જેટ તોડી પાડવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૯માં 'હાઉડી મોદી' તથા ફેબ્રુઆરી ૨૦૨૦માં 'નમસ્તે ટ્રમ્પ'ના સમયથી પ્રમુખ ટ્રમ્પ સાથે વર્ષોથી મિત્રતા ધરાવતા અને આલિંગન ડિપ્લોમસી કરતાં વડા પ્રધાને હવે છેલ્લા ૭૦ દિવસના ટ્રમ્પના દાવા અંગે સ્પષ્ટ અને નિર્વિવાદ નિવેદન કરવું જ જોઈએ. વાઈટ હાઉસમાં રિપબ્લિકન પાર્ટીના સેનેટરો માટે યોજેલા ભોજન સમારોહમાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન યુદ્ધમાં હતા અને ચાર કે પાંચ જેટ તોડી પાડવામાં આવ્યા હતા. હું માનું છું કે પાંચ જેટ તોડી પાડવામાં આવ્યા હતા. યુદ્ધ બદતર થઈ રહ્યું હતું. બે ગંભીર અણુતાકાત વચ્ચેનું આ યુદ્ધ હતું અને તેઓ એકબીજા પર હુમલો કરી રહ્યા હતા. ભારત અને પાકિસ્તાન એકમેકને લક્ષ્ય બનાવી રહ્યા હતા અને અમે આ યુદ્ધ વેપારના માધ્યમથી અટકાવ્યું. અમે કહ્યું કે તમે અમેરિકા સાથે વેપાર કરાર કરવા ઈચ્છો છો કે નહીં. જો તમારે વેપાર કરાર કરવો હોય તો તમે એકમેક પર હથિયારો ન છોડી શકો અને એ કદાચ અણુહથિયારો પણ હોઈ શકે. મારા વહીવટીતંત્રે કોઈ બીજું વહીવટીતંત્ર જે આઠ વર્ષમાં ન મેળવી શકે એ છ મહિનામાં મેળવ્યું છે. મને એ વાતનો ગર્વ છે કે અમે ઘણા યુદ્ધો અટકાવ્યા હતા અને આ ગંભીર યુદ્ધો હતા, એમ ટ્રમ્પે ઉમેર્યું હતું. (એજન્સી)

### ટીઆરએફને

કર્યો હતો કે તેણે દેશમાંથી આતંકી નેટવર્કને ધ્વસ્ત કર્યા છે.

જમ્મુ કાશ્મીરના પહલગામના આતંકી હુમલામાં લશ્કર–એ–તૈયબાની સંડોવણીને રદિયો આપ્યો હતો. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું છે કે પાકિસ્તાન સબંધિત આતંકી સંગઠનોના નેટવર્કને નાબુદ કરવામાં આવ્યા છે. તેના સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ તેમની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીરને પણ એવી આશા નહોતી કે ડોનલ્ડ ટ્રમ્પ તેમની વિરુદ્ધ કડક પગલાં લેશે. જ્યારે અમેરિકાના આ નિર્ણયથી પાકિસ્તાનમાં ભય ફેલાયો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું છે કે, પહલગામ આતંકી હુમલાની તપાસ હજુ અધુરી છે તેમજ તેને નિષ્ક્રિય અને પ્રતિબંધિત સંગઠન લશ્કર–એ–તૈયબા સાથે જોડવો તથ્યોની વિરુદ્ધ છે.

### અમેરિકા

વાટાઘાટો માટે ટીમનું નેતૃત્વ કરે છે.

આ ચર્ચાઓ મહત્વપૂર્ણ છે કારણ કે બંને પક્ષ પહેલી ઓગસ્ટ પહેલા વચગાળાના વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાનું વિચારી રહ્યા છે, જે ભારત સહિત ડઝનબંધ દેશો (૨૬ ટકા) પર લાદવામાં આવેલા ટ્રમ્પ ટેરિફના સસ્પેન્શન સમયગાળાના અંતને ચિહ્નિત કરે છે.

આ વર્ષે બીજી એપ્રિલના રોજ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઉચ્ચ પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી હતી. ઉચ્ચ ટેરિફનો અમલ તાત્કાલિક ૯ જુલાઈ સુધી ૯૦ દિવસ માટે અને પછી પહેલી ઓગસ્ટ સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો કારણ કે અમેરિકા ઘણા દેશો સાથે વેપાર સોદાઓ માટે વાટાઘાટો કરી રહ્યું છે.

વાટાઘાટોના પાંચમા રાઉન્ડ દરમિયાન કૃષિ અને ઓટોમોબાઈલ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. બિન-બજાર અર્થતંત્રો અને સ્કોમેટ (વિશેષ રસાયણો, જીવો, સામગ્રી, સાધનો અને ટેકનોલોજી) સાથે વ્યવહાર કરવાના માર્ગો સંબંધિત મુદ્દાઓ પણ ચર્ચામાં આવ્યા હતા.

કૃષિ અને ડેરી ઉત્પાદનો પર ડ્યુટી છૂટછાટો માટેની અમેરિકાની માગ પર ભારતે પોતાનું વલણ કડક બનાવ્યું છે. નવી દિલ્હીએ અત્યાર સુધી ડેરી ક્ષેત્રના મુક્ત વેપાર કરારમાં તેના કોઈપણ વેપારી ભાગીદારોને કોઈ ડ્યુટી છૂટછાટો આપી નથી. કેટલાક ખેડૂત સંગઠનોએ સરકારને વેપાર કરારમાં કૃષિ સંબંધિત કોઈપણ મુદ્દાઓનો સમાવેશ ન કરવા વિનંતી કરી છે. ભારત આ વધારાના ટેરિફ (૨૬ ટકા) દૂર કરવા માગ કરી રહ્યું છે. તે સ્ટીલ અને એલ્યુમિનિયમ (૫૦ ટકા) અને ઓટો (પચીસ ટકા) ક્ષેત્રો પર ટેરિફમાં રાહત આપવાની પણ માંગ કરી રહ્યું છે. આની સામે, ભારતે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના ધોરણો હેઠળ બદલો લેવા માટે ડ્યુટી લાદવાનો પોતાનો અધિકાર અનામત રાખ્યો છે.

# ઉત્તર ગુજરાતમાં મેઘમહેરઃ બનાસકાંઠાના દાંતામાં સૌથી વધુ ૪.૧૭ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. આગામી ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેમાં બનાસકાંઠા, પાટણ, જામનગર, મોરબી અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. છેલ્લા ૧૨ કલાકમાં બનાસકાંઠામાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં સવારે ૬ થી સાંજે ૬ કલાક દરમિયાન ૧૨૮ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. બનાસકાંઠાના દાંતામાં સૌથી વધુ ૪.૧૭ ઇંચ વરસાદ વરસ્યો હતો. લાખણીમાં ૨.૭૬ ઇંચ, અમીરગઢમાં ૨.૬૮ ઇંચ, પાલનપુરમાં ૨.૫૬ ઇંચ, ડિસામાં ૨.૨૮ ઇંચ, મોરબીમાં ૨.૨૦ ઇંચ, ધોરાજીમાં ૧.૯૭ ઇંચ, દાંતીવાડામાં ૧.૭૭ ઇંચ, દાંતીવાડામાં ૧.૬૯ ઇંચ, નડિયાદમાં ૧.૬૯ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ચાર ઇંચથી વધારે, પાંચ તાલુકામાં બે ઇંચથી વધારે, ૧૨ તાલુકામાં એક ઇંચથી વધારે અને ૧૧૦ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો. રાજ્યના માછીમારોને પણ આગામી તા. ૨૨ જુલાઈ સુધી દરિયો ન ખેડવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. બનાસકાંઠાના દાંતાલાખણીમાં વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. લાખણીની બજારોમાં ઢીંચણ સમા પાણી ભરાયા હતા. સામાન્ય વરસાદમાં પાટણ શહેરના પારેવા સર્કલથી ખારકશા પીર જવાના માર્ગ પર વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો, રાહદારીઓ પરેશાન થયા હતા. પાલનપુરમાં હાઇવે ઉપર પાણી ભરાયા હતા. ■


## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

### ૧લી મે, ૨૦૧૩થી અમલમાં
### ક્લાસિફાઈડ રેટ કાર્ડ
### ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ગાંધીનગરમાં સીએમઓ અને કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી, વાંધાજનક વસ્તુ ન મળતા હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી સરકારી ઈમારતોને બોંબથી ઉડાવી દેવાની ધમકીઓ વધી રહી છે. આ દરમિયાન પાટનગર ગાંધીનગરમાં આવેલા મુખ્ય પ્રધાન કાર્યાલય અને કલેક્ટર કચેરીને બે દિવસ અગાઉ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઇ-મેલ મળ્યો હતો. જેને પગલે ભારે ખળભળાટ મચી ગયો હતો. આ ધમકીભર્યો ઈ-મેઈલ મળતાની સાથે જ સુરક્ષા એજન્સીઓ સક્રિય બની હતી અને તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરી દેવામાં આવી છે, પરંતુ કશું વાંધાજનક મળી ન આવતા સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાને પગલે ગાંધીનગર સહિત રાજ્યભરમાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત વિવિધ સુરત, વડોદરા અને વેરાવળ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી ચૂકી છે.

મળતી વિગતો અનુસાર ઈ-મેઈલ દ્વારા મુખ્ય પ્રધાન કાર્યાલય અને કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકીભર્યા ઈ-મેઈલમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પંજાબના અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિર બાદ ગુજરાતના મુખ્ય પ્રધાન કાર્યાલયને ટાર્ગેટ બનાવવામાં આવશે.

આ ગંભીર ધમકી મળતાની સાથે જ રાજ્યનું ગૃહ વિભાગ, પોલીસ વિભાગ અને અન્ય સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી. મુખ્ય પ્રધાન કાર્યાલય અને કલેક્ટર કચેરી સહિત સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ દ્વારા ઈ-મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો? આ ધમકી પાછળ કોનો હાથ છે? તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ ટીમ પણ આ મામલે તપાસ કરી રહી છે.

આ ઘટનાને પગલે સમગ્ર સરકારી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. પોલીસ દ્વારા લોકોને શાંતિ જાળવવા અને કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવી છે. ■

# કચ્છના અંજારમાં પ્રેમીએ જ ગળું દબાવી મહિલા પોલીસની હત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર પોલીસ મથકમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવી રહેલાં અરુણાબેન નટુભાઈ જાદવ (ઉ.વ. ૨૫)ની શુક્રવાર રાત્રે સીઆરપીએફમાં ફરજ બજાવતા પુરુષ મિત્રએ ઘરમાં ગળું દબાવી હત્યા કરી નાખતા સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગતો અનુસાર મૃતક અરુણા જાદવ મૂળ સુરેન્દ્રનગરના દેરવાડાના વતની હતા અને અંજારની ગંગોત્રી સોસાયટીમાં રહેતાં હતાં. શુક્રવાર મોડી રાત્રે અરુણા અને તેના પુરુષ મિત્ર દિલીપ ડાંગચીયા વચ્ચે કોઈક બાબતને લઈને ઝઘડો થયો હતો જેમાં દિલીપે પિત્તો ગુમાવીને અરુણાનું ગળું દબાવી હત્યા કરી નાખી હોવાનું અત્યાર સુધીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. અરુણાની હત્યા કર્યા બાદ દિલીપ સામેથી અંજાર પોલીસ મથકે હાજર થઈ ગયો હતો.

પ્રાથમિક દિલીપ પણ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં ફરજ બજાવે છે અને મણિપુર ખાતે પોસ્ટિંગ થયેલું છે. બંને લાંબા સમયથી એકમેકના પ્રેમસંબંધમાં હતા અને ટૂંક સમયમાં લગ્ન કરવાનું પણ આયોજન કરતાં હતાં. રાત્રે પારિવારિક બાબતમાં બોલાચાલી થતાં અરુણાએ દિલીપની માતા વિશે એલફેલ બોલવાનું શરૂ કરતાં દિલીપે હત્યા કરી નાખી હતી. બનાવના પગલે અંજાર પીઆઈ એ.આર. ગોહિલ સહિતની ટુકડીએ તપાસ શરૂ કરી છે. ■

# અમદાવાદના નરોડામાં સરકારી રાહતના ૧૨ હજાર કિલો ઘઉંનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નરોડા વિસ્તારમાં એક ટ્રકને ઝડપીને તેમાંથી સરકારી રાહતનો ૧૨ હજાર કિલો જેટલા ઘઉંનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. સ્પેશીયલ ઓપરેશન ગ્રૂપની ટીમે ટ્રક કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નરોડા જીઆઇડીસીસ્થિત સતનામ એન્ટરપ્રાઇઝ નામની કંપનીથી ઘઉંનો જથ્થો લઇને નજીકમાં આવેલી ભગવતી ફ્લોર મિલમાં પહોંચતો કરવામાં આવી રહ્યો હોવાનું પોલીસને બાતમી મળી હતી. સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પોલીસ ઇન્સ્પેક્ટર વી.એચ.જોષીનો સ્ટાફ શુક્રવારે રાતના સમયે નરોડા વિસ્તારમાં હતો ત્યારે તેમણે નરોડા અર્બન હેલ્થ સેન્ટર પાસે ઊભી રહેલી ટ્રકમાં તપાસ કરી ત્યારે તેમાં ઘઉંનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. આ અંગે ટ્રક ડ્રાઇવર જેસાભાઇ ડામોરની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તે બાબુભાઇ મન્સુરીની ગાડી ચલાવે છે. બાબુભાઇ તેને નરોડા જીઆઇડીસીમાં આવેલા સતનામ એન્ટરપ્રાઇઝ નામની એજન્સીમાંથી ઘઉંનો જથ્થો લઇને નરોડા જીઆઇડીસીમાં આવેલી ભગવતી ફ્લોર મિલ સુધી પહોંચતો કરવાની સૂચના આપી હતી. ■

# સુરતમાં રોગચાળો વકર્યોઃ ૧૫ દિવસમાં ૧૦ લોકોનાં મોત, દર્દીઓથી હૉસ્પિટલો ઊભરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં રોગચાળો વકર્યો છે, છેલ્લા ૧૫ દિવસમાં જ રોગચાળાને કારણે ૧૦ દર્દીઓના મોત નિપજ્યાં છે. જે ચિંતાજનક સ્થિતિ સૂચવે છે. શહેરની સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી હોસ્પિટલો પણ તાવ, ઝાડા-ઉલટીના કેસથી ઉભરાઈ રહી છે.

સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં જ ૭ હજારથી વધુ દર્દીઓ સારવાર અર્થે આવ્યા હતા. આ પૈકી ૩૪૮૮ દર્દીઓને દાખલ કરવાની ફરજ પડી હતી. દાખલ થયેલા મોટાભાગના દર્દીઓ તાવ, ઝાડા અને ઊલટી જેવી સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. દર્દીઓની આ વિક્રમી સંખ્યાને કારણે સિવિલ હોસ્પિટલના ઓપીડી અને વોર્ડમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની છે કે, વોર્ડની બહાર પણ બેડ મૂકીને દર્દીઓને સારવાર આપવી પડી રહી છે. સિવિલ હોસ્પિટલ ઉપરાંત સ્મીમેર હોસ્પિટલ અને શહેરની અન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ સમાન સ્થિતિ પ્રવર્તી રહી છે. દર્દીઓના સતત ધસારાથી આરોગ્ય તંત્ર પર મોટો બોજ પડ્યો છે.

આ અંગે સુરત સિવિલ હોસ્પિટલના પ્રોફેસર અને હેડ ડો. જીગીશા પાતળિયાએ જણાવ્યું હતું કે, અમે દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવા માટે સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છીએ. જો કે, કેસોમાં થયેલો અસામાન્ય વધારો ચિંતાજનક છે. નાગરિકોને સ્વચ્છતા જાળવવા અને તાવ, ઝાડા-ઊલટી જેવાં લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવા વિનંતી છે. ■

# વડોદરા રેલવે સ્ટેશન પરથી પાંચ કરોડના સોના સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા રેલવે પોલીસે મુંબઈથી વડોદરા આવી રહેલી વંદે ભારત ટ્રેનમાંથી એક ઇસમને રૂપિયા ૬.૫ કરોડના શંકાસ્પદ સોનાના દાગીના સાથે ઝડપી પાડ્યો હતો. વડોદરા રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૧ પર તેની પાસેથી ૬.૫ કિલો સોનાના દાગીના જપ્ત કરી આ દિશામાં તપાસ શરૂ કરી છે. આ વ્યક્તિનું નામ મોહિત છે અને તે મુંબઇના જ્વેલર્સના સેલ્સમેન હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સાથે જ આ શખસ સોનું ક્યાંથી લાવ્યો છે અને કોને આપવાનું હતું. આ બાબતે જીએસટી વિભાગ અને ઇન્કમટેક્સ વિભાગને પોલીસે જાણ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે રેલવે ડીવાયએસપી જી.એસ. બારિયાએ જણાવ્યું હતું કે, આ વ્યક્તિ પાસે સાડા છ કરોડ રૂપિયાની રકમ જેટલું સોનું છે. તેઓનું કહેવું છે કે અમારી પાસે તમામ પુરાવા અને બિલ છે. તેમ છતાં પણ કોઈ ગેરકાયદેસર કોઈ કાંડ કે ચોરી કરી હોય તે બાબતે તપાસ હાથ ધરી છે. આ અંગે અમે જીએસટી અને ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને અમે જાણ કરી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, તે સેલ્સમેને વડોદરાના જાણીતા અલકાપુરીમાં આવેલા ગણદેવીકર જ્વેલર્સને દાગીના વેચવા આવ્યો હોવાની વાત કરી છે. પોલીસ વડોદરાના જ્વેલર્સનું પણ નિવેદન લેશે. અમે તમામનાં નિવેદનો લઈશું જો કોઈ ગુનાહિત કૃત્ય જણાશે તો અમે કાર્યવાહી કરીશું છે. ■

# હાઈ કોર્ટની લપડાક બાદ પોલીસ એક્શનમાં, અમદાવાદમાં એક દિવસમાં રોંગ સાઈડના ૨૦૦૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને લગતી કામગીરી પર ગુજરાત હાઇ કોર્ટ દ્વારા આકરું વલણ દાખવ્યા બાદ જ પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવે છે. હાઈ કોર્ટના ઠપકા બાદ શુક્રવારે ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઇડની ઝુંબેશ યોજીને એક જ દિવસમાં બે હજાર જેટલા કેસ નોંધીને ૩૩ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

ગુજરાત હાઇ કોર્ટે શહેરના રસ્તા પરના દબાણ અને ટ્રાફિક વ્યવસ્થાના અનુસંધાનમાં કડક વલણ દાખવીને અનેકવાર સરકાર અને અમદાવાદ પોલીસને કામગીરી કરવા માટે ટકોર કરી છે. જેના કારણે પોલીસ દ્વારા કેટલીકવાર વિશેષ ઝુંબેશ યોજીને કામગીરી કરવામાં આવે છે. ત્યારે શુક્રવારે ટ્રાફિક પોલીસ દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારોમાં રોંગ સાઇડમાં જતા વાહનચાલકો વિરુદ્ધ ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં એક જ દિવસમાં બે હજાર જેટલા કેસ કરીને કુલ ૩૩ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રાફિક પોલીસ દ્વારા માત્ર એસ જી હાઇવે, સીજી રોડ કે મહત્ત્વની જગ્યા પર જ કામગીરી કરીને સંતોષ માનવામાં આવતો હતો. પરંતુ, ઘણા સમય બાદ પોલીસે શહેરના મોટાભાગના વિસ્તારમાં રોંગ સાઇડમાં જતા વાહનચાલકો વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત, અનેક સ્થળો પર દબાણ હટાવીને રસ્તા પણ ખુલ્લા કરવામાં આવ્યા હતા. ■

# અમદાવાદમાં ટાઉન પ્લાનિંગ સ્કીમમાં હવેથી પાંચ ટકા વનીકરણ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરનું વનીકરણ (ગ્રીન કવર) વધારવા નવી પૉલિસી લાવશે. જે મુજબ નવી ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમમાં ગ્રીન કવર માટે પાંચ ટકા જમીન ફરજિયાત ફાળવવી પડશે. આ ફાળવણીમાંથી ૧ ટકા વિસ્તારને મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને શહેરી જંગલો માટે અનામત રાખવો પડશે. જેથી ટૂંકા ગાળામાં ગ્રીન કવર વધારી શકાશે. અગાઉ, રાજ્યના ટાઉન પ્લાનિંગ એક્ટમાં બગીચા અને ઉદ્યાનો માટે વધુમાં વધુ ૫ ટકા જમીન અનામત રાખવાની છૂટ હતી, પરંતુ નવી નીતિમાં આ ફાળવણીને ફરજિયાત બનાવાશે. સૂત્રોના કહેવા પ્રમાણે, એક ખાસ ટીમ શહેરમાં ગ્રીન કવર વધારવા અને જાળવવા માટે જરૂરી સલાહ સૂચનો આપશે. વોર્ડ-સ્તરની સમિતિઓ સ્થાનિક અમલીકરણના પડકારોને ઉકેલશે, જ્યારે જાહેર અને ખાનગી મિલકતોને વૃક્ષારોપણ પહેલમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સૂત્રોના કહેવા પ્રમાણે, ગ્રીન કવર વધારવા માટે ઓક્સિજન પાર્ક, રેઈન ગાર્ડન, રૂફટોપ ગાર્ડન, લેક ગાર્ડન, શહેરી જંગલો, ઇકોલોજિકલ પાર્ક અને જૈવ વિવિધતા પાર્ક સહિતની ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શહેરભરમાં વિકસાવવામાં આવશે.ગેરકાયદેસર વૃક્ષ કાપવા બદલ દંડમાં પણ વધારો થશે. કોઈપણ વૃક્ષ કાપનાર વ્યક્તિએ ત્રણ વર્ષની અંદર ૧૦ નવા વૃક્ષો વાવવા પડશે અને પ્રતિ વૃક્ષ ૫,૦૦૦ રૂપિયાની ડિપોઝિટ જમા કરાવવી પડશે, ઉપરાંત પર્યાવરણીય નુકસાન માટે વધારાનો દંડ પણ થશે.

ફૂટપાથમાં દર ૫ મીટરે વૃક્ષારોપણની જગ્યાઓનો સમાવેશ થવો જોઈએ, જેમાં પહોળા રસ્તાઓ માટે ૧ મીટરના ગોળાકાર ખાડા અને સાંકડી ગલીઓ માટે અઢી ફૂટના ખાડા હોવા જોઈએ. આ નીતિ ટીવી સ્કીમ્સમાં બગીચાઓ, શહેરી જંગલો અથવા અન્ય ગ્રીન સ્પેસ માટે રિઝર્વ પ્લોટના હેતુને બદલી શકાશે નહીં. તેનાથી ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું લાંબા ગાળાનું પ્રોટેક્શન થશે. ■

# ઔડા સિક્સ લેન એસપી રિંગ રોડ પર ટોલ ટેક્સ વસૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા) ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી સિક્સ લેન એસપી રિંગ રોડ પર ટોલ ટેક્સ વસૂલશે. નવી ટેન્ડર જોગવાઈ મુજબ, રોડ બનાવતી કોન્ટ્રાક્ટર કંપનીઓને દર છ મહિને એન્યુઈટી ચૂકવવામાં આવશે. હાલની કન્સેશન કંપનીનો ટોલ કલેક્શનનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સમાપ્ત થાય છે. અધિકારીઓએ જણાવ્યું કે પેસેન્જર ફોર-વ્હીલરને ટેક્સમાંથી મુક્તિ મળશે કે કેમ તે અંગેનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા પછીથી લેવામાં આવશે.

આ વર્ષે ૧ ફેબ્રુઆરીના રોજ, ઔડા દ્વારા ૭૬ કિલોમીટરના એસી રીંગ રોડને સિક્સ લેન બનાવવા માટે ₹૨,૨૦૦ કરોડના બે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. હવે બિડ ખૂલતા, કોન્ટ્રાક્ટ ટૂંક સમયમાં ફાળવવામાં આવે તેવી અપેક્ષા છે. પ્રોજેક્ટના પેકેજ ૧ માં શહેરના પૂર્વ વિસ્તારમાં રોડના ૩૭ કિલોમીટરના સ્ટ્રેચને સિક્સ લેન બનાવવાનો સમાવેશ થાય છે, જ્યારે પેકેજ ૨ માં પશ્ચિમ ભાગમાં ૩૯.૨૫ કિલોમીટરના સ્ટ્રેચને સિક્સ લેન બનાવવાનો સમાવેશ થાય છે. ૩૪ કિલોમીટરના ટુ-લેન સર્વિસ રોડને ફોર-લેન અને ૧૫ કિલોમીટરના થ્રી-લેન સર્વિસ રોડને ફોર-લેન સુધી પહોળો કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, ઔડાએ હાઈબ્રિડ એન્યુઈટી મોડલ પર બે પેકેજ માટે બે અલગ-અલગ ટેન્ડર બહાર પાડ્યા હતા. નવ કંપનીઓએ એક પેકેજ માટે અને ૧૧ કંપનીએ બીજા માટે બિડ કરી હતી. બંને પેકેજ માટેની બિડ ખોલી દેવામાં આવી છે અને કોન્ટ્રાક્ટ ટૂંક સમયમાં અંતિમ કરવામાં આવશે.

ટેન્ડરની જોગવાઈઓ અનુસાર, સિક્સ લેન રોડ બનાવવાના કુલ ખર્ચના ૬૦ ટકા કોન્ટ્રાક્ટર અને ઔડા બાકીના ૪૦ ટકા ભોગવશે. નવા ટોલ બૂથ પણ બનાવવામાં આવશે અને ઔડા ૧૫ વર્ષ માટે સુધારેલો ટોલ ટૅક્સ વસૂલ કરશે. ટેન્ડર ફોર્મ્યુલા મુજબ, ટોલ ટૅક્સની આવકમાંથી ચોક્કસ રકમ કોન્ટ્રાક્ટર કંપનીઓને દર છ મહિને એન્યુઈટી તરીકે ચૂકવવામાં આવશે. ■

# સુરતમાં ૧૦ હની ટ્રેપ ગૅંગ સક્રિયઃ ૨૦ ટકા કમિશનથી મહિલાઓ કરતી હતી કામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતમાં એક કે બે નહીં ૧૦ જેટલી હનીટ્રેપ ગેંગ સક્રિય હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. એસઓજીને મળેલી બાતમી અનુસાર આ ગેંગની ખાસ મોડસ ઓપરેન્ડી હતી. ધનાઢ્ય યુવકોને ફસાવવા માટે સુંદર મહિલાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને મહિલાઓને આ કામ માટે ૨૦ ટકા કમિશન આપવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ગેંગ મુખ્યત્વે પૈસાદાર લોકોને જ ટાર્ગેટ કરે છે. આ પહેલા જેને ફસાવવાના હોય તેની તમામ વિગતો એકત્ર કરતા હતા. માત્ર ધનાઢ્ય લોકોને જ ફસાવવામાં આવતા હતા. આ ગેંગ્સ ડેટિંગ એપ્સ જેવી કે, ટિન્ડર, બમ્બલ, લવલી અને ફેસબુક જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ભરપૂર ઉપયોગ કરે છે. તેઓ સૌપ્રથમ આ પ્લેટફોર્મ્સ પર મિત્રતા કેળવે છે. આ મહિલા પહેલા મેસેજ દ્વારા વાતચીત શરૂ કરે છે અને પ્રેમપૂર્વકના સંદેશાઓ દ્વારા પીડિતને વિશ્વાસમાં લેવામાં આવે છે. ધીમે-ધીમે તેમને લલચાવી-ફોસલાવીને કોઈ રૂમમાં બોલાવવામાં આવે છે. યુવક એકવાર રૂમમાં પહોંચ્યા પછી આ મહિલા સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવે છે.

આ દરમિયાન તેમના મળતિયા ત્રાટકે છે. બ્લેકમેઇલિંગ કરીને તોડપાણી કરે છે.

તાજેતરમાં જ અમરોલીના એક રત્નકલાકારને હની ટ્રેપમાં ફસાવીને ૨૦ લાખની ખંડણી માગવાના કેસમાં કુખ્યાત મશરુ બંધુ અને એક મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસમાં ઉપરોક્ત ખુલાસા થયા હતા. ■

# સાબરમતી રિવરફ્રન્ટ ફ્લાવર પાર્કમાં મૂન ટ્રેલનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાગોર હોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશમાં સૌથી સ્વચ્છ શહેરનો એવૉર્ડ પ્રાપ્ત કરવા બદલ અમદાવાદ મહાનગરપાલિકા અને સૌ નગરજનોને અભિનંદન પાઠવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરોની કેટેગરીમાં દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવું, એ ગૌરવપૂર્ણ બાબત છે. સૌને સાથે લઈને ચાલનારું વિઝનરી નેતૃત્વ સ્વચ્છતા જેવી બાબતને કેવું મોટું જનઆંદોલન બનાવી શકે છે તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ અને દુનિયાને બતાવ્યું છે, એમ જણાવીને મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે દેશમાં આજે બાળકોથી લઈને વૃદ્ધો સહિત સૌ કોઈ સ્વચ્છતા માટે સજાગ બન્યા છે. સ્વચ્છતા આજે સહજ સ્વભાવ બની ગઈ છે.

શહેરી વિકાસ અંગે વધુમાં વાત કરતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષથી ઝડપી શહેરી વિકાસનો નક્કર પાયો નાખવાનું જે કામ થયું તેને આપણે ૨૦૨૫માં શહેરી વિકાસ વર્ષ ઊજવીને વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટનો આધાર બનાવ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# ડીસામાં રૂ. ૨૨૫ કરોડના ખર્ચે ૨૦૨૧માં બનેલા એલિવેટેડ ઓવરબ્રિજમાં મસમોટાં ગાબડાં

અમદાવાદઃ વડોદરા જિલ્લામાં ગંભીરા પુલ તૂટી પડવાની ઘટના બાદ રાજ્યભરમાં નબળા પુલો અને ઓવરબ્રિજની ગુણવત્તા પર સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે ડીસામાં રૂ. ૨૨૫ કરોડના ખર્ચે ૨૦૨૧માં બનેલા અને રાજ્યના સૌથી મોટો ગણાતો ૩.૭૫ કિલોમીટર લાંબો એલિવેટેડ ઓવરબ્રિજની સ્થિતિ ચોમાસા દરમિયાન ચિંતાનો વિષય બની છે. આ એલિવેટેડ બ્રિજ પર ઠેર ઠેર ૧૦-૧૨ ફૂટનાં ગાબડાં પડતાં વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. તો બીજી તરફ આ બ્રિજ પર વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ભારે વરસાદમાં બ્રિજના ૧૦૮ નં. પિલરના જોઇન્ટસમાંથી પુષ્કળ પ્રમાણમાં પાણી પડતું જોવા મળે છે. જેના લીધે નીચે ચાલતાં વાહનો અને રાહદારીઓને પાણી પડતા હાલાકી વેઠવી પડે છે. જ્યારે વરસાદ પડે ત્યારે બ્રિજ ઉપર પણ પાણી ભરાવાની સમસ્યા વારંવાર સર્જાય છે.

ડીસામાં ચાર વર્ષ અગાઉ બનેલા આ બ્રિજ પરથી દર વર્ષે ડામરનો રસ્તો ધોવાઈ જાય છે. અને ઠેર ઠેર જગ્યાએ ગાબડાં પડે છે. તંત્ર દ્વારા તેનું સમારકામ કાર્ય કામચલાઉ ધોરણે કરવામાં આવે છે. જો કે ચોમાસામાં વરસાદ પડતાની સાથે જ રસ્તો ધોવાઈ જાય છે. ■

# દુકાનોના ક્યુઆર કોડ પર પોતાનો કોડ ચોંટાડીને ગ્રાહકોનાં નાણાં પોતાના ખાતામાં વાળનારો ઝબ્બે

મુંબઈ: દુકાનોના ક્યુઆર કોડ પર પોતાનો કોડ ચોંટાડીને ગ્રાહકોનાં નાણાં પોતાના બૅંક ખાતામાં વાળનારા શખસને ખાર પોલીસે પકડી પાડ્યો હતો. આરોપીએ પશ્ચિમી પરાં તથા દક્ષિણ મુંબઈમાં અનેક દુકાનોના ક્યુઆર પર પોતાનો કોડ ચોંટાડ્યાની કબૂલાત કરી હતી.

મીરા રોડમાં રહેતા અને ખાર પશ્ચિમમાં પી.ડી. હિન્દુજા રોડ પર પાનનો સ્ટોલ ધરાવનારા દિનેશ ગુપ્તાના ધ્યાનમાં આવ્યું હતું કે ગ્રાહકો નિયમિત યુપીઆઇ દ્વારા પૈસા ચૂકવતા હોવા છતાં તેને કોઇ મેસેજ મળતા નહોતા. શંકા જતાં ગુપ્તાએ જાતે ક્યુઆર કોડ સ્કેન કરવાનું નક્કી કર્યું હતું. ગુપ્તાએ ક્યુઆર કોડ સ્કેન કરતાં તેના નામને બદલે શિવમ દુબે નામ મોબાઇલ પર દેખાયું હતું. આ અંગે તેણે તપાસ કરતાં તેના ક્યુઆર કોડ પર બીજો કોડ ચોંટાડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આથી તેણે નજીકના અમુક દુકાનદારો તથા ફેરિયાઓ પાસે તપાસ કરી હતી, જેમાં તેમની પણ આવી જ ફરિયાદ હોવાનું જાણવા મળ્યું હતું. ગુપ્તાએ ત્યાર બાદ ખાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરીને પોલીસે તપાસ હાથ ધરી હતી અને આખરે ગુનામાં સંડોવાયેલા શિવ ઓમ દુબે (૨૨)ને પકડી પાડ્યો હતો, જે કોલાબાના મચ્છીમાર નગરનો રહેવાસી છે.

## ગાંધીધામમાં લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. વિપુલાજી મહાસતીજી કાળધર્મ પામ્યાં

મુંબઇ: ગાંધીધામ (કચ્છ) ખાતે લીંબડી અજરામર સંપ્રદાયના ઉપાધ્યાય પૂ. ભવ્યમુનિ મ. સા. એવં પ્રવર્તિની પૂ. અનિલાજી મહાસતીજીના આજ્ઞાનુવર્તી પૂ. વિપુલાજી મહાસતીજી ૪૭ વર્ષના સંયમ પર્યાય સહિત તા. ૧૯-૭-૨૫ના સવારે ૯.૩૦ કલાકે કાળધર્મ પામ્યાં છે. બપોરે ૪.૦૦ કલાકે જય જય નંદા, જય જય ભદ્રાના જય નાદે પાલખીયાત્રા નીકળી હતી. રામવાવ-રાપરવાળા ભચીબેન ગોવિંદજી મહેતાના પુત્રી હતા. પૂ. શ્રી. ધીરગુરુદેવે ગુણાંજલિ અર્પણ કરેલ.



## ડૉક્ટરે લોન ફ્રોડમાં ૨૧ લાખ ગુમાવ્યા: ફાઇનાન્સ કંપનીના માલિક વિરુદ્ધ ગુનો

થાણે: નવી મુંબઈના ડૉક્ટરને ત્રણ કરોડ રૂપિયાની લોન અપાવવાને બહાને ૨૧ લાખની ઠગાઇ આચરીને તેને બોગસ દસ્તાવેજો પધરાવવા બદલ ફાઇનાન્સ કંપનીના માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મુંબઈ સ્થિત ફાઇનાન્સ કંપનીના પ્રોપ્રાઇટર ચેતન પંચાલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮ (૪) (છેતરપિંડી) તેમ જ ૩૩૬ (૨) અને ૩૩૬ (૩) (ફોર્જરી) હેઠળ ગુનો નોંધાયો હતો, એમ અધિકારીએ કહ્યું હતું. ફરિયાદી ડૉક્ટર લોન લેવા માટે પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તે પંચાલના સંપર્કમાં આવ્યો હતો અને તેણે ડૉક્ટરને વિવિધ બૅંકમાંથી ત્રણ કરોડની લોન મેળવી આપવાનો દાવો કર્યો હતો. દરમિયાન ડૉક્ટર આ માટે કમિશન આપવા તૈયાર થયો હતો અને તેણે પંચાલને ૨૧ લાખ રૂપિયા આપ્યા હતા. આરોપીએ એક પ્રતિષ્ઠિત બૅંક દ્વારા જારી કરાયેલો લોન મંજૂરીનો પત્ર શૅર કર્યો હતો. આ પત્રની ચકાસણી કરવામાં આવતાં તે બોગસ હોવાનું ડૉક્ટરને જાણવા મળ્યું હતું.

## સાયબર સેલના અધિકારીના સ્વાંગમાં બૅંકની નિવૃત્ત મહિલા કર્મચારી સાથે લાખોની ઠગાઈ

થાણે: મુંબઈ સાયબર સેલ તેમ જ ટેલિકોમ વિભાગના અધિકારીના સ્વાંગમાં નવી મુંબઈની ૬૯ વર્ષની વૃદ્ધા સાથે ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

બૅંકની નિવૃત્ત મહિલા કર્મચારી એવી ફરિયાદીને ૧૫ અને ૧૬ જુલાઇના રોજ અજાણ્યા નંબર પરથી બે કૉલ આવ્યા હતા. કૉલ કરનાર વ્યક્તિએ દાવો કર્યો હતો કે ફરિયાદી વિરુદ્ધ મની લોન્ડરિંગ તથા શરીરના અવયવોની દાણચોરી કરવાનો આરોપ છે. કૉલરે પોતાની ઓળખ મુંબઈ સાયબર સેલ અને ટેલિફોમ વિભાગના અધિકારી તરીકે આપી હતી. આરોપીઓએ ડર બતાવીને ફરિયાદીને વિશ્વાસમાં લીધી હતી અને ચકાસણીના હેતુ માટે ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકવાને બહાને તેને બૅંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાનું કહ્યું હતું.

આરોપીઓના કહેવાથી ફરિયાદીએ ૧૦ લાખ રૂપિયા બૅંક અકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં ફરિયાદીએ સંબંધિત સત્તાવાળાઓનો સંપર્ક સાધતાં જાણવા મળ્યું હતું કે તેની વિરુદ્ધ આવી કોઇ ફરિયાદ કે તપાસ ચાલી નથી રહી.

ફરિયાદીએ ત્યાર બાદ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને તેની ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ટેક્નિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને આરોપીઓ અને તેમના ઠેકાણાં શોધી રહી છે.

બીજી તરફ ગુનો આચરવા માટે ઉપયોગમાં લેવાયેલા મોબાઇલ નંબર તથા બૅંક ખાતાની પણ તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)

## જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

હીરાચંદ પિતાંબર ડાઘા (ઉં. વ. ૭૮) ગામ કચ્છ વરાડીયા હાલ મુલુંડ તા. ૧૭-૭-૨૫ના ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. તે હિતેશ, કૈલાસ, સ્વ. નિલમના પિતા. કામલના સસરા. સ્વ. વનીતાબેનના પતિ. સ્વ. હીરબાઇ વિસનજી નાગડા ગામ જખોના જમાઇ. ફાલ્ગુની, વંશીકાના દાદાજી. સ્વ. જમકુબાઇ, ઝવેરબેન, ચંદનબાઇ, મંજુલાબેન, જેવંતી, ઠાકરશી, શાંતિલાલ, રાજેન્દ્રના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૭-૨૫ના ૩.૩૦થી ૫. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, જે. એન. રોડ, મેહુલ સિનેમાની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. સુનીલ છાડવા (ઉં. વ. ૬૪) તા. ૧૭-૭-૨૫ના ગુરુવારના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. ગં. સ્વ. મુરઇબેન લખમશીના સુપુત્ર. મધુબેનના પતિ. ધર્મેશ, હર્ષિતના પપ્પા. નિર્મલાના ભાઇ. સ્વ. કિંજલ, અ. સૌ. આરતીના સસરા. વિમળાબેન કોરશી મુરજી ગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ફ્લેટ નં.૫૦૨-૫૦૩ નીઓ કલેરીસા, સિક્કા નગર, એસ. વી. પી. રોડ, ગીરગામ.

**ઝાલાવાડી દશા શ્વે. મુ. જૈન**

ચોટીલા નિવાસી હાલ મલાડ, સ્વ. લાડકીબેન ભગવાનજી શાહના પુત્રવધૂ અલ્પાબેન બિપીનભાઈ શાહ (ઉં. વ. ૬૩) ૧૬/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગૌરવ -સાંચી, મેરલિનના માતુશ્રી. સ્વ. રસિકભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. મૃદુલાબેન, જ્યોત્સનાબેન, માલતીબેન તથા દીપિકાના ભાભી. ચિતરંજન ભાવિના, સ્વ. સુનિલ અંજુ, જાગૃતિ હરીશભાઈ કુવાડીયાના બેન. રાણપુર નિવાસી સ્વ. હસુમતીબેન જયંતીલાલ નારેચણીયાના દીકરી સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. મનસુખલાલ શામજી ગાંધીના પૌત્ર અને સ્વ. રસિકલાલ ગાંધી અને સ્વ. કુસુમબેન ગાંધીના દીકરા હરેશભાઈ (ઉં. વ. ૬૯) ૧૫ જુલાઈના અરિહંતશરણ પામેલ છે. તે ડૉ. પલ્લવી નાણાવટી, સ્વ. અમિતભાઈ ગાંધીના મોટાભાઈ, ડૉ. સુબોધચંદ્ર દ્વિપિનચંદ્ર નાણાવટીના સાળા, ડૉ. મૌલિક નાણાવટી અને ઉન્નતિ હર્ષિતકુમાર મહેતાના મામા. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોરચુપણા નિવાસી હાલ ઘાટકોપર, નલિનીબેન (ઉં. વ. ૭૪) તે રસિકભાઈ જાદવજી લલુભાઈ શાહના ધર્મપત્ની શુક્રવાર તા. ૧૮/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. કાજલ કૌશલકુમાર અજમેરા, શીતલ શિરીષકુમાર શાહ તથા પ્રીતિ (પિંકી) શશાંકકુમાર ગાવડેના માતુશ્રી. સ્વ. બળવંતભાઈ, અરવિંદભાઈ, મંજુલાબેન, જયાબેન, ભારતીબેન, જ્યોતિબેન તથા બિંદુબેનના ભાભી. આરઝૂ, વિધાન અને માન્યાના નાની. પિયરપક્ષે શિહોર નિવાસી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના કુ. બિજલ (વિની) મોતા (ઉં. વ. ૩૨) તા. ૧૭-૭-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન હેમરાજના પૌત્રી. લતા નિતિનના સુપુત્રી. ખુશીના બહેન. નરેડી નાથબાઈ ગાંગજીના પર દોહિત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. નિતિન મોતા, ૬, આશા પેલેસ, ચિપલુણકર રોડ, રામનગર, ડોંબિવલી (ઇ).

મોખાના ગિરીશ પદમશી ગાલા (ઉં.વ. ૬૩) તા. ૧૮.૭.૨૫ના દેવલોક પામ્યા છે. લક્ષ્મીબેન પદમશીના પુત્ર. નીતાના પતિ. કિંજલના પિતા. રામજી, જયંતિ, સરલા પ્રેમજી, રંજન અરવિંદ, લતા મહેન્દ્રના ભાઈ. બેરાજાના ઝવેરબેન દેવરાજ કુંવરજી કક્કાના જમાઈ. ગુણાનુવાદ સભા : શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સં.સં. શ્રી નારાણજી શામજી વાડી, (૨જે માળે), માટુંગા-સે.રે. (ટા. ૪ થી ૫.૩૦).

## પારસી મરણ

કુમી દારા પટેલ તે મરહુમ દારાના ધનિયાની. તે મરહુમો તેહમીના બેહરામજી પસ્તાકીયાના દીકરી. તે રોહીન્ટનના માતાજી. તે પરવીનના સાસુજી. તે કેકી, ગુસ્તાદ, કેતી, મરહુમો અસ્પી ને ફલીના બહેન. તે યઝદ ને મહીયરના બપઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. એ/૪, ન્યુ વાડીયા બિલ્ડિંગ, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી,(વે), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, જોગેશ્વરી, માલકમ બાગ, અગિયારીમાં છેજી.

ડોલી જાલ ઘીવાલા તે મરહુમ જાલના ધનિયાની. તે મરહુમો ગુલબઇ ડોસાભઇ ઘીવાલાના દીકરી. તે દીનાઝ ને મરઝબાનના માતાજી. તે અસ્પી તથા ગુલશનના સાસુ. તે ધન તથા મરહુમો મીનુ, અદી, ફિરોઝના બહેન. તે ઓસ્તી પરસીસ, કેઝાદ ને જહાંગીરના મમયજી. એરવદ ઝોરાન, એરવદ નોશના મોટા મમયજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ઇ-૧૧, ગોદરેજ બાગ, નેપીયન્સી રોડ, સીમલા હાઉસ, કંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, મેવાવાલા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**લોહાણા**

સ્વ. વિમળા નરેન્દ્ર બદીયાણી (ઉં. વ. ૭૭) અંધેરી, તા. ૧૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જીવલાલ કારિયા, સ્વ. કાંતાબેન કારિયાના પુત્રી. દેવાંગ નરેન્દ્ર બદીયાણીના માતુશ્રી. પ્રીતિ નવીનચંદ્ર વિસરિયાના સાસુ. પ્રવીણભાઇ કારિયા, સ્વ. દિલીપભાઇ કારિયા, અજય કારિયા, જયંતભાઇ તન્ના, શારદાબેન પોપટ, અરુણાબેન વસાણી, સ્વ. ચંદ્રિકાબેન ગુજરાથીના બેન. સ્વ. યોગેન્દ્ર, જયોતિ , સ્વ. રમેશભાઇ, રવિન્દ્ર, સુહાસિની, નીરુમા, સ્વ. વીણાબેન ઠક્કર, સ્વ. જયશ્રીના ભાભી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. બ્રહ્મા મહેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. સરલાબેન મહેતા (ઉં. વ. ૭૮) તે સ્વ. સુરેન્દ્રભાઇ છોટાલાલ મહેતાના ધર્મપત્ની. નીપા, અમી, સચીનના માતુશ્રી. પ્રકાશકુમાર, આશિષકુમાર, રાખીબેનના સાસુ. સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. વસંતભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. દિનેશભાઇ, નરેન્દ્રભાઇ તથા સ્વ. કુંદનબેનના નાના ભાઇના પત્ની. સ્વ. દમંયતીબેન, પ્રવીણભાઇ, સ્વ. શારદાબેન, ગિરીશભાઇ અને મહેશભાઇના બેન. વીર, સાગર-અનુશ્રી, શ્રેય-ઋતિકા તથા નિયતીના દાદી. તે ગુરુવાર, તા. ૧૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**સુરતી દશા પોરવાડ જ્ઞાતિ**

કાંદીવલી, અરુણ વકીલ (ઉં. વ. ૮૪) તા. ૧૫/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઈંદુમતી અને સ્વ. રમાકાંત વકીલનાના પુત્ર. સ્વ. સુલોચનાબેન અને સ્વ. વિપીન દલાલના જમાઈ. સ્વ. સોહિનીબેન વકીલના પતિ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૧/૭/૨૫ના ૫ થી ૬:૩૦. શ્રી હલાઈ લોહાણા મહાજનવાડી, પહલે માળે, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**દશા સોરઠિયા વણિક**

નાગપુર નિવાસી, ગં. સ્વ. આશાબેન કિશોરભાઈ સેલારકા (ઉં. વ. ૮૧) તા. ૧૩.૦૭.૨૫ના રવિવારે નાગપુર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન અમીચંદભાઈ સેલારકા નાગપુરના વહુ. સ્વ. કલાબેન કરસનભાઈ માવાણી (શાહ), કોચીનવાળાના દીકરી. અંજના રાજેશ શાહ, મનીષ અને રાખી રાજેન ધાબલિયાના માતુશ્રી. રાજેશ શાહ, ધારીણી સેલારકા, રાજેન ધાબલિયાના સાસુ. સ્વ. હર્ષદભાઈ, અશોકભાઈ, નવીનભાઈ સેલારકા અને ભારતીબેન પરેશભાઈ ધ્રુવના ભાભી.

**મચ્છુ કઠિયા સઇ સુતાર જ્ઞાતિ**

મૂળ ગામ ઉપલેટા હાલ મુલુંડ તે સ્વ. વસંતભાઇ સવજીભાઇ પીઠડીયાના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન પીઠડીયા તા. ૧૮-૭-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રઘુભાઇ (રાજેશ), રૂપેશભાઇ અને જયોતિબેનના માતુશ્રી. કાંતાબેન સુંદરજી પરમારના સુપુત્રી. ગામ ધોરાજી સાદડી તા. ૨૧-૭-૨૫ના સોમવારે, ૪થી ૬. ઠે. બ્રહ્માંડેશ્વર ભકત મંડળ હોલ, પ્લોટ નંબર-૫૯૬, ઇન્દિરા નગર ૧ જવાહરલાલ નહેરુ રોડ, આર્ય સમાજ હોલની પાછળ, મુલુંડ (વેસ્ટ).

**ઇડર બેતાલીસ લિંબચીયા સમાજ**

દાવડ નિવાસી (હાલ આણંદ) સ્વ. નર્મદાબેન સોમાભાઇ નાયી (ઉં. વ. ૯૮) તે નારાયણભાઇ, રમણભાઇ, લલિતાબેનના માતુશ્રી. વિરેન, સચિન, નિરવના દાદી તા. ૧૯-૭-૨૫ને શનિવારે સ્વર્ગવાસ પામ્યા છે. તેમનું બેસણું દાવડ ગામે તા. ૨૫-૭-૨૫ને શુક્રવારે સવારના ૯થી ૧૨ કલાકે રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા ગં. સ્વ. મધુરિકા વોરા (ઉં. વ. ૯૨) તે ગુલાબરાય મગનલાલ વોરાના ધર્મપત્ની. દીપક, પંકજ, અર્ચનાના માતુશ્રી. નીલા, રૂપા, હરેશભાઇના સાસુ. પૂજા, ઇશા, નિશા, ઋચાના દાદીમા. સ્વ. સુશીલભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. જયંતભાઇ, શરદભાઇ, જયોત્સનાબેનના બેન. શુક્રવાર તા. ૧૮ જુલાઇ ૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

પાંચમા પાનાનું ચાલુ

### ઉદ્ધવે એમવીએની

કેન્દ્રિત થઈ ગયો હતો, જે આખરે સામુહિક પરાજય તરફ દોરી ગયો હતો. સેના (યુબીટી)ના મુખપત્ર સામનાના ઈન્ટરવ્યૂમાં, ઠાકરેએ ખેદ વ્યક્ત કર્યો હતો કે લોકસભાની ચૂંટણી વખતે તેમના પક્ષે અગાઉ ઘણી વખત જીતેલા મતવિસ્તારો તેના એમવીએના ભાગીદારોને આપવા પડ્યા હતા. '(વિધાનસભા ચૂંટણી દરમિયાન) બેઠકની વહેંચણીની વાતચીત છેલ્લી ઘડી સુધી ચાલી હતી. (એમવીએના ભાગીદારો વચ્ચે)ના ઝઘડાએ લોકોમાં આઘાડી વિશે ખોટો સંદેશ આપ્યો હતો,' એમ તેમણે કહ્યું હતું.

મતદાન ચાલુ થઈ ગયા પછી કેટલાક મતવિસ્તારોમાં ઉમેદવારો નક્કી કરવામાં આવ્યા હતા, એમ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને યાદ કરાવ્યું હતું. 'આ એક મોટી ભૂલ હતી જેને હવે સુધારવી પડશે. જો ભવિષ્યમાં આવી ભૂલો થવાની હોય તો સાથે રહેવાનો કોઈ અર્થ નથી,' એમ ઠાકરેએ કહ્યું હતું.

### બન્ને શિવસેનાએ

બંને જૂથ એક સાથે આવશે. અંબાદાસે દાનવેને જ્યારે પુછાયું કે શું શિવસેનાના બંને પક્ષોએ સાથે આવવું જોઈએ? આના પર દાનવેએ કહ્યું કે શિવસેનાના વિભાજનથી તેમનું હૃદય દુભાયું હતું. અમે સત્તા માટે જન્મ્યા નથી. આપણું સંગઠન તૂટી ગયું હતું. મને આશા છે કે મારા હૃદયમાં રહેલું આ દુ:ખ કોઈ દિવસ ભરાઈ જશે.

વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા તરીકે અંબાદાસ દાનવેનું આ છેલ્લું સત્ર હતું. વિરોધ પક્ષના નેતા તરીકેનો તેમનો કાર્યકાળ ઓગસ્ટમાં સમાપ્ત થાય છે. શિવસેનાના વિભાજન પછી, તેમણે ઉદ્ધવ ઠાકરે સાથે રહેવાનું પસંદ કર્યું હતું.

### શું રાજ ઠાકરેની

ઘટના બની હતી. ખાસ કરીને બિન-મરાઠી ભાષીઓને નિશાન બનાવવાની ઘટના બાદ આ કાનૂની પગલું લેવામાં આવ્યું છે.

થોડા દિવસો પહેલા, રાજ ઠાકરે અંગે ડીજીપી (ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ સમક્ષ પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

રાજ ઠાકરે સામે પોલીસ થોડા દિવસો પહેલા ત્રણ વકીલોએ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ પાસે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં કહેવામાં આવ્યું હતું કે રાજ ઠાકરેના કેટલાક નિવેદનો સામાજિક અશાંતિને પ્રોત્સાહન આપી રહ્યા હતા. રાજ ઠાકરેએ ભડકામણું ભાષણ આપ્યું હતું અને પરપ્રાંતીઓ અંગે આપેલા નિવેદનથી રાજ્યમાં સામાજિક સંવાદિતા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ખલેલ પહોંચાડી રહી છે. તેથી, રાજ ઠાકરે વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કેસ દાખલ કરીને કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી હતી.

### ગયા વર્ષની

મુશળધાર વરસાદ પડતો હોય છે. જોકે મુંબઈગરા માટે એક જ રાહત છે કે મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોના કેચમેન્ટ એરિયામાં ધોધમાર વરસાદ પડવાને કારણે જળાશયોમાં ૮૧ ટકા પાણી જમા થઈ ગયું છે.

દર વર્ષે મુંબઈમાં ચોમાસા દરમ્યાન સરેરાશ ૨,૨૦૭ મિ.મી. વરસાદ પડતો હોય છે. હવામાન વિભાગના આંકડા મુજબ કોલાબામાં ૨,૦૯૫ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૨,૩૧૯ મિ.મી. વરસાદ પડતો હોય છે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦થી ૧૧ જૂનની આસપાસ ચોમાસાનું સત્તાવાર આગમન થતું હોય છે પણ આ વર્ષે મે મહિનામાં જ ચોમાસું બેસી ગયું હતું. તેમ જ આ વર્ષે સારા ચોમાસાની આગાહી પણ કરવામાં આવી હતી, તેથી નોંધપાત્ર વરસાદ પડવાની શક્યતા હતી. તેની સામે જુલાઈ મહિનો પૂરો થવાને માંડ દસેક દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે મુંબઈમાં સરેરાશ માંડ ૩૨.૫૦ ટકા વરસાદ પડ્યો છે, જેમાં ૧૮ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં કોલાબામાં ૭૩૩.૪ મિ.મી. (૩૫.૦૧ ટકા) અને સાંતાક્રુઝમાં ૭૯૬.૪ મિ.મી.(૩૪.૩૪ ટકા) વરસાદ નોંધાયો છે. ગયા વર્ષે આ જ સમયે કોલાબામાં ૬૭.૬૮ ટકા અને સાંતાક્રુઝમાં ૬૦.૬૮ ટકા વરસાદ નોંધાયો હતો.

મુંબઈમાં હાલ છૂટો-છવાયો વરસાદ પડી રહ્યો છે. વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધી ગયું છે. દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રાણ ૮૦ ટકા નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૧.૯ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા નોંધાયું હતું.વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જવાને કારણે મુંબઈગરા હાલ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

ઉત્તર પ્રદેશ, બિહારમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો હોવાથી એક સિસ્ટમ તૈયાર થઈ હોવાથી વિદર્ભમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે પણ હાલ અરબી સમુદ્રમાં કોઈ સિસ્ટમ તૈયાર થઈ નથી. તેથી મુંબઈમાં વરસાદ ગાયબ થઈ ગયો છે.

### રાજ્યમાં ૨૪થી ૩૧

રાજ્યના કેટલાક બંધોમાં પાણીનો સંગ્રહ ઓછો છે. આ વર્ષે ચોમાસુ વહેલું આવી ગયું છે અને માત્ર કેટલાક ભાગોમાં જ સંતોષકારક વરસાદ પડ્યો છે.જ્યાં વાવણી પૂર્ણ થઈ ગઈ છે, તે મરાઠવાડા અને વિદર્ભમાં વરસાદની અનિયમિતતા ખાસ કરીને સ્પષ્ટ છે. હાલમાં વરસાદે પોરો ખાધો હોવાથી તાપમાનમાં પણ વધારો થયો છે. ૩૧ જુલાઈથી ૭ ઓગસ્ટ દરમિયાન ખાસ કરીને મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડાના કેટલાક ભાગોમાં વરસાદની તીવ્રતા સરેરાશ કરતા વધુ રહેવાની ધારણા છે. રાજ્યના કેટલાક અન્ય ભાગો હજુ પણ ભારે વરસાદની રાહ જોઈ રહ્યા છે. તેથી આ આગાહી ખેડૂતો અને નાગરિકોને રાહત આપે તેવી શક્યતા છે. ખેતી, જળ સંસાધનો અને પાકોની સ્થિતિને ધ્યાનમાં લેતા, આગામી થોડા દિવસોમાં વરસાદ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. જો વરસાદની આગાહી સાચી સાબિત થાય તો ખેતીની સાથે પાણીનો સંગ્રહ વધારવામાં મદદ મળશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે સોમવાર સુધી થોડો વરસાદ પડશે, ક્યારેક ક્યારેક હળવો વરસાદ પડશે. જોકે, તે પછી, ફરીથી વરસાદ વધવાની શક્યતા છે. ૩૧ જુલાઈથી ૭ ઓગસ્ટ દરમિયાન, પુણે, નાસિક, કોલ્હાપુર, સાતારા, સોલાપુર તેમજ છત્રપતિ સંભાજીનગર, લાતુર, બીડ અને પરભણીના વિસ્તારોમાં ખેતીને રાહત મળવાની અપેક્ષા છે. કોંકણ દરિયાકાંઠાના વિસ્તારોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાના પવનો ધીમા પડી ગયા છે, જ્યારે કર્ણાટક અને કેરળના દરિયાકાંઠે ઓછા દબાણવાળા વિસ્તારો અને પવનો સક્રિય થવાને કારણે રાજ્યમાં વરસાદમાં ઘટાડો થયો છે.હવે, ૨૪ જુલાઈ સુધીમાં બંગાળની ખાડીમાં એક નીચા દબાણનો વિસ્તાર બનવાની શક્યતા છે.

### મહા વિકાસ આઘાડીમાં

મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે રાજ્યના દરેક જિલ્લા એકમના વડાને સત્તા આપવામાં આવી છે કે તેમણે તેમના જિલ્લાની ચૂંટણીઓમાં એકલા લડવું છે કે આઘાડીમાં. તેમણે એમ પણ કહ્યું હતું કે મીની વિધાનસભાની ચૂંટણી ગણાતી જિલ્લા પરિષદો અને મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં કૉંગ્રેસના કાર્યકર્તાઓની ફોજ તૈયાર કરવાની તક હોવાથી કૉંગ્રેસ એકલા લડવાનું વધુ પસંદ કરશે, પરંતુ જે-તે જિલ્લાની સ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે, જેમાં સ્થાનિક પદાધિકારીઓનો મત વિચારમાં લેવામાં આવશે.

બીજી તરફ શનિવારે ઉદ્ધવ ઠાકરેએ મહા વિકાસ આઘાડીની કાર્યપદ્ધતિઓ પર ખાસ કરીને કૉંગ્રેસ પર વિધાનસભામાં પરાજયનું ઠીકરું ફોડતાં કહ્યું હતું કે આવી આઘાડીની શું જરૂર છે? એના પરથી એવું લાગી રહ્યું છે કે મહા વિકાસ આઘાડીમાં ભંગાણની શરૂઆત થઈ ચૂકી છે. ઉદ્ધવ ઠાકરે એક તરફ રાજ ઠાકરે સાથે ગઠબંધનના પ્રયાસો કરીને મરાઠી મુદ્દે રાજ્યની મહાનગરપાલિકાઓમાં ખાસ કરીને મુંબઈ મનપામાં સત્તા મેળવવાનો પ્રયાસ કરી રહી છે, બીજી તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે પણ ઈલુ-ઈલુ કરીને નવા સમીકરણો ગોઠવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. આ બધામાં ફડણવીસ સાથે પિતા-પુત્રની મુલાકાતના બીજા જ દિવસે જે રીતે એમવીએ પર સંધાન સાધવામાં આવ્યું છે તેને જોતાં મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ એક વખત ઉથલ પાથલના એંધાણ રાજકીય નિરીક્ષકો જોઈ રહ્યા છે.

### મેટ્રો લાઈન-૪નું

રહ્યો હતો અને રસ્તા પર સતત ટ્રાફિક પણ ચાલુ જ હતો, છતાં ટ્રાફિકને નહીં રોકતા મર્યાદિત જગ્યા પર અત્યંત પડકારજનક કહેવાય એવી પરિસ્થિતિમાં ૪૮ મીટર લાંબો અને ૧૪ મીટર ઊંચો અને ૩૨૫ ટન વજનનો ચાર સ્ટીલ ગર્ડર વાપરીને સ્પાન બનાવવામાં આવ્યો હતો. વજનદાર સ્પાનને ઊંચકવા માટે ૭૦૦ મેટ્રિક ટન અને ૫૫૦ ટન ક્ષમતા ક્રેન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. છેલ્લી ઘડીએ કોઈ સમસ્યા ન સર્જાય તે માટે તકેદારીના પગલારૂપે ૫૦૦ ટન અને ૮૦ ટન ક્ષમતાની રિઝર્વ ક્રેન્સનેપણ રાખવામાં આવી હતી. ૧૦૦થી વધુ એન્જિનિયર અને કામગાર સહિત સુરક્ષા કર્મચારીઓની હાજરીમાં આ કામ પૂરું થયું હતું. માજીવાડા અને કાસરવડવલી દરમ્યાનના તમામ વિશેષ સ્પાન બેસાડવાનું કામ પૂરું થયું હોઈ પહેલા તબક્કાનું કામ તેની ડેડલાઈનમાં પૂરું થવાની નજીક પહોંચ્યો છે. વડાલાથી કાસારવડવલી વચ્ચે ૩૨.૩૨ કિલોમીટર લંબાઈની મેટ્રો લાઈનમાં ૩૦ મેટ્રો સ્ટેશન રહેશે. આ મેટ્રો ઈસ્ટર્ન એક્સપ્રેસની સાથે જ મધ્ય રેલવે, મોનો રેલ તેમ જ મેટ્રો લાઈન ટુ-બી (ડી.એન. નગરથી મંડાલે) અને મેટ્રો લાઈન પાંચ (થાણેથી કલ્યાણ), મેટ્રો લાઈન છ (સ્વામી સમર્થનગરથી વિક્રોલી)ને સાથે કનેક્નટ હશે.

### લાડકી બહેનો માટે

રહ્યું છે. આ ઝુંબેશની શરૂઆત થાણેના લોકમાન્ય નગર વિસ્તારમાં નગરપાલિકાના કોરસ આરોગ્ય કેન્દ્ર ખાતે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં કરવામાં આવી હતી. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના એડિશનલ કમિશનર સંદીપ માળવી, ડેપ્યુટી કમિશનર ઉમેશ બિરારી, મુખ્ય આરોગ્ય અધિકારી ડો. પ્રસાદ પાટિલ, રોટરી ક્લબના ડો. કારખાનીસ અને અન્ય નાગરિકો હાજર રહ્યા હતા.

આ ઝુંબેશમાં મહિલાઓ માટે સર્વાઇકલ કેન્સર સ્ક્રીનીંગ, ૯ થી ૧૪ વર્ષની છોકરીઓ માટે એચપીવી રસીકરણ, ડાયાબિટીસ અને હિમોગ્લોબિન સ્ક્રીનીંગ, અને મહિલાઓ માટે સ્વસ્થ જીવનશૈલી પર સંવાદ શિબિરોનો સમાવેશ થાય છે. આ માટે અહીં એક આધુનિક સોનોગ્રાફી મશીન અને મેમોગ્રાફી વાહન તૈયાર રાખવામાં આવ્યું છે. તેમના દ્વારા, પ્રખ્યાત ડોકટરોની મદદથી આ અભિયાન અમલમાં મૂકવામાં આવશે. તેમણે જાહેરાત કરી કે આગામી ત્રણ મહિનામાં આ અભિયાન દ્વારા પાંચ લાખ મહિલાઓને મફત તબીબી તપાસ પૂરી પાડવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે આ શિબિરને અવગણશો નહીં, જો મહિલાઓને યોગ્ય માહિતી મળે તો તેમનો પરિવાર ખૂબ જ સુખી અને સમૃદ્ધ બની શકે છે. કારણ કે સ્વસ્થ ગૃહલક્ષ્મી એ ખરા અર્થમાં પરિવારની સાચી સંપત્તિ છે. જ્યારે શિંદે મુખ્યપ્રધાન હતા, ત્યારે માતા સુરક્ષિત ઘર સુરક્ષિત અભિયાન અમલમાં મૂકવામાં આવ્યું હતું. આમાં લગભગ ત્રણ કરોડ મહિલાઓની તપાસ કરવામાં આવી હતી.

### ફાસ્ટેગ વિન્ડશિલ્ડ

હોઈ, સમય વેડફાય છે. તેમાં ફાસ્ટેગ શરૂ કરવાનો મૂળ હેતુ માર્યો જાય છે. સરકાર દ્વારા હવે આ બાબતે સખત વલણ અપનાવીને, આવા ડ્રાઇવરોના ફાસ્ટેગ બ્લેકલિસ્ટ કરવામાં આવશે. નવા નિયમો હેઠળ જે લોકો હાથમાં પકડીને ફાસ્ટેગ સ્કેન કરાવશે તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. આવા ફાસ્ટેગની જાણ ટોલ કલેક્શન સેન્ટર પર કરવામાં આવશે. તે પછી, તે ફાસ્ટેગ ફરીથી ઉપયોગમાં લઈ શકાશે નહીં અને વાહનને ટોલ પ્લાઝા પાર કરવામાં મુશ્કેલી ઊભી થશે. ઉપરાંત, હળવા વાહનો માટે નોંધાયેલા ઘણા ફાસ્ટેગ ભારે વાહનો માટે ઉપયોગમાં લેવાય છે. જેથી ટોલ કલેક્શન સેન્ટર પર ઓછી રકમની વસુલાત થાય છે. આવી ગેરરીતિઓને રોકવા માટે એનએચએઆઈએ જણાવ્યું હતું કે જો 'ટેગ ઇન હેન્ડ' અથવા 'લુઝ ફાસ્ટેગ' જોવા મળે તો તેની જાણ કરીને તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. એનએચએઆઈએ આ માટે એક ઇમેઇલ આઈડી બનાવ્યું છે, જ્યાં ટોલ પ્લાઝાના કર્મચારી ફરિયાદ નોંધાવી શકશે. તે પછી તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. એનએચએઆઈ દ્વારા ચાલકોને અપીલ કરવામાં આવી છે કે સુગમ અને ઝડપી વાહન વ્યવહાર માટે નવા નિયમનું પાલન કરવામાં આવે જેથી સમયની બચત સાથે કાર્યવાહીથી બચી શકાય.

### પુત્રના બચાવ માટે

માલિક ફક્ત દારૂ માટે જવાબદાર છે. માલિકને નૃત્ય અને અન્ય બાબતો માટે જવાબદાર ઠેરવી શકાય નહીં.

### શું રામદાસ કદમ માનહાનિનો દાવો દાખલ કરશે?

ડાન્સ બાર અને હોટલ સંબંધિત કલમમાં જણાવાયું છે કે કરાર થયા પછી અને વ્યક્તિને હોટલ કે બાર ચલાવવાની મંજૂરી આપ્યા પછી, તે વ્યક્તિ ત્યાં બનેલી દરેક વસ્તુ માટે જવાબદાર રહેશે. નિયમ એ છે કે માલિક જવાબદાર નથી. પરંતુ તે અડધા વકીલો આ નિયમથી વાકેફ નથી. અનિલ પરબ ફક્ત મને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો કે, હું હવે એ પણ તપાસ કરી રહ્યો છું કે શું હું વકીલોની સલાહ લઈને અનિલ પરબ સામે માનહાનિનો દાવો દાખલ કરી શકું છું. આ લોકોએ (વિપક્ષ) દાપોલીમાં મને, યોગેશ કદમને ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે યોગેશ કદમને રાજકારણમાંથી ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. અમે તેમના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું. હવે તેઓએ વિધાનસભામાં ખોટી માહિતી આપીને, ખોટી કલમોનો ઉલ્લેખ કરીને, ખોટા નિયમોનો ઉલ્લેખ કરીને ફરી એકવાર અમને બદનામ કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

### ઠાકરે ફક્ત એક

એટલે સતત સંઘર્ષ કરનારી વ્યક્તિ. ઉદ્ધવ ઠાકરેએ તેમના પિતરાઈ ભાઈની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરે સાથે સંયુક્ત મોરચો બનાવવા માટે 'ઠાકરે બ્રાન્ડ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. 'ઠાકરે ફક્ત એક બ્રાન્ડ નથી. તે મરાઠી માણસો, મહારાષ્ટ્ર અને હિન્દુ ગૌરવની ઓળખ છે. કેટલાક લોકોએ આ ઓળખ ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો છે. ઘણા લોકો આ કરવા આવ્યા હતા અને તેઓ ખતમ થઈ ગયા,' એમ સેના (યુબીટી)ના વડાએ ભાજપ પર આડકતરો કટાક્ષ કરતા કહ્યું હતું. જેમણે ૧૦૦ વર્ષ પૂરા કર્યા છતાં કંઈપણ બનાવ્યું નથી અથવા કોઈપણ ક્ષેત્રમાં ઉદાહરણ પૂરું પાડ્યું નથી, તેમણે (ઠાકરે) બ્રાન્ડની ચોરી કરવાનું શરૂ કરી દીધું છે, એમ તેમણે ભાજપ અને આરએસએસ પર પ્રહાર કરતા કહ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના વડા એકનાથ શિંદે પર પ્રહાર કરતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે 'કંઈપણ ચોરી શકાય છે, પરંતુ નામ કેવી રીતે ચોરી શકાય?' આ અઠવાડિયાની શરૂઆતમાં, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકરના એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને 'ધનુષ અને બાણ'ના પક્ષ પ્રતીક આપવાના નિર્ણય સામે ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી) ની અરજી પર સુનાવણી માટે ૧૧ ઓગસ્ટની તારીખ નક્કી કરી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## મહા વિકાસ આઘાડીમાં ભંગાણના એંધાણ

# જિલ્લા પરિષદની અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ ઘટકપક્ષો અલગ અલગ લડે એવી શક્યતા

**ઉદ્ધવ ઠાકરેના બદલાયા બોલ: પૃથ્વીરાજ ચવ્હાણ પછી સપકાળે પણ કહ્યું અલગ અલગ લડી શકાય છેઃ મુખ્ય પ્રધાન ફડણવીસને મળ્યા પછીનાં નિવેદનોને જોતાં નવા ગણિતની ચર્ચા**

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મીની વિધાનસભા ગણાતી જિલ્લા પરિષદો અને મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ થવાની છે ત્યારે આ ચૂંટણી પહેલાં જ મહા વિકાસ આઘાડીમાં ભંગાણ પડવાના એંધાણ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને રાજ ઠાકરે સાથે યુતિ થવાની શક્યતાઓ નિર્માણ થઈ પછી ઉદ્ધવ ઠાકરેના ખાસ વિશ્વાસુ સંજય રાઉતે મહાવિકાસ આઘાડીના મુખ્ય ઘટકપક્ષ કૉંગ્રેસ માટે કરેલી ટિપ્પણીઓ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની ખાનગી મુલાકાત બાદ શનિવારે છપાયેલા ઈન્ટરવ્યૂમાં ઉદ્ધવ ઠાકરેના બદલાયેલા બોલને જોતાં આવા એંધાણ મળી રહ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરેની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની વિધાનભવનની મુલાકાત પહેલાં મહા વિકાસ આઘાડીની એક બેઠક થઈ હતી, જેમાં કૉંગ્રેસના નેતાઓ સાથે કેટલાક મુદ્દે ઠાકરેએ અસહમતિ વ્યક્ત કરી હતી, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

દિવાળીની આસપાસ રાજ્યમાં જિલ્લા પરિષદોની ચૂંટણીઓ થવાની છે અને આ ચૂંટણીઓમાં આખા રાજ્યમાં મહા વિકાસ આઘાડી (એમવીએ) એક થઈને લડે એવી શક્યતા ધુંધળી દેખાઈ રહી છે.

સૌથી પહેલાં કૉંગ્રેસના સિનિયર નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવાણે એવો સંકેત આપ્યો હતો કે મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ એકલા લડી શકે છે. ત્યાર બાદ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે ફરી મનમેળ થવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને ઉદ્ધવ ઠાકરેની પાર્ટી મહા વિકાસ આઘાડીમાંથી બહાર પડે એવા એંધાણ જોવા મળ્યા હતા. ત્યારબાદ વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન મહા વિકાસ આઘાડીની જે બેઠક થઈ એમાં પણ જે રીતે ઉદ્ધવની પાર્ટીએ મહા વિકાસ આઘાડી પર કેટલાક સવાલો ઊભા કર્યા તેનાથી પણ આઘાડીમાં ભંગાણના સંકેતો મળ્યા હતા.

આ બેઠક બાદ રાજ્ય કૉંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે (જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવે એમવીએની એકતા પર સવાલ ઉઠાવ્યા

## 'વિધાનસભાની ચૂંટણીમાં હાર માટે અહંકાર અને બેઠકોની વહેંચણીમાં વિલંબ જવાબદાર'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી વખતે બેઠકોની વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવામાં અને ઉમેદવારોની પસંદગીમાં વિલંબ જેવી ભૂલોનું પુનરાવર્તન થાય તો મહા વિકાસ આઘાડી (એમવીએ) ગઠબંધન પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એમવીએના પ્રભાવશાળી પ્રદર્શન પછીનો ઉત્સાહ વ્યક્તિગત અહંકારમાં ફેરવાઈ ગયો હતો જે વિધાનસભા ચૂંટણી દરમિયાન પક્ષ પૂરતી જીત મેળવવા પર (જુઓ પાનું ૪) ▶▶

## ઠાકરે ફક્ત એક બ્રાન્ડ નથી, તે મહારાષ્ટ્રની ઓળખ છેઃ ઉદ્ધવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઠાકરે માત્ર એક બ્રાન્ડ નથી, પરંતુ મહારાષ્ટ્ર, મરાઠી માણસો અને હિન્દુ ગૌરવની ઓળખ છે, પરંતુ કેટલાક લોકો તેને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, એમ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું છે.

સેના યુબીટીના મુખપત્ર 'સામના'માં એક ઈન્ટરવ્યૂમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે તે તેમના પક્ષના પ્રતીકને રોકી શકે છે અથવા તેને બીજા કોઈને આપી શકે છે, પરંતુ તેમને તેમના દાદા કેશવ ઠાકરે અને પિતા તેમ જ શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે દ્વારા બનાવવામાં આવેલી પાર્ટીનું નામ બીજા કોઈને આપવાનો કોઈ અધિકાર નથી.

મરાઠી ભૂમિમાં આપણા ઊંડા મૂળ ઘણી પેઢીઓ જૂના છે. મારા દાદા અને શિવસેના પ્રમુખ (બાળ ઠાકરે)ના સમયથી મરાઠી માણસો સાથેના સંબંધો મજબૂત છે. હવે, હું ત્યાં છું, આદિત્ય (ઠાકરે) ત્યાં છે અને (મનસે વડા) રાજ પણ આવી ગયા છે, એમ તેમણે કહ્યું હતું.

શનિવારે પ્રકાશિત થયેલા પાર્ટી નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉત સાથેના ઇન્ટરવ્યુના પહેલા ભાગમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઠાકરે (જુઓ પાનું ૪) ▶▶

# બન્ને શિવસેનાએ સાથે આવવું જોઈએ

## શિવસેના-યુબીટીના નેતા દાનવેએ આશા વ્યક્ત કરી

મુંબઈઃ શિવસેનાના જ્યારથી બે ફાડીયા થયા છે ત્યારથી હંમેશા શિંદે જૂથ અને ઉદ્ધવ જૂથ વચ્ચે તુતુ-મૈંમૈં ચાલતી રહે છે. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન ઉદ્ધવ ઠાકરેની એન્ટ્રીથી એકનાથ શિંદે નારાજ જોવા મળ્યા હતા. એક તરફ આવી પરિસ્થિતિ છે, તો બીજી બાજુ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અને ઠાકરેના નજીકના સહાયક અંબાદાસ દાનવેએ એક કાર્યક્રમમાં મોટું નિવેદન આપ્યું છે. અંબાદાસ દાનવેએ કહ્યું હતું કે તેમને શિવસેનાના વિભાજનનો અફસોસ છે અને તેઓ ઈચ્છે છે કે શિવસેનાના બંને પક્ષો સાથે આવે.

વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું કે શિવસેના તરીકે આપણે એક થવું જોઈએ, અને રાજ્યએ શિવસેનાની સંયુક્ત તાકાત જોવી જોઈએ. બંને ઠાકરે ભાઈઓ એક સાથે આવવાની ચર્ચા ચાલી રહી છે, ત્યારે અંબાદાસ દાનવેએ આશા વ્યક્ત કરી હતી કે શિવસેનાના (જુઓ પાનું ૪) ▶▶

## પુત્રના બચાવ માટે પિતા આવ્યા મેદાનમાં

# હા, મારી પત્નીના નામે છે બાર, પણ...: રામદાસ કદમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમની માતાના નામે એક ડાન્સ બાર છે અને પોલીસે તાજેતરમાં આ ડાન્સ બાર સામે કાર્યવાહી કરી છે. પોલીસે આ ડાન્સ બારમાં કામ કરતી ૨૨ બાર બાળા સામે પણ કાર્યવાહી કરી છે, એવા આરોપો કરતાં શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય અનિલ પરબે ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાનના રાજીનામાની માગણી કરી હતી. પરબે વિધાન પરિષદમાં અંતિમ અઠવાડિયાના પ્રસ્તાવ પર બોલતી વખતે સરકારને આડેહાથ લીધી હતી. દરમિયાન, યોગેશ કદમના પિતા અને ભૂતપૂર્વ પ્રધાન રામદાસ કદમે સ્વીકાર્યું હતું કે કાંદિવલીમાં પોલીસે જે બાર સામે કાર્યવાહી કરી છે તે તેમની પત્નીના નામે છે.

રામદાસ કદમે કહ્યું હતું કે, અનિલ પરબ એક અડધા વકીલ છે અને ઉદ્ધવ ઠાકરે આ અડધા વકીલની સલાહ પર ચાલી રહ્યા છે, તેથી જ તેમની આ હાલત છે. અમારો બાર છેલ્લા ૩૦ વર્ષથી શેટ્ટી નામનો વ્યક્તિ ચલાવી રહ્યો છે. એ હકીકત છે કે તે હોટલ અને બારનું લાઇસન્સ મારી પત્નીના નામે છે. ઉપરાંત, ઓર્કેસ્ટ્રા લાઇસન્સ પણ તેના નામે છે. અમારી પાસે છોકરીઓનું વેઇટર લાઇસન્સ પણ છે, પરંતુ તે અનધિકૃત નથી. ત્યાં કોઈ અનધિકૃત નૃત્ય થતું નથી.

શિવસેના (શિંદે) જૂથના નેતાએ કહ્યું હતું કે, તે બારમાં એક ઘટના બની કે એક ગ્રાહકે ત્યાં એક છોકરી પર પૈસા ઉડાવ્યા હતા. તે પછી, પોલીસ ત્યાં ગઈ. મને આ વિશે જાણ થયા પછી, મેં તરત જ ઓર્કેસ્ટ્રા અને છોકરીઓના લાઇસન્સ પોલીસને પાછા સોંપી દીધા હતા અને હોટેલ બંધ કરી દીધી હતી. કારણ કે મને આવા ગંદા પૈસાની કોઈ જરૂર નથી. તે અડધા વકીલો પૂરતી માહિતી આપતા નથી. તેઓ કાયદાને જાણતા નથી. બાર (જુઓ પાનું ૪) ▶▶

## ભિવંડીના ગોદામમાંથી નકલી માખણ જપ્તઃ ત્રણ જણની ધરપકડ

થાણેઃ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) અને સ્થાનિક પોલીસ ભિવંડીના ગોદામમાં રેઇડ પાડીને નકલી માખણનો જથ્થો જપ્ત કરીને ત્રણની ધરપકડ કરી હતી.

શાંતિનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર વિનાયક ગાયકવાડે જણાવ્યું હતું કે મળેલી માહિતીને આધારે એફડીએ અને પોલીસની ટીમે શુક્રવારે ભિવંડીના કાસીમપુરા વિસ્તારમાં આવેલા ગોદામમાં રેઇડ પાડી હતી. (પીટીઆઇ)■

# શું રાજ ઠાકરેની મુશ્કેલીઓ વધશે?

## સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી હિન્દી ભાષા અને મરાઠી વિરુદ્ધ અમરાઠીના મુદ્દા પર ચાલી રહેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં રાજ ઠાકરે વિરુદ્ધ જનહિતની અરજી દાખલ કરવામાં આવી હોવાના અહેવાલ છે. આ અરજીમાં રાજ ઠાકરે સામે કાર્યવાહીની માગણી કરવામાં આવી છે.

મરાઠી અને અમરાઠીના મુદ્દે મનસે અને ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વચ્ચે આરોપ-પ્રત્યારોપ પણ થયા છે. હિન્દી ભાષાને ફરજિયાત બનાવવાનો નિર્ણય રદ થયા પછી, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ભેગા થઈને મુંબઈમાં એક રેલી યોજી હતી. તે રેલીમાં રાજ ઠાકરેએ મરાઠી વિરુદ્ધ અમરાઠીના મુદ્દા પર ગંભીર ચેતવણી પણ આપી હતી.

ત્યારબાદ, શુક્રવારે મીરા ભાઈંદરમાં રાજ ઠાકરેએ જાહેર સભામાં બોલતા રાજ ઠાકરે મરાઠી વિરુદ્ધ અમરાઠીના મુદ્દા પર ખૂબ જ આક્રમક બન્યા હતા અને કહ્યું હતું કે, 'શું મરાઠી વેપારીઓ નથી? મહારાષ્ટ્રમાં રહો, મરાઠી શીખો, યોગ્ય રીતે વ્યવસાય કરો. જો તમે મગરૂરી બતાવશો, તો તમારા મોઢા પર થપ્પડ લાગશે.'

રાજ ઠાકરેએ પરપ્રાંતીઓને આપેલી આ ચેતવણી અને ભાષા વિવાદ પર રાજ ઠાકરેના નિવેદનથી તેમની સમસ્યાઓ વધવાની શક્યતા ઉભી થઈ છે.

એક અંગ્રેજી અખબારમાં આવેલા અહેવાલ મુજબ સુપ્રીમ કોર્ટમાં કરાયેલી જનહિત અરજીમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે રાજ ઠાકરેએ હિન્દી ભાષી લોકો સામે હિંસા ભડકાવવા અને નફરત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.

વકીલ ઘનશ્યામ ઉપાધ્યાયે આ અરજી દાખલ કરી હોવાનું જાણવા મળ્યું છે. દાખલ કરાયેલી અરજીમાં મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ પર તણાવ વધારવામાં કથિત સંડોવણી બદલ રાજ ઠાકરે અને તેમના પક્ષના કાર્યકરો સામે કેસ નોંધવાની માગણી કરવામાં આવી છે. ભાષાના મુદ્દા પર મનસે કાર્યકરોએ કેટલાક પરપ્રાંતી લોકોને માર માર્યો હોવાની (જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો લાઈન-૪નું ૮૪ ટકા કામ પૂરું

## કાપૂરબાવડી જંકશન પર ૩૨૫ ટન વજનનો સ્પાન બે દિવસમાં બેસાડયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડાલાથી થાણેના કાસારવડવલી વચ્ચે દોડનારી મેટ્રો લાઈન-૪નું ૮૪.૫ ટકા કામ પૂરું થઈ ગયું છે. તાજેતરમાં ૩૨૫ ટન વજનના ૪૮ મીટર લાંબા સ્પાનને બેસાડવાનું ટેક્નિકલી અત્યંત મહત્ત્વ ગણાતા કામને અમલમાં મૂકવામાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને સફળતા મળી હતી.

એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ માત્ર બે દિવસની અંદર રાતના સમયમાં થાણેના કાપૂરબાવડી જંકશન પાસે સ્ટીલનો સ્પાન બેસાડવામાં આવ્યો હતો. દિવસના સમયે કાપૂરબાવડી જંકશન પર ભારે ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે. જોકે રાતના સમયે પણ અહીં ખાસ્સી એવી વાહનોની અવરજવર રહેતી હોય છે. છતાં ટેક્નિકલી મુશ્કેલ ગણાતા ગીચ ટ્રાફિકવાળા કાપૂરબાવડી જંકશન પર રાતના ૪૮ મીટર લંબાઈનો સ્ટીલનો સ્પાન ઊંચકીને તેની નિર્ધારીત જગ્યા પર ગોઠવવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ સ્પાન બેસાડવાની કામગીરી દરમ્યાન મુશળધાર વરસાદ પડી (જુઓ પાનું ૪) ▶▶

# આજે ત્રણેય લાઈનમાં બ્લોક

મુંબઈઃ રવિવારના ત્રણેય લાઈન પર બ્લોક હાથ લેવામાં આવશે. બ્લોકના સમયમાં લોકલ ટ્રેનોના ધાંધિયા રહેશે.

મધ્ય રેલવે પર સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. જેને કારણે ઘાટકોપર-સીએસએમટી વચ્ચે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. જેને કારણે ટ્રેનો ૧૦-૧૫ મિનિટ મોડી પડશે. હાર્બર લાઈન પર સીએસએમટી-ચુનાભટ્ટી અને બાંદ્રા વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧.૩૦ કલાકથી સાંજે ૪.૪૦ કલાક સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોક દરમિયાન વાશી- બેલાપુર, પનવેલ અને બાંદ્રા-ગોરેગાંવ વચ્ચે ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. પશ્ચિમ રેલવે પર બોરીવલી-ગોરેગાંવ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૦થી બપોરે ૩ સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન બોરીવલી-ગોરેગાંવ વચ્ચે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે. બોરીવલીના પ્લેટફોર્મ નંબર ૧, ૨, ૩ અને ૪ પરથી એક પણ ટ્રેન નહીં રવાના થાય. ■

# મહારાષ્ટ્રમાં ગુજરાત ભાજપના વિધાનસભ્યને જ ગુજરાતીમાં બોર્ડ રાખવા મામલે ધમકી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ સતત વધી રહ્યો છે. જે લોકોને મરાઠી ના આવડતી હોય તેવા લોકોને રસ્તા વચ્ચે મારવામાં આવ્યાં હોવાના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. હવે એક વિધાનસભ્યને ધમકી મળી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ભાજપના એક વિધાનસભ્યે પોતાના ઓફિસનું બોર્ડ ગુજરાતી ભાષામાં લખીને લગાવ્યું છે. જેથી આ મામલે કેટલાક લોકો ધમકી આપી ગયાં હતા. કચ્છમાં આવેલા રાપર વિધાનસભા ક્ષેત્રના વિધાનસભ્યને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકર્તાઓએ ધમકી આપી હોવાનું જાણવા મળ્યું છે. રાપરના ધારાસભ્યે નવી મુંબઈમાં પોતાની એક ઓફિસ ખોલી છે. જેનું બોર્ડ ગુજરાતી ભાષામાં રાખ્યું હતું. કારણ કે ત્યાં રહેતા કચ્છી લોકોને મદદ મળી રહે, પરંતુ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકર્તાઓએ ધમકી આપી છે કે, આ બોર્ડ મરાઠી ભાષામાં લખવાની ધમકી આપી હતી. આ બાબતે ધારાસભ્યનું કહેવું છે કે ત્યાં મુંબઈમાં જે કચ્છી લોકો રહે છે તેમને મદદ મળી રહે તે માટે આ ઓફિસ ખોલવામાં આવી છે. હવે તેમને માત્ર ગુજરાતી ભાષા જ આવડે છે તેવામાં મરાઠી ભાષામાં બોર્ડ કેવી રીતે રાખવું? મરાઠી લોકો માત્ર ગુજરાતી લોકોને ટાર્ગેટ કરી રહ્યાં હોવાનો પણ તેમને આરોપ લગાવ્યો છે. ■

# મુંબઈમાં અત્યાર સુધી ૩૨ ટકા વરસાદ

## જળાશયોમાં ૮૧.૮૬ ટકા પાણી જમા

મુંબઈને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોના કેચમેન્ટ એરિયામાં જુલાઈ મહિનામાં ધોધમાર વરસાદ પડ્યો હતો, તેને કારણે જળાશયોમાં શનિવારે સવારના ૧૧,૮૪,૭૯૬ મિલ્યન લિટર (૮૧.૮૬ ટકા) પાણી જમા થઈ ગયું હતું. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૫,૬૭,૭૭૮ મિલ્યન લિટર (૩૯.૨૩ ટકા) અને ૨૦૨૩માં જળઆશયોમાં ૫,૩૫,૧૧૭ મિલ્યન લિટર (૩૬.૯૭ ટકા) પાણીનો જથ્થો હતો. મુંબઈને આખું વર્ષ પાણી કાપ વગર પાણી પુરવઠો કરવા માટે સાતેય જળાશયોમાં પહેલી ઓક્ટોબરના ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર પાણીનો જથ્થો હતો. ■

## ગયા વર્ષની સરખામણીમાં ઓછો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આ વર્ષે વહેલું એટલે કે ૨૫ મેના જ નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ ગયું પણ જુલાઈ મહિનો લગભગ પૂરો થવાનો છે છતાં અત્યાર સુધી મુંબઈમાં સરેરાશ માત્ર ૩૨ ટકા વરસાદ પડ્યો છે. ગયા વર્ષે આ જ સમયે મુંબઈમાં ચોમાસાનો લગભગ ૫૦ ટકાથી વધુ વરસાદ પડી ગયો હતો. સામાન્ય રીતે મુંબઈમાં જુલાઈ મહિનામાં (જુઓ પાનું ૪) ▶▶

## રાજ્યમાં ૨૪થી ૩૧ જુલાઈ દરમિયાન ભારે વરસાદની આગાહી

મે મહિનાના અંતમાં જ રાજ્યમાં જોરદાર આગમન કરનારા વરસાદે જૂનના અંત સુધીમાં તો સંતાકૂકડી રમવાનું શરૂ કરી દીધું છે. જુલાઈ મહિનામાં જોઈએ તેવો વરસાદ વરસ્યો હોવાનું લાગતું નથી, ત્યારે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૪થી ૩૧ જુલાઈ દરમિયાન મહારાષ્ટ્ર સહિત મધ્ય ભારતના કેટલાક ભાગોમાં સરેરાશ કરતા વધુ વરસાદની અપેક્ષા છે. હાલમાં (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર એક્સાઈઝ ડિપાર્ટમેન્ટની ભૂલ ભારે પડીઃ કરોડો રૂપિયાનું નુકસાન

મુંબઈઃ ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)એ મહારાષ્ટ્ર રાજ્યના એક્સાઈઝ ડિપાર્ટમેન્ટની કામગીરીમાં ગંભીર ક્ષતિઓ બદલ ઝાટકણી કાઢી છે. આ ભૂલોને કારણે ડિપાર્ટમેન્ટની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

કેગના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે લાઇસન્સ રિન્યુઅલ ફીની ખોટી આકારણીને કારણે રાજ્યને રૂ.૨૦.૧૫ કરોડની આવક અને રૂ.૭૦.૨૨ કરોડનું વ્યાજ ગુમાવવું પડ્યું હતું. ઓડિટ રિપોર્ટમાં વધુમાં એમ પણ જણાવાયું છે કે સુપરવિઝન ફી માટે સુધારેલા દર લાગુ નહીં કરવામાં આવતા વધુ રૂ. ૧.૨૦ કરોડની આવક ઘટી હતી. આ અહેવાલ મુજબ તત્કાલીન એક્સાઈઝ કમિશનરે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લીધા વિના જ બિયરના જૂના સ્ટોક પર એક્સાઇઝ ડ્યુટીમાં છૂટ આપી હતી.

આ સિવાય અહેવાલમાં એવી પણ રજૂઆત થઈ છે કે રાસાયણિક વિશ્લેષણ માટે માઈલ્ડ બીયરના સેમ્પલ રજૂ કરવામાં વિલંબ થવાથી રૂ. ૭૩.૧૮ કરોડની કર વસૂલાત નહોતી થઈ શકી. (પીટીઆઈ)■

# ફાસ્ટેગ વિન્ડશિલ્ડ પર નથી? બ્લેકલિસ્ટ થશો

મુંબઈઃ રાજ્ય અને દેશના હાઇવે પર મુસાફરી કરતી વખતે ટોલ બુથ પર લાગતી લાંબી લાઈનોના વિકલ્પ રૂપે ફાસ્ટેગની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ કેટલાક વાહન ચાલકો ફાસ્ટેગ જરૂરિયાત મુજબ વિન્ડશિલ્ડ પર લગાવવાના બદલે પોતાની પાસે રાખી મૂકે છે અને જ્યારે જરૂર જણાય ત્યારે હાથેથી બતાવે છે. આવી સ્થિતિમાં ટોલ બુથ પરના કેમેરામાં તે બરાબર ઝડપાતો ન (જુઓ પાનું ૪) ▶▶

## 'ટેગ ઈન હેન્ડ' કે 'લુઝ ફાસ્ટેગ' શું છે?

ફાસ્ટેગનું સ્ટીકર વિન્ડશિલ્ડ પર ન ચીપકાવતા ડ્રાઈવર તેને હાથમાં પકડીને ટોલ સ્કેનર સામે બતાવે છે. આને 'ટેગ ઇન હેન્ડ' અથવા 'લૂઝ ફાસ્ટેગ' કહેવામાં આવે છે. કેટલાક ડ્રાઇવરો જાણી જોઈને વાહનના વિન્ડશિલ્ડ પર ફાસ્ટેગ લગાવતા નથી, જેના કારણે ટોલ ચૂકવવામાં મુશ્કેલી પડે છે. પરિણામે વાહનોની લાંબી કતારો લાગે છે. એકની ભૂલને કારણે, બધા વાહનચાલકોને વિલંબનો સામનો કરવો પડે છે. ■

# લાડકી બહેનો માટે હવે 'ઉપમુખ્યમંત્રી નિરોગી મહિલા અભિયાન'

થાણેઃ લાડકી બહેનો પરિવારના વડા હોય છે. પરિવારની સંભાળ રાખતી વખતે પોતાના સ્વાસ્થ્યની અવગણના કરે છે. તેથી તેમના સારા સ્વાસ્થ્યની ખાતરી કરવા માટે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે દ્વારા સ્વસ્થ મહિલા અભિયાન અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. થાણેમાં એક કાર્યક્રમમાં બોલતા નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે ઉપમુખ્યમંત્રી નિરોગી મહિલા અભિયાન અભિયાન દ્વારા કરવામાં આવતી તબીબી તપાસથી સમયસર રોગનું નિદાન અને સારવાર શક્ય બનશે.

નાયબ મુખ્યમંત્રી સ્વસ્થ મહિલા અભિયાન થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન જાહેર આરોગ્ય વિભાગ, રોટરી ક્લબ અને આદિત્ય બિરલા કેપિટલ ફાઉન્ડેશન દ્વારા અમલમાં મૂકવામાં આવી (જુઓ પાનું ૪) ▶▶

## દીવા સ્ટેશન પર ગૂડ્સ ટ્રેન સામે ધકેલી મહિલાની હત્યા

થાણેઃ દીવા રેલવે સ્ટેશન પર ગૂડ્સ ટ્રેન સામે ધકેલીને મહિલાની હત્યા કરવા પ્રકરણે રેલવે પોલીસે ૩૮ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી. શુક્રવારે વહેલી સવારે દીવા સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર પાંચ-છના કલ્યાણ તરફના છેડા પાસે બની હતી. આરોપીની ઓળખ શિવનારાયણ સિંહ તરીકે થઇ હતી. દીવા પૂર્વમાં રહેતો આરોપી વ્યવસાયે ડ્રાઇવર છે. આરોપી પ્લેટફોર્મ પર વહેલી સવારે ઓછી ગિરદીનો લાભ લઇ મહિલા સાથે બળજબરી કરવાનો પ્રયાસ કરતો હતો. તેણે મહિલા સાથે શારીરિક અડપલાં પણ કર્યાં હતાં, જેનો મહિલાએ વિરોધ કરતાં બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. ■

# ભારત-પાકિસ્તાનના ‘ચૅમ્પિયનો’ આજે આમનેસામને

## એજબૅસ્ટનમાં વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સની મૅચમાં બન્ને કટ્ટર દેશની ટીમ વચ્ચે જોરદાર રસાકસી થશે

એજબૅસ્ટનઃ ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ અહીં તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની બીજી ટેસ્ટ જીતીને આ સ્થળે ઘણી ઐતિહાસિક સિદ્ધિઓ સાથે પોતાની અનેરી છાપ છોડી ગયા ત્યાર બાદ હવે આ જ મેદાન પર ભારતના લેજન્ડ્સ તેમ જ નિવૃત્ત ક્રિકેટરોની ઇન્ડિયા ચૅમ્પિયન્સ ટીમનો આજે (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) પાકિસ્તાન ચૅમ્પિયન્સ સામે મુકાબલો થશે. યુવરાજ સિંહ ભારતીય ટીમનો અને મોહમ્મદ હાફીઝ પાકિસ્તાનની ટીમનો કૅપ્ટન છે. આ મૅચ વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ના બૅનર હેઠળ રમાશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં ટૂંકુ યુદ્ધ થયું (જેમાં પાકિસ્તાને ત્રણ જ દિવસમાં પછડાટ ખાધી હતી) ત્યાર પછી બન્ને દેશના ક્રિકેટરો વચ્ચે રમાનારી રવિવારની મૅચ પર સમગ્ર ક્રિકેટજગતનું ધ્યાન રહેશે.

શુક્રવાર, ૧૮મી જુલાઈએ છ દેશની ટીમ વચ્ચેની આ સ્પર્ધા શરૂ થઈ ચૂકી છે. ૧૬ દિવસની આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલી ટીમોમાં ઇન્ડિયા ચૅમ્પિયન્સ, પાકિસ્તાન ચૅમ્પિયન્સ, ઇંગ્લૅન્ડ ચૅમ્પિયન્સ, ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સ, વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન્સ અને સાઉથ આફ્રિકા ચૅમ્પિયન્સ ટીમનો સમાવેશ છે.







૨૦૨૪માં ડબ્લ્યૂસીએલની પ્રથમ સીઝન ભારતે જીતી લીધી હતી. એજબૅસ્ટનની ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

શુક્રવાર, ૧૮મી જુલાઈએ ડબ્લ્યૂસીએલની બીજી સીઝનની પ્રથમ મૅચમાં પાકિસ્તાને (૨૦ ઓવરમાં ૯/૧૬૦) ઇંગ્લૅન્ડ (૨૦ ઓવરમાં ૩/૧૫૫)ને પાંચ રનથી હરાવ્યું હતું.

### ભારત-પાકિસ્તાન ટીમમાં કોણ

આ વખતની ડબ્લ્યૂસીએલ માટેની ભારતીય ટીમમાં કૅપ્ટન યુવરાજ સિંહ ઉપરાંત શિખર ધવન, સુરેશ રૈના, અંબાતી રાયુડુ, ઇરફાન પઠાણ, યુસુફ પઠાણ, રૉબિન ઉથપ્પા, સૌરભ તિવારી, આર. પી. સિંહ, પીયૂષ ચાવલા, હરભજન સિંહ, નમન ઓઝા, સ્ટુઅર્ટ બિન્ની, વરુણ આરૉન, અભિમન્યુ મિથુન, સિદ્ધાર્થ કૌલ, ગુરકીરત સિંહ, વિનય કુમાર, રાહુલ શર્મા, રાહુલ શુક્લા, ધવલ કુલકર્ણી, પવન નેગી અને અનુરીત સિંહનો સમાવેશ છે.

પાકિસ્તાનની ટીમમાં સુકાની મોહમ્મદ હાફીઝ ઉપરાંત શોએબ મલિક, શાહિદ આફ્રિદી, મિસબાહ-ઉલ-હક, કામરાન અકમલ, અબ્દુલ રઝાક, સોહેબ મકસૂદ, શરઝીલ ખાન, વહાબ રિયાઝ, સોહેલ તનવીર, સોહેલ ખાન, આમિર યામિન, આસિફ અલી અને સઈદ અજમલ સામેલ છે.

### ભારતની મૅચો ક્યારે, કોની સામે

(૧) રવિવાર, ૨૦મી જુલાઈ (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) પાકિસ્તાન સામે (૨) મંગળવાર, ૨૨મી જુલાઈ (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) સાઉથ આફ્રિકા સામે (૩) શનિવાર, ૨૬મી જુલાઈ (સાંજે ૫.૦૦ વાગ્યાથી) ઑસ્ટ્રેલિયા સામે (૪) રવિવાર, ૨૭મી જુલાઈ (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) ઇંગ્લૅન્ડ સામે (૫) મંગળવાર, ૨૯મી જુલાઈ (રાત્રે ૯.૦૦ વાગ્યાથી) વેસ્ટ ઇન્ડિઝ સામે.

### ક્યા સ્ટાર ખેલાડીઓ રમી રહ્યા છે

વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં ભારત અને પાકિસ્તાન ઉપરાંતની બાકીની ચાર ટીમ વતી જે જાણીતા ખેલાડીઓ રમી રહ્યા છે એમાં બ્રેટ લી, ટિમ પેઇન, પીટર સીડલ, ડર્ક નૅનીસ, નૅથન કૉલ્ટર-નાઇલ, મોઇઝીઝ હેન્રિકેસ, ડૅન ક્રિશ્ચિયન, શૉન માર્શ, આરૉન ફિન્ચ, કેવિન પીટરસન, ઓઇન મૉર્ગન, ઍલસ્ટર કૂક, સમિત પટેલ, રવિ બોપારા, ટિમ બ્રેસનન, મોઇન અલી, રાયન સાઇડબૉટમ, લિઆમ પ્લન્કેટ, હર્શેલ ગિબ્સ, એબી ડિવિલિયર્સ, હાશિમ અમલા, જેપી ડુમિની, જૅક કૅલિસ, રાયન મૅકલારેન, ઍલ્બી મૉર્કલ, ડેલ સ્ટેન, ઇમરાન તાહિર, વેઇન પાર્નેલ તેમ જ ક્રિસ ગેઇલ, શિવનારાયણ ચંદરપૉલ, ડ્વેઇન બ્રાવો, ડ્વેઇન સ્મિથ, કીરૉન પોલાર્ડ, ડૅરેન સૅમી, ફિડેલ એડવર્ડ્સ વગેરેનો સમાવેશ છે.

# ઋતુરાજ ગાયકવાડ અચાનક કાઉન્ટી ક્રિકેટમાંથી નીકળી ગયો

લંડનઃ ભારત વતી ૨૯ આંતરરાષ્ટ્રીય મૅચ રમી ચૂકેલા અને ચેન્નઈ સુપર કિંગ્સના બૅટ્સમૅન ઋતુરાજ ગાયકવાડ ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં પહેલી વાર રમવાનો હતો, પરંતુ તેણે મંગળવારની પ્રથમ મૅચની પહેલાં જ યૉર્કશર કાઉન્ટી ક્લબને કહી દીધું છે કે તે અંગત કારણસર આ કાઉન્ટી સીઝનમાં નહીં રમે. ૨૮ વર્ષીય ગાયકવાડના આ નિર્ણયથી યૉર્કશર કાઉન્ટી ટીમના હેડ-કોચ ઍન્થની મૅકગ્રા નિરાશ થયા છે.

ગાયકવાડ ઈજાને કારણે ૨૦૨૫ની આઇપીએલની શરૂઆતની થોડી મૅચો બાદ સ્પર્ધાની બહાર થઈ ગયો ત્યાર બાદ ટોચના સ્તરે મૅચ રમ્યો જ નથી. ત્યારે આઇપીએલની સીએસકે ટીમનું સુકાન એમએસ ધોનીને સોંપાયું હતું અને ગાયકવાડના સ્થાને ટીમમાં આયુષ મ્હાત્રેને સમાવવામાં આવ્યો હતો.

# રહાણેનું સૂચનઃ વધુ એક બોલર સમાવો

લંડનઃ અજિંક્ય રહાણેએ એક મુલાકાતમાં કૅપ્ટન ગિલ અને કોચ ગૌતમ ગંભીરને અનુલક્ષીને એવું સૂચન કર્યું હતું કે ‘ ટેસ્ટના બન્ને દાવમાં હરીફ ટીમની તમામ ૨૦ વિકેટ લેવા ટીમમાં પૂરતા સ્પેશિયાલિસ્ટ બોલર હોવા જરૂરી છે. જો બુમરાહ ચોથી ટેસ્ટમાં ન રમે તો તેના સ્થાને કુલદીપ યાદવને ઇલેવનમાં સમાવવો જોઈએ.’ એ પહેલાં રહાણેએ એક વધારાના સ્પેશિયલ બોલર તરીકે લેફ્ટ-હૅન્ડ પેસ બોલર અર્શદીપ સિંહને ટીમમાં સામેલ કરવાનું સૂચન કર્યું હતું. જોકે અર્શદીપને બે દિવસ પહેલાં પ્રૅક્ટિસમાં નજીવી ઈજા થઈ હતી.

# વેસ્ટ ઇન્ડિઝને સુવર્ણકાળ અપાવનાર ક્રિકેટ-લેજન્ડ્સને મળી સૌથી મોંઘી ગોલ્ડન જર્સી




બર્મિંગમ (ઇંગ્લૅન્ડ)ઃ કોઈ ખેલાડી પોતાના દેશ કે પોતાના ફ્રૅન્ચાઇઝીની જર્સી પહેરીને એને ગોલ્ડ મેડલ કે ગોલ્ડન ટ્રોફી અપાવે એ આપણે ઘણી વાર જોયું અને સાંભળ્યું કે વાંચ્યું છે, પરંતુ પ્લેયરની જર્સી જ સોનાથી જડેલી હોય એ નવાઈની વાત કહેવાય. વેસ્ટ ઇન્ડિઝના ચૅમ્પિયન અને લેજન્ડરી ક્રિકેટરો ક્રિસ ગેઇલ, કીરૉન પોલાર્ડ અને ડ્વેઇન બ્રાવો શુક્રવારે ઇંગ્લૅન્ડમાં શરૂ થયેલી વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં ૧૮ કૅરેટ સોનાથી જડેલી જર્સી પહેરીને રમશે એવી જાહેરાતથી આ ટૂર્નામેન્ટમાં ક્રિકેટપ્રેમીઓનો રસ વધી ગયો છે.

આ આઇકૉનિક જર્સી ૩૦ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૦ ગ્રામ સોનાથી બનાવવામાં આવી છે. આ પ્રકારની જર્સી બનાવવા પાછળનો આયોજકોનો આશય વીતેલાં વર્ષોના કૅરિબિયન ખેલાડીઓ જેમ કે ક્લાઇવ લૉઇડથી માંડીને આધુનિક પેઢીના ક્રિસ ગેઇલ સુધીના આઇકન ખેલાડીઓનું ક્રિકેટ પ્રત્યેના બેમિસાલ યોગદાન બદલ સન્માન કરવાનો છે.


દુબઈ-સ્થિત લૉરેન્ઝ નામની લક્ઝરી બ્રૅન્ડ દ્વારા આ ગોલ્ડન જર્સી ડિઝાઇન કરવામાં આવી છે. આ બ્રૅન્ડની માલિકી ધરાવતી કંપનીએ એક જાણીતી ચૅનલના ગ્રૂપ સાથેની ભાગીદારીથી આ જર્સી બનાવી છે જે ખેલકૂદ જગતમાં વાઇરલ થઈ છે.

ક્રિકેટ જગતની આ સૌથી મોંઘી જર્સી તરીકે ઓળખાય છે. ડબ્લ્યૂસીએલ ટૂર્નામેન્ટ બીજી ઑગસ્ટ સુધી ચાલશે. ૧૬ દિવસની આ સ્પર્ધામાં કુલ છ ટીમ ભાગ લઈ રહી છે. એમાં ઇન્ડિયા ચૅમ્પિયન્સ, ઇંગ્લૅન્ડ ચૅમ્પિયન્સ, ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સ, વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન્સ, પાકિસ્તાન ચૅમ્પિયન્સ અને સાઉથ આફ્રિકા ચૅમ્પિયન્સનો સમાવેશ છે.

વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન્સની શનિવાર, ૧૯મીની સાઉથ આફ્રિકા સામેની મૅચને બાદ કરતા બાકીની ચાર ટીમ સામેની મૅચનું શેડયૂલ આ મુજબ છેઃ (૧) મંગળવાર, બાવીસમીએ ઇંગ્લૅન્ડ સામે (૩) બુધવાર, ૨૩મીએ ઑસ્ટ્રેલિયા સામે (૪) શનિવાર, ૨૬મીએ પાકિસ્તાન સામે અને (૫) મંગળવાર, ૨૯મીએ ભારત સામે.

# આપ કા સમય શુરુ હોતા હૈ અબ...

## ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કૅપ્ટન ચૅપલ કહે છે, ‘શુભમન ગિલની ખરી કસોટી હવે શરૂ થશે’



મૅન્ચેસ્ટરઃ ભારત વતી પહેલી જ વાર ટેસ્ટમાં કૅપ્ટન્સી સંભાળી રહેલા શુભમન ગિલે ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં એક ડબલ સેન્ચુરી અને બે સેન્ચુરીની મદદથી તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ ૬૦૭ રન કર્યા છે અને તેના સુકાનમાં ભારતીય ટીમ આ સિરીઝમાં એક મૅચ જીતી પણ ચૂકી છે, પરંતુ ટીમ ઇન્ડિયા શ્રેણીમાં ૧-૨થી પાછળ છે અને હવે બાકીની બેમાંથી એક મૅચ હારશે એટલે ટ્રોફી ગુમાવી દેશે એ સ્થિતિમાં ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન ગ્રેગ ચૅપલે કહ્યું છે કે ગિલની ખરી કસોટી હવે શરૂ થઈ રહી છે.

ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટેની ચોથી ટેસ્ટ બુધવાર, ૨૩મી જુલાઈએ મૅન્ચેસ્ટરમાં (બપોરે ૩.૩૦ વાગ્યાથી) શરૂ થશે. સોમવારે ભારતીય ટીમ બીજી ટેસ્ટમાં બાવીસ રનથી પરાજિત થઈ હતી.

ગ્રેગ ચૅપલે એક જાણીતી ક્રિકેટ વેબસાઇટ પરની કૉલમમાં લખ્યું છે કે ‘ ભારતની ટેસ્ટ ટીમ હવે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની બાકીની બે ટેસ્ટ જીતવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે, પણ સૌની નજર પચીસ વર્ષીય કૅપ્ટન શુભમન ગિલ પર રહેશે. આ યુવાન ખેલાડી બહુ ટૅલન્ટેડ છે અને તેનામાં નેતૃત્વ સંભાળવાની સારી કાબેલિયત પણ છે જે બતાવવાની સાથે તેણે બૅટિંગમાં પણ ખૂબ સારું પર્ફોર્મ કર્યું છે. જોકે આવનારી ક્ષણો ટેસ્ટના સુકાની તરીકેનો તેનો પથ નક્કી કરશે.’

### કેવી ટીમ બનાવવી એ ગિલ નક્કી કરે

ગ્રેગ ચૅપલે ગિલ વિશે એવું પણ કહ્યું હતું કે ‘ ગિલે એ નક્કી કરવું પડશે કે ભારતની ટેસ્ટ ટીમ કેવા પ્રકારની હોવી જોઈએ. કૅપ્ટને માત્ર બોલીને નહીં, પણ નિર્ણયો લઈને તેમ જ પોતાના આશય વિશેના સ્પષ્ટ ચિત્ર અને ધોરણો નક્કી કરીને ટીમ માટેનો અભિગમ બતાવવો પડતો હોય છે. બીજી રીતે કહીએ તો ફીલ્ડિંગ ચુસ્ત હોવી જરૂરી છે. ખરાબ ફીલ્ડિંગથી બાજી બગડી જતી હોય છે. જે ટીમ બેસ્ટ હોય એની ફીલ્ડિંગ ચુસ્ત હોય છે જ. તેઓ હરીફ ટીમના બૅટ્સમેનોને આસાનીથી રન નથી કરવા દેતા અને કૅચ પણ નથી છોડતા.’

### મહાન કૅપ્ટન બનવા માટેની ગુરુચાવી

ટીમ નક્કી કરવા વિશે ગ્રેગ ચૅપલે ગિલ માટેની સલાહમાં કહ્યું, ‘ સિલેક્ટરોએ અને શુભમન ગિલે પોતાને જે ખેલાડીઓ પર સૌથી વધુ ભરોસો હોય તેમને જ ટીમમાં સમાવવા જોઈએ, સ્પષ્ટ ગેમ-પ્લાન નક્કી કરવો જોઈએ અને ટીમમાં વ્યક્તિગત રીતે કોની શું ભૂમિકા છે એ સાથીઓને જણાવી દેવું જોઈએ. દરેક ખેલાડીને એ પણ ખબર હોવી જોઈએ કે કૅપ્ટન તેની પાસેથી શું અપેક્ષા રાખે છે અને તે કયા સ્લૉટમાં ફિટ બેસે છે. ઘણી વાર બને છે કે સિરીઝમાં સંઘર્ષ કરતી ટીમના સહિયારા પર્ફોર્મન્સ બાબતમાં ખેલાડીઓને તેમની રીતે ભૂમિકા નક્કી કરવા દેવામાં આવતા હોય છે. જોકે આ સ્તરે એવી કોઈ જ તક ન લેવી જોઈએ. કોઈ ખેલાડી ત્યારે જ મહાન કૅપ્ટન બની શકે જ્યારે તે પોતાના વિચારો અને અપ્રોચને ટીમમાં બહુ ઝડપથી અને સ્પષ્ટ રીતે વ્યક્ત કરે. મેદાન હોય કે ડ્રેસિંગ રૂમ, ખેલાડીઓને કૅપ્ટન શાંતિથી અને સ્પષ્ટ રીતે પોતાનો અભિગમ જણાવી દે એ બહુ જરૂરી છે. દર વખતે તે માત્ર પોતાની બૅટિંગથી સમસ્યા નહીં ઉકેલી શકે. ટીમમાં બધાને એક રાખી શકાય એ માટે ખેલાડીઓમાં આત્મવિશ્વાસ જગાવવો અને તેમના પર ભરોસો રાખવો એ પણ અગત્યનું છે. શુભમન ગિલે માત્ર બૅટ્સમૅન તરીકે જ નહીં, ટીમના લીડર તરીકે પણ પોતાની પ્રતિભા સાબિત કરવાનો આ યોગ્ય સમય છે. તે આવું કરશે તો જ મહાન કૅપ્ટન બની શકશે. અમુક ખાસ પ્રકારનાં ધોરણો સેટ કરી દે, ટીમના સાથીઓ પાસેથી એનો અમલ કરાવ, તારી પસંદગીની ટીમ માગ અને એને પૂરો સપોર્ટ કર. આખરે, હીરો અને સુપર હીરો એ જ ક્રિકેટની ઓળખ નથી. ભાગીદારીઓ કેવી થાય છે, કેવી ટીમ ડેવલપ થાય છે અને કૅપ્ટનો પોતાના સાથીઓમાં રહેલી ટૅલન્ટ અને કાબેલિયતને કેવી રીતે બહાર લાવે છે એ જ ખરી ક્રિકેટ છે. જો ગિલ પોતાના સ્પષ્ટ વિચારો અને ચોક્કસ આશય સાથે ટીમનું નેતૃત્વ કરશે તો તે માત્ર સિરીઝને જ નહીં, પણ સમગ્ર ભારતીય ક્રિકેટના ભાવિને ઓપ આપશે.’



### બૅટ્સમેનો અને બોલર્સ માટે કેવો અભિગમ

ગ્રેગ ચૅપલે વેબસાઇટને કહ્યું, ‘ કૅપ્ટને ટીમના બૅટ્સમેનોને સકારાત્મક વલણ રાખીને રમવાનું તેમ જ મોટી ભાગીદારીઓ કરવા પર ધ્યાન આપવાનું કહેવું જોઈએ. બોલર્સે એ યાદ રાખવું જોઈએ કે માત્ર વિકેટો લેવાનો જ અભિગમ રાખવો એ ઠીક નથી. હરીફ ટીમ પર માનસિક દબાણ લાવવું પણ જરૂરી હોય છે. ગૂડ બૉલ, ગૂડ ઓવર અને ગૂડ સ્પેલ, આ બધુ અગત્યનું છે, પરંતુ પ્રેશર લાવવાથી હરીફ ખેલાડી ભૂલ કરી બેસતો હોય છે. આ કોઈ જાદુ નથી, આ એક પ્રકારની પદ્ધતિ છે.’

# વિદેશમાં મંધાનાનાં વન-ડે મૅચોમાં ૨,૦૦૦ રન પૂરા

લંડનઃ વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના શનિવારે અહીં લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડેમાં ૫૧ બૉલમાં ૪૨ રન કરી શકી હતી અને વન-ડે ક્રિકેટમાં ૩૨મી હાફ સેન્ચુરી ચૂકી ગઈ હતી, પરંતુ આ ઇનિંગ્સમાં તેણે એક મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે વિદેશી ધરતી પર વન-ડે મૅચોમાં કુલ ૨,૦૦૦ રન પૂરા કર્યા હતા.

મંધાનાએ વિદેશમાં રમેલી વન-ડે મૅચોમાં ૫૨.૧૭ની સરેરાશે ૨,૦૩૫ રન કર્યા છે. ઘરઆંગણે તેણે ૪૩.૫૧ની ઍવરેજે વન-ડે મૅચોમાં ૧,૯૫૮ રન કર્યા છે.

શનિવારે બીજી વન-ડેમાં વરસાદને લીધે મૅચ ૨૯-૨૯ ઓવરની કરવામાં આવી હતી અને પ્રથમ બૅટિંગ મળ્યા પછી ભારતે ૨૯ ઓવરમાં આઠ વિકેટે ૧૪૩ રન કર્યા હતા.

મંધાનાના ૪૨ રનને બાદ કરતા ૧૬મી જુલાઈની પ્રથમ વન-ડેમાં મૅચ-વિનિંગ અણનમ ૬૨ રન કરનાર દીપ્તિ શર્માએ શનિવારે પંચાવન મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૩૪ બૉલમાં અણનમ ૩૦ રન કર્યા હતા.

ઇંગ્લૅન્ડ વતી સોફિયા એકલ્સ્ટને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. તેણે હર્લીન દેઓલ (૧૬), કૅપ્ટન હરમનપ્રીત કૌર (૭) અને વિકેટકીપર રિચા ઘોષ (૨)ની વિકેટ લીધી હતી.

ફરી સ્મૃતિ મંધાનાની વાત પર આવીએ તો આ ઓપનિંગ બૅટરે શુક્રવારે ૨૯મો જન્મદિન ઉજવ્યો હતો. તેણે લૉર્ડ્સની શનિવારની મૅચ પહેલાં ૧૦૩ વન-ડેમાં કુલ ૪,૫૦૧ રન કર્યા હતા જેમાં ૧૧ સેન્ચુરી અને ૩૧ હાફ સેન્ચુરી સામેલ છે.

મહિલાઓની વન-ડેના રૅન્કિંગમાં સ્મૃતિ મંધાના હાલમાં વર્લ્ડ નંબર-વન છે. તેણે તાજેતરમાં જ સાઉથ આફ્રિકાની લૉરા વૉલવાર્ટને હટાવીને મોખરાનું સ્થાન મેળવ્યું હતું. જોકે સ્મૃતિના ૭૨૭ પૉઇન્ટ સામે લૉરા (૭૨૫) બહુ દૂર નથી. ટૉપ-ટેન બૅટ્સમાં સ્મૃતિ એકમાત્ર ભારતીય ખેલાડી છે.

# ચોથી ટેસ્ટમાં જુરેલ વિકેટકીપર? પંત માત્ર બૅટ્સમૅન તરીકે રમશે?

મૅન્ચેસ્ટરઃ બુધવાર, ૨૩મી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) મૅન્ચેસ્ટર, ઑલ્ડ ટ્રૅફર્ડમાં ઇંગ્લૅન્ડ સામે રમાનારી સિરીઝની ચોથી ટેસ્ટમાં વિકેટકીપિંગની જવાબદારી ઈજાગ્રસ્ત રિષભ પંત પાસેથી લઈને ધ્રુવ જુરેલને સોંપવામાં આવશે એવી સંભાવના છે.

પંતને લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં બૉલ રોકવા જતાં ડાબા હાથની પહેલી આંગળીમાં ઈજા થઈ હતી જેને લીધે તેણે ત્રીજી ટેસ્ટમાં મોટા ભાગનો સમય ફીલ્ડિંગ નહોતી કરી અને બૅટિંગમાં પણ તેને ખૂબ તકલીફ થઈ હતી.

ભારત પાંચ મૅચની સિરીઝમાં ૧-૨થી પાછળ છે. એવું માનવામાં આવે છે કે મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટમાં પંતને માત્ર બૅટ્સમૅન તરીકે ટીમમાં સમાવવામાં આવશે.

ટીમ ઇન્ડિયાનો બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલ પ્રૅક્ટિસ-સેશનમાં ધ્રુવ જુરેલને બૅટિંગ-પ્રૅક્ટિસ કરાવશે. ખાસ કરીને જુરેલ બૅટિંગ દરમ્યાન સ્ટમ્પ્સને કેટલા બચાવી શકે છે અને આઉટ-સાઇડ એજની બાબતમાં પોતાને કેટલો સલામત રાખી શકે છે એ ચકાસશે.

જુરેલના સમાવેશ સાથે પંતને પણ ટીમમાં જાળવી રાખવામાં આવશે તો કદાચ વનડાઉનના બૅટ્સમૅન કરુણ નાયરને ટીમમાંથી પડતો મૂકવામાં આવશે. ધ્રુવ જુરેલ ૨૪ વર્ષનો છે. તેનો જન્મ આગ્રામાં થયો હતો. તે ભારત વતી ચાર ટેસ્ટ અને ચાર ટી-૨૦ રમ્યો છે.

ભારતીય ટીમે ચોથી ટેસ્ટના સ્થળ મૅન્ચેસ્ટર માટે રવાના થતાં પહેલાં બેકનમમાં ફક્ત એક સેશનમાં પ્રૅક્ટિસ કરી હતી. એમાં કોચ ગૌતમ ગંભીર અને કૅપ્ટને ગિલે ધ્રુવ જુરેલ પાસે વિકેટકીપિંગની ભરપૂર પ્રૅક્ટિસ કરાવી હતી. તેણે ભારત વતી ચાર ટેસ્ટમાં કુલ ૨૦૨ રન કર્યા છે અને સ્ટમ્પ્સની પાછળથી કુલ આઠ શિકાર કર્યા છે.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રાંચીમાં ઇંગ્લૅન્ડ સામેની જ ટેસ્ટમાં ધ્રુવ જુરેલ મૅન ઑફ ધ મૅચ બન્યો હતો. તેણે પ્રથમ દાવમાં ૨૧૧ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૯૦ રન કર્યા હતા અને બીજા દાવમાં ૭૫ મિનિટ સુધી ક્રીઝમાં રહીને તે ૩૯ રનના સ્કોર સાથે અણનમ રહ્યો હતો. તેણે સ્ટમ્પ્સની પાછળથી ત્રણ શિકાર પણ કર્યા હતા.

ભારતે રોહિત શર્માના સુકાનમાં એ ટેસ્ટ ચોથા દિવસે પાંચ વિકેટના માર્જિનથી જીતી લીધી હતી.



# ...તો હિન્દુઓ લઘુમતીમાં મુકાશેઃ આસામના સીએમ

## મમતાના આરોપ સામે હિમંતનો સણસણતો જવાબઃ કહ્યું હિન્દુઓ લઘુમતીમાં આવી જશે

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કેન્દ્ર અને ભાજપ શાસિત રાજ્યોની સરકાર પર બંગાળી બોલનારા પ્રવાસીઓ પર ગેરકાયદે બાંગ્લાદેશી કે રોહિંગ્યા બતાવીને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મુદ્દે આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ પ્રતિક્રિયા આપી છે. તેમણે સરહદ પારથી થઇ રેહલી મુસ્લિમ ઘૂસણખોરી પર ચિંતા વ્યક્ત કરી હતી અને આસામમાં હિંદુઓ પર લઘુમતી બની જવાનો ખતરો હોવાની વાત તેમણે કરી હતી.

આસામના મુખ્ય પ્રધાને મમતા પર આ મુદ્દાનું રાજનીતિકરણ કરવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે મમતા બેનરજીએ ભાજપ પર બંગાળી ભાષા બોલનારા લોકો પર ભેદભાવનો આરોપ લગાવ્યો છે. આ વિવાદ આસામની સરહદ સુરક્ષા અને બંગાળી ભાષી પ્રવાસીઓના અધિકારો મુદ્દે કેન્દ્રિત છે.

મમતા બેનરજીએ કરેલી સોશ્યલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા હિમંત બિસ્વા સરમાએ લખ્યું કે, “દીદી, હું તમને યાદ અપાવી દઉં કે આસામમાં, અમે અમારા પોતાના લોકો સાથે લડી રહ્યા નથી. અમે સરહદ પારથી થઈ રહેલા, અનિયંત્રિત મુસ્લિમ ઘૂસણખોરીનો નિર્ભયતાથી વિરોધ કરી રહ્યા છીએ, જેણે પહેલાથી જ ભયાવહ પરિવર્તન લાવી દીધું છે. ઘણા જિલ્લાઓમાં, હિન્દુઓ હવે પોતાની જ જમીન પર લઘુમતી બનવાની સ્થિતિ પર છે.”

# એપસ્ટેઇન ઘટસ્ફોટઃ ટ્રમ્પનો વૉલ સ્ટ્રીટ જર્નલ સામે દસ અબજ ડૉલરનો દાવો

વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને મીડિયા દિગ્ગજ રુપર્ટ મર્ડોક સહિત તેના માલિકો સામે દસ અબજ ડોલરનો દાવો માંડ્યો છે. આ દાવો અખબારે શ્રીમંત ફાઇનાન્સર જેફ્રી એપસ્ટેઇન સાથેના તેમના સંબંધો અંગે અહેવાલ પ્રકાશિત કર્યાના એક દિવસ બાદ કરવામાં આવ્યો છે.

ન્યાય વિભાગ દ્વારા આ પગલું શુક્રવારે એક ફેડરલ કોર્ટને એપસ્ટેઇનના સેક્સ ટ્રાફિકિંગ કેસમાં ગ્રાન્ડ જ્યુરીની ટ્રાન્સક્રિપ્ટ્સને ખોલવાનું કહ્યાના તુરંત બાદ લેવામાં આવ્યું છે. વહીવટીતંત્ર એ વિવાદને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યુ છે એ જાહેરાત બાદ વકર્યો હતો કે આ કેસ સાથે સંબંધિત વધારાની ફાઇલો જાહેર નહીં કરે. જો કે અગાઉ તેમણે આવું કરવાનું વચન આપ્યું હતું.

આ વિવાદથી ટ્રમ્પ અને તેમના વફાદાર સમર્થકો વચ્ચે મોટી તિરાડ ઊભી થઇ છે. તેમના કેટલાક સમર્થકોએ આ મામલાનો ઉકેલ લાવવાની રીત બદલ વ્હાઇટ હાઉસની ટીકા કરી છે. તેમજ ટ્રમ્પ આ દસ્તાવેજોને શા માટે જાહેર કરવા માંગતા નથી એવો પ્રશ્ન કર્યો છે.

જ્યારે અખબારે એપસ્ટેઇન સાથેના તેમના ખૂબ જ પ્રસિદ્ધ સંબંધો પર એક લેખ પ્રકાશિત કરીને નવો પ્રકાશ પાડ્યો ત્યારે જ ટ્રમ્પે વોલ સ્ટ્રીટ જર્નલ પર દાવો માંડવાનો વાયદો આપ્યો હતો. આ લેખમાં અશ્લીલ પત્રનું વર્ણન કરવામાં આવ્યું હતું. જે અંગે અખબારનું કહેવું છે કે તેમાં ટ્રમ્પનું નામ હતું અને જેને એપસ્ટેઇનના ૫૦મા જન્મદિવસ માટે સંકલિત ૨૦૦૩ના એક આલ્બમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ટ્રમ્પે પત્ર લખવાનો ઇનકાર કરતાં કહાનીને ખોટી, દુર્ભાવનાપૂર્ણ અને અપમાનજનક ગણાવી હતી. મીયામીની ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા આ દાવામાં અખબાર અને તેના પત્રકારો પર ઇરાદાપૂર્વક અને બેદરકારીપૂર્વક અનેક ખોટા, અપમાનજનક અને બદનક્ષીભર્યા નિવેદનો પ્રકાશિત કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જેના કારણે રાષ્ટ્રપતિની પ્રતિષ્ઠા તેમજ આર્થિક રીતે ભારે નુકસાન પહોંચ્યું છે.

# બહુમતી હિન્દુઓને લીધે દેશમાં લઘુમતીઓ સલામતઃ રિજિજુ

નવી દિલ્હી : કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું છે કે હિન્દુઓ બહુમતી હોવાને કારણે ભારતમાં લઘુમતીઓને સંપૂર્ણ સ્વતંત્રતા અને રક્ષણ મળી રહ્યું છે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણો દેશ લઘુમતીઓ માટે સૌથી સુરક્ષિત છે.

એક મુલાકાતમાં, લઘુમતી બાબતોના પ્રધાન રિજિજુએ કહ્યું કે તેમણે એક પણ એવો કિસ્સો જોયો નથી જ્યાં લઘુમતી સમુદાયનો કોઈ સભ્ય વંચિત રહેવાને કારણે ભારતની બહાર સ્થળાંતર કરવા તૈયાર હોય.

કૉંગ્રેસ પાર્ટી દ્વારા સમર્થિત ડાબેરી ઇકોસિસ્ટમ પર તેમણે આરોપ લગાવ્યો હતો કે તેઓ લઘુમતીઓને “ત્રાસ આપવામાં આવી રહ્યો છે, કતલ કરવામાં આવી રહી છે, માર મારવામાં આવી રહ્યો છે અને ભારતમાં તેઓ સુરક્ષિત નથી, એવી અફવા ફેલાવી રહ્યાં છે.”

રિજિજુએ કહ્યું કે આવા નિવેદનો દેશને માટે નુકસાનકારક છે.

તેમના પુરોગામી મુખ્તાર અબ્બાસ નકવીના નિવેદન કે ભારત લઘુમતીઓ માટે સ્વર્ગ છે તે અંગે પૂછવામાં આવતા, રિજિજુએ કહ્યું કે ભારત એક એવો દેશ છે જ્યાં “લોકો કાયદાનું પાલન કરે છે, આપણે ધર્મનિરપેક્ષ છીએ, આપણી પાસે બંધારણ છે” અને તેથી બહુમતી હોય કે લઘુમતી, બધા સમાન છે. લઘુમતી હોય કે બહુમતી સમુદાય, કાયદા સમક્ષ બધા સમાન છે.

હવે, એમ કહીને હું સ્પષ્ટપણે આ નિવેદન આપી શકું છું કે બહુમતી સમુદાયને જે મળે છે, લઘુમતી સમુદાયોને પણ તે મળે છે, પરંતુ કેટલીક વસ્તુઓ એવી છે જે લઘુમતીઓને મળે છે પરંતુ બહુમતી સમુદાયને મળતી નથી, એમ રિજિજુએ કહ્યું.

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૦-૭-૨૦૨૫

# અભિવ્યક્તિના નામે સદંતર જૂઠાણાં ફેલાવતાં સોશ્યલ મીડિયાને કઈ રીતે નાથી શકાય?



**તાજેતરમાં એક કેસની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે વડા પ્રધાન અને 'રાષ્ટ્રીય સેવા સંઘ' વિશે વાંધાજનક કાર્ટૂન્સની આકરી ટીકા સાથે અર્થસભર ટિપ્પણી કરી કે આજકાલ સોશ્યલ મીડિયા પર જે બેફામ વાણીવિલાસ ચાલે છે એ અભિવ્યક્તિને નામે સ્વતંત્રતાનો દુરુપયોગ જ છે એને નાથવો જરૂરી છે, પણ...**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**દિલ્હીમાં** આરુષિ તલવાર હત્યાકાંડ થયો ત્યારે 'મીડિયા ટ્રાયલ' શબ્દ અત્યંત પ્રચલિત બન્યો હતો. ૧૩ વર્ષની આરૂષિની ૧૫ મે, ૨૦૦૮ના રોજ હત્યા થઈ હતી. પહેલાં આરૂષિની હત્યા એમના જ ઘરમાં રહેતા નેપાળી નોકર હેમરાજે કરી હોવાની શંકા વ્યક્ત થયેલી, પણ બે દિવસ પછી હેમરાજની પણ લાશ મળતાં એ કેસમાં નવો ટ્વિસ્ટ આવી ગયેલો. એ પછી આરૂષિની હત્યા બદલ એનાં માતા-પિતા નુપૂર તથા ડૉ. રાજેશ તલવારની ધરપકડ થયેલી. એમના પર સામે સગી દીકરીને પતાવી દેવાના આરોપ મૂકાયેલો. તલવાર દંપતીને સીબીઆઈ કોર્ટે આજીવન કારવાસની સજા પણ ફટકારેલી, પણ અલાહાબાદ હાઈકોર્ટે એ બંનેને નિર્દોષ છોડી મૂક્યાં હતાં.

આરૂષિની હત્યાથી શરૂ કરીને તલવાર દંપતીના નિર્દોષ છૂટકારા સુધીનો સમયગાળો ૯ વર્ષનો હતો. આ ૯ વર્ષમાં અભૂતપૂર્વ મીડિયા ટ્રાયલ ચાલી. ઘરનોકર હેમરાજ તથા આરૂષીને શારીરિક સંબંધ હતા ત્યાંથી માંડીને ડો. રાજેશ તલવારને એમની સાથે કામ કરતી સાથી મહિલા ડોક્ટર સાથે સેક્સ સંબંધો હતા. એટલું નહીં, એ પતિ-પત્ની એમના મિત્રો સાથે 'વાઈફ સ્વેપિંગ (પત્નીઓની અદલા-બદલી!) કલબ' પણ ચલાવતાં હતાં ત્યાં સુધીની વાતો વહેતી થઈ હતી. મીડિયામાં દરરોજ આરૂષિ હત્યા કેસની મસાલેદાર ખબરો આવતી ને લોકો તેની મોજ લેતાં. મીડિયાએ આરૂષિનાં માતા-પિતાને હત્યારાં ચિતરી દીધેલાં, પણ પછી ના એમનો ગુનો સાબિત થયો કે ના બીજી કોઈ વાત કદી સાબિત થઈ.

ભારતમાં અત્યારે પણ એવો જ માહોલ યથાવત છે- ફરક એટલો જ છે કે, 'મીડિયા ટ્રાયલ'ના બદલે 'સોશિયલ મીડિયા ટ્રાયલ' ચાલે છે. ભારતમાં કોઈ પણ ઘટના બને એટલે સોશિયલ મીડિયા પર તેનું પિષ્ટપિંજણ કરતી જમાત તૂટી પડે છે અને કોઈ પણ પ્રકારના આધાર કે પુરાવા વિના એવી એવી ભળતી જ વાતોનો મારો ચલાવી દે છે. તોડી-મરોડીને રજૂ કરાયેલી વાતો, અર્ધસત્યો અને જૂઠાણાં દ્વારા લોકોનાં માનસને કલૂષિત કરવાનો ખેલ મંડાઈ જાય છે.

'સોશિયલ મીડિયા ટ્રાયલ' ચલાવતા આ ગિધડા પાછા કોઈને છોડતા નથી. 'નરેન્દ્ર મોદી અને અમિત શાહ વચ્ચે હવે બનતું નથી' ત્યાંથી માંડીને 'મોહન ભાગવત હવે મોદીને સત્તા પરથી હટાવી દેવા માગે છે' ત્યાં સુધીની વાતોના તડાકા મરાય છે.

મોદી ૭૫ વર્ષના થાય કે તરત એમને સત્તા છોડવા માટે ફલાણાએ ને ઢીંકણાએ અલ્ટિમેટમ આપી દીધું છે એવી વાતો પણ જોરશોરથી ચાલે છે. આ બધી વાતોનો કોઈ નક્કર આધાર નથી હોતો અને 'કહેવાતાં સૂત્રો'ના નામે દે ઠોકાઠોક ને જે જીભે ચડે એ બકી દેવાય છે.

આ જ સોશિયલ મીડિયા દ્વારા કોઈ પણ વાતને હિંદુ-મુસ્લિમનો રંગ આપીને કોમવાદનું ઝેર પણ ભરપૂર ફેલાવાય છે. હરિયાણાની યુવા ટેનિસ ખેલાડી રાધિકાની એના પિતા દીપક યાદવે હત્યા કરી નાખી તેમાં પણ સોશિયલ મીડિયાવાળા લવ જિહાદનો એંગલ શોધી લાવ્યા છે.... ઈનામુલ હક નામના એક્ટરને રાધિકાનો પ્રેમી ગણાવીને એક દીકરીનું ચારિત્ર્યહનન કરી નાખવામાં આવ્યું છે.... પહલગામમાં આતંકવાદી હુમલો થયો ત્યારે આ હુમલો સ્થાનિક લોકોની મદદથી થયેલો એવું સાબિત કરવા માટે સોશિયલ મીડિયા પર ભરપૂર ઉધામા થયેલા.

આ તો થોડાંક તાજેતરનાં ઉદાહરણ આપ્યાં, પણ એ સિવાય સોશિયલ મીડિયા પર બીજો એટલો એંઠવાડ ઠલવાય છે કે જોઈને જ ઊબકા આવી જાય. ઈતિહાસ, રાજકારણની વાતોને વિકૃત રીતે રજૂ કરવી, પોતાના વિરોધીઓનું ચારિત્ર્યહનન કરવું ત્યાંથી માંડીને સાવ અવૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધાને પ્રેરે એવી વાતોનો આડેધડ પ્રસાર કરવા સુધીનાં પાપ સોશિયલ મીડિયા એટલે કે ડિજિટલ મીડિયા પર આચરવામાં આવી રહ્યાં છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લોકોના અવાજને બુલંદ કરવા માટેનાં શક્તિશાળી પ્લેટફોર્મ છે, પણ કમનસીબે તેમના પર કબજો કરીને તેને કૂથલી અને નરાતર જૂઠનો અડ્ડો બનાવી દેવામાં આવ્યાં છે.

ભારતમાં ડિજિટલ મીડિયા બેફામ છે તેમાં શંકા નથી. આ રોગ આપણા એકલાનો નથી પણ આખી દુનિયા સોશિયલ મીડિયાથી પરેશાન છે જ તેથી ડિજિટલ મીડિયાને નાથવા માટેના નિયમો બને એ જરૂરી છે, પણ ભારતમાં મોટો ખતરો તેના દુરુયોગનો છે.

તાજેતરમાં એક કેસની સુનાવણી દરમિયાન આપણી સર્વોચ્ચ અદાલતે વડા પ્રધાન અને 'રાષ્ટ્રીય સેવા સંઘ' વિશે વાંધાજનક કાર્ટુન્સની આકરી ટીકા સાથે અર્થસભર ટિપ્પણી કરીને દિશા-નિર્દેશ આપતા કહ્યું કે આજકાલ સોશિયલ મીડિયા પર જે બેફામ વાણીવિલાસ ચાલે છે એ અભિવ્યક્તિને નામે સ્વતંત્રતાનો દુરુપયોગ જ છે એને નાથવી જરૂરી છે...પણ અભિવ્યક્તિની આઝાદી પર સેન્સરશિપ ન હોવી જોઈએ. અહીં સ્વ-નિયંત્રણ મૂકવું બહુ જરૂરી છે ..!

સર્વોચ્ચ અદાલતની વાત સાચી છે. ભારતમાં અત્યારે સોશિયલ મીડિયા પર નિયંત્રણ માટે બહુ આકરા કાયદા નથી છતાં બે રીતે દુરુપયોગ થાય જ છે. પહેલું સરકાર પોતાની સામે અવાજ ઉઠાવનારનો અવાજ દબાવી દેવા માટે કાયદાનો ઉપયોગ કરે છે અને બીજું પોતાને માફક આવે એવા કચરાને રોકવા માટે કાયદાનો ઉપયોગ નથી કરતી. આ વાત કોઈ એક પક્ષની સરકારની નથી પણ દેશમાં તમામ સરકારો આ રીતે જ વર્તે છે.

કેન્દ્રની નરેન્દ્ર મોદીની ભાજપ સરકાર હોય, પશ્ચિમ બંગાળની મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસની સરકાર હોય, તમિળનાડુમાં સ્ટાલિનની ડીએમકેની સરકાર હોય કે કર્ણાટકની સિધ્ધરામૈયાની કોંગ્રેસ સરકાર હોય...આ બધી સરકાર પોતાની સામેના અવાજને દબાવી દેવા માટે કાયદાનો ધરાર દુરુપયોગ કરે છે.

બીજી તરફ આ જ સરકારો પોતાના વિરોધીઓ સામેના કુપ્રચારને રોકવા માટે કશું જ કરતી નથી. બલકે, આડકતરી રીતે તેને પ્રોત્સાહન આપે છે. દરેક સરકાર પણ ડિજિટલ મીડિયાને પ્રોત્સાહન આપવાના બહાને પોતાના એજન્ડાને આગળ ધપાવવામાં ને વિરોધીઓની મેથી મારવામાં અતિ ઉત્સાહી યુ-ટ્યુબ ચેનલો સહિતનાં પ્લેટફોર્મ્સને આર્થિક મદદ પણ કરે છે. આ કહેવાતી મદદ ખરેખર તો પ્રજાના પરસેવાની કમાણીથી ભરાતી સરકારી તિજોરીનાં નાણાંનો વ્યય છે પણ આ વ્યયને રોકી શકાય તેમ નથી.

આપણે ત્યાં જિલ્લા-તાલુકા પંચાયતનો સભ્ય પણ પોતાને તિસમારખાં સમજતો હોય છે ને સરકારી અધિકારીઓ પણ પોતાને તુર્રમખા માનતા હોય છે. 'આપણી વિરુધ્ધ તો કશું ના આવવું જોઈએ ' એવા મદમાં રહેનારી આ જમાત કાયદા કે નિયમોનો દુરુપયોગ કરે જ તેમાં શંકા નથી. તેના કારણે દેશમાં એક પ્રકારની સેન્સરશિપ આવી ગઈ છે...

આ સેન્સરશિપ પણ દેશના હિતમાં નથી કેમ કે અત્યારે ગણતરીનાં મીડિયાને બાદ કરતા બાકીનાં સત્તાધીશોનાં પાલતુ બની ગયાં છે તેથી સોશિયલ મીડિયા લોકોનો અવાજ બુલંદ કરવા માટેનું સૌથી મોટું પ્લેટફોર્મ છે. ભારત લોકશાહી દેશ છે ને દરેક વ્યક્તિને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર છે. સોશિયલ મીડિયા પર નિયંત્રણ મૂકવાનો કાયદો વાણી સ્વાતંત્ર્યના અધિકાર, અભિવ્યક્તિના અધિકારને છિનવી લેવાનું હથિયાર બની જાય એ સ્થિતિ લોકશાહી માટે ખતરારૂપ કહેવાય.

ડિજિટલ મીડિયાનો દુરુપયોગ કરનારાં સામે પગલાં લેવાવાં જ જોઈએ તેમાં શંકા નથી પણ આ પગલાં ન્યાયી રીતે લેવાવાં જોઈએ. રાજકારણીઓ હોય ત્યાં ન્યાયની અપેક્ષા રખાય જ નહીં એ જોતાં ભારત માટે 'ઈધર કૂઆં, ઉધર ખાઈ' જેવી સ્થિતિ છે. કાયદા બનાવાય તો અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર તરાપ મારવાનો શાસકોને પરવાનો મળી જાય ને કાયદા ના બનાવે તો ગંદવાડ ઠાલવવાનું ચાલુ જ રહે.... ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# પાસાં ફેરવો, દુનિયા શોધો

## ચાલો, આજે દુનિયાની જુદી જુદી રસપ્રદ ગેમ્સ વિશે જાણીએ

થોડા સપ્તાહ પૂર્વે અમે ઘરે રાત્રે બોર્ડ ગેમ રમતા હતા. કોઈ ખાસ નિમિત્ત નહોતું, પરંતુ નિકટવર્તી મિત્રો,નાસ્તાપાણી અને સદા વિશ્વસનીય સેટલર્સ ઓફ કેટાનની નિરંતર ગેમ રમવાનું પ્રયોજન કરાયું હતું.

બોર્ડ ગેમ્સ વિશે કાંઈક વિશેષ છે એવું તમને નથી લાગતું? તમે આ ગેમ રમતા હોય ત્યારે મોકળાશથી હસો છો, એકબીજા સાથે સમન્વય કરો છો, ઝડપથી ગેમ પૂરી કરવા પ્રયાસ કરો છો અને થોડા કલાકો માટે સ્ક્રીન, નોટિફિકેશન અને બહારી દુનિયાને તમે સંપૂર્ણ ભૂલી જાઓ છો.

હું આ સપ્તાહના લેખ માટે વિષય પર વિચાર કરી રહ્યો હતો ત્યારે મેં તે બોર્ડ ગેમ વિશે વિચારવાનું શરૂ કર્યું.સખત ટક્કર આપીને જીત અને નિયમો પર વાટાઘાટ વચ્ચે ક્યાંક હું વિચારવા લાગ્યો કે મને બોર્ડ ગેમ આટલી સારી કેમ લાગે છે?

મને તુરંત તેનો ઉત્તર મળી ગયો, કારણ કે તે લોકોને એકત્ર લાવે છે. તે ખુશી આપે છે, વ્યૂહરચનાને પ્રજ્જવલિત કરે છેઅને સૌથી રસપ્રદ વાત એ છે કે આપણે કોણ છીએ અને આપણે કઈ રીતે વિચારીએ તે દર્શાવે છે.

આથી જ તેને અનુસરીને બીજો વિચાર આવ્યો: બોર્ડ ગેમ સાંસ્કૃતિક વાર્તાઓ છે તે જ રીતે દરેક દેશ, દરેક પ્રદેશ ગેમનો પોતાનો સંચ ધરાવે છે, જેમાં અમુક પ્રાચીન, અમુક આધુનિક, અમુક જીત પર અને અન્ય સહકાર પર નિર્માણ કરાયેલી હોય છે. અને ખાદ્ય અથવા સંગીતની જેમ જો તમે સારા સ્થળ વિશે સમજવા માગતા હોય તો તેની સ્થાનિક ગેમ્સ રમવી તે આશ્ચર્યકારક રીતે શરૂઆત કરવાની મોજીલી રીત છે.

તો આજના લેખમાં હું સામાન્ય પ્રવાસની વાતથી થોડું હટકે સ્મારકો અને બજારો વિશે વાત કરવા માગું છું, હું મોટે ભાગે ધ્યાનમાં નહીં આવતી,પરંતુ સંસ્કૃતિ વિશે ઘણું બધું કહેતી બાબત, એટલે કે, બોર્ડ ગેમ્સ વિશે વાત કરવા માગું છું.

કારણ કે આગામી સમયે તમે પ્રવાસ કરો, પછી તે જાપાન, ઓસ્ટ્રેલિયા હોય કે સ્પેન હોય, ત્યારે એ પૂછવાનું મહત્ત્વપૂર્ણ બની જાયકે અહીંના લોકો ટેબલ આસપાસ ભેગા થાય ત્યારે શું રમે છે? તો, ચાલો પાસાં ફેરવીએ અને તેના ઊંડાણમાં ઊતરીએ.

**સંસ્કૃતિની વ્યાખ્યા કરતી બોર્ડ ગેમ્સ**

જો તમે તે વિશે વિચારતા હોય તો બોર્ડ ગેમ્સ અલગ અલગ સંસ્કૃતિઓ અલગ કઈ રીતે વિચારે છે, સમસ્યા ઉકેલે છે અને જોડાણ સાધે છે તેનું પ્રતિબિંબ છે. અમુક ગેમ્સ વ્યૂહરચના શીખવે છે, અન્ય પરંપરાનો આદર કરવાનું અને ઘણી બધી વારસાના જેમ પેઢી દર પેઢી પસાર થતી રહે છે. અહીં કસોટીમાં ખરી ઊતરેલી અને દુનિયાભરમાં લોકો જે રીતે રમે છે તેને આકાર આપવાનું ચાલુ રાખનારી અમુક ગેમ્સ વિશે વાત કરીશું:

**ભારત:** મોનોપોલી અથવા ક્લૂએ આપણા જીવનમાં પ્રવેશ કર્યો તેના બહુ અગાઉથી ભારતે દુનિયાને કેટલીક ગેમ્સ આપી. 'ચતુરંગા' 6ઠ્ઠી સદીની વ્યૂહરચનાની રમત આધુનિક ચેસની પ્રત્યક્ષ પૂર્વજ માનવામાં આવે છે. જોકે 'પચીસી' પણ છે, જે 'ક્રોસ-એન્ડ-સર્કલ રેસ' ગેમ પાસા માટેકોડીઓ કપડાના બોર્ડ પર રમાય છે અને બ્રિટિશ દ્વારા શરૂ કરાયેલી 'લુડો' ગેમ તો સર્વત્ર પ્રચલિત છે. આ ફક્ત સમય વિતાવવાની ગેમ નહોતી, પરંતુ તે યુદ્ધની તરકીબો, શક્યતાએ અને કર્મ પણ શીખવતું સાધન હતી. મહાભારતમાં શતરંજનો સંદર્ભ પ્રસિદ્ધ છેઅને ભારતીય ફિલોસોફીમાં છાશવારે ગેમિંગનાં રૂપકો દેખાય છે.

**જાપાન:** જાપાનમાં બોર્ડ ગેમ્સ એકાગ્રતા અને દૂરદ્રષ્ટિનાં મૂલ્યો પ્રદર્શિત કરે છે. 4,000 વર્ષ પૂર્વેની ગેમ 'ગો' હજુ પણ વ્યાપક રીતે રમાય છે.તે આમ તો સાદી દેખાય છે, પરંતુ તેમાં ઊંડાણભરી તરકીબો આવશ્યક હોય છે. બ્લેક એન્ડ વ્હાઈટ પથ્થરો સાથે ખેલાડીઓનું લક્ષ્ય જીવનમાં સૂક્ષ્મતા અને સંતુલન માટે પ્રદેશ, રૂપકને ઘેરો ઘાલવાનું હોય છે. આ પછી 'શોગી' છે, જે જાપાની ચેસમાં કબજામાં લેવાયેલા મહોરાઓતમારી બાજુ પર ગેમમાં ફરી પ્રવેશ કરે છે. આ વ્યૂહાત્મક અને તાજગીપૂર્ણ રીતે ક્ષમા છે, જે વિચાર સ્થિતિસ્થાપકતાઅને નવીનીકરણનાં જાપાની મૂલ્યોમાં ઊંડાણથી મઢાયેલો છે.

**યુએસએ:** અમેરિકન બોર્ડ ગેમ્સ મૂડીવાદ, શોધ અને વાટાઘાટ માટે દેશની ખૂબી પ્રદર્શિત કરે છે. મોનોપોલી તેનો ઉત્તમ દાખલો છે,જે જમીન પચાવી પાડવાની નીચી બાજુ દર્શાવે છે, પરંતુ પછીથી મોટા વેપારની ઉજવણી તરીકે અપનાવાય છે.જોખમ, સ્ક્રેબલ અને ક્લૂ એ સર્વ જીત, વર્ડપ્લે અથવા કપાત પર ભાર આપે છે, જે વ્યક્તિગત સિદ્ધિ, ભાષાકીય ચતુરાઈઅને કોયડા ઉકેલવાનાં સમાજનાં મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે.



**જર્મની:** જર્મનનું આધુનિક ગેમિંગમાં ભરપૂર યોગદાન છે. જર્મનીએ આપણને ધ સેટલર્સ ઓફ કેટાન ગેમ આપી છે, જેણે 'યુરોગેમ્સ'ને લોકપ્રિય બનાવીને વૈશ્વિક બોર્ડ ગેમ ઉદ્યોગને બદલી નાખ્યો છે. યુરોગેમ્સ શીર્ષક તેની હાથીની ડિઝાઈન, સંતુલિત ગેમપ્લે અને લઘુતમ ભાગ્ય માટે જ્ઞાત છે. જર્મન ગેમ્સ મોટે ભાગે પ્લેયરનું એલિમિનેશન ટાળે છે અને સંસાધન વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરીને કાર્યક્ષમતા, લાંબા ગાળાનું નિયોજન અને જોડાણ થકી સમુદાય નિર્માણને પ્રેમ કરતી સંસ્કૃતિ પ્રદર્શિત કરે છે.

**આફ્રિકા:** આફ્રિકામાં 'મેન્કાલા' (ઘણાં બધાં નામથી ઓળખાય છે) સૌથી પ્રાચીન ગેમ હોવા છતાં આજે પણ રમાય છે. જમીનમાં ખાડા અથવા કોતરેલા લાકડાના બોર્ડનો ઉપયોગ કરીને ખેલાડીઓ લયમાં સીડ્સ અથવા સ્ટોન્સરૂપી પાસાથી ચાલ રમે છે, જે ગણિતિક અને ધ્યાનનો અહેસાસ આપે છે. બાળકો અને જ્યેષ્ઠો દ્વારા પણ રમાતી મેન્કાલા પેઢી દર પેઢી વચ્ચેનું અંતર દૂર કરે છે. તે મોટે ભાગે મૌખિક રીતે આગામી પેઢીઓમાં પસાર કરાય છે અને ઝાડ, કોર્ટયાર્ડ અથવા અગ્નિની બાજુમાં રમાય છે.

**મધ્ય પૂર્વ:** મેસોપોટેમિયાથી આપણે 'ધ રોયલ ગેમ ઓફ ઉર' મળે છે, જે 4000 વર્ષ જૂની રેસ ગેમ છે, જે ઈરાકમાં શોધાઈ હતીઅને દુનિયાની સૌથી પ્રાચીન જ્ઞાત બોર્ડ ગેમ્સમાંથી એક માનવામાં આવે છે. તે આજે બ્રિટિશ મ્યુઝિયમમાં સ્થાન ધરાવે છે,પરંતુ આધુનિક આવૃત્તિ પણ મોજૂદ છે. વ્યાપક મધ્ય પૂર્વમાં બેકગેમોન (તાવલા) રાજા છે. તે ઈરાન, ટર્કી અને લેબેનોનમાં કોફીહાઉસમાં મોટેભાગે ચા અને વાર્તાલાપ વચ્ચે રમાય છે.

**અણધાર્યાં સ્થળો**

તમે પ્રવાસ કરો ત્યારે અમુક જગ્યાએ બોર્ડ ગેમ્સ રમાતી જોઈને તમે આશ્ચર્યમાં મુકાઈ જશો.

**બોર્ડ ગેમ કેફે:** સિઉલ અને ટોકિયો જેવાં શહેરોમાં બોર્ડ ગેમ કેફે જીવનશૈલી છે. સિઉલના સ્વર્ણિમ હોંગડેઈ અને ગંગનમ પાડોશમાંતમને બહુમાળી કેફે જોવા મળશે, જ્યાં મિત્રો કલાકો સુધી ભેગા થાય છે, શેલ્વ્સ પર ગોઠવવામાં આવેલી સેંકડો ગેમ્સમાંથીપસંદગી કરતાં જોવા મળે છે. એક કે બે કોફીની કિંમતે તમને મિત્રો સાથે મોજીલી લાઈબ્રેરીને પહોંચ મળે છે,જ્યાંનો સ્ટાફ તમને કશુંક નવું શીખવવા માટે તૈયાર હોય છે.

ટોકિયો તેની વિશિષ્ટ શૈલીમાં તે કરે છે. જેલી જેલી કેફે જેવાં સ્થળ ગેમ પ્રેમીઓ માટે સ્વર્ગ છે, જ્યાં એકલ પ્રવાસીને પણ ટેબલ પર જોડાવા માટે આવકાર અપાય છે. અને સૌથી સારી વાત શું છે? ઘણા બધા કેફે જાપાની ડિઝાઈનની ઈન્ડી ગેમ્સ રાખે છે, જે તમે અગાઉ ક્યારેય નહીં જોઈ હોય. મિનિમાલિસ્ટ, સુંદર રીતે બનાવવામાં આવેલી અને તમે આ ગેમ્સને હું અત્યંત ચતુર તરીકે વિવરણ કરું છું.

બર્લિન અને એમ્સ્ટરડેમમાં બોર્ડ ગેમ કેફે આરામદાયક અને સમુદાયની હૂંફમાં વસે છે. લાકડાનાં ટેબલ, આછો પ્રકાશ, ક્રાફ્ટ બિયર ને પાસા અને પત્તાં પીસવાનો ધીમો અવાજ. આ ઘણાં બધાં સ્થળો ડિઝાઈન હબનું પણ કામ કરે છે, જ્યાં ગેમ ડેવલપરો પ્લેટેસ્ટિંગ નાઈટ્સનું આયોજન કરે છે અને નવા પ્રોટોટાઈપ્સ પ્રદર્શિત કરે છે.

**ગેમના ખજાનાથી ભરચક બજાર:** ઘણાં બધાં સ્થળે તમે સ્થાનિક બજારમાં વેચવામાં આવતી કળાકારીગરો દ્વારા ઘડવામાં આવેલી બોર્ડ ગેમ્સ મળી આવશે. વેસ્ટ આફ્રિકામાં હાથોથી કોતરકામ કરવામાં આવેલાં મેન્કાલા બોર્ડસથી ઈસ્ટર્ન યુરોપમાં લાકડાના ચેસ સેટ્સ સુધી આ સુવેનિયરથી પણ વિશેષ છે. તે સાંસ્કૃતિક કળાના કાર્યશીલ નમૂના છે.

પેરૂમાં કુસ્કો બજારમાં રંગબેરંગી એન્ડિયન થીમની સ્ટ્રેટેજી ગેમ્સ વેચાય છે, જ્યારે મેક્સિકોમાં તમે હસ્ત બનાવટના લોટેરિયા જોવા મળી શકે છે,જે સ્વર્ણિમ કળા અને લોકપરંપરા સાથેનું સુંદર સંમિશ્રણ છે. આ અજોડ ગેમ્સ ઉત્તમ યાદગીરી હોવા સાથે તમારી ટ્રિપ પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી સંસ્કૃતિ સાથે તમને સહભાગી રાખવાની મોજીલી અને તરકીબજનક રીત છે.

મ્યુઝિમ્સ અને પોપ-અપ એક્ઝિબિશન્સ: જો તમે સ્વિત્ઝર્લેન્ડમાં હોય તો લા ટુર-દ-પેઈલ્ઝમાં સ્વીસ મ્યુઝિયમ ઓફ ગેમ્સ છૂપું રત્ન છે.લેક જીવિનાના દરિયાકાંઠા પર સ્થિત તે દુનિયાભરની ગેમ્સ, જેમ કે, બોર્ડ ગેમ્સ, કાર્ડ ગેમ્સ અને આઉટડોર ગેમ્સની ઉજવણી કરીને રમતની ઉત્ક્રાંતિમાં તમને ઊંડાણમાં લઈ જાય છે. જર્મનીમાં ખાસ કરીને નુરેમ્બર્ગમાં વાર્ષિક સ્પિલવેરનમેસ્સી (ટોય ફેર) વ્યાપક વેપાર મેળો હોય છે,જે નવી અને ક્લાસિક ગેમ્સ શોધવા માટે ઉદ્યોગનું સીમાચિહ્ન બની જાય છે.

અને પ્રવાસ પ્રદર્શન પર નજર રાખો. ઘણાં બધાં શહેરો ગેમના ઈતિહાસ અથવા ડિઝાઈન, ખાસ કરીને રમકડાં અથવા બાળપણને સમર્પિત મ્યુઝિયમ્સમાં હંગામ્ પ્રદર્શનનું આયોજન કરે છે. તે યુગો અને સીમાઓમાં મોજમસ્તીની સમયરેખામાં પ્રવેશવા જેવું છે.

**સ્થાનિક ગેમ્સ શા માટે?**

પ્રવાસ કરતી વખતે સ્થાનિક ગેમ્સ રમવી તે સ્થળ અને તેના લોકો સાથે જોડાવા માટે સૌથી સાદી અને સૌથી અસરકારક રીતમાંથી એક છે. તમારે તે જ ભાષા બોલવાનું જરૂરી નથી, પરંતુ ફક્ત બેસી રહો, તેમાં જોડાવો અને નિયમોને બોલવા દો.

ટુર અથવા માળખાબદ્ધ ઈવેન્ટની વિધિ વિના સ્થાનિકો સાથે આદાનપ્રદાન કરવાની આ ઉત્તમ રીત પણ છે. તમે એકલા હોય કે પરિવાર સાથે,ગેમ્સ આસાન સામાજિક વાતાવરણ નિર્માણ કરે છે. બાળકો મોજમસ્તી કરે છે, વાલીઓ આરામથી રમે છે અને અજનબીઓ મોટે ભાગે ટીમના સાથી બની જાય છે.

અને જો ચોક્કસ રમત અનોખી જણાય તો તે ખરીદી લો. મેં કહ્યું તેમ ઘણી બધી પારંપરિક ગેમ્સ સ્થાનિક બજારમાં મળે છે,જે સુંદર રીતે હાથથી ઘડવામાં આવેલી હોય છે અને પેકિંગ કરવાનું આસાન હોય છે. તેમાંથી એકાદ ઘરે લાવવું તે લાંબી ટ્રિપ પૂરી થયા પછી પણએ સ્થળ જીવંત રાખવાની યાદગીરી છે. અને આખરે બોર્ડ ગેમ ઘણી બધી રીતે જીવનની ઉજવણી નથી લાગતી! આગામી સપ્તાહમાં ફરી મળીશું.

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# આખર પછીની અદલાબદલી...



ડબલ રોલના આમ તો બે જ મુવીઝ આવ્યા છે. અને એમાં ય બીજું તો અદ્દલોઅદ્દલ પહેલાની કોપી જ. જી હા, હું 'રામ ઔર શ્યામ'ની જ વાત કરું છું. આવી અદાકારી માટે જ તો દિલીપકુમાર સર્વકાલીન સર્વશ્રેષ્ઠ એક્ટરનું બિરુદ હજી આજે ય ભોગવે છે. 'મુંહ ખોલો ગજેંદર... મૈ કહતા હું મુંહ ખોલોમાં બીજી વખત 'મુંહ ખોલો' વખતની ઠંડી હબકવાળી ક્રૂરતા ઉમેરે ત્યારે મહાવિલન પ્રાણની ય કમર નીચેની કપડાવલી ભીની થઈ જાય. એવો અદાકાર અને એનાં અભિનય સામર્થ્યનો ૧૫૦% અદ્ભુત ઉપયોગ કરે પાછો સાઉથનો ડિરેક્ટર તાપી ચાણક્ય. બોલો, કોઈ જાણતું ય નથી આ નામ અને આ નામ હિન્દી ફિલ્મની તવારિખનું એક જાજ્વલ્યમાન મુવી ડિરેક્ટ કરીને ચૂપચાપ વિલીન થઈ ગયો અને ટીમ કેવી! વહિદા રહેમાન, મુમતાઝ, પ્રાણ, મુકરી અને સુરસર્વજ્ઞ નૌશાદ... બીજુ મુવી આની જ અદ્દલોઅદ્દલ કોપી. દિલીપકુમારને બદલે હેમા માલિની અને એની સાથે એના બન્ને પ્રેમીઓ, જેમાંથી એક બન્યો એનો પતિદેવ અને બીજો, રકીબની સફળતા ન જીરવી શકવાને લીધે જ કદાચ થઈ ગયો વૈંકુઠવાસી. હાજી 'સીતા ઔર ગીતા.' રમેશ સિપ્પીએ અણમોલ ઉઠાંતરી કરીને 'શોલે' બનાવી એ પહેલા બનાવી હતી, પણ 'સીતા ઔર ગીતા'માં સંગીતકાર તરીકે ચક્રવર્તી આર.ડી. બર્મનને પસંદ કરીને પોતાનું કૌશલ્ય તો મૂકી જ દીધું હતું સિપ્પીએ જગતનાં બજારમાં. બાકીની ડબલ રોલની બધી જ ફિલ્મો શ્રીખંડ ખાધા પછી મોળું દૂધ (અશોકમામા) પીતા હોઈએ એવી લાગે.

હવે શીર્ષક પર આવું તો અમારા અતિ અંગત સન્મિત્ર વડિલબંધુતૂલ્ય અશ્વિન મફતલાલ મહેતા અમને બધાને હાથતાળી આપીને નીકળી ગયા અગમની સફરે. ૮૨ વર્ષની ઉમ્મરે ય અમારા બધાના એ પુષ્કળ લાડકા અને એમનું લાડકું નામ કાવસકાકા. હવે આવે છે વાર્તામાં જબરજસ્ત વળાંક. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ એમની જે નિધન સૂચના છાપી એમાં લખ્યુંઃ ડૉક્ટર અશ્વિન મહેતાનું નિધન. લગભગ અડધા મુંબઈમાં રઘવાટ વ્યાપી ગયો હશે. ડૉક્ટર અશ્વિન મહેતાના જોખમે કેટલાં હૃદયો પુનઃ રુધિરાભિસરણ મહેસૂસ કરી રહ્યા છે, આ ક્ષણે એની ગણતરી ચાલુ છે. પૂરી થાય એટલે જણાવીશ. મને, શોભિત દેસાઈને એમણે જસલોકમાં ઓગસ્ટ '૨૪માં ગ્રાફી પતાવીને કહ્યુંઃ લહેર કર હજી બીજા પંદર વરસ.' ત્યારે હું ડરમાં ને ડરમાં એમના હાથને ચુંબન દઈ બેઠેલો કે આ અપાર સુખમાં ક્યાંક મને એટેક ન આવી જાય એ જોજો મારા મહેતા સાહેબ! ડૉ. અશ્વિન મહેતા વાજપેયીજી વખતના પદ્મશ્રી અને મોદીજી વખતના પદ્મભૂષણ. તે... 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ આ બફાટ પછી ડૉ.ને ફોન કર્યો તો સામેથી સાવ હળવા ફુલ અવાજમાં ડૉક્ટર અશ્વિન મહેતા બોલ્યાઃ જી હા 'તમારા પ્રતાપે' મને કેટલાક ફોન જરૂર આવ્યા. પણ ફોટો જોઈને બધાને હાશ થઈ કે બોડી ડબલ પણ નથી, ફક્ત નામેરી છે. હવે આવે છે એક બીજો વળાંક (ઊતરતી ગુજરાતીમાં એને 'ઝટકો' કહેવાય) બન્ને અશ્વિન મહેતા - હિરાના વેપારી અને ડૉક્ટર એકબીજાના જીગરજાન મિત્ર. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ આ આખા ભોપાળા ઉપર પડદો ઢાંકતાં એવું સરસ વાક્ય ટાંક્યું છે કે ટાઈમ્સને માફ કરી દેવાનું મન થાયઃ 'હે મુંબઈ! તું નિરાંતનાં શ્વાસ ભર.. અમે કાવસકાકાના પરિવારને અત્યંત સહાનુભૂતિપૂર્વકની દિલસોજી પાઠવીએ છીએ અને મુંબઈવાસીઓને જણાવતા અમને આનંદ થાય છે કે આપણા કાર્ડિયોકાકા અત્યંત તનદુરસ્ત અને મનદુરસ્ત અવસ્થામાં આવનારા ઓપરેશનની તૈયારીમાં રત છે આ ક્ષણે...

આજે આ વાત આટલી લંબાણથી એટલે છેડી કે ૧૯૮૦ મે મહિનામાં આવું જ થયું હતું. ૭ મેએ મહાશાયર સૈફ પાલનપુરી રૂપની રાણી એક શહેજાદીને પાછી જોવા વિદાય પામ્યા અને ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'માં છપાયુંઃ 'શૂન્ય પાલનપુરીનું અવસાન. ગઝલચાહકોનું ધાડું શૂન્યભાઈના કુર્લાના નિવાસસ્થાને પહોંચ્યું ત્યારે જનાબ અલીખાન ઉસ્માનખાન બલોચ શૂન્ય (ગુજરાતી) અઝલ, (ઉર્દૂ) પાલનપુરીએ ચાહકોના ધાડાને આ કત્આથી તરબતર કરી નાંખ્યા હતા.

*શૂન્યના મૃત્યુ વિષેની અટકળો ખોટી પડી.*
*શું થયું? શું ના થયું? સાચી હકીકત ના જડી.*
*બુદ્ધિવાળાએ કરી નાખ્યું ઉઠમણું ક્યારનું.*
*લાગણીવાળા હવે રાખે છે એની સાદડી.*

આજે આટલું જ... ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




### થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

'ઘર તરફનું પહેલું પગલું. પહેલો પડાવ પાર'. નિર્મલ હાશકારાની અનુભૂતિ સાથે આમતેમ નજર ફેરવતો બેઠો. થોડીવાર રહીને વચ્ચેની સીટ છોડીને છેવાડાની સીટ પર મોટી ઉંમરના એક વડીલ આવીને બેઠા. આ તો પેલો જ માણસ જેણે મને 'મુંબઇ જવાના' એવું પૂછેલું. એને જોતા જ નિર્મલને યાદ આવ્યું. એ વડીલ મનના કોઇ ઉચાટ સાથે બેઠા, એને કોઇ અકળામણ સતાવી રહી હોવાનું નિર્મલને લાગ્યું. થોડી થોડીવારે તેઓ આજુબાજુ...આગળ-પાછળની સીટો પર નજર ફેરવીને બીજા પેસેન્જરોને જોઇ લેતા હતા. નિર્મલને એમની મૂંઝવણ કળી શકાઇ નહીં. અચાનક ફ્લાઇટ એટેન્ડેન્ટના અવાજે બધાનું ધ્યાન ખેંચ્યું. જરૂરી સૂચનાઓ આપીને સીટ બેલ્ટ બાંધી લેવાનું જણાવ્યું. એ વડીલે સીટ બેલ્ટ બાંધવાની કોશિશ કરી, ફાવ્યું નહીં એટલે લાચારી ભરી નજરે એમણે નિર્મલની સામે જોયું. નિર્મલને એમની આંખોમાં આજીજી દેખાઇ. એણે સીટ બેલ્ટ બાંધી આપતા પૂછ્યુંઃ 'એકલા જ છો?' 'હા.' એમણે ટૂંકો જવાબ વાળ્યો. પ્લેન ટેક ઓફફ થયું પછી નિર્મલે એમને સીટ બેલ્ટ જાતે ખોલી નાખવાનું કહ્યું, પણ એમણે ના પાડી. નિર્મલને થયું આ ઉંમરે એકલા મુસાફરી કરતા માણસની આવી મનઃસ્થિતિ હોવી સ્વાભાવિક છે.

'કોઇ વાંધો નહીં, હું છું ને, તમે ચિંતા નહીં કરો.' નિર્મલે એમને હૈયાધારણ આપી. લાવા ધરબીને બેઠેલો જ્વાળામુખી ફાટે એમ એમના મોંમાંથી શબ્દો વછુટ્યાઃ 'ચિંતા તો થાય ને? દિકરીની ડિલેવરી કરવા હારુ અમેરિકા ગ્યા તો ન્યા કોરોના ફાટી નીકળ્યો. મુંબઇમાં પણ એ જ હાલત. ન્યા...મુંબઇમાં મારો દીકરો, વહુ અને એક નાનકડો છોરો છે. તારી કાકીને અમેરિકા મૂકીને હું એકલો પાછો જાઉં છું. તારી કાકી મને કોઇ દિ એકલો બહાર નીકરવા નો દિએ. આ પેલીવાર એકલો નીકર્યો...એ પણ અમેરિકાથી મુંબઇ સુધી...!'

નિર્મલને થોડું રમૂજી લાગ્યું, પણ પછી સમજી ગયો કે આ કાકાની બે ચિંતા છે. એક, તેઓ પહેલીવાર એકલા સફર કરી રહ્યા છે અને બે, એમનો દીકરો, પુત્રવધૂ અને પૌત્ર મુંબઇમાં આ કોરોનાકાળમાં એકલાં છે. બાપની ઉંમરના આ વડીલની વાતે નિર્મલને પોતાના માતા-પિતા, પવિત્રા અને કિનીની યાદ અપાવી દીધી. ચારેયના ચહેરા એની આંખ સામે તરવરવા લાગ્યા. ઘર, કુટુંબકબીલો, આપ્તજનો, સંબંધો, લોહીના સંબંધો...કુદરતે કેવી સમાજવ્યવસ્થા ગોઠવી છે! નિર્મલ વિચાર કરતો હતો ત્યાં વડીલના તળપદી શબ્દો ફરી કાને પડ્યા.

'તારે બૈરી છોકરા નથી?'

'છેને..મા-બાપ, વાઇફ અને એક પુત્રી કિની છે. અમે એને કિનુ કહીને બોલાવીએ.' આટલું કહીને નિર્મલ વિન્ડોની બહાર જોવા લાગ્યો. હજારો ફૂટની ઊંચાઇ પર, સફેદ વાદળોની વચ્ચેથી કિનુ પરીના વેષમાં હળવે હળવે પોતાની પાસે આવી રહી હતી....તેની સરપ્રાઇઝ ગિફ્ટ લેવા.

'તે તું શું કરવા અમેરિકા ગ્યો તો.?' વડીલના સવાલથી નિર્મલનું કિનુને હવામાં લહેરાતી આવતી હોવાનું ચિત્ર વિખેરાઇ ગયું....વાદળોની જેમ...!

નિર્મલને એમનું આમ ખલેલ પહોંચાડવું ગમ્યું નહીં, પણ એમની ઉંમરનો લિહાજ રાખ્યો. એમની તળપદી ભાષાથી પ્રભાવિત થયેલા નિર્મલે સ્મિત સાથે જવાબ આપ્યોઃ 'મારી કંપનીએ મને અમેરિકાની અમારી હેડઓફિસમાં બે વર્ષ માટે ડેપ્યુટેશન પર મોકલ્યો હતો.'

એમને ડેપ્યુટેશન શું એ સમજાયું નહીં, આમછતાં એનો કાઠિયાવાડી આત્મવિશ્વાસ બોલ્યોઃ 'હમજી ગ્યો..તારી કંપનીએ તને બે વરહ માટે હેડ ઓફિસમાં કામ કરવા બોલાવી લીધો તો એમ ને.' નિર્મલને એમની મીઠી વાણી ગમવા લાગી હતી.

'તે તું કેટલા દાડે પાછો ફરી રિયો છો?' વડીલે સવાલ તો કર્યો પણ નિર્મલના આ જવાબની તેમને કલ્પના નહતીઃ 'ચૌદ મહિના, બે દિવસ, અગિયાર કલાક, ચાળીસ મિનિટ અને પાંત્રીસ સેકન્ડ.' નિર્મલે કાંડા ઘડિયાળમાં જોતો જવાબ આપ્યો.

'કુટુંબથી, ઘરથી દૂર રેવાનું દુઃખ જેણે ભોગયવું હોયને એને જ આટલી ગણતરી મોઢે હોય.' વડીલે નિર્મલની વ્યથાને વાચા આપી. નિર્મલને વિચારમાં ખોવાયેલો જોઇને તેમણે વાતનો સૂર બદલી નાખતી વાત કરીઃ 'લે, મેં તારું નામ તો પુચ્છું જ નહીં!'

'નર્મલ પરીખ.' નિર્મલે નામ કહ્યું એટલે એ પોતાનું નામ કહેવાની ઉતાવળમાં હોય એ રીતે બોલવા માંડયા.

'કેશવજી લાલજી ગજેરા. મને બધા કેશુભાઇ કઇને બોલાવે. મૂળ ગામ-વતન ઉપલેટા. તારું મૂળ ગામ કિયું?'

નિર્મલ થોડું વિચારીને બોલ્યોઃ 'મુંબઈ'

'આતો કામધંધાનું....મૂળ વતન કિયું?'

'મારા દાદા મુંબઇ આવીને વસેલા. મારો જન્મ મુંબઇમાં થયો એટલે મારું મૂળ વતન કે મૂળગામ જે કહો તે મુંબઈ.'

નિર્મલને એમની વાતોમાં મજા આવતી હતી અને વચ્ચે વચ્ચે કંટાળો પણ આવતો હતો. કાકા વધુ પડતું બોલ બોલ કરીને ત્રાસ કરી રહ્યા હતા, પણ પછી થયું કે કદાચ પોતાને થાક લાગ્યો છે એટલે એમની વાત કદાચ કંટાળાજનક લાગતી હશે.. એ ચૂપ બેસી રહ્યો. કેશુભાઇ પણ ચૂપ થઇ ગયા....પણ કાકાના ચહેરા પર ફરી મુંઝારો જોઇને નિર્મલે પૂછી લીધુંઃ 'શું થયું... કેમ મુંઝાવ છો?'

'મારે બાથરૂમ જાવું છે.' એમ કહીને એમણે જેમતેમ કરીને સીટ બેલ્ટ ખોલી લીધો, પણ ત્યાર પછીની મુશ્કેલીનો નિર્મલને અંદાજ ન હતો.

'મારી હાયરે હાલીશ?' કેશુભાઇના પ્રશ્નથી નિર્મલ ડઘાઇ ગયો.

'આંઇના બાથરૂમના દરવાજા વિચિત્ર હોય. મને કડી લગાડવાની હમજણ પડતી નથી.' નિર્મલને થયું કાકાનો ભય દૂર કરવાનો આ મોકો છે.

'આપણા ઘરમાં હોય એવી જ કડી હોય છે...જઇ આવો....એવું હોય તો હું એર હોસ્ટેસને બોલાવું.' એમ કહીને એણે બેલ વગાડવાની એક્ટિંગ કરી.

'ના ના, એ છોરીને બોલાવતો નહીં, હું જાવ છું, પણ મને મોડું થાય તો તું આવી રે જે.' નિર્મલ હસ્યો અને કાકા બાથરૂમ ગયા. થોડીવારે પાછા ફરતાં બોલ્યાઃ 'હાશ, ક્યારની લાગી તી.' કેશુકાકાએ જેમતેમ સીટ બેલ્ટ બાંધ્યો.

*************

મધરાતે લેડી ફ્લાઇટ એટેન્ડેન્ટનો તરવર્યો અવાજ પ્લેનમાં ફરી વળ્યો. સીટ બેલ્ટ બાંધવાની સૂચના અપાઇ ત્યારે કેટલાક પેસેન્જરો ઉંઘમાં હતા, કેટલાક તંદ્રામાં હતા, કેટલાક ઘરે પહોંચવાની ચિંતા ઓઢીને પડ્યા હતા.

થોડો સળવળાટ થયો...બધા પોતપોતાના સીટ બેલ્ટ બાંધવા માંડ્યા. કેશુભાઇ ફરી મુંઝાયા. એણે નિર્મલ સામે જોયું.

'ટ્રાય કરો, ખુલી જશે.' નિર્મલે કહ્યું. કેશુકાકાએ થોડી મથામણને અંતે સીટ બેલ્ટ ખોલી નાખ્યો પછી 'બોલ્યાઃ હાશ, છુટ્યા બંધનમાંથી. બંધનમાં બંધાવા કરતા એમાંથી છૂટવું અઘરું છે નઇ!'

> **'હાશ, છુટ્યા બંધનમાંથી. બંધનમાં બંધાવા કરતા એમાંથી છૂટવું અઘરું છે નઇ !' કેશુકાકા બોલ્યા.**

એક હળવા થડકા સાથે પ્લેન હવાઇપટ્ટીને અડક્યું. થોડીવાર હવાઇપટ્ટી પર દોડતા રહીને જેવું પ્લેન થોભ્યું કે પેસેન્જરોની નીચે ઊતરવાની ઉતાવળ વધી ગઇ.

'હાલો, હાલો હવે ઝટ ઝટ બધા બાર નીકરવા માંડો.' કેશુભાઇને સાંભળીને ધીમે ધીમે...અંતર રાખીને આગળ વધી રહેલા કેટલાક લોકોએ નારાજગી સાથે એમની સામે જોયું.

**************

ઍરપોર્ટની બહાર એક એમ્બ્યુલન્સ, બે ડોક્ટરો, મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગનો અધિકારી સોલંકી, બીજા એકાદ-બે સરકારી માણસો અમેરિકાથી આવેલા પેસેન્જરોના સ્વાગત માટે તૈયાર હતા.

એક સરકારી માણસે મેગાફોન પર ઘોષણા કરીઃ 'સબ લોગ એક દુસરે સે ડિસ્ટન્સ રખ કર ખડે રહ જાઇએ, પ્લીઝ. સબ કા મેડિકલ ચેક-અપ હોગા.'

મુસાફરીનો થાક, મનમાં ઉચાટ, ઘરે પહોંચવાની ઉતાવળ અને એમાં લગભગ ત્રણસો પેસેન્જરોનું ચેક-અપ. ચેકઅપમાં સમયની બરબાદી કોઇને પોસાય એમ નહતી. કોઇને પસંદ પડ્યું નહીં....પેસેન્જરોમાં ગણગણાટ શરૂ થયો. ઓહ નો...આવા ચેક-અપ બેક-અપનું તો કોઇએ કીધું નહતું....ઘરે લોકો રાહ જોતા હશે એની તો કોઇને પડી જ નથી....કોણ જાણે ક્યારે પાર પડશે....

પણ વર્તમાન પરિસ્થિતિ અને સરકારી નિયમ સામે શું થઇ શકે? નિર્મલ જેવા કેટલાક પેસેન્જરોને મેડિકલ ચેક-અપની ખબર હતી. ખબર નહોતી એવા પેસેન્જરોમાં કેશુકાકા હતા. તેમણે નિર્મલની સામે જોઇને પૂછ્યુંઃ 'આ વળી શું તૂત છે?'

'કોવિદ-૧૯ બધા માટે બધું નવું છે. બહુ ચેપી છે. મેડિકલ ચેક-અપ થશે. તેઓ થર્મલ ગનથી આપણું ટેમ્પરેચર માપશે...' નિર્મલે કહ્યું.

ગનમાંથી ગોળી તો નહીં છોડેને...કેશુકાકાના ભોળપણે નિર્મલના ચહેરા પર સ્મિત લાવી દીધું.

તમે ગભરાવ નહીં...આવો લાઇનમાં ઊભા રહી જાઓ.

સૌથી છેલ્લે નર્મલ અને અને એની પહેલા કેશુકાકા ઊભા રહ્યા. સરકારી રાહે કામ શરૂ થયું. એક સરકારી માણસ પેસેન્જરોના શરીરનું ટેમ્પરેચર માપવા થર્મલ ગન કાઢીને ઊભો રહી ગયો. એક પછી એક આવતા પેસેન્જરના કપાળ સામે થર્મલ ગન મૂકીને ગન પાછળ દેખાતો આંકડો જોઇને જવાનો ઇશારો કરવા લાગ્યો. સૌથી છેલ્લે કેશુકાકા અને પછી નિર્મલ ઊભા હતા. કેશુકાકાનો વારો આવ્યો. થર્મલ ગન એમના કપાળ સામે તકાય તે પહેલાં એમણે નર્મલની સામે જોયું.

'કંઇ નથી, રૂટિન છે, કરાવી લો.' નિર્મલની વાતથી કેશુકાકા રાહતનો શ્વાસ લે તે પહેલા એમના કપાળ સામે ગન તકાઇ.

'કાકા, આપ જા સકતે હો. નેક્સ્ટ.' સરકારી અવાજ સંભળાયો.

નિર્મલ સ્વસ્થતાપૂર્વક ઊભો રહ્યો. કેશુકાકા આગળ જઇને નિર્મલની રાહ જોતા ઊભા રહી ગયા.

સરકારી માણસે ટેમ્પરેચર માપવા થર્મલ ગન કપાળ સામે તાકી. મશીનની પાછળનો આંકડો જોયો. ફરી મશીન કપાળ સામે મૂક્યું. ફરી આંકડો જોયો.

'સ્ટેપ અસાઇડ..આપ સાઇડ મેં આ જાઇએ, પ્લીઝ.'

નિર્મલે સાંભળ્યું છતાં સમજયો ન હોય એમ પ્રશ્નાર્થભરી આંખે અને ચિંતિત ચહેરે સરકારી માણસ સામે જોયું.

ફરીઅવાજ આવ્યોઃ 'સ્ટેપ અસાઇડ પ્લીઝ.' બાજુમાં ઊભા રહીને સાંભળી રહેલા બીએમસીના આરોગ્ય વિભાગના અધિકારી સોલંકીએ નિર્મલને એમ્બ્યુલન્સ બતાવીને એમાં બેસી જવા કહ્યું.

નિર્મલ એમ્બ્યુલન્સ તરફ જતા જતા કહેવા લાગ્યોઃ 'આપ બરાબર ચેક કર લો. મુઝે ફિવર નહીં હૈ...મૈં ઓલ રાઇટ હું.' એમ્બ્યુલન્સના ડ્રાઇવરે દરવાજો ખોલ્યો.

'આપ અંદર બૈઠે, આપકા કોરોના ટેસ્ટ કરના પડેગા.' પાછળ આવી રહેલા સોલંકીએ નરમાશભર્યા અવાજમાં કહ્યું. નિર્મલ અંદર જઇને બેઠો. એની સામેની સીટ પર સોલંકી બેઠો. એમ્બ્યુલન્સ સ્ટાર્ટ થઇ. સાયરન વાગ્યું અને એ સાથે બ્લુ લાઇટ ઝબુકવા લાગી. દૂર ઊભા રહીને જોઇ રહેલા કેશુકાકાએ રીતસર એમ્બ્યુલન્સ પાછળ દોટ મૂકી.

'હાંભળ, ઓ ભાઇ હાંભળ તો ખરો, ઓ હહરીના હાંભળ કહું છું...ક્યાં લઇ જાય છે એને?' કેશુકાકા પૂરેપૂરા જોમથી બોલતા રહ્યા ને એમ્બ્યુલન્સનો કર્કશ અવાજ શહેરના સન્નાટાને ચીરતો દૂર નીકળી ગયો. (ક્રમશઃ) ■

## વિશેષ પ્લસ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# મરુનગરી જોધપુર છે પર્યટન માટે બેસ્ટ!

### બ્લ્યુ સિટીના નામે ઓળખાતા જોધપુરને નિહાળવા દેશ-વિદેશથી લોકો આવે છે.



કોઈપણ શહેર નાનું હોય કે પછી મોટું હોય, તેની એક અલગ ઓળખ અને વિશેષતા હોય છે. આજે આપણે વાત કરીશું જોધપુરની મરુનગરીની. આ શહેર ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પર્યટનની દૃષ્ટિએ ખાસ મહત્ત્વ ધરાવે છે. આજે આ નગરી ગ્લોબલ પર્યટન માટે એક વિશેષ ડેસ્ટિનેશન છે.

જોધપુર રાજસ્થાનનું એક ઐતિહાસિક શહેર છે, જેને મરુનગરી અથવા થારનું દ્વાર કહેવાય છે. ભારત-પાકિસ્તાનની સીમા નજીક આવેલું છે. રાઠોડ વંશની રાજધાની મારવાડના વારસાનો આ ભાગ છે. એને રાવ જોધાએ ૧૪૫૯માં સ્થાપિત કર્યું હતું. અહીંનો મેહરાનગઢ કિલ્લો સૌથી વિશાળ અને મજબૂત કિલ્લો છે. જોધપુરનું નામ આવતા જ આપણાં દિમાગમાં રાજપુત શૌર્ય, સ્વાભિમાન અને યુદ્ધના દશ્યો નજર સામે તરવરવા લાગે છે.

આખા શહેરના ઘરોમાં જે બ્લ્યુ રંગ જોવા મળે છે, એના કારણે પણ આ શહેર અલગ તરી આવે છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ આ શહેર ખૂબ સમૃદ્ધ છે. એનું લોકસંગીત પણ ખૂબ લોકપ્રિય છે, તો લોકનૃત્યમાં ઘૂમર અતિશય પ્રસિદ્ધ છે. તો સાથે જ ત્યાંનો ઊંટ ઉત્સવ પણ વિશેષ છે. લોકોનો રંગબેરંગી પોષાક પણ તેમને ભીડમાં નોખા તારે છે. ભોજનની વાત કરીએ તો દાલબાટી, ચૂરમા અને મિર્ચી વડા તો દેશભરમાં ફેમસ છે.

પર્યટનની દૃષ્ટિએ જોધપુર માત્ર ભારત પૂરતો જ સીમિત નથી, પરંતુ વિશ્વભરમાં તે અગત્યનું કેન્દ્ર બન્યું છે. અહીંનો મેહરાન ગઢ કિલ્લો, ઉમેદ ભવન પેલેસ, જસવંત થડા અને મંડોર ગાર્ડન નિહાળવા લાયક છે. રણની સફારીનો આનંદ પણ તમને અલગ અનુભવ કરાવશે.

જોધપુરનો હથકરઘા, ફર્નિચર અને કારીગરી ઉદ્યોગ ભારતના આંતરરાષ્ટ્રીય નિકાસમાં ખૂબ મોટી ભાગીદારી છે.

વર્તમાનમાં જોધપુર એક મોટી બ્રાન્ડિંગ બનીને ઊભરી આવ્યું છે. વિશ્વભરના શ્રીમંતો અને સામાન્ય પ્રજા પણ જોધપુરનો શાહી અનુભવ લેવા માગે છે.

વિવિધ સેલિબ્રિટીઝ અહીં લગ્ન કરીને પોતાના પ્રસંગને યાદગાર બનાવવા માગે છે. ઉમેદ ભવન પેલેસ શાહી લક્ઝરી અને રૉયલ સ્ટેટ્સનું વૈશ્વિક સિમ્બોલ બની ગયું છે. પ્રિયંકા ચોપડા અને નિક જોનસે અહિં વિવાહ કરીને આ મહલને વિશેષ ઓળખ અપાવી છે.

આ એક એવું હેરિટેજ કલ્ચરલ સિટી છે, જ્યાં તમામ આધૂનિક સુવિધાઓ મળી રહે છે. અહીં પ્રિ-વેડિંગ સેલિબ્રેશન માટે જોધપુરે એક ખાસ ઓળખ બનાવી છે. અહીંના કિલ્લાઓ પરંપરા અને સંસ્કૃતિના દર્શન કરાવે છે.

વિદેશી પર્યટકોના મનમાં જોધપુર વસી ગયું છે.


ડિજિટલના આ યુગમાં જોધપુર ફોટોજેનિક અને ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડલી સિટી તરીકે ઓળખાય છે. એથી આ વિઝ્યુઅલ ટ્રીટ આપે છે. અહીંની હવેલીઓ એરકૂલ્ડ અને ક્લાઇમેટ કન્ટ્રોલ છે, એથી હવે આ શહેર દરેક સીઝનનું ફેવરિટ શહેર બની ગયું છે.

ચોમાસાનો આનંદ લેવા માટે નવપરિણીતો અહીં ખાસ આવે છે. અરવલ્લીની હરિયાળી મનમોહક હોય છે. એવું લાગે છે કે ધરતી માતાએ લીલી ચુંદડી ઓઢી હોય.

એથી જોધપુર એક વાર તો માણવા અને ફરવા જેવું છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ઘડપણની એકલતા ને એ એકલતાના આનંદની વાર્તા કહેતી એક 'સદાબહાર' ફિલ્મ...






હિન્દી ફિલ્મો ભલે પારિવારિક મનોરંજન કહેવાતી હોય, પરંતુ મોટાભાગની ફિલ્મો યુવા પ્રેક્ષકો માટે જ અને એમના સંબંધી વિષયો પર જ બનતી હોય છે. એ યુવા વર્ગ એક સમયે વૃદ્ધ થાય છે ત્યારે એ જે પ્રકારનું જીવન જીવે છે તેને લઈને બહુ ફિલ્મો બનતી નથી. ઘરમાં જેમ ઘણી બધી ચીજ-વસ્તુઓ જૂની થઈને નકામી થઇ જાય છે તેવી રીતે એક સમયનો 'દૂઝતો' યુવા વર્ગ એના વૃદ્ધત્વમાં ફિલ્મનો વિષય બનવામાંથી ય જાય છે.

પ્રતિ વર્ષ ૧૫,૦૦થી ૨,૦૦૦ જેટલી ફિલ્મો બનાવતી આ માયાનગરીમાં વૃદ્ધ લોકોના સંદર્ભમાં એક ફિલ્મ પણ માંડ બનતી હશે. અત્યાર સુધીની ફિલ્મો જોઈએ તો આવી ફિલ્મો આંગળીને વેઢે આવી જાય એટલી હશે એટલા માટે 'પ્રસાર ભારતી'ના ઓટીટી પ્લેટફોર્મ 'વેવ્સ' પર ૨૦૨૪માં રિલીઝ થયેલી વરિષ્ઠ અભિનેત્રી જયા બચ્ચનની 'સદાબહાર' ફિલ્મ આ દિશામાં એક મહત્ત્વનું કદમ છે. એટલું જ નહીં, સિનિયર સિટિઝન્સને કેન્દ્રમાં રાખીને બનેલી અત્યાર સુધીની જૂજ ફિલ્મોમાં બેહદ ખૂબસૂરત અને સંવેદનશીલ છે.

આ ફિલ્મ એટલા માટે ખાસ અને અલગ છે, કારણ કે તેમાં વૃદ્ધત્વની એકલતા કેન્દ્રમાં છે, પરંતુ રોદણાં રડવા માટે નહીં. ઇન ફેક્ટ, તેમાં જયા બચ્ચન જે સ્ત્રીનો કિરદાર નિભાવે છે તે એના એકલવાયા શાંત અને સ્થિર જીવનમાં બહુ ખુશ છે. ફિલ્મનું શીર્ષક 'સદાબહાર' બે રીતે સૂચક છે : એક તો, એ સ્ત્રી પાસે એક રેડિયો છે, જેમાં હિન્દી ફિલ્મોનાં સદાબહાર ગીતો વાગતાં રહે છે અને બીજું, એ ગીતો સાંભળીને તે સ્ત્રી પણ પોતાને સદાબહાર મહેસૂસ કરે છે. સદાબહાર એટલે એવરગ્રીન, હંમેશાં હર્યુંભર્યું હરિયાળીથી ભરેલું, લીલુંછમ, સમૃદ્ધ.

મરાઠીમાં એવોર્ડ વિજેતા 'શેવરી' ફિલ્મ અને 'શ્રીમાન-શ્રીમતી' જેવી લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ બનાવનારા ગજેન્દ્ર અહિરે વૃદ્ધ લોકોના જીવનમાં વધતી એકલતા, ઉદાસી તેમજ અતીતના ઊંડા નોસ્ટાલ્જિક દ્રષ્ટિકોણને પ્રસ્તુત કરતી એક સદાબહાર ફિલ્મ બનાવી છે.

ફિલ્મમાં એમણે જે રીતે અભિનય કર્યો છે તે પ્રમાણે તો, એવું લાગે કે તમે તેમને 'જયા બચ્ચન'ના કિરદારમાં જ જોઈ રહ્યા છો, પરંતુ ફિલ્મ જોવાનું મુખ્ય કારણ આ નથી. આ ફિલ્મ, વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયેલા લોકોની એકલતાને, એમની વ્યથાને અને વીતી ગયેલા સમયની એમની ટીસને જે રીતે અભિવ્યક્ત કરે છે તેના માટે જોવા જેવી છે.

એવું નથી કે વૃદ્ધો માટે જ છે. આ ફિલ્મ યુવા પેઢીએ જ ખાસ જોવા જેવી છે, કારણ કે તેમાં એમનાં માતા-પિતાના આવનારા સમયનો સામનો કેવી રીતે કરવો તેનો મહત્ત્વનો બોધપાઠ છે.

અહીં જયા બચ્ચને પ્રશંસનીય અભિનય કર્યો છે. એમનો ગુસ્સો હોય કે ક્યૂટનેસ, બધું જ અદ્ભુત છે. વાર્તા મુંબઈમાં આકાર લે છે અને બહુ સાદી છે. ફિલ્મ અમૃતા કોઠારી (બચ્ચન) નામની એક વિધવા અને એકલવાયી સ્ત્રીના જીવનની એક ઘટના પર કેન્દ્રિત છે. એના પતિનું અવસાન થયું છે અને પુત્ર વિદેશમાં છે. અમૃતાના એકલવાયા ઘરમાં માત્ર બે જ અવાજો આવે છેઃ એક તેની રસોઈ કરવાવાળી બાઈનો અને બીજો રેડિયોનો.

ફિલ્મની વાર્તા જયા બચ્ચનથી શરૂ થાય છે અને એમની પર પૂરી થાય છે. પૂરી વાર્તા દરમિયાન એમની એકલતાનો 'સાથીદાર' વાલ્વવાળો રેડિયો છે, જે નાનપણમાં પિતાએ એમને ભેટમાં આપ્યો હતો.

એ રેડિયો નથી, એ સ્ત્રીનો જીવ છે. એ રેડિયોમાં માત્ર ગીતો જ નથી, પરંતુ એકલા હાથે બુઢાપાને સહ્ય બનાવવા મથતી સ્ત્રીઓનો અતીત પણ છે. એ રેડિયો જૂનો થઈ ગયેલો છે, જેવી રીતે તે સ્ત્રી 'જૂની' થઇ ગઈ છે. એ રેડિયો બગડી પણ જાય છે, જેમ એ સ્ત્રી 'બગડી' ગઈ છે.

કામવાળી બાઈ સદભાવનાથી અમૃતાને સલાહ આપે છે કે આ રેડિયો રિપેરિંગ નહીં, રિપ્લેસમેન્ટ માંગે છે, નવો લઇ લો ત્યારે અમૃતા ગુસ્સે થઈને કહે છે કે મને પણ રિપ્લેસ કરી દો, હુંય જૂની થઇ ગઈ છું.

એ સ્ત્રીનો એકનો એક દીકરો (જે વિદેશમાં રહે છે) એ ફોનમાં એક મિનિટ વાત કરીને કહે છે, 'અમ્મા, આપસે બાત કરના ભી મુશ્કિલ હો ગયા હૈ,' અને ફોન મૂકી દે છે.

'અમ્મા' અટકી અટકીને ચાલે છે, લડખડાય છે, થોથવાય છે અને શ્વાસ લેવા હાંફે છે, કારણ કે એમને 'આજની દુનિયા' નિયમિત ગુસ્સે કરતી રહે છે.

ફિલ્મના નિર્દેશક ગજેન્દ્ર અહિરે જૂની યાદો પર આ એક હૃદયસ્પર્શી ફિલ્મ બનાવી છે, જેમાં એક તરફ મેટ્રો અને મોલ્સથી ચમકતું આધુનિક મુંબઈ છે અને બીજી તરફ સુખદાયક, શાંત અને જૂનાં હિન્દી ફિલ્મ ગીતો અને રેડિયો કોમેન્ટ્રીવાળું મુંબઈ છે. ફિલ્મના પહેલાં જ દ્રશ્યમાં એ લોંગ શોટ્સ સાથે મુંબઈનાં જાણીતાં લોકેશન્સ બતાવે છે એટલે તરત જ તમને ખ્યાલ આવી જાય છે કે તમે કઈ દુનિયામાં પ્રવેશી રહ્યા છો.

મુંબઈ જ નહીં, ભારતનાં દરેક શહેરોમાં ઓલ ઇન્ડિયા રેડિયોની એક ચિરપરિચિત ધૂન સાથે સવાર પડતી હતી. ગામડાંમાં મરઘાં બાંગ પોકારતાં હતાં, શહેરોમાં રેડિયો. આપણી નાયિકાની સવાર અને રાત આ રેડિયો સાથે પડે છે. રેડિયોમાં વાગતાં લતા મંગેશકર, ગીતા દત્ત અને નૂરજહાંનાં ગીતો પણ તમને જૂના મુંબઈની યાદ અપાવતાં રહે છે.

અને હા, ફિલ્મના એક નિર્ણાયક મોડ પર એ જ રેડિયોમાંથી ઉદઘોષકનો ચિરપરિચિત અવાજ ગુંજે છે :

'અબ અગલા ગીત હમને ચુના હૈ ફિલ્મ 'અભિમાન' સે, ગીત કે બોલ લિખે હૈ મજરૂહ સુલતાનપૂરીને ઔર ધૂન બનાઈ હૈ સચિન દેવ બર્મનને...ઇસે ગાયા હૈ લતા મંગેશકરને...'

અને પછી 'પાછા મળી ગયેલા, પાછા જીવતા થયેલા રેડિયો' પર માથું મૂકીને રડતી અમ્માના કાનમાં શબ્દો રેલાય છે :

*જબ હો ગયા તુમસે યે દિલ દીવાના*
*ફિર ચાહે જો ભી કહે હમકો જમાના*
*કોઈ બનાયે બાતેં ચાહે અબ જીતની*
*અબ તો હૈ તુમસે હર ખુશી અપની....*

'પાછો મળી ગયેલો, પાછો જીવતા થયેલો' રેડિયો એટલે શું? ના જવાબ માટે આ ફિલ્મ જરૂર જોજો. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# SME ને મજબૂત આર્થિક ટેકાની જરૂર... IPOમાં વધુ શિસ્તની જરૂર...

**પબ્લિક ઈશ્યૂઓની માર્કેટમાં SME-IPOની વાત આવે છે ત્યારે મહદઅંશે નિરાશા જોવા મળે છે. ખાસ કરીને લિસ્ટિંગ બાદ ભાવ ઊંચા ટકતા નહીં હોવાને કારણે લાંબાગાળાનો ટ્રેન્ડ કે વિશ્વાસ બનતો નથી. આનાં કારણ સમજવા જેવાં છે...**

નાની અને મધ્યમ કદની કંપનીઓ (જે માર્કેટમાં SME નામે ઓળખાય છે, અર્થાત્ 'સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસિસ') નું સેગમેન્ટ જોરમાં ચાલી રહ્યું છે, પરંતુ તેના જોઈતા લાભ રોકાણકારોને જોરદાર નહીં,પણ નબળો મળી રહ્યો હોવાનું નોંધાયું છે, કારણ કે આ કંપનીઓ જેટલી ગાજે છે તેટલી વરસતી નથી. વર્ષ ૨૦૨૫માં SME એ બહાર પાડેલા પબ્લિક ઈશ્યૂઓમાં તીવ્ર વિરોધાભાસ જોવા મળ્યો, જેમની શરૂઆત ધમાકેદાર રહી, પણ ત્યાર પછીનો દેખાવ નિરાશાજનક રહ્યો. મતલબ કે 'આરંભે શૂરા' જેવો ઘાટ જોવા મળ્યો. આ વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૯૪ એસએમઈ આઈપીઓ લોન્ચ થયા, એમાંથી માત્ર નવ આઇપીઓના કેસમાં જ લિસ્ટિંગ બાદ ભાવમાં ૧૦૦ ટકાથી વધુ વૃદ્ધિ જોવા મળી. ૭ જુલાઈ સુધીમાં, છ આઈપીઓમાં ૫૦ થી ૧૦૦ ટકા વૃદ્ધિ નોંધાઈ, જ્યારે અન્ય ૧૬ આઈપીઓમાં ૨૦-૫૦ ટકા જેટલો ભાવ લાભ નોંધાયો. અને ૧૪ આઈપીઓના શૅરમાં ૧થી ૨૦ ટકા વચ્ચેનો મામૂલી લાભ મળ્યો છે.શરૂઆતનો જુસ્સો જાળવી રાખવામાં નિષ્ફળ ગયા હોય એવા લિસ્ટિંગ્સનો આંકડો ઉલ્લેખનીય રહ્યો. આશરે ૧૫ જેટલા આઈપીઓએ આ ક્ષેત્રે પદાર્પણ કર્યું ત્યારથી ૩૦-૫૦ ટકાની વૃદ્ધિ વચ્ચે ઝઝૂમતા જોવા મળ્યા, જ્યારે આઠ આઈપીઓ માંડ ૫૦ ટકા સુધી પહોંચી શક્યા. અન્ય સાત આઈપીઓ ૨૦-૩૦ ટકા વચ્ચે સપડાયેલા રહ્યા, અન્ય આઠ આઈપીઓ ૧૦-૨૦ ટકા વચ્ચે તો ૧૧ આઈપીઓ ૧-૧૦ ટકાની રેન્જમાં જ રહ્યા હોવાનું જોવા મળ્યું છે.

## આંકડા શું કહે છે?

આ બધા આંકડા એવો ટ્રેન્ડ દર્શાવે છે કે ઈન્વેસ્ટરોના જોરદાર પ્રતિસાદ છતાં મોટા ભાગની એસએમઈ કંપનીઓના શૅર લિસ્ટિંગ થયા પછીના દિવસોમાં એમની ભાવ વૃદ્ધિ જાળવી શકી નથી. આ ટ્રેન્ડ પાછળનાં કારણો સમજવા જેવાં છે. આ કારણો છે : મર્યાદિત પ્રવાહિતા, સીમિત ડિમાંડ અને આવકના સપોર્ટ વિનાનું મૂલ્યાંકન. માર્કેટ એક્સપર્ટ કહે છે, ઘણા ઈન્વેસ્ટરોએ લાંબા ગાળાના બિઝનેસ ભાવિમાં ભરોસો રાખ્યા વિના માત્ર લિસ્ટિંગનો લાભ લેવા ખાતર એસએમઈ આઈપીઓમાં ઝુકાવ્યું હતું, પરિણામે આ સેગ્મેન્ટનો દેખાવ આરંભે ઝમકદાર રહ્યા બાદ નિરાશાજનક બની ગયો. લિસ્ટિંગ થયા બાદ સૌથી વધારે લાભ મેળવનાર કંપનીઓમાં મોખરે રહેનારી કંપનીઓ મર્યાદિત રહી, જેમાં એક કંપનીના શૅરમાં ૩૬૦ ટકા જેટલો ઉછાળો જોવાયો હતો. ત્યારપછીના ક્રમે બે કંપનીના શૅરમાં અનુક્રમે ૧૬૪ ટકા અને ૧૬૧ ટકા જેટલા ઊંચે ગયા હતા. ઉલ્લેખનીય દેખાવ કરનાર અન્ય કંપનીઓના શૅરમાં આશરે ૧૦૦ ટકા જેટલું રિટર્ન નોંધાયું હતું. બીજી બાજુ, સૌથી ખરાબ દેખાવ કરનાર શૅરોમાં લિસ્ટિંગ બાદ ૫૦ થી ૭૦ ટકા જેવા કડાકા જોવાયા હતા. એસએમઈ આઈપીઓમાં રોકાણને એક 'બેફામ જુવાળ' તરીકે જોવાય છે, જેમાં અસ્થિરતા વધુ અને ઈન્વેસ્ટમેન્ટ સુરક્ષા નબળી હોય છે. આમાં ભલે રકમ માર્કેટની ગતિશીલતાને ધક્કો પહોંચાડે એટલી મોટી હોતી નથી, પરંતુ વ્યક્તિગત ઈન્વેસ્ટરો માટે તો હજી પણ મહત્ત્વની છે. આવા આઈપીઓ સંસ્થાકીય રોકાણકારો પૂરતા મર્યાદિત રહે તો એ આદર્શ ગણાશે, જેથી છૂટક ઈન્વેસ્ટરો આમાં પ્રવેશ કરતા અટકે અને મોટી ખોટ કરવામાંથી બચે, કારણ કે આ એવું સંવેદનશીલ ક્ષેત્ર છે જેમાં ભાવમાં હેરાફેરી અને પ્રમોટર-સંચાલિત અટકળોનું જોર વધારે રહેતું હોય છે.




## નિયમન તંત્રના સંભવિત નવાં ધોરણ

એસએમઈ આઈપીઓ બાબતે નિયમન તંત્ર 'સેબી' નવા નિયમો ઘડવાની વિચારણામાં હોવાના અહેવાલ છે, જેનો ઉદ્દેશ્ય ગુણવત્તા અને ઈન્વેસ્ટરોની સહભાગીતામાં સુધારો લાવવાનો છે. જેમ કે, લઘુતમ અરજીનું કદ વધારવું, કટ-ઓફ પ્રાઈસ યંત્રણાને દૂર કરવી, બહોળા પાયે વિતરણ થઈ શકે એ માટે શૅરોની ફાળવણી મેળવનારાઓની લઘુતમ સંખ્યાને વધારવી અને લિસ્ટિંગની અપેક્ષા રાખતી કંપનીઓ માટે પાત્રતાના નિયમોને વધારે કડક બનાવવાનો સમાવેશ થશે. આ નિર્ણયોનો હેતુ ફંડામેન્ટલી સધ્ધર હોય એવી કંપનીઓને મૂડી બજારમાં પ્રવેશ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે તેમજ જાણકાર-માહિતગાર ઈન્વેસ્ટરો જ એમાં ભાગ લે એની તકેદારી રાખવાનો છે.

આમ તો એસએમઈ સેગ્મેન્ટે આકર્ષણ જાળવી રાખ્યું છે, પરંતુ તેની સ્થિર સફળતાનો આધાર ઈન્વેસ્ટરોની માનસિકતામાં ટૂંકા ગાળાની અટકળોને બદલે લાંબા ગાળાના બિઝનેસ મૂલ્યાંકનમાં પરિવર્તનને આધારિત છે અને રહેશે.

## એસએમઈ સેક્ટરને મજબૂત ટેકો જોઈએ

એસએમઈ સેકટરનું ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે, તેની મૂડીની જરૂરીયાત પૂરી કરવામાં બેંકો-નાણાં સંસ્થાઓનો પર્યાપ્ત સહયોગ કે ટેકો મળતો હોતો નથી અને મળે તો ય તે મોંઘો હોય છે. મૂડીબજાર તેમને સારો અને સોંઘો સહયોગ આપી શકે છે. આ કંપનીઓને સારા-મજબૂત ટેકાની જરૂર છે. કેપિટલ માર્કેટ તેમની માટે મજબૂત માર્ગ છે, પરંતુ આ માર્ગમાં જ્યારે ખોટી કંપનીઓ ઘૂસે, લેભાગુ પ્રમોટર્સ ઘૂસે અને રોકાણકારોને પ્રલોભન આપી અથવા તેના ભાવો ઉછાળવાની રમત રમી આ વર્ગને છેતરે ત્યારે તે વિશ્ર્વસનીયતા ગુમાવે છે. આ આઈપીઓને માર્કેટમાં લાવવાની કામગીરી બજાવતા મર્ચન્ટ બેન્કર્સ પોતાના સ્વાર્થ ખાતર રોકાણકારોને ઊંચા ભાવે શૅરો પધરાવવાની ચાલાકી કરે ત્યારે લાંબે ગાળે બજારને પણ નુકસાન પહોંચાડતા હોય છે.

'સેબી'એ આ સેગમેન્ટને કે આ સેક્ટરને વધુ શિસ્તબદ્ધ બનાવવા અને તેમાં રોકાણકારોનો વિશ્ર્વાસ વધે એવા નિયમો લાવી તેના વિકાસને તંદુરસ્ત બનાવવાની દિશામાં લઈ જવાનું લક્ષ્ય રાખીને આગળ વધવું જોઈએ.

આમ તો એસએમઈ સિવાયના આઈપીઓમાં પણ સારા-નબળાના કિસ્સા જોવા મળે છે, તેમાં પણ લિસ્ટિંગ બાદના સંજોગો બદલાયેલા જોવા મળે છે. વાંક માત્ર એસએમઈનો નથી, કંપનીઓના સ્થાપકો, મેનેજમેન્ટ, ઈરાદા અને લક્ષ્યમાં પણ પ્રમાણિકતા હોવા આવશ્યક છે. આ ક્ષેત્રમાં વિકાસની સંભાવના ભરપૂર છે, પણ તેમાં ચાલતાં દૂષણોને દૂર કરવા અત્યંત જરૂરી છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# મોતના અઢાર મહિના બાદ અગાથા ક્રિસ્ટીએ બચાવ્યો બાળકીનો જીવ!


અગાથા ક્રિસ્ટી

કોઈ લેખક, કવિ, પેઈન્ટર, ફિલ્મકાર જેવા કલાકારો સમાજ માટે કેટલાં ઉપયોગી થઈ શકે! આમાં ચર્ચા, દલીલ અને મતમતાંતર માટે ઘણો અવકાશ રહેવાનો, પરંતુ 'ક્વીન ઑફ ક્રાઈમ' અને 'ક્વીન ઑફ મિસ્ટ્રી' તરીકે ઓળખાતાં અગાથા મેરી કલેરીકા ક્રિસ્ટી (૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૦-૧૨ જાન્યુઆરી, ૧૯૭૬) સંબંધી એક કિસ્સો એવો બેમિસાલ છે કે એમાં દલીલ માટે લેશમાત્ર સ્થાન નથી.

૬૬ ડિટેકટિવ નવલકથા અને ૧૧ વાર્તા-સંગ્રહ આપનારાં અગાથા ક્રિસ્ટીના બે પાત્ર હરક્યુલ પોઈરો અને મિસ માર્પેલને સસ્પેન્સના ચાહકો ક્યારેય ભૂલી નહીં શકે. યુનેસ્કોની નોંધ પ્રમાણે વિશ્વનાં સૌથી વધુ અનુવાદિત લેખક એટલે અગાથા ક્રિસ્ટી. એમની નવલકથા 'ઍન્ડ ધેન ધેર વેર નન' વિશ્વની સૌથી વધુ, દસ કરોડ નકલ, પુસ્તક છે. એમનું નાટક 'માઉસ ટ્રેપ'ના નામે સૌથી વધુ સમય ચાલવાનો વિશ્વ-વિક્રમ છે. આ નાટક ૧૯૫૨થી લંડનમાં સતત ભજવાઈ રહ્યું છે. તેમણે મેરી વેસ્ટકોસ્ટના ઉપનામથી પણ છ નવલકથા લખી હતી.

બ્રિટનના રાણી એલિઝાબેથ બીજાએ સાહિત્યમાં અનન્ય પ્રદાન બદલ લેખને રાષ્ટ્રીય સન્માન ડી.બી.ઈ.ની ઉપાધિ આપી હતી.

આ વિશે ઘણું ઘણું લખી શકાય પણ આપણે તેમના જીવન પછીની સિદ્ધિની અદ્ભુત વાત કહેવી છે. ભાગ્યે જ કોઈ લેખક આવું કરી શક્યા હશે. ૧૯૭૬ના જાન્યુઆરીમાં ૮૫ વર્ષની ઉંમરે અગાથા ક્રિસ્ટીએ પાત્રો અને વાચકોનો સાથે છોડીને અનંતની યાત્રાએ નીકળી પડ્યાં હતાં. એના દોઢેક વર્ષ બાદની ઘટના પર ફોક્સ કરવું છે.


૧૯૭૭માં કતારથી લંડન જતા વિમાનમાં એક આરબ પરિવાર ખૂબ તાણમાં હતો. એમની ૧૯ વર્ષની બાળકીની તબિયત ખૂબ નાજુક હતી. દિવસે-દિવસે હાલત નાજુક થઈ રહી હતી એટલે આખરી આશારૂપે બચ્ચીને લંડન જવાઈ રહી હતી.

જાણીતી સંસ્થા એ.પી. (એસોસિએટેડ પ્રેસ)ના દ્વારા લંડનની ડેટલાઈન સાથે ૨૩મી જૂન, ૧૯૭૭ના રોજ બ્રિટિશ જર્નલ ઑફ હૉસ્પિટલ મેડિસિનને ટાંકીને આ અહેવાલ પ્રગટ થયો હતો.

લંડનની ખૂબ જાણીતી હેમરસ્મિથ હૉસ્પિટલમાં બાળકીને દાખલ કરાયા બાદ વડીલોના શ્વાસ થોડા હેઠાં બેઠા ને આશાના દીવામાં વધુ તેલ ઉમેરાયું. અહીં નિષ્ણાત તબીબો, આધુનિક ઉપકરણો અને લેટેસ્ટ સારવાર છતાં માસૂમની તબિયતમાં જરાય સુધારો થતો નહોતો. ઉલ્ટાની હાલત વધુ કથળતી લાગતી હતી. એનું બ્લડપ્રેશર સતત વધી રહ્યું હતું. ને શ્વાસ લેવામાં તકલીફ વધી રહી હતી. એ અંતિમ શ્વાસ લેવા ભણી જઈ રહી હતી. સૌથી મોટી કઠણાઈ હતી કે ભલભલા ડૉક્ટર નિદાન નહોતા કરી શકતા કે બચ્ચીને થયું છે શું? અને કોઈ સારવારને પ્રતિસાદ આપતી નહોતી. મેડિકલ સાયન્સની જાણે મર્યાદા આવી ગઈ હતી. તબીબો ય લાચારી અનુભવતા હતા. રોગ પકડાય તો ઈલાજ કરી શકાય ને!

એ બાળકીનું બીપી વધી રહ્યું હતું, શ્વાસોચ્છ્વાસમાં મુશ્કેલી પડી રહી હતી અને વાળ ખરી રહ્યા હતા. પણ ડૉક્ટર્સ કંઈ કરી શકતા નહોતા. આ સંજોગોમાં માર્શા મૈટલેન્ડ નામની નર્સ સવારના રૂટિન ચેકઅપ માટે નીકળી. આ બાળકીની હાલત જોઈને એ એકદમ વિચારમાં પડી ગઈ. એની આંખમાં ચમક આવી ગઈ. એને લાગ્યું કે આ બાળકીને થેલિયમ ઝેરની અસર તો નહિં થઈ હોય ને! થેલિયમ પોઈઝનની ટૅક્નિકલ વિગતમાં પડવાનું રહેવા દઈએ પણ એટલું કહી શકાય કે થેલિયમ અત્યંત દુર્લભ છે. પૃથ્વીના પોપડામાં તેનું પ્રમાણ ૦.૦૦૦૦૬ ટકા છે.

પાછા આવીએ મૂળ કેસ પર. સવા સાતસો કરોડનો સવાલ એ ઊભો થાય કે ધુરંધર ડૉક્ટર્સ ન કળી શક્યા એ વાત એક નર્સને કેવી રીતે ખબર પડી! માર્શા આગલી રાત્રે અગાથા ક્રિસ્ટીની નવલકથા 'ધ પેલ હોર્સ (The Pale Horse) વાંચતી હતી. આ નવલકથામાં એક પાત્ર સાથે થેલિયમ ઝેરને લીધે થતી ઘટનાનું આબેહૂબ વર્ણન કરાયું હતું. એ પાત્રની પીડાનું વર્ણન એટલું સચોટ, અસરકારક અને સંશોધનપૂર્ણ હતું કે માર્શાને યાદ રહી ગયું.




તબીબોને માર્શા મૈટલેન્ડની વાતમાં એક શક્યતા દેખાઈ, જે એક મોટી આશા હતી, પરંતુ બ્રિટનમાં થેલિયમ જવલ્લે જ દેખાય કે મળે. આને લીધે હૉસ્પિટલમાં થેલિયમ સંબંધી ટેસ્ટ કરવાની સુવિધા જ નહોતી. સ્કૉટલેન્ડ યાર્ડે ફટાફટ તપાસ કરતા જાણી લીધું કે થેલિયમ સંબંધી પરીક્ષણ કરી આપતી મેડિકલ લેબોરેટરી કંઈ છે ને ક્યાં છે?

માર્શા મૈટલેન્ડને આગાથા ક્રિસ્ટીના પાત્રના વાળ ખરી પડવાની વાત બરાબરની યાદ રહી ગઈ હતી અને એ વાત જ બાળકીને બાલબાલ બચાવી લેવામાં નિમિત્ત બનવાની હતી. બાળ-તજજ્ઞ ડૉ. વિક્ટર ડુબોવીઝેને સૂઝ્યું અને તેણે સ્કૉટલૅન્ડ યાર્ડની મદદ માગી. એક તબીબને સ્કૉટલૅન્ડ યાર્ડ પોલીસનો વિચાર આવ્યો. એ કેવો ગજબ યોગાનુયોગ?! સ્કૉટલૅન્ડ યાર્ડે તો વોર્મવુડ સ્ક્રબ્સ જેલમાં કેદ ભોગવતા થેલિયમ એક્સપર્ટનો સંપર્ક પણ સાધ્યો. આ કેદીએ પણ થેલિયમ ઝેરની અસરનું વર્ણન કર્યું.

આ સાથે જ ટેસ્ટના પરિણામ આવી ગયા ને થેલિયમ ઝેરની અસર હોવાનું સમર્થન મળી ગયું. તબીબોને જાણવા મળ્યું કે આ બાળકીના ઘરમાં વાંદા અને ઉંદરને મારવા માટે થેલિયમનો ઉપયોગ કરાતો હતો. ત્યારબાદ નવા નિદાન અને નિષ્કર્ષને લાગતી સારવાર શરૂ થઈ - અને ત્રણેક અઠવાડિયામાં બાળકીની તબિયતમાં થતો નોંધપાત્ર સુધારો ઊડીને આંખે વળગવા માંડ્યો. ચારેક મહિનાની સારવાર બાદ આ માસૂમને હૉસ્પિટલમાંથી રજા અપાઈ અને એ માતા-પિતા સાથે વતન કતાર જવા રવાના થઈ.

કલ્પના કરો કે અગાથા ક્રિસ્ટીએ પૂરેપૂરા સંશોધન સાથે 'ધ પેલ હોર્સ' ન લખી હોત તો? અને નર્સ માર્શા મૈટલેન્ડે એ ન વાચી હોત તો? અને અને... માર્શા એ જ હૉસ્પિટલમાં નોકરી કરતી ન હોત તો? કતારની બાળકીની હથેળીમાં આયુષ્ય-રેખા લાંબી હશે જ. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સંનિષ્ઠ પત્રકાર ને ગઝલકાર કુતુબ ‘આઝાદ’

## કેવા પ્રણયના પંથે અનુભવ થયા હતા
## નિદ્રામાં હું હતો ને દરદ જાગતાં હતાં

ગુજરાતી ગઝલની વિશેષતા એ છે કે એ ફક્ત નગર કે મહાનગરમાં ફૂલીફાલી નથી પણ નાનાં નાનાં શહેરોમાં, નગરોમાં અને ગ્રામ વિસ્તારોમાં પણ પોતાના મજબૂત મૂળિયાં નાખીને ઘટાટોપ બની છે. પછી એ જામનગર, ભાવનગર, જૂનાગઢ, માંગરોળ, પાજોદ ધ્રોળ, મોરબી, સુરેન્દ્રનગર, રાંદેર, સૂરત, ભરૂચ, વટવા વગેરે નગરોમાં વિસ્તરી ગઈ. મુશાયરાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. એ વખતે આ બધાં શહેરો બહુ જ નાનાં હતાં. અત્યારના એક પરાવિસ્તાર જેટલા પણ નહીં. આવી રીતે અમરેલી જિલ્લાના બગસરામાં કુતુબ આઝાદ નામના શાયરે જીવાતા જીવનની આબેહૂબ તસ્વીર સમી ગઝલો લખી. ગઝલવેદો પાંચથી છ દાયકા સુધી કાર્યરત રહ્યા.

ગુજરાતના મૂર્ધન્ય ગઝલકાર મરીઝ પછી આવે છે જનાબ કુતુબ આઝાદ. જેમનું પ્રદાન ખૂબ બહોળું છે. બગસરામાં થાણું. વ્યવસાય શિક્ષણથી લઈને પત્રકારિતા. એમનું ‘તમન્ના’ નામનું સામયિક બસગરા જેવા નાના નગરમાંથી વર્ષોથી એકધારું પ્રકટ થઈ રહ્યું છે. અત્યારે એમના પુત્ર અને શાયર તુરાબ હમદમ ‘તમન્ના’ સંભાળે છે. કુતુબભાઈ જીવનના વિશ્વ વિદ્યાલયમાં દરેક ક્ષેત્રે ઘડાઈને જ્ઞાનપુત થયા હતા. એ કવિ, પત્રકાર, શિક્ષણવિદ્, સમાજસેવક અને ઘણા નવોદિત ગઝલકારોના માર્ગદર્શક હતા. જીવનના અંતરંગ અનુભવોનું ભાથું હતું.

લોકોને નિકટતાથી જોયા હતા એટલે એમની રચનાઓમાં સચ્ચાઈનો રણકો છે. છ એક ગઝલસંગ્રહો આપ્યા છે. પ્રથમ ગઝલ-નઝમ-મુક્તક સંગ્રહ ‘આગ અને બાગ’ પ્રકટ થયો. કવિ બરકત વીરાણી ‘બેફામ’ કહે છેઃ એમણે (કુતુબ આઝાદ) પદ્યના પદાર્થમાં પોતાના મન અને હૃદયના સુવાસ અને ઉજાસ આપ્યા છે. શબ્દ અને અર્થની સંપત્તિ અને સમૃદ્ધિનું ગુજરાતને સમર્પણ કર્યું છે. ગઝલ ક્યારે મળે? કુતુબભાઈનો જવાબ યાદ રાખવા જેવો છેઃ

*તુજને નિહાળવાની યુગ-જૂની ઝંખનાઓ*
*આંખોમાં ઝળહળે છે, ત્યારે ગઝલ મળે છે.*

એમની ૧૯૭૬માં ‘કુમાર’માં પ્રકટ થયેલ ગઝલોમાં શ્રેષ્ઠ ગઝલ તરીકે પુરસ્કૃત થયેલી ગઝલનો ‘મત્લો છેઃ

*ભ્રમરના સંગમાં રંગે નથી થાતાં સુમન કાળાં*
*ગિરિની શ્યામ છાયાથી કદી ના થાય વન કાળાં*

પરંપરાના જમાનામાં પોતાની ગઝલોને બિબાંઢાળથી બચાવીને કુતુબ આઝાદે ગઝલના વિશિષ્ટ ભાવ ઉપરાંત ખુવારી, ખુમારી, સ્નેહ, સમર્પણ, શ્રમ, દેશદાઝ, સંગઠન, સંઘબળ, એકતા, માનવપ્રેમ વગેરે લાગણીઓ રમતી કરી. મહત્ત્વની વાત એ છે કે એમણે કલ્પનાની કલાને જીવનની કલા બનાવી. એમની ભાષાશુદ્ધિ અને માવજત ધ્યાન ખેંચે છે જેમ કે

*અભિનય થાય છે જાણે અજાણ્યે વિશ્વ તખ્તા પર,*
*જીવન-નાટક છે રોજિંદું ને પડદા રોજ બદલે છે*
*શમ્મા તો એકની એક જ બળે છે રાત વેળાએ*
*સમર્પણ પ્રાણ કરવાને પતંગા રોજ બદલે છે.*

* * *



*આમ તો ચારે તરફ દીવાલ પથ્થરની હતી*
*પણ વાત જે ફૂટી ગઈ એ વાત ઘરની હતી*

* * *

*ભણકાર આગમનના સતત એમ આવશે*
*હમણાં જ જાણે દ્વાર પર કોઈ ખટખટાવશે*
*આવી હવાઓ લઈ જશે ગુલશનથી દૂર દૂર*
*ફૂલો સુવાસ ક્યાં સુધી દિલમાં છુપાવશે*

* * *

*કેવા પ્રણયના પંથે અનુભવ થતા હતા*
*નિદ્રામાં હું હતો ને દરદ જાગતાં હતાં*

* * *

*મનમાં ઓછું લાવીએ શી વાતનું?*
*જિંદગી છે નામ ઝંઝાવાતનું.*

જિંદગીની વ્યથા અને વિષમતા એમને નાની વયથી અનુભવવી પડી. પરંતુ આ વિકટ માર્ગમાંથી વિચલિત થયા વગર એમને કરતા ઝાળ કરોળિયાની જેમ દર વખતે સખ્ત પરિશ્રમથી અને આવડતથી રસ્તો કાઢ્યો.

દુઃખ દર્દને હાવી થવા ન દીધા એટલે એમના જીવનમાં કે કવનમાં ક્યાંય કડવાશ નથી. એમણે હંમેશાં જીવનદર્શી રહીને શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને એક સફળ કેળવણીકાર બની રહ્યા.

સામાજિક ક્ષેત્રો પણ એમનો ધર્મ અને મર્મ માનવતાલક્ષી જ રહ્યો તેથી કોઈ ભેદભાવ વગર એમને અત્ર, તત્ર અને સર્વત્ર માનપાન મળતા રહ્યા. સમાજની વિષમ પરિસ્થિતિમાં એમનું કાળજું કંપી ઉઠે છે. એમની સામાજિક નિસ્બતમાં સર્વજન હિતાયની ભાવના ભળી છે એટલે એ કહે છેઃ

*સાચા સંબંધ હો તો કાયમ નભી જવાના*
*પાખંડ પર રચેલા મહેલો ઢળી જવાના*
*ઈશ્વરની આંખ આજે શોધી રહી છે માણસ*
*સોગંધ કોઈ તો લો માણસ થઈ જવાના*

* * *

ગઝલના તગઝ્ઝૂલના રંગને એમણે સુપેરે ગાયો છે અને તસવ્વુફના સૂફી રંગને ફકીરોની અદાથી નિજમાં સમાવ્યો છે. વિરહના અનેક પ્રકારના ધૂપછાંવની લીલીસુકીના રંગમાંથી એ પસાર થાય છે અને રોદણાં રોયા વગર તારસ્વરે વિરહને ઘૂંટ્યો છે. મિલનના અને વિરહના, રંગના અને ભગવા રંગના કેટલાક શેરો જોઈએઃ

*એ ઘડીઓ મિલનની ઘડીઓ હતી*
*પ્રેમ ઉત્સવ હતો ને ખુશીઓ હતી*
*મારો પાલવ છલોછલ હતો પ્રેમથી*
*તારા પાલવમાં પણ લાગણીઓ હતી*
*હા, ગુલાબી ગુલાબી એ મોસમ હતી*
*રંગ ભીની હતી રાત માઝમ હતી*
*હર્ષ અશ્રુ ટપકતાં હતા આંખથી*
*ફૂલ ગાલો ઉપર જાણે શબનમ હતી.*
*એ હતા પ્રાણ પ્યારા મિલનના દિવસ*
*યાદ આવે છે તારા મિલનના દિવસ*
*ખીલી’તી વસંતો તમારાજ પગલે*
*તમે વહી ગયા ને હવે પાનખર છે*

* * *

ગુજરાતના અગ્રગણ્ય ગઝલકાર અમૃત ઘાયલ સાહેને નોંધ્યું છે કે ‘બહુમુખી પ્રતિભા શક્તિ ધરાવતા તમન્ના તંત્રી કુતુબ આઝાદ મારા જૂના મિત્ર છે. કુતુબ આઝાદ પૂરા ચાર દાયકાથી પત્રકારત્વ અને ગુજરાતી ગઝલ સાહિત્યની ખંતથી સેવા કરી રહ્યા છે કુતુબ આઝાદના સમર્પણ અને નમ્રતા ઉપરના નીચેના બે અશઆર આપણી દૃષ્ટિ સમક્ષ સમર્પણ અને નમ્રતાની જીવંત મૂર્તિ સાકાર થાય છેઃ

*સમર્પણ એજ ઊંચાઈ ઉપર જાવાનું સાધન છે*
*નદીને જાત ન્યોછાવાર કરી સાગર થવાનું છે*
*શીખી લો નમ્રતાના પાઠ કોઈ વૃક્ષ પાસેથી*
*ફળે ત્યારે નથી નાનપ અનુભવતાં નમન કરતાં*

* * *

■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ઉંમર આપણને ‘કેદ’ કરી રાખે કે આપણે ઉંમરને ‘કેદ’ કરવી?

થોડા દિવસો અગાઉ એક રેસ્ટોરાંમાં ૯૪ વર્ષના રમાબહેન રાજાણી સાથે મુલાકાત થઈ ગઈ. રમાબહેન એમનાં સંતાનો સાથે નાઈજીરિયામાં રહે છે. પોરબંદરના વતની રમાબહેન નાની ઉંમરથી જ કુટુંબ સાથે વિદેશમાં સ્થાયી થયાં હતાં. હું એક મિત્ર સાથે જૂહુની એક રેસ્ટોરાંમાં ગયો ત્યારે રમાબહેન એમના ૭૨ વર્ષીય પુત્ર નીતિનભાઈ અને ૭૬ વર્ષીય પુત્રી સાથે ડિનર માટે એ જ રેસ્ટોરાંમાં આવ્યાં હતાં.

પુત્ર નીતિનભાઈએ કહ્યું કે ‘અમે દર વર્ષે બાનું મેડિકલ ચેકઅપ કરાવવા મુંબઈ આવીએ છીએ. થોડા દિવસ મુંબઈ અને ગુજરાતમાં ફરતા પણ જઈએ છીએ.’

રમાબહેને પુત્ર અને પુત્રી સાથે ડિનર માણ્યું. અને પછી એ ત્રણેએ આઈસક્રીમ પણ ખાધો.

‘૯૪ વર્ષની ઉંમરે આટલા તંદુરસ્ત કઈ રીતે રહી શકો છો?’ એવો સવાલ સ્વાભાવિક રીતે મેં એમને કર્યો ત્યારે એ હસી પડ્યાં. એમણે કહ્યું, ‘બેટા, જે કંઈ છે એ મનનું છે અને હું સારા વિચારો સાથે જીવું છું એટલે આ ઉંમરે પણ તંદુરસ્ત છું.’

વાતવાતમાં એમણે કહ્યું કે ‘અમારા વડીલોએ વતનની બાજુમાં આદિત્યાણા ગામમાં એક હવેલી પણ બનાવી છે.’

મારી સાથે મારા મિત્ર પરેશ બઉઆ હતા એમની બેગમાં ભાગવદ ગીતાનું એક નાનકડું પુસ્તક હતું એ એમણે રમાબહેનને ભેટરૂપે આપ્યું એટલે રમાબહેન ખુશ થઈ ગયાં. પછી તો અમે વાતોએ વળગ્યાં.

રમાબહેનને જોઈને મને થયું કે લોકો જિંદગી પ્રત્યે બહુ ફરિયાદો ન રાખે અને સકારાત્મક અભિગમ સાથે જીવે અને પોતાની ઉંમરને પોતાના જીવન પર હાવી ન થવા દે તો ગમે એટલી ઉંમરે પણ સ્વસ્થ અને તંદુરસ્ત જીવન માણી શકે.

થોડા દિવસો અગાઉ જ એક જૂના મિત્રએ ૮૫ વર્ષીય બિરજુ મહારાજ અને ૫૩ વર્ષીય અભિનેત્રી માધુરી દીક્ષિતનો એક વીડિયો મોકલ્યો હતો. એ વીડિયોમાં માધુરી દીક્ષિત ‘પિયા તોસે નૈના લાગે રે...’ ગીત પર અદ્ભુત નૃત્ય કરે છે અને પછી બિરજુ મહારાજ પણ માધુરી દીક્ષિત સાથે નૃત્યમાં જોડાય છે અને આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી સ્ફુર્તિથી બિરજુ મહારાજ માધુરી સાથે નૃત્ય કરે છે.

જો બિરજુ મહારાજે પોતાની ઉંમર સ્વીકારી લીધી હોત તો એ આ ઉંમરે સક્રિય ન રહી શક્યા હોત અને ૮૫ વર્ષની ઉંમર વટાવી ગયા પછી આટલી સ્ફુર્તિથી નૃત્ય ન કરી શકતા હોત!



૯૪ વર્ષી રમાબહેન સાથે પુત્રી (૬૭) અને પુત્ર (૭૨)

ઘણા લોકો જીવનના ૫૦ વર્ષ પૂરા કરે પછી બોલતા થઈ જાય કે ‘હવે તો ઉંમર થઈ ગઈ, હવે વનપ્રવેશ થઈ ગયો કે હવે તો નિવૃત્ત થવાનો સમય નજીક આવી ગયો.’ એવા લોકો સ્વાભાવિક રીતે સ્ફુર્તિભેર કશી પ્રવૃત્તિઓ તો ન કરી શકે, પણ એમની આજુબાજુના લોકોને પણ નિરાશાજનક વિચારો તરફ પ્રેરે.

માણસ મનથી પોતાની ઉંમરને પોતાના જીવન પર વર્ચસ ન જમાવવા દે તો કેવી રીતે જીવી શકે એના ઘણાં દ્રષ્ટાંતો આપણી સામે છે. ગઈ સદીના વિખ્યાત અભિનેતા દેવ આનંદ જીવનના નવમા દાયકામાં પણ અત્યંત સ્ફુર્તિ સાથે કામ કરતા કે જોવા મળતા હતા.

એક વાર મુંબઈ એરપોર્ટ પર દેવસા’બ મને મળી ગયા. એ વખતે ઈર્ષા જાગે એવી યુવાન કરતાં પણ બમણી ઝડપથી એ સડસડાટ ચાલી રહ્યા હતા.!

આવો જ કિસ્સો વિખ્યાત લેખક કાન્તિ ભટ્ટનો છે. કાન્તિભાઈએ ૮૯મા વર્ષમાં પ્રવેશ કર્યો પછી ટૂંકી બીમારી બાદ એમનું અવસાન થયું હતું, પરંતુ એમનાં મૃત્યુના ૪૮ કલાક અગાઉ સુધી એ સક્રિય રહ્યા હતા અને એમની કોલમનો લેખ પણ એ દિવસે એમણે લખ્યો હતો.!

વર્ષો અગાઉ હું એકવાર કાન્તિભાઈ સાથે નરિમાન પોઇન્ટના ‘દલામલ ટાવર’માં ગયો હતો. એ વખતે જ ઈલેક્ટ્રિસિટી જતી રહી એટલે બીજા બધા લિફ્ટ પાસે મોં વકાસીને ઊભા હતા. એ વખતે કાન્તિભાઈ મારો હાથ ખેંચીને કહ્યું, ‘ચાલ, તેર જ માળ ચડવાના છે ને!’ અને એ સડસડાટ તેર માળ ચડી ગયા ત્યારે એમની આયુ હતી ‘માત્ર’ ૬૫ વર્ષ !.

વર્ષો અગાઉ એક જાહેરાત આવતી હતી, જેમાં મુંબઈના રસ્તા પર એક યુવાન ‘બેસ્ટ’ની ડબલડેકર બસ પકડવા માટે હાંફતા-હાંફતા દોડી રહ્યો હોય છે એ વખતે એ બસના દરવાજે સળિયો પકડીને ઊભેલો એક વૃદ્ધ માણસ પેલા તરફ હાથ લંબાવે છે અને એને બસમાં ખેંચી લે છે. એ પછી સ્ક્રીન પર શબ્દો આવતા હતા કે ‘બીસ સાલ કા બુઢ્ઢા યા સાઠ સાલ કા જવાન!’

વીસ- ત્રીસ કે ચાલીસ વર્ષની ઉંમરે વૃદ્ધ થઈ જવું છે કે સિત્તેર, એંસી કે નેવું વર્ષની ઉંમરે પણ યુવાન રહેવું છે એ આપણા વિચારો પર આધાર રાખે છે.

અમેરિકામાં ૯૫ વર્ષીય ગુજરાતી મહિલા લક્ષ્મીબહેન આ ઉંમરે પણ કાર ચલાવીને એકલા જતાં હોય છે. એવી રીતે ન્યૂજર્સીમાં ૯૩ વર્ષીય ગુજરાતી બિઝનેસમેન એચ.કે શાહના મને લંચ પર લઈ ગયા ત્યારે વાતો કરતી વખતે ખબર પડી કે એમની ઉંમર આટલી મોટી છે એટલે મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું તો એમનાં પત્નીએ કહ્યું કે ‘એ તો આ ઉંમરે પણ જાતે કાર ચલાવીને ઓફિસે જાય છે.’ એમનાં પત્ની પણ અત્યંત સ્ફૂર્તિલા હતાં. અમે મળ્યા એ વખતે અમારા કોમન ફ્રેન્ડ નીતિનભાઈ સાથે હતા. નીતિનભાઈની ઉંમર પણ ૭૦ વર્ષની છે એ મને ત્યારે ખબર પડી હતી!

ઉંમર આપણાને ‘કેદ’ કરે કે આપણે ઉંમરને ‘કેદ’ કરી એના પર હાવી થવું? આ સવાલનો જવાબ આપણા વિચારો પર આધાર રાખે છે. ઘણા માણસો યુવાન હોય છતાં પણ મરતા-મરતા કામ કરતા હોય એવું લાગે અને ઘણા વૃદ્ધ (અને ઘણા તો વયોવૃદ્ધ!) માણસો ગજબની સ્ફુર્તિ સાથે જીવતા હોય છે.

■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# નંબર વનનો નશો અનેરો... ઘેઘૂર ઘમંડ ઘનેરો!

*ટાઇટલ્સઃ*

***શેરબજારનો નંબર ને જંગલમાં બંદર, ઉછળ્યા જ કરે.*** (છેલવાણી)

એક અતિ-શ્રીમંત સ્ત્રી બેંક-મેનેજર પાસે ફકત ૨૫,૦૦૦ રૂ.ની અર્જંટ લોન માગે છે, કારણ કે એને ગોવા ફરવા જવું છે.

મેનેજરે પૂછ્યું, ‘ગેરેંટીમાં શું આપશો?’

પેલી સ્ત્રીએ કહ્યું, ‘મારી ૪૦ લાખની મર્સિડીઝ કાર, ચાલશે?’

મેનેજરને નવાઈ લાગે છે કે ૨૫,૦૦૦ જેવી રકમ માટે ૫૦ લાખની કાર કોઈ ગીરવે મૂકે ખરું?

પછી ઊંચાં વ્યાજ મળવાની લાલચથી એ હા પાડી દે છે અને ગાડીના પેપર્સ વગેરે જોઇને ૨૫૦૦૦ રૂ. આપી દે છે.

એક મહિના પછી એ સ્ત્રી, બેંકમાં આવીને ૨૫૦૦૦ રૂ. મુદ્દલ અને વ્યાજનાં રૂપિયા ચૂકવીને પોતાની મર્સિડીઝ કાર છોડાવે છે.

મેનેજરે આશ્ચર્યથી પૂછ્યું, ‘મેડમ, તમારા જેવી શ્રીમંત સ્ત્રી માત્ર ૨૫૦૦૦ રૂ.ની લોન માગે એ વાત ગળે ઊતરતી નથી!’

ત્યારે પેલી સ્ત્રીએ હસીને કહ્યું, ‘બહુ ભોળા છો તમે. આ મુંબઈ જેવા શહેરમાં માત્ર ૫૦૦૦ રૂ.માં આખો મહિનો મને કાર પાર્ક કરવા જગ્યા ક્યાં મળત? અહીં માત્ર ૫૦૦૦ રૂ.માં ૧મહિના સુધી મારી કાર આરામથી સચવાઈ ગઈ... બાકી અહીં લોન કોને જોઈતી’તી?!’ બોલો, આવો નંબર - ૧ આઈડિયા હજી સુધી કોઇને આવ્યો છે?

વાત પાર્કિંગની હોય, પ્રેમની હોય, પૈસાની હોય કે સત્તાની, આ સંસારમાં સૌને નંબર-૧થવું છે-માણસને, રાજ્યને, ભાષાને, સમાજને, નેતાને કે દેશને.. સૌની એક જ હરણફાળ છે કે નં.૧ થઇને છવાઇ જઇએ. બિલ્ડિંગમાં ‘સૌથી પહેલું પાર્કિંગ મારું જ’ જેવી નજીવી લાગતી વાતે શહેરોમાં કાર બાળવા-તોડવાથી લઇને જાનલેવા મારામારી સુધી પહોંચી જાય છે. સૌને મકાનમાં પહેલું પાર્કિંગ-ભણવામાં- નોકરીમાં પહેલો નંબર ને જીવનમાં પહેલું સ્થાન જોઇએ છે. ‘પહેલા આવવું’ એ જાણે સમાજનો જાનલેવા ઓક્સિજન છે.

કૈવેલરીના પવર્ત પર ઇશુ ખ્રિસ્તને શૂળીએ ચઢાવવામાં આવ્યાં એ પછી ભક્ત જોસેફે જોયું કે એક બીજો માણસ માથા પછાડી રહ્યો હતો. જોસેફે એને કહ્યું : ‘રડ નહિ, ઈશુ જેવા પયગંબર સાથે આવું થતું જોઈને દુઃખ થાય પણ એમાં..’ પેલાએ એને અટકાવીને કહ્યું :

‘હું ઇશુ માટે આવું નથી કરતો. અરે, ઇશુ જેવાં જાદૂ તો મને પણ આવડે છે! મેં પણ પાણી પર ચાલીને દેખાડ્યું છે, ભૂખ્યાની ખાલી થાળીમાં રોટલી ટપકાવી છે, છતાં લોકોએ મને કેમ શૂળીએ ના ચઢાવ્યો?’




ઓસ્કાર વાઇલ્ડની આ લઘુકથામાં માનવમનની ચાવી છુપાયેલી છે. દુનિયામાં સૌને નં.૧બનવું છે પછી એ સિંહાસન પર બેસવાનું હોય કે શૂળી પર ચડવાનું હોય.

નં.૧ની આ દોડ યુગોથી પતતી જ નથી. એનો સૌથી તાજો નમૂનો છે ટ્રમ્પકાકા-જગત ચાચાનો....આ અમેરિકાના પ્રેસિડન્ટને લાગે છે કે હું દુનિયાનો નંબર ૧ શક્તિશાળી માણસ છું ને મારે કારણે આખી દુનિયા ચાલે છે... મારા કહેવાથી જ ભારત-પાક ઘર્ષણ હોય કે રશિયા- યુક્રેન, ઇરાન-ઇઝરાયલનાં યુદ્ધ અટકી જશે. કોવિડથી લઈને ઈકોનોમી સુધી એ જાતજાતનાં ફતવા બહાર પાડ્યે રાખે છે. આ આજના સમયના સૌથી પાવરફુલ માણસનું એ સત્ય છે.

આપણે ત્યાં નં.૧ આવવું એ જ આપણાં અસ્તિત્વની ઓન-ઓફ સ્વિચ બની બેઠી છે. આપણે! બધાં જ એક અદૃશ્ય સંગીત-ખુરશીની ગેમ રમી રહ્યાં છે, સૌને ખુરશી પર સૌથી પહેલાં ધબ્બ દઇને બેસી જવું છે. તમે માર્ક કરજો કે એરપોર્ટ પર જેવી ફલાઇટની સૂચના સંભળાય કે ફલાઇટ પકડવાં તરત જ ૧૫૦ લોકો દોડીને લાઇન લગાવશે, જાણે વહેલાં જઇને સીટ નહીં પકડાય તો ઊભા-ઊભા જવું પડશે...! એટલું જ નહીં, વિમાન લેંડ થાય અને દરવાજા ખૂલે એ પહેલાં જ બધાં ઉપરથી સામાન ખેંચીને બ્હાર દોડવા ધક્કામુક્કી કરશે જાણે બહાર જઇને બોર્ડર પર લડવા જવાનું હોય! આવું જ ટ્રેનમાં સૌ દોડીને અંદર ઘૂસશે.

***ઇન્ટરવલઃ***

***દમાદમ મસ્ત કલંદર,***
***અલી દા પહેલા નંબર..*** (સિંધી પારંપારિક)

એક લેખકે મોટો ગુનો કર્યો. રાજાએ એક વર્ષ જેલની સજા ફરમાવી. મંત્રીએ કહ્યું, ‘મહારાજ, સજા ઓછી છે.’ રાજાએ સજા ૨ વર્ષની કરી. મંત્રીએ ફરીથી કહ્યું, ‘આ સજા પણ ઓછી છે.’ રાજાએ ફરી લેખકની સજા વધારી. સજા વધતાં વધતાં ફાંસીએ પહોંચી. મંત્રીએ કહ્યું, ‘મહારાજ, ફાંસીથી પણ આ લેખક પર અસર નહીં થાય.’

રાજાએ પૂછ્યું, ‘ફાંસીથી વધારે શું?’

મંત્રીએ કહ્યુંઃ ‘આ લેખકની સામે એનાં હરીફનું નામ ‘નંબર -૧’ લેખક તરીકે જાહેર કરી દો. આનાથી મોટી કોઇ સજા લેખક માટે કઇ હોય? લેખક, જીવીચે નહીં શકે કે મરીચે નહીં શકે! !’

ઇશ્કમાં પણ ‘પહેલી નજર’ કે ‘પહેલાં પ્રેમ’ને આપણે વધારે જ ભાવ આપ્યો છે. ચાંદ પર પહેલાં કોણ પહોંચે એ માટે રશિયા-અમેરિકામાં હોડ લાગેલી. પછી જ્યારે અમેરિકા પહેલીવાર પહોંચ્યું તો રશિયાએ અફવા ઉડાડી કે અમેરિકનો ચાંદ પર ગયાં જ નથી. કોઇ ફિલ્મી સ્ટુડિયોમાં ચાંદનો સેટ લગાવી ખોટે-ખોટે શૂટિંગ કર્યું છે!

અરે, ટીવી-ચેનલો આજે સૌથી પહેલાં સમાચાર બ્રેકિંગ ન્યૂઝ, આપવાની હોડમાં સમાચારને ચેક કર્યાં વિના સમાજની સંવેદના બુઠ્ઠી કરી નાખી છે.

આપણે સૌ તો ઠીક, ભલભલા જ્ઞાનીઓ પણ એ વાત કેમ ભૂલી જાય છે કે આખરે તો આપણે સૌ સમય નામનાં સમુદ્રમાં નાની-મોટી લહેર છીએ. કોઇ મોટું મોજું છે તો કોઇ નાનું. દરેક મોજાંએ ઉપર જઇને નીચે આવવાનું જ છે. અનંતનાં અંક ગણિતમાં કોઈ નંબર-૧ હોય કે નંબર-સવા લાખ... શું ફરક પડે છે?

***એંડટાઇલ્સઃ***

***આદમઃ મને ૫૦૦રૂ.ની લોટરી લાગી.***
***ઇવઃ એ તો ઠીક.. પણ એમાં પહેલો અડધો ભાગ અર્ધાંગિનીનો કાઢ!***

■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# રસ્તા તૂટવાના તો દૂર... એના પર તિરાડ સુધ્ધાં નથી પડતી!

## રોડ ડેવલપમેન્ટ ટેક્નોલોજીનું અવનવું

વડોદરા નજીકનો જર્જરિત ગંભીરા બ્રિજ તૂટી પડતા છ-છ દિવસ સુધી એમાં સપડાયેલાનું રેસક્યૂ ઑપરેશન ચાલ્યું..,. દર ચોમાસે આપણા રસ્તાઓ મંગળગ્રહની સપાટી જેવા બની જાય છે. નેશનલ હાઈવે હોય કે સ્ટેટ, ગ્રામ્ય વિસ્તારનો રોડ હોય કે સ્માર્ટસિટીના રસ્તા. માર્ગની ખરી કસોટી ચોમાસામાં થાય છે. પ્રોજેક્ટ વખતે કેવી અને કેટલી સામગ્રી કેમ વાપરી છે એનો રિપોર્ટ વરસાદ આપે છે. બ્રિજનિર્માણ વખતે ડાઈવર્ટ કરેલા રસ્તાઓની હાલત પણ મગરની પીઠ જેવી હોય છે, કારણ કે એ ડાયવર્ઝન કાયમી નથી હોતું. હંગામી ધોરણે બનાવેલું હોય છે. બ્રિજ પરથી પસાર થતા પણ ચોક્કસ મીટરના અંતરે ધ્રુજી જતું વાહન એ અનુભૂતિ કરાવે છે કે, ગાડી બ્રિજ પરથી પસાર થઈ રહી છે. ઘણીવાર ખાડાના કારણે જીવલેણ અકસ્માત થાય છે. દુનિયાના સૌથી વિશાળ અને શ્રેષ્ઠ રોડ નેટવર્કને લઈ દાવા અનેક થાય પણ હકીકત ચોમાસમાં જ ઉઘાડી પડે છે. વિકસિત રાષ્ટ્રનું આધળું અનુકરણ કરવા કરતા ત્યાંની ટેક્નોલોજી અને એમાં પણ પાયાની સવલત માટે વપરાતી ટેક્નિકને ખરા અર્થમાં સ્વીકારવા જેવી છે. રોડ નેટવર્ક મુદ્દે જર્મની અને જાપાનને કોઈ દેશ પછાડી શકે એમ નથી. જાપાન તો ભૂકંપથી ટેવાઈ ગયેલો દેશ છે, છતાં કોઈ ઈમારત જમીનદોસ્ત થઈ હોય કે ભૂકંપથી રોડ બેસી ગયો હોય એવું છેલ્લાં એક દાયકામાં નથી બન્યું.





રસ્તાઓ એક માધ્યમ છે, જે બે સેન્ટરને જોડે છે. એના પરથી દરરોજ લાખોની સંખ્યામાં વાહનો પસાર થતાં હોય છે. ગત વર્ષે જર્મનીએ માર્ગ નિર્માણને લઈને દુનિયાને ચોંકાવી દીધી. માત્ર ૧૦૦ જ દિવસમાં ૯૦ કિલોમીટરનો રસ્તો બનાવી દીધો. એ પણ બ્રિજથી લઈને સ્લોપ (ઢાળ) સુધી. રસ્તા તો દરેક દેશમાં બનતા હોય છે. આ રસ્તા બનાવવાની ટેક્નિકમાં જુદાપણું હોય છે. રસ્તા તૈયાર કરવામાં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજીમાં જર્મની અને જાપાનને ખરા અર્થમાં અનુસરવા જેવા છે. ઓછી રકમ અને વધુ ફાયદો. જાપાન દેશ ટેક્નોલોજીના મામલે ડંકો વગાડી રહ્યો છે. જાપાનના કોઈ પણ શહેરમાં રસ્તાનું નેટવર્ક કોઈ એક પેટર્ન પર આધારિત નથી,પરંતુ જે શૈલીથી રસ્તા બને છે એ જોરદાર છે.

અહીં સૌથી વધુ ટ્રાફિકથી વ્યસ્ત રહેતા રૂટ પરના રસ્તા સૌથી મજબૂત છે. મોડલ સેમ્પલ ટેક્નોલોજીથી જાપાનમાં રસ્તા બને છે, જેમાં ટીમ જમીનનો ટુકડો લઈ એના પર રસ્તા બન્યા બાદ શું થશે એનું પરીક્ષણ કરે છે. આને 'મોડલ સેમ્પલ ઈફેક્ટ' કહે છે. જ્યાં સરળતાથી જમીન ખસી જાય છે અને રસ્તાનો ભાર જમીન ઉઠાવી ન શકે ત્યાં અન્ય ટેક્નોલોજીથી કામ લેવાય છે. હવે જમીન સક્ષમ હોય અને રસ્તો બન્યા બાદ જમીનને કોઈ નુકસાન ન થતું હોય ત્યાં પ્રોજેક્ટ લેયર ટેક્નોલોજીથી આકાર લે છે.

કાયનેટિક એનર્જીનો આખો અભિગમ સૌથી પહેલા જાપાને જ ટેસ્ટ કર્યો, જેમાં માત્ર ચાલવાથી કે કૂદકા મારવાથી ઊર્જા પેદા થાય છે. એને ડાઈવર્ટ કરી જે તે વિસ્તાર સુધી પહોંચાડી સ્ટ્રીટ લાઈટ ચાલુ કરી શકાય છે. કાયનેટિક એનર્જીથ આવી સ્ટ્રીટ લાઈટ ઓછામાં ઓછી ૩૦ મિનિટ સુધી રોશની આપે છે. વધુમાં તો આખી રાત ટૂંકી પડે. જાપાનના શહેરની માર્કેટમાં ત્રિકોણ આકારની ટાઈલ્સને ચોરસ કે ડાયમંડ આકાર બને એ રીતે વ્યવસ્થિત ગોઠવી, નીચે સ્પ્રિંગ પ્રેશર જનરેટર મૂકી ઊર્જા પેદા કરવામાં આવે છે. જેમ-જેમ લોકો આ ટાઈલ્સ પરથી પસાર થાય છે એમ આ ટાઈલ્સ થોડી-થોડી નીચેની બાજું પ્રેસ થાય છે પછી ફરી પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે. ચાલતી વખતે ફીલ પણ ન થાય કે ટાઈલ્સ પ્રેસ થઈ છે. વરસાદમાં પણ પાણીથી અંદરના વાયર કે ઊર્જાના રૂટને મુશ્કેલી ન પડે એ માટે વેસ્ટ પ્લાસ્ટિકનું કોટિંગ કરવામાં આવે છે. દરેક ટાઈલ્સની વચ્ચે ચોક્કસ જગ્યા છોડવામાં આવે છે. જેથી વરસાદનું પાણી સીધું જ જમીનમાં ઊતરે. આ રસ્તાના વાયર કે ઉપકરણને ભલે ભીના કરે પણ કામ કરતા બંધ ન કરે.

ફાયદો એ થાય છે કે, આવી ટાઈલ્સ ઝડપથી તૂટતી નથી એટલે રસ્તા તૂટતા નથી. આ સમગ્ર ટેક્નોલોજીને 'પીઝો ઈલેક્ટ્રો વે' કહેવાય છે. આ જ રીતે, માન્યામાં ન આવતી વાતને શક્ય કરી બતાવી છે જર્મનીએ. જ્યાં વિશાળ જગ્યા પર બ્રિજના પિલ્લર, ઢાળ અને ડાઈવર્ઝનના વાસ્તવિક મોડલ તૈયાર કરીને ડાયરેક્ટ ઈન્સ્ટોલ કરી દેવાય છે. ન ટ્રાફિક ડાઈવર્ટ કરવાની સમસ્યા ન રોડ ખોદવાની. તો પછી જૂના રોડનું શું? બસ, એ જ એના પર આખું લેયર જ નવું કરી ઈન્સ્ટોલ કરી દેવામાં આવે છે. આ છે લેટેસ્ટ જર્મન ટેક્નોલોજી! ■

### આઉટ ઓફ ધ બોક્સ

જાપાનના દરેક શહેરમાં હોલવાળા રસ્તા છે. આ એવા ડ્રિલ કરેલા હોલ છે, જેમાંથી પાણી સરળતાથી સરકી જાય છે. જે સીધું જ જમીનમાં ઊતરે છે એટલે વરસાદ ગમે એટલો આવે પાણી ભરાતું જ નથી.!

વિશેષ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# હજુ પણ જીવિત અભંગ કવિતાઓ...



અભંગ કવિતા એક વિશેષ પ્રકારની ભક્તિ રચના હોય છે. ભૂતકાળમાં અભંગ કવિતાઓ ખૂબ લખાણી છે અને આજે પણ એનુ એટલું જ ચલણ છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં આવેલા પંઢરપૂરના મુખ્ય દેવતા વિઠ્ઠલ કે જેને ભગવાન વિષ્ણુ અને કૃષ્ણના રૂપ માનવામાં આવે છે. એમની ભક્તિ માટે અભંગ કવિતાઓ રચવામાં આવતી હતી.

અભંગ એટલે, જે તૂટે નહીં એટલે કે, અભંગ રચનાઓ એક શાશ્વત અને અમર રચના હોય છે. આ નાના નાના પદોમાં લખવામાં આવે છે અને હંમેશાં આવી કવિતા ચાર ચરણવાળી હોય છે. અભંગ કવિતાઓ ખૂબ જ સરળ અને સુબોધ ભાષામાં હોય છે જેથી કરી લોકો તેને સહજતાથી સમજી શકે. અભંગ કવિતામાં મુખ્ય સ્વર, ઈશ્વર ભક્તિ, સંત મહિમા અને જીવનની સચ્ચાઈ હોય છે. આ એવી રીતે લખવામાં આવે છે કે આને આપણે સંગીતબદ્ધ કરી શકીયે અને કીર્તન અને ભજનના રૂપમાં પણ ગાઈ શકાય. આ રચનાઓ એટલી હૃદયને સ્પર્શી જાય છે કે તેને લોકપ્રિયતાના શીખર સુધી પહોંચતા વાર નથી લાગતી. ભૂતકાળમાં અભંગ રચનાઓ ખાસ કરીને સંત કવિઓ અને ખાસ કરીને સંત તુકારામ, સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વર અને સંત એકનાથે બનાવી છે.

લોકપ્રિય અભંગ કવિતા મહારાષ્ટ્રમાં ફરીથી લોકપ્રિય થઈ રહી છે. આની લોકપ્રિયતાના વ્યાજબી કારણ હોય છે. આજના સાહિત્યિક અને સંસ્કૃતિક પરિદશ્યમાં અભંગ કવિતાઓ પર વિચાર કરવું ખરેખર જરૂરી છે કારણકે, ભલે આ પહેલાની જેમ પારંપરિક ભક્તિ રચના ન હોય પરંતુ વર્તમાનમાં આની લોકપ્રિયતાના ઘણા કારણો છે. આજના યુવાનો ભાષાની સહજતા પસંદ કરે છે. હવેના દાયકામાં કવિતા અને ગદ્ય એમ બન્નેમાં સામાન્ય ભાષા, પ્રાદેશિક ઉચ્ચાર અને બોલચાલની શૈલીનો પ્રયોગ વધી રહ્યો છે તેથી જ નવી રીતે લખાયેલી અભંગ રચનાઓ ખૂબ જ લોકપ્રિય થઈ રહી છે. અભંગ રચનાઓ ગાયન પ્રધાન હોય છે તેથી જ આને ફ્યૂઝનના રૂપે ભજન અને સૂફી લોકગાયનમાં ખૂબ વાપરવામાં આવે છે.


આજની અભંગ કવિતાઓ લોકરાગમાં રૂપાંતર થઈને યુવાનોને ખૂબ જ આકર્ષિત કરી રહી છે. કારણકે આજના યુવાનો ધાર્મિકતાની બદલે આધ્યાત્મિકતાની તરફ ખૂબ જ આકર્ષિત થઈ રહ્યા છે. તેથી જ ક્યારેક ભક્તિરસમાં બનેલી અભંગ રચનાઓ આજે આધ્યાત્મિકતાનો સાર બનીને સામે આવી છે. આજની અભંગ રચનાઓ સામાજિક ચેતનાથી સજ્જ છે જે આજની કવિતાનું મૂળ રૂપ છે. કારણકે અભંગ રચનાઓ સમતાવાદી અને જાતિ વિરોધી હોય છે. તેથી જ મહારાષ્ટ્રમાં થયેલ દલિત આંદોલનમાં મુખ્ય ભૂમિકામાં હતી અને આજે પણ આ દલિત સાહિત્યનો મહત્ત્વનો ભાગ છે. સંત તુકારામ અને નામદેવની પરંપરા આજની નવી અભંગ કવિતાઓમાં બખૂબી જોવા મળે છે. કારણકે , વચ્ચે ઘણા લાંબા સમય સુધી કવિતાઓમાંથી સંગીત ગાયબ થઈ ગયું હતું , પરંતુ અભંગ રચનાઓ ક્યારે પણ સંગીતની બહાર નથી ગઈ. તેથી જ આજે કીર્તનશૈલીનું સંગીત ગાયબ થઈ ગયું છે, પરંતુ અભંગ રચનાઓ ક્યારે પણ સંગીતથી બહાર નથી ગઈ. તેથી જ આમાં કીર્તનશૈલીનું જે સમગીત મોજુદ હોય છે તે યુવાનોને ખાસ આકર્ષિત કરે છે કારણકે આ સંગીતમાં ઉચ્ચ કોટીની સાર્વજનિક અભિવ્યક્તિ હોય છે. તેથી જ આજની પબ્લિક પ્રોયટ્રી રીડિંગ્સ, સ્લેમ પોયટ્રી અને સ્ટ્રીટ થિયેટરમાં અભંગ કવિતાઓને ખૂબ પસંદગી અપાય છે.

સાચી વાત તો એ છે કે, મરાઠી અને મહારાષ્ટ્રમાં મરાઠી મિશ્રિત હિંદીમાં અભંગ કવિતાનો દાયકો કયારેય ગયો જ નથી. દલિત સાહિત્યમાં તો ખાસ કરીને નામદેવ ઢસાલ અને કુમુદ પવાર જેવા લેખકોની કવિતાઓએ સંત નામદેવ અને તુકારામની પરંપરાનો ખૂબ જ વિસ્તાર કર્યો છે, જો આજે પણ નવા સંદર્ભો અને નવા રૂઢિપ્રયોગમાં જ મરાઠીની અભંગ રચનાઓમાં મોજૂદ છે. કારણકે મરાઠી રંગમંચ અને લોકનાટ્યમાં આજે પણ અભંગવાણી કાર્યક્રમ થાય છે જે ખરેખર તો લોકનાટકના લાંબી પરંપરા અને વિરાસતનો ભાગ છે. તેથી જ મરાઠી લોકનાટક અને રંગમંચથી જોડાયેલા લોકો ક્યારે પણ અભંગથી દૂર થયા નથી. સૌથા મોટી વાત તો એ છે કે, એક જમાનામાં મરાઠીની અભંગ રચનાઓ માત્ર મરાઠી બોલનાર લોકોને જ આકર્ષિત કરતી રહી હોય, પરંતુ આજે જ્યારે કૈલાશ ખેર, અવધૂત ગુપ્તે તેમ જ મહેશ કાલેના મ્યુઝિક બેંડમાં મોર્ડનિટીનો રંગ ભર્યો છે, તો તેની લોકપ્રિયતામાં મરાઠી અને બિન મરાઠીનો ભેદ ઘણી હદ સુધી નથી રહ્યો. આ સેલિબ્રિટી ગાયકોએ પોતાના મ્યૂઝિક બેંડ સાથે અભંગને કવિતાની સાથે લોકપ્રિય સંગીત રચનાઓના રૂપમાં નવું જીવનદાન આપ્યું છે. ખાસ કરીને કૈલાશ ખેર અને અવધૂત ગુપ્તેએ અભંગને આધુનિક ધુનમાં આપી યુવા પેઢીનું ચહેતું બનાવ્યું છે.

કોરોના કાળમાં જ્યારે સૌથી વધારે લોકો પોતાના ઘરોમાં બેઠા હતા અને સોશિયલ મીડિયા દ્વારા કવિતાઓનો નવો જમાનો પાછો આવી રહ્યો હતો, તેમાં પણ અભંગ કવિતાઓને ખૂબ જ વખાણી હતી. કવિતા વિદ્યાના રૂપમાં અભંગ કવિતાઓનો નવેસરથી વિકાસ થયો છે, જે ભક્તિની પારંપારિક વિદ્યાથી હટીને સૂફી, લોકચિંતન અને આત્મચિંતનના સામૂહિક રૂપમાં ચેતનાના એક નવા રૂપમાં અભંગ કવિતાએ નવા અનુભવ આપ્યા છે. સોશિયલ મીડિયા, યુ-ટ્યુબ, સ્ટૂડિયો,સ્ફોટીફાઈ અને યુવો બેંડના ગિટારની ધુનોમાં પણ અભંગ કવિતાઓ નવા જોશ સાથે ગૂંજી રહી છે જેનો અર્થ એ થાય કે, કવિતાની અભંગ વિદ્યા ન માત્ર જીવિત છે, પરંતુ જબરદસ્ત ઊર્જા સાથે આગળ વધી રહી છે. ■

કરિયર
કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# AIનો ગોલ્ડન પિરિયડ ચાલી રહ્યો છે...




૨૧મી સદીમાં ટેક્નોલોજી જે પ્રમાણે બદલાઈ રહી છેએમાં આર્ટિફિશિયલ ઈંટેલિજન્સ એટલે કે, એઆઈની સૌથી મોટી ભૂમિકા છે. આજે એવું કોઈ ક્ષેત્ર નથી જે એઆઈના ચમત્કારિક બનાવોથી બાકાત હોય. આજે કેરિયર જ નહીં માનવોની જીવનશૈલીના બદલાવનું સૌથી મોટું કારક એઆઈ બની ગયું છે. એઆઈ કોઈ એવી વાત નથી કે જેનો વાસ્તવમાં કોઈ આધાર નથીં, એઆઈ કોઈ પણ રીતે ખતરનાક નથી પરંતુ જો ધ્યાનથી જોઈએ અને વિચારીયે તો એઆઈ આપણા જીવનને બહેતર બનાવવાનો એક પ્રયાસ છે. આવામાં જો લોકો એ ભયમાં જીવી રહ્યાં હોય કે આવનારા દિવસોમાં એઆઈની દખલઅંદાજી અમારા ભાગની નોકરી ન લઈ લે, આ એક ખોટા ભયને લઈને જીવી રહ્યા છે. એક વાત તો નક્કી છે કે માનવીય શ્રમનો મોટોભાગ એઆઈ ઝડપી લેશે, પરંતુ ભારત જેવા દેશમાં જ્યાં યુવાઓની સંખ્યા બહુ મોટી છે અને ટેક્નોલોજી ખૂબ ઝડપથી વધી રહી છે, ત્યાં એઆઈ ડરનો વિષય ન હોવો જોઈએ,ખાસ કરીને કેરિયર માટે અને જે લોકોને એઆઈને કારણે જો પોતાની નોકરીને લઈને ભય લાગતો હોય તો તેમને આનું અધૂરું જ્ઞાન છે.

એક વાત તો નક્કી જ છે કે, એઆઈ કાંઈ પણ કરે તે માનવ નથી અને માનવો જેવું વિચારી પણ ન શકે. હા, એવા ઘણા સેક્ટર છે જ્યાં આજે પણ કામ મેકેનિકલ રીતે થઈ રહ્યું છે. તે કામોને એઆઈ જરૂરથી પોતાના કબ્જામાં લઈ લેશે, પરંતુ તે કામોને પાર પાડવા માટે માણસોની જરૂર પડશે. પરંતુ બેંકિંગ સેકટરમાં કોઈને લોન જોઈતી હોય તો એઆઈ તેને ઓટોમેટીક લોન અપ્રુવ તો કરાવી શકે છે પરંતુ લોન લેવી કે ન લેવી તે એઆઈ કોઈ વ્યક્તિને સમજાવી નહીં શકે, પરંતુ એક વ્યક્તિ જ નકકી કરી શકશે કે સમજાવી શકશે કે લોન લેવી કે ન લેવી. તેથી જ લોન અપ્રુવ જેવી ક્રિયાઓ ક્યારેય એઆઈ દ્વારા નહીં કરવામાં આવે.

એવી જ રીતે હેલ્થ કેરમાં પણ એઆઈ બેસ્ટ રિપોર્ટ આવી રહ્યાં છે પરંતુ તે રિપોર્ટને ધ્યાનમાં રાખી કોઈ ડોક્ટર મોટા નિર્ણયો લેતા નથી. કારણકે, એઆઈ એક મેકેનીકલ રિર્પોટ આપે છે તેના પરથી એ તારણ ન કાઢી શકાય કે વ્યક્તિ કેટલું સ્વસ્થ છે. એઆઈનો ત્રીજો મોટો ડર મીડિયા ક્ષેત્રને છે. લોકોનું એવું માનવું છે કે, એઆઈના આવવાને કારણે મીડિયાના બધાં જ કામ તે જ કરી નાખશે જેમકે, રિપોર્ટ બનાવવો, રિપોર્ટનું વિશ્લેષણ કરવું, જૂના રિપોર્ટના આધાર પર નવા રિપોર્ટનું વિશ્લેષણ કરી લેવું, પરંતુ સૂચનાઓની સચ્ચાઈ માત્ર રિપોર્ટ સુધી જ સીમિત નથી. જેમકે, ભારત પાકિસ્તાન સાથેના સટીક વિશ્લેષણ એઆઈ ન કરી શકે પરંતુ કોઈ અનુભવી પત્રકાર જ કરી શકે. તેથી એઆઈ બધાં જ ક્ષેત્રોમાં તેજી તો લાવશે. બેંકિંગ સેક્ટરનું પરફોર્મન્સ સારું થઈ જશે, નિર્ણયો જલ્દી લઈ શકાશે. આવી જ રીતે હેલ્થ સેકટરમાં પણ તાત્કાલિક રિર્પોટ મેળવી શકાશે અને મીડિયાના ક્ષેત્રમાં પણ એઆઈ બધાંજ કામ ઝડપથી કરી લેશે. પરંતુ અંતિમ નિર્ણય માટે એઆઈ પર સંપૂર્ણપણે આધાર નહીં રાખી શકાય. એક માનવી જ તે રિપોર્ટની આજુબાજુની સંવેદનશીલતા સમજી શકશે. તેથી જ એઆઈને કારણે કોઈની પણ નોકરી જોખમમાં નથી. કામ ફાસ્ટ થશે, પરફોર્મન્સ સારું થશે અને આ જ કારણે એઆઈ માનવીનો સહાયક બનશે, માનવીનો વિકલ્પ નહીં. એઆઈને કારણે જેટલી નોકરીઓ જશે તેનાથી ડબલ વિકસિત થશે જેમકે,

- એઆઈ ટ્રેનરની હવે દરેક ક્ષેત્રમાં જરૂર પડશે કે જે લોકોને એઆઈના ઉપયોગમાં માહિર કરી શકે.

- એવી જ રીતે ડેટા એનાલિસિસ અને ડેટા સાઈન્ટિસ્ટ જેવા નવા પ્રોફેસન્સ સામે આવશે, જેમાં બહુ મોટી સંખ્યામાં લોકોની જરૂર પડશે.

- એઆઈની મદદથી આવનારા દિવસોમાં ખૂબ બધાં ફેરફાર જોવામાં આવશે. બહુ બધી ટેક્નોલોજીનો વપરાશ થશે. આને માટે કુશળ અને પ્રશિક્ષિત લોકોની જરૂર પડશે.

દરેક ક્ષેત્રમાં ટેક્નિકલ ભાષાને એઆઈના માધ્યમ દ્વારા સમજી શકાશે. પરંતુ તે કેટલું કામ આવશે તેનો ફેંસલો આ વિષયોના જાણકાર જ કરી શકશે. એવી જ રીતે એઆઈની મદદથી કમ્પ્યુટેશનમાં તેજી આવશે અને વિશેષજ્ઞોને નિર્ણય લેવામાં સરળતાં રહેશે. જયાં સુધી ભારતમાં એઆઈના માધ્યમ દ્વારા કેરિયર બનાવવાની દોડમાં જે પણ ક્ષેત્રો માટે વાત કરવામાં આવશે તો એજ્યુકેશન એક એવું ક્ષેત્ર છે જયાં એઆઈથી પર્સનલાઈઝ્ડ લર્નિંગ, ટેસ્ટ એનાલિસિસ, ટ્યૂટર સિસ્ટમ વિકસિત થઈ રહી છે. એવી જ રીતે એજુ-ટેક ડેવેલપર, કટેન્ટ ટ્રેનર અને લર્નિંગ સાઈન્ટિસ્ટ ઊભરીને સામે આવી રહ્યાં છે અને આ બધાં જ પ્રોફેશન એઆઈ દ્વારા વિકસિત થઈ રહ્યાં છે. જેવી રીતે એઆઈ ભારતના હેલ્થ કેયર સેકટરમાં હેલ્થ ડેટા એન્જિનિયરો અને મેડિકલ ડેટા વિશ્લેષકોના નવા પ્રોફેશંસ માર્કેટમાં લાવી રહી છે જેની ઘણી ખરી સારી સેલરી મળી રહી છે.

આ વાત કૃષિ અને ડિફેન્સ ક્ષેત્રમાં પણ લાગું પડે છે જેમકે ડિફેન્સ ક્ષેત્રમાં સાઈબર સિક્યોરિટી એનાલિસ્ટ અને એઆઈ ડિફેન્સ એન્જિનિયર એટલા મહત્ત્વપૂર્ણ છે કે, હાલમાં થયેલ ભારત-પાકિસ્તાન વચ્ચે થનારા તનાવ અને ઓપરેશન સિંદૂરમાં તેનું મહત્ત્વ સમજાયું. કન્ટેટ ક્રિએશન અને મીડિયામાં પણ એઆઈ ઘણા નવા પ્રોફેશન સામે લાવી રહી છે, જેનાથી ક્રિએટિવ એઆઈ ડિઝાઈનર, મીડિયા ઓટોમેશન સ્પેશિયાલિસ્ટ વગેરે પણ છે. આવી રીતે એઆઈ કેરિયર પસંદ કરવાની જગ્યાએ,મોટા પાયે કેરિયર વિકસાવી રહી છે. ■

ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# શું તમે પણ તો નથી કરી રહ્યાં આ ભૂલ?

## મોબાઈલ કે લેપટોપને ચાર્જ કર્યાં બાદ આપણે ચાર્જરની સ્વિચ બંધ કે અનપ્લગ નથી કરતાં, જેને કારણે ખૂબ મોટી સમસ્યા સર્જાઈ શકે છે

આજે આપણે ટેક્નોલોજી અને આધુનિક ઉપકરણોનાં બંધાણી બની ગયા છીએ એવું કહીએ તો પણ કાંઈ ખોટું નથી. આજે ડગલે ને પગલે આપણે મોબાઈલ કે લેપટોપનો સતત ઉપયોગ કરીએ છીએ. જોકે આજે એ સમયની માગ બની ગઈ છે. લોકો ઘરેથી લેપટોપ પર કામ કરે છે. એમાં તેમને લેપટોપને સતત ચાર્જ કરવું પડે છે. કામની વ્યસ્તતાને કારણે લોકો લેપટોપ કે મોબાઈલનું ચાર્જર બંધ કરવાનું ભુલી જાય છે. એ જ આપણી મોટી ભૂલ છે.

કામ થઈ જાય પછી સ્વિચ બંધ કરવી અને ચાર્જરને અનપ્લગ કરવું ખૂબ જરૂરી છે.

હાલમાં ઈલેક્ટ્રિસીટી એસી ફોર્મમાં આવે છે, પરંતુ મોડર્ન ઉપકરણો અને બેટરીને ડીસી ફોર્મની જરૂર હોય છે. આ જ કારણ છે કે દરેક એપ્લાયન્સીસ એસી-ડીસી કન્વર્ટર સાથે આવે છે. આ કન્વર્ટ કરવા માટે ચાર્જરને ટ્રાન્સફોર્મરની જરૂર હોય છે. આ પરિવર્તન માટે ડીસી વોલ્ટેજની ગુણવત્તાને વધારવા માટે એલિમેન્ટ્સને ફિલ્ટર કરવાના હોય છે અને



સુરક્ષા માટે સર્કિટને નિયંત્રણમાં રાખવાનું હોય છે.

**ચાર્જર્સ વધુ પાવર ખેંચે છે**

વેમ્પાયર પાવર રિયલ છે. જો તમે મોબાઈલ કે લેપટોપ ચાર્જ થયા બાદ પણ ચાર્જરની સ્વિચ બંધ નથી કરતાં તો તે મુસીબત વહોરી લે છે. ચાર્જર પાવર કન્ઝ્યુમ કરે છે. એ પાવરનો કેટલોક ભાગ સર્કિટને કન્ટ્રોલમાં રાખે છે. તો કેટલોક ભાગ ગરમ થઈને બળી જાય છે.

ઉદાહરણ તરીકે કોઈ નાના ચાર્જરને લઈએ તો એનો વેમ્પાયર પાવર જેને સ્ટેન્ડબાય પાવર પણ કહેવામાં આવે છે એ નગણ્ય હોય છે. જોકે તમે જો બધા ડિવાઈસને ઘરમાં ચાર્જ પર રાખો અને ઉપયોગ થયા બાદ એની સ્વિચ બંધ ન કરો તો વીજળીની ખૂબ બરબાદી થાય છે. સ્ટેન્ડબાય પાવર ફક્ત ચાર્જર્સ સુધી જ સીમિત નથી. ટીવી જેવા અન્ય ઉપકરણો પણ થોડો ઘણો પાવર ખેંચે છે.

આપણાં ઘરમાં આપણે કેટલા ચાર્જરને પ્લગમાં કામ વગર રહેવા દઈએ છીએ એના પર પણ આધાર રાખે છે. જેના કારણે ઘણાં વર્ષોમાં ભારે માત્રામાં કિલોવોટ અવર્સ વિજળી ખર્ચાઈ જાય છે.

એવું કહેવાય છે કે મોડર્ન ચાર્જર્સની ડિઝાઈન એવી કરવામાં આવી છે કે સ્ટેન્ડબાય પાવર ઓછો વપરાય. આ ચાર્જર્સમાં સ્માર્ટ પાવર મેનેજમેન્ટ હોય છે જે એને સ્લીપ મોડમાં નાખે છે જ્યાં સુધી બહારથી કોઈ પાવર ખેંચવામાં ન આવે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# શો મેં કર્યો ને 'નાઈટ' દેવયાની ઠક્કરને આપી!

ગુજરાતી રંગભૂમિ પર નાટ્ય નિર્માતા તરીકે કિરણ સંપટ એક આદરણીય નામ હતું. જોખમ લઈને વેગળા વિષયો પર નાટકો ભજવવાનો તેમનો કાયમ આગ્રહ રહેતો અને એવા પ્રયોગ કરવામાં તેમને આનંદ પણ આવતો હતો. મને બરાબર યાદ છે તેમણે 'સળગ્યા સૂરજમુખી' નામનું નાટક કર્યું હતું. અરવિંદ જોશી અને સરિતા બહેન મુખ્ય ભૂમિકામાં હતા. દિગ્દર્શક પ્રવીણ જોશી હતા. એ નાટક કરવા બદલ કિરણભાઈની પીઠ થાબડવામાં આવી હતી. આવા પ્રતિભાશાળી નિર્માતા સાથે મને કામ કરવાનો મોકો મળ્યો એ મારું અહોભાગ્ય હતું.

અમેરિકામાં એક મહિનો 'રંગ છે રાજા'ના શો પતાવી ગ્રૂપ સ્વદેશ પાછું ફર્યું. હું ફરી એમાં મારો રોલ કરવા લાગી. જોકે, આ વખતે મોળો પ્રતિસાદ જોતા કિરણભાઈએ નવાં નાટકનાં રિહર્સલ શરૂ કરી દીધા અને 'રંગ છે રાજા' નાટક બંધ કરવામાં આવશે એવી ચણભણ શરૂ થઈ ગઈ. નાટક કયા કલાકારોને લઈ ક્યારે શરૂ કરવું અને ક્યારે બંધ કરી દેવું એ નિર્ણય સંપૂર્ણપણે નિર્માતાનો જ હોય એ વાત બધા જાણતા હોય અને સ્વીકારતા પણ હોય. હું એમાં કોઈ અપવાદ નહોતી. મારી દલીલ માત્ર એટલી જ હતી કે ચાલી રહેલું કોઈ નાટક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવે તો એની સાથે સંકળાયેલા કલાકારોને વિશ્વાસમાં લેવા જોઈએ. નાટક ઝાઝું નહીં ખેંચે એટલે બીજા નાટકમાં કામ મળે તો સ્વીકારી લેજો એવું બધાને કહેવું જોઈએ. આ વાત એટલા માટે જરૂરી છે કે નાટકોમાં કામ કરનારાઓને કોઈ પગાર કે બેઠી આવક નથી હોતી. એમણે તો નાટક દીઠ મળતાં મહેનતાણાં – નાઈટ – પર જ નિભાવવાનું હોય છે. નાટક બંધ થાય એટલે 'નાઈટ' મળવાનું પણ બંધ થઈ જાય.

'રંગ છે રાજા' બંધ પડશે પછી શું એવી ગડમથલ મારા દિમાગમાં ચાલી રહી હતી ત્યાં એક દિવસ મને દીપક વસાણીનો ફોન આવ્યો. દીપક એટલે નાટ્ય જગતના આદરણીય વૃજલાલ વસાણીનો પુત્ર. વૃજલાલ ભાઈને દેશી નાટક સમાજ માટે બહુ લગાવ હતો. એમને જ્યારે પણ મળી છું ત્યારે નાટકોની એવી વાત કરે કે સાંભળતા જ રહીએ. દીપકે ફોન પર એક નાટકની



ઓફર કરી અને રોલ સમજાવી મને કહ્યું કે આ રોલ તમારે કરવાનો છે. એટલે એ નાટક મેં સ્વીકારી લીધું. 'રંગ છે રાજા'માંથી હું નીકળી ગઈ એટલે મારી જગ્યાએ દેવયાની ઠક્કર નામની અભિનેત્રીને પસંદ કરવામાં આવી હતી.

મેં સ્વીકારેલા નવા નાટકમાં મારી અને દીપક ઘીવાલાની મુખ્ય ભૂમિકા હતી. દિગ્દર્શક હતા ફિરોઝ ભગત અને અમે રિહર્સલ શરૂ પણ કરી દીધા. નાટકનું નામ હતું 'મારું ઘર મારો સંસાર.' નિયમિત રિહર્સલ કરી નાટક સરસ રીતે બેસાડી અને જી.આર. (ગ્રાન્ડ રિહર્સલ) કર્યા પછી નાટક ઓપન થયું. એના ઘણા શો થયા. આ નવાં નાટકનો ચેમ્બુરમાં શો હતો એના બે દિવસ પહેલા મને કિરણ સંપટનો ફોન આવ્યો. કોઈ પણ ઔપચારિકતા વગર તેમણે મને કહ્યું કે, 'મહેશ્વરી, ભાઈદાસમાં 'રંગ છે રાજા'નો શો છે. તું એ શો કરીશ?' એમના અવાજમાં થોડો રઘવાટ હતો. સહેજ ચિંતામાં હોય એવું લાગ્યું. જોકે, મેં કશું પૂછ્યું નહીં, જાણવાનો આગ્રહ પણ ન રાખ્યો. મેં લાગલો જ જવાબ આપ્યો કે 'હા, જરૂર કરીશ. મને તમારું નાટક બહુ પસંદ છે અને એમાં મારો રોલ પણ મને બહુ જ ગમે છે. એ રોલ બહુ ગમવાનું એક કારણ એ પણ હતું કે એમાં માધુરી દીક્ષિતની 'યારાના' ફિલ્મનું કવિતા કૃષ્ણમૂર્તિએ ગાયેલું મજેદાર ગીત 'મેરા પિયા ઘર આયા, ઓ રામજી' પર નાટકમાં હું ડાન્સ કરતી હતી અને દર્શકોને એ સિક્વન્સ બહુ પસંદ પડી હતી. એટલે એ નાટક માટે ના પાડવાનો તો સવાલ જ નહોતો. મારા માટે ગર્વની વાત પણ હતી કે ભલે એક શો માટે કેમ નહીં, નિર્માતાએ મારો આગ્રહ રાખ્યો એની પાછળ મારી કાબેલિયત જવાબદાર હોવા જોઈએ.

બંને નાટક એક જ દિવસે હતા, પણ કોઈ સમસ્યા નહોતી. એનું કારણ એવું હતું કે 'મારું ઘર મારો સંસાર'નો ચેમ્બુરનો શો સવારે હતો જ્યારે 'રંગ છે રાજા'નો શોનો સમય બપોરનો હતો. ચેમ્બુરથી વિલે પાર્લે પહોંચવાનું હતું. જોકે, ચેમ્બુરનો શો શરૂ થવા પહેલા નાટકમાં મારી સાથે જે યંગ કલાકારો કામ કરતા હતા તેમણે 'બહેન, તમે જરાય ચિંતા નહીં કરતા. અમે તમને સમયસર ભાઈદાસ પર પહોંચાડી દઈશું' એમ કહી મારું ટેન્શન હળવું કરી નાખ્યું. એક યંગસ્ટર હતો દીપેન ઝવેરી જે મહાન એક્ટર સંજીવ કુમારના સેક્રેટરીનો દીકરો હતો. એણે મને સમય કરતા વહેલી હોલ પર પહોંચાડી દીધી.

શો માટે તૈયાર થવા હું મેકઅપ રૂમમાં જઈ હજી બેઠી ત્યાં દેવયાની ઠક્કર અંદર રીતસરની ધસી આવી. મેં 'રંગ છે રાજા' છોડ્યું પછી મારો રોલ દેવયાની કરતી હતી. આવીને જરા ઊંચા સ્વરે કહેવા લાગી કે 'મારો રોલ તો હું જ કરીશ. આ કહી દીધું તમને.' એ અકળાઈને બોલી રહી હતી પણ મેં શાંત અને સ્વસ્થ રહી તેને એટલું જ કહ્યું કે 'જો બહેન, મને કિરણ ભાઈએ બોલાવી છે. એટલે તું જઈને એમને મળ અને રજૂઆત કર. પછી જો કિરણ ભાઈ આવીને મને કહેશે કે આ રોલ તો દેવયાની જ કરશે તો હું એક પણ શબ્દ બોલ્યા વિના અહીંથી ચાલી જઈશ. તારા કહેવાથી નહીં જાઉં.'

જોકે, તપાસ કરતા ખબર પડી કે કિરણ ભાઈ હજુ નહોતા આવ્યા. એટલે ધુઆંપુઆં થતી દેવયાની પાછી મેકઅપ રૂમમાં આવી અને મને કહેવા લાગી કે 'નાટકનો શો ભલે તમે કરો, પણ નાઈટ (નાટકમાં કામ કરવાનું મહેનતાણું) તો હું જ લઈશ.' આ બધું ચાલી રહ્યું હતું ત્યાં કિરણભાઈ આવ્યા અને કહેવા લાગ્યા કે 'દેવયાની કહે છે કે શો ભલે તમે કરો, પણ 'નાઈટ' એને આપવાની.' એમની વાત સાંભળી મેં સહજ ભાવે કહી દીધું કે 'ઠીક છે, આપી દો એમને નાઈટ.' મને પૈસા વહાલા નહોતા એવું નહોતું, પણ જીવનમાં અમુક પ્રસંગે પૈસા કરતા કોઈનો સમય સાચવી લેવો એ વધુ મહત્ત્વનું હોય છે અને મેં પૈસાને નહીં, વખતને પ્રાધાન્ય આપ્યું. બીજી એક વાત એ કે રંગભૂમિને મેં ફક્ત વેતનભૂમિ નથી ગણી. રંગદેવતા માટે મને અપાર લાગણી અને અહોભાવ રહ્યા છે અને મેં કાયમ રંગદેવતાની પૂજા કરી છે. સાથે એવો પણ વિચાર આવી ગયો કે મારા કરતાં એને પૈસાની વધુ જરૂર હશે.

નાટકનો શો પૂરો થયો અને પછી કિરણ ભાઈએ મને મળવા બોલાવી. ફરિયાદના સ્વરમાં મને કહેવા લાગ્યા કે 'તે મને પૂછ્યા વિના જ નવું નાટક લઈ લીધું. આ બરાબર નથી કર્યું.' મેં તરત જ ખચકાયા વિના વળતો જવાબ આપ્યો કે 'અહીં પૂછવાની, ખુલાસો કરવાની સિસ્ટમ જ ક્યાં છે? અમે ૨૦૦ શો કર્યા અને તમે એ જ નાટક લઈ અમેરિકા ગયા ત્યારે મને પૂછ્યું હતું? મારા કાને વાત નાખી હતી? તમે નવા નાટકના રિહર્સલ પણ અમને કહ્યા વિના જ શરૂ કરી દીધા હતા ને. એટલે મેં પણ તમને જણાવ્યા વિના નવું નાટક લઈ લીધું. મારે તો સતત નાટક કરતા રહેવું પડે, કારણ કે મારું ઘર નાટકના શો પર જ ચાલે છે. એટલે તમે કહો ત્યાં સુધી રાહ જોયા કરવી મને ન પાલવે. સારું ગ્રૂપ ને સારું નાટક મળે તો લઈ જ લેવાનું હોય.' મારી આ દલીલ સાંભળ્યા પછી કિરણ ભાઈ એક શબ્દ નહોતા બોલ્યા. ક્યાંથી બોલે?

'મારું ઘર મારો સંસાર' નાટક સારું ચાલ્યું. ૧૦૦થી વધુ શો એના થયા. મારું ગાડું અટક્યા વગર ગબડતું હતું. એક પછી બીજું, બીજું પછી ત્રીજું એમ નાટક મળી રહ્યા હતા. ખાલી બેસવાનો વખત નહોતો આવતો. એવામાં એક દિવસ રાજેન્દ્ર બુટાલાનો ફોન આવ્યો કે...■

## કવિ જ્યારે નાટ્યકાર બન્યા...

'આગગાડી'થી ગુજરાતી નાટક અને રંગભૂમિને નવો વળાંક આપનારા ચંદ્રવદન ચીમનલાલ મહેતા (ચં. ચી.) મુખ્યત્વે નાટ્યકાર હતા. જોકે, સાહિત્ય ક્ષેત્રે તેમનો પ્રવેશ કવિતાથી થયો હતો. ભાઈ બહેનના સ્નેહથી નીતરતા 'ઈલા કાવ્યો' ચં.ચી.નું અનેરું યોગદાન છે. જોકે, ગુજરાતી સાહિત્યમાં એવા કેટલાક કવિઓ પણ થઈ ગયા છે જેમણે નાટકો, વિશેષ કરી એકાંકીઓ લખ્યા. 'આંધળી માનો કાગળ' જેવી અવિસ્મરણીય રચના આપનારા ઈન્દુલાલ ગાંધીએ એકાંકી નાટ્ય સંગ્રહો આપ્યા બાદ ૧૯૩૦ - ૪૦ના દાયકામાં બે માતબર કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી અને ઉમાશંકર જોશીએ એકાંકી લેખન કર્યું હોવાની નોંધ છે. શ્રીધરાણીએ કાવ્ય લેખન સાથે નાટ્ય લેખન પણ કર્યું હતું. નાનાંમોટાં મળી સોળ નાટકો તેમણે લખ્યાં છે. 'પીળાં પલાશ' અને 'સોનપરી' જેવા બાળનાટકો લખનારા કવિએ 'વડલો' તેમજ 'મોરના ઈંડાં' જેવા નાટકો પણ આપ્યા જેને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી' અને 'નિશીથ' જેવા કાવ્યસંગ્રહ આપનારા ઉમાશંકરે 'શહીદ' એકાંકી સંગ્રહ મઠારી, 'હવેલી' નામનો એકાંકી-સંગ્રહ આપ્યો. 'સાપના ભારા' ઉત્તમ એકાંકી તરીકે વખણાયા બાદ તેમણે બીજા એકાંકી પણ આપ્યા. આ ઉપરાંત તેમણે 'અનાથ' નામનું ત્રિઅંકી દીર્ઘ નાટક પણ આપ્યું. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

અમદાવાદ વિમાન દુર્ઘટના

## કોકપીટની ફ્યુઅલ સ્વિચની ખૂબી-ખામીના ઘેરાતાં ભેદ-ભરમ

# દોષનો ટોપલો પાઈલટ ટીમ પર તો નહીં ઢોળાયને?

**વિમાનની** ઉડ્ડયન પ્રણાલી એ એક જટિલ યાંત્રિક અને ઇલેક્ટ્રોનિક વ્યવસ્થાનું સંયોજન છે, જેમાં દરેક પેરામીટરનું પોતાનું આગવું મહત્ત્વ હોય છે. આમાંનું એક મહત્ત્વનું પેરામીટર છે ફ્યુઅલ સ્વિચ, જે વિમાનના એન્જિનને મળતા ફ્યુઅલનો પુરવઠો નિયંત્રિત કરે છે.

ગયા મહિને ૧૨ જૂનની બપોરે અમદાવાદના આકાશમાં ટેક ઓફની થોડીક ક્ષણોમાં બોમ્બની જેમ વિસ્ફોટ સાથે ફાટી પડેલા 'એર ઇન્ડિયા' બોઇંગ વિમાનની થથરાવી મૂકે એવી ભયાનક દુર્ઘટનામાં ૨૪૧ પ્રવાસી સહિત જમીન પરના અન્ય એમ કુલ ૨૭૫ લોકોએ જાન ગુમાવ્યા...

આ અકસ્માત બાદ ભારતના 'એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)'ના પ્રાથમિક રિપોર્ટ વચ્ચે ફ્યુઅલ સ્વિચને લઈને મીડિયા અને સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ. શું થયું હશે ...શું થયું એની ધારણા શંકા-કુશંકા વચ્ચે પશ્ચિમી મીડિયાએ ભારતીય પાઈલટ્સ પર દોષનો ટોપલો ઢોળી દીધો છે.

જોકે, એ અહેવાલને 'એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો' અને ભારતીય પાઈલટ સંગઠને નારાજી સાથે નકારી દીધો છે. એમનું કહેવું એમ છે કે હજુ તપાસ પ્રારંભિક તબક્કામાં છે ત્યારે આવા નિષ્કર્ષ પર પહોંચવું જરાય યોગ્ય નથી...


આ પ્લેન ક્રેશની તપાસ હજુ લાંબી ચાલશે માટે પુરાવા વગર કોઈ પણ જાતના દોષારોપણ કર્યા વિના - ભાવુક થયા વગર આપણે આખી ઘટનાને તકનીકી નજરથી સમજવાનો પ્રયાસ કરવો જોઈએ....

**ફ્યુઅલ સ્વિચ શું છે ને કેવી રીતે તે કામ કરે છે?**

આપણાં પોતાના વાહનમાં ફ્યુઅલનો કોક અથવા તો વાલ્વ એક હોય પણ વિમાનમાં એકને બદલે બે હોય, કારણ કે આજના દરેક પેસેન્જર વિમાનમાં મિનિમમ બે એન્જિન હોય છે. વિમાનની પાંખ નીચે લટકતા મોટા બે વર્તુળો વિમાનના એન્જિન છે અને વિમાનની પાંખ એ ફ્યુઅલની ટાંકી છે. ફ્યુઅલ સ્વીચથી એન્જિનને ફ્યુઅલ પહોંચાડવું કે નહીં તે નક્કી થાય છે. આ સ્વિચ સામાન્ય રીતે બે સ્થિતિમાં હોય છે:








વિમાનના કોકપીટમાં આ રીતે ગોઠવાયેલી હોય છે ઈંધણના પુરવઠાને નિયંત્રિત કરતી ફ્યુઅલ સ્વિચ...

'RUN' (ચાલુ) અને 'CUT OFF' (બંધ). 'RUN' મોડમાં એન્જિનને સતત ઇંધણ મળે છે, જેનાથી એન્જિન કાર્યરત રહે છે. જ્યારે 'CUT OFF' મોડમાં ઇંધણનો પુરવઠો બંધ થાય છે, જેના કારણે એન્જિન શટડાઉન થઈ જાય છે.

વિમાનના ફ્યુઅલ સ્વિચનું સ્થાન અને ડિઝાઇન એરક્રાફ્ટના મોડેલ પર આધાર રાખે છે, પરંતુ મોટાભાગે તે કોકપીટના થ્રસ્ટ લીવરની નજીક અથવા ઓવરહેડ પેનલમાં હોય છે. આ સ્વિચોને એ રીતે ખાસ ડિઝાઇન કરવામાં આવે છે, જેથી એ આકસ્મિક રીતે બંધ ન થાય.

ઉદાહરણ તરીકે, ઘણાં આધુનિક વિમાનોમાં ફ્યુઅલ સ્વિચની આસપાસ મેટલ ગાર્ડ હોય છે, જે આકસ્મિક સ્પર્શથી બચાવે છે. ફ્યુઅલ સ્વિચનો ઉપયોગ મુખ્યત્વે ટેકઓફ અને લેન્ડિંગ દરમિયાન એન્જિન શરૂ કે બંધ કરવા માટે થાય છે. જો કે, અસામાન્ય પરિસ્થિતિમાં, જેમ કે એન્જિનમાં આગ લાગવી કે અન્ય ટેકનિકલ ખામી સર્જાય તો પાઈલટ આ સ્વિચનો ઉપયોગ હવામાં એન્જિન બંધ કરવા માટે કરી શકે છે.

**બોઇંગ વિમાનમાં ફ્યુઅલ સ્વિચની ખાસિયત**

બોઇંગ વિમાનો, ખાસ કરીને અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયું એ ૭૮૭ 'ડ્રીમલાઇનર' જેવાં આધુનિક મોડેલમાં, ફ્યુઅલ સ્વિચો અત્યંત અદ્યતન અને સુરક્ષિત ડિઝાઇન સાથે ગોઠવવામાં આવી છે. આ સ્વિચો કોકપીટના થ્રસ્ટ લીવરની નીચે અથવા નજીક હોય છે. સ્વીચને ઓન કે ઓફ કરવા માટે પણ બે કે ત્રણ એક્શન ક્રિયા અનિવાર્ય છે, જેમ કે, ઓન રહેલી સ્વીચને ઓફ કરવા માટે તેને તેના ખાંચા એટલે કે સ્લોટમાંથી ખેંચવી પડે, નીચે સુધી સ્લાઈડ કરવી પડે અને નીચેના બીજા ખાંચામાં સેટ કરવી પડે. વિમાનની ફ્યુઅલ સ્વીચ એ દીવાનખંડના સિલિંગ ફેન જેવી નથી હોતી કે હાથ અડ્યો અને ભૂલથી પંખો બંધ થઈ જાય! વિમાનની ફ્યુઅલ સ્વીચ ઓપરેટ કરવા માટે પ્રયત્નો કરવા પડે છે, તે આકસ્મિક રીતે કે ભૂલથી ઓન કે ઓફ ન જ થાય.

બોઇંગ ૭૮૭ જેવાં વિમાનમાં ફ્યુઅલ કંટ્રોલ સ્વિચો સ્વતંત્ર રીતે વાયર્ડ હોય છે અને વીજળી સાથે જોડાયેલા હોય છે, જેનાથી તેમની વિશ્વસનીયતા વધે છે. એવિએશન એક્સપર્ટ એટલે કે ઉડ્ડયન નિષ્ણાતોના મતે આ સ્વિચ આપમેળે 'CUT OFF' મોડમાં જાય નહીં.

**આવાં વિમાન કેટલાં સલામત?**

બોઈંગ કંપનીના દાવા મુજબ એણે પોતાનાં વિમાનોની સલામતીને પ્રાથમિકતા આપી છે. ઉદાહરણ તરીકે, ફ્યુઅલ સ્વિચોની આસપાસ મેટલ ગાર્ડ અથવા લૉકિંગ મિકેનિઝમ હોય છે, જે આકસ્મિક સ્પર્શથી બચાવે છે. આ ઉપરાંત, આધુનિક બોઇંગ વિમાનોમાં ઓટોમેટેડ સિસ્ટમ્સ હોય છે, જે એન્જિનની કામગીરીને સતત મોનિટર કરે છે અને જો કોઈ ચૂક થાય તો તરત જ પાઈલટને ચેતવણી આપે છે. કોઈ પણ અનુભવી સમજદાર પાઈલટ ફ્લાઇટ દરમિયાન આ સ્વિચ બંધ કરે તેવી શક્યતા સાવ નહીંવત છે, કારણ કે તેની અસરરૂપે તાત્કાલિક એન્જિન બંધ થઇ જાય અને વિમાન જરૂરી એલ્ટીટ્યુડ એટલે કે ઊંચાઈ ગુમાવી બેસે....

જો કે, અમદાવાદ દુર્ઘટનાના AAIB રિપોર્ટમાં એવું સૂચવવામાં આવ્યું છે કે બંને એન્જિનના ફ્યુઅલ સ્વિચો આપમેળે 'CUT OFF' મોડમાં આવી ગઈ, જેના કારણે ઇંધણનો પુરવઠો બંધ થયો એમાં વિમાન ક્રેશ થયું. આ ઘટનામાં બન્ને પાઈલટ વચ્ચેની વાતચીત દર્શાવે છે કે બંનેએ એન્જિન બંધ કરવાનો ઇનકાર કર્યો હતો અને ધારી લો કે કોઈ પણ રીતે એ બંધ થઈ જાય તો કોકપીટના વોઈસ રેકોર્ડર પર પાઈલટ વચ્ચેના સંવાદની જેમ સ્વિચ ઓન -ઓફનો અવાજ અચૂક નોંધાય જાય અને આવા કોઈ પણ અવાજનો ઉલ્લેખ પ્રાથમિક અહેવાલમાં હજુ સુધી થયો નથી!

**આવી યાંત્રિક ખામીની ઘટના અગાઉ બની છે ખરી?**

વેલ, આવી એક નોંધપાત્ર ઘટના ૧૯૮૩માં 'એર કેનેડા'ની ફ્લાઇટ ૧૪૩ની છે, જેને 'ગિમલી ગ્લાઇડર' તરીકે ઓળખવામાં આવે છે. આ બોઇંગ ૭૬૭ વિમાનમાં ઇંધણનો પુરવઠો ખોટી ગણતરી અને ફ્યુઅલ સિસ્ટમની ખામીને કારણે સમાપ્ત થઈ જવાના કારણે બંને એન્જિન બંધ પડી ગયા, પણ કુશળ પાઈલટે વિમાનને સફળતાપૂર્વક ગ્લાઇડ કરીને લેન્ડ કરાવ્યું. જોકે, આ ઘટના ફ્યુઅલ સ્વિચની સીધી ખામીને બદલે ઇંધણ વ્યવસ્થાપનની ભૂલ સાથે સંબંધિત હતી.

આ ઉપરાંત, ભૂતકાળમાં કેટલીક નોંધપાત્ર ખામીઓ બોઇંગ વિમાનોમાં જોવા મળી છે, જેમાં ફ્યુઅલ સિસ્ટમથી લઈને અન્ય ટેકનિકલ સમસ્યાઓનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે, બોઇંગ ૭૩૭ MAX શ્રેણીમાં ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલી બે ઘાતક દુર્ઘટના (લાયન એર ફ્લાઇટ ૬૧૦ અને ઇથિયોપિયન એરલાઇન્સ ફ્લાઇટ ૩૦૨) ઓટોમેટેડ ફ્લાઇટ કંટ્રોલ સિસ્ટમ (AFCS) ની ખામી સાથે સંબંધિત હતી. આ ઘટનાઓમાં ફ્યુઅલ સ્વિચનો સીધો સંબંધ ન હતો, પરંતુ તે બોઇંગની ડિઝાઇન અને ટેસ્ટિંગ પ્રક્રિયાઓ પર સવાલો ઊભા કરે છે.

બોઇંગ ૭૮૭ 'ડ્રીમલાઇનર' માં પણ ૨૦૧૩-૧૪ દરમિયાન બેટરી સિસ્ટમની ખામીઓ જોવા મળી હતી, જેના કારણે વૈશ્વિક સ્તરે આ વિમાનોને ગ્રાઉન્ડ કરવામાં આવ્યા હતા. અમદાવાદ દુર્ઘટના બાદ 'એર ઇન્ડિયા' અને અન્ય એરલાઇન્સે બોઇંગ ૭૮૭ના ફ્યુઅલ કંટ્રોલ સ્વિચની તપાસ કરી, પરંતુ હજુ સુધી તેમાં કોઈ ખામી જોવા મળી નથી.

જગતભરના અનેક નિષ્ણાત 'એવિયેશન ડિટેક્ટિવ' અત્યારે અમદાવાદની ગોઝારી દુર્ઘટનાનાં કારણ શોધીને એનાં તારણ પર પહોંચવાની પ્રક્રિયામાં હજુ વ્યસ્ત છે.

અંતિમ નિષ્કર્ષ જે આવે તે, પણ અહીં એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી એ છે કે કરોડો ડૉલર્સનો ધીકતો ધંધો કરતી મલ્ટિનેશનલ બોઈંગ જેવી વિરાટ વિમાન કંપની અમદાવાદની આ દુર્ઘટનાને લીધે એની 'આબરૂ'ને બટ્ટો ન લાગે એની પૂરેપૂરી 'સાવચેતી' લેશે!. આપણે આશા રાખીએ કે દોષનો ટોપલો ભારતીય પાઈલટ ટીમ પર ન ઢોળાય અને અંતિમ સત્ય બહાર આવે. ■

ફોકસ

પ્રથમેશ મહેતા
feedback@
bombaysamachar.com

# કયા મહિનામાં ડુંગળી ક્યાં ઉગાડવામાં આવે છે?

## ભારતનાં રાજ્યોની સંપૂર્ણ યાદી જાણો

**ભારતનાં** ઘણાં રાજ્યોમાં ડુંગળીનું ઉત્પાદન મોટા પાયે થાય છે. ચાલો જાણીએ કે દેશમાં કયા મહિનામાં તેની ખેતી થાય છે...

ભારતમાં ડુંગળી માત્ર એક શાકભાજી નથી પણ રસોડાનો એક આવશ્યક ભાગ છે. જ્યારે ડુંગળીનો ભાવ વધે છે, ત્યારે તે સામાન્ય માણસની થાળી પર સીધી અસર કરે છે. પરંતુ



શું તમે જાણો છો કે દેશના કયા રાજ્યોમાં ડુંગળીની ખેતી કરવામાં આવે છે અને વર્ષના કયા મહિનામાં તેનો પાક લણવામાં આવે છે? જો નહીં, તો ચાલો તમને જણાવીએ...

ભારત વિશ્વના ટોચના ડુંગળી ઉત્પાદક દેશોમાંનો એક છે. દર વર્ષે અહીં કરોડો ટન ડુંગળીની ખેતી કરવામાં આવે છે.

**મહારાષ્ટ્ર :** તે સૌથી મોટું ડુંગળી ઉત્પાદક રાજ્ય છે. અહીં નાશિક અને આસપાસના જિલ્લાઓ ડુંગળીના ઉત્પાદન માટે પ્રખ્યાત છે.

**કર્ણાટક :** બેંગલૂરુ, બેલ્લારી અને ચિત્રદુર્ગ જેવા જિલ્લાઓ અગ્રણી છે.

**આંધ્ર પ્રદેશ :** કડપ્પા, કુર્નૂલ અને અનંતપુરમાં ડુંગળીની ખેતી મોટા પાયે થાય છે. ગુજરાત - સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ડુંગળીનું ઉત્પાદન સારું છે.

**મધ્ય પ્રદેશ :** ઉજ્જૈન, ઇન્દોર અને ખરગોન જેવા વિસ્તારો મુખ્ય છે.

**રાજસ્થાન :** કોટા, બારન અને બુંદીમાં ડુંગળીની ખેતી થાય છે.

**ઉત્તર પ્રદેશ :** આગ્રા, ઇટાવા અને કાનપુર ક્ષેત્રમાં પણ ડુંગળીની ખેતી થાય છે.

આ ઉપરાંત, બિહાર, તામિલનાડુ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં પણ ડુંગળીનું વાવેતર નાના પાયે થાય છે.

**ડુંગળી કયા મહિનામાં કાપવામાં આવે છે?**

ખરીફ ડુંગળીની વાત કરીએ તો, તેનો વાવણીનો સમય જૂનથી ઓગસ્ટ સુધીનો હોય છે. જ્યારે ઓક્ટોબરથી ડિસેમ્બર સુધી પાકની લણણી કરવામાં આવે છે. આ પાક ચોમાસા દરમિયાન વાવવામાં આવે છે અને તે બજારમાં પહેલા આવે છે. રવિ ડુંગળીનો વાવણીનો સમય ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીનો હોય છે. આ પાક એપ્રિલથી મે સુધી કાપવામાં આવે છે. તેને લાંબા સમય સુધી સંગ્રહમાં રાખી શકાય છે. ખરીફ ડુંગળીનો વાવણીનો સમય સપ્ટેમ્બરથી ઓક્ટોબર સુધીનો હોય છે. જાન્યુઆરીથી માર્ચ સુધી આ પાક લણવામાં આવે છે. આ ડુંગળી આપણી રસોઈમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.■

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# રોટી તનસ્વી બનાવે, પૈસા મનસ્વી



ધન બે અક્ષરી શબ્દ છે અને મન પણ બે અક્ષરી જ છે. આજે મન સતત ધન તરફ દોટ મૂકતું જોવા મળે છે. ધન પ્રવેશતાની સાથે ખિસ્સું પહોળું થવા માંડે છે ને મન સંકુચિત થવા લાગે છે. કોઈએ બહુ સરસ વાત કરી છે કે આજે માનવી સમાજ ધનસ્વી બની ગયો છે. ચંદ્રકાંત બક્ષીએ પૈસાના પાવર વિશે બહુ માર્મિક લખાણ કર્યું છે કે **તનસ્વી થવા માટે રોટી જોઈએ છે અને મનસ્વી થવા માટે પૈસા જોઈએ છે.** રોટીની ભૂખ સીમિત છે, પૈસાની ભૂખ અસીમ છે. ધનમ્ શબ્દ ધનાતિ અર્થાત્ દોડવું પરથી ઉતરી આવ્યો છે. એનો અર્થ હતો દોડ અથવા દોડવાની સ્પર્ધામાં વિજેતાને મળતો પુરસ્કાર. આદિકાળથી જ દોડવું ધન સાથે જોડાઈ ગયું હતું.

પૈસાનો પાવર દેખાડતી ઘણી કહેવતો છે જેમ કે **પૈસા, તો કહે ભર મિજલસમાં હસ્યા, નહિ મળે પૈસા, તો કહે ભર મિજલસથી ખસ્યા.** પૈસાથી ચહેરા પર રોનક આવી જાય અને એના અભાવથી ફીકાશ આવી જાય.આવો જ ભાવાર્થ **પૈસાદારના સૌ સાળા થાય, પણ ગરીબના કોઈ બનેવી પણ ન થાય** કહેવત દ્વારા પ્રગટ થાય છે. **જર કરે દરિયામાં ઘર** - પૈસો હોય તો બધું જ શક્ય છે. **પૈસા વગરનો ઘેલો ને સાબુ વગરનો મેલો** - આર્થિક જગતના આયના જેવી આ કહેવતમાં પૈસા સાથે સાબુ રૂપક તરીકે વપરાયું છે. સાબુ વાપરનાર ઉજળો દેખાય અને ન વાપર્યો હોય તો મેલો દેખાય એમ પૈસા પાસે હોય એ ડાહ્યો અને ન હોય તો એની ગણના ન થાય એવો ભાવાર્થ છે. પૈસાથી માન અને ન હોય તો અપમાન એ ભાવના **નાણાં વિનાનો નાથિયો, ને નાણે નાથાલાલ** કહેવતમાં સુપેરે પ્રગટ થાય છે. ખિસ્સું ખાલી હોય ત્યારે એ નાથિયા જેવા તુંકારે બોલાવનારા લોકો ખિસ્સું ભરેલું દેખાતા કેમ છો નાથાલાલ સાહેબ કહેવા લાગે છે.

અલબત્ત કેટલીક એવી પણ કહેવતો છે જેમાં પૈસા - ધનને સર્વોત્તમ નથી ગણવામાં આવ્યા. **ધનના મોટાથી ન થાય તે મનનો મોટો કરી બતાવે.** શ્રીમંત માણસ કે પૈસાના જોરે ન થઈ શકે એ દરિયા જેવું દિલ ધરાવતી વ્યક્તિ કરી શકે એ અહીં કહેવામાં આવ્યું છે. **ધન કરતાં આબરૂ ચડે** મતલબ કે ધનથી જે ગૌરવ નથી મળતું તે આબરૂથી કે મોટા મનથી મળે છે. **પૈસો મારો પરમેશ્વર, બૈરી મારો ગુરુ, સાધુ સંત તો છૈયા છોકરાં, સેવા કરું હું કોની.** પૈસો, પત્ની, સંત અને સંતતિ એમાંથી કોને પ્રાધાન્ય આપવું એ ગડમથલ અહીં વ્યક્ત થઈ છે.

પૈસા માટે પ્રચલિત શબ્દો ઉપરાંત **કાવડિયું અને દોકડા** શબ્દો પણ અગાઉ વપરાશમાં હતા. કાવડિયું એટલે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અમલ દરમિયાન તાંબાના પૈસાની પાછલી બાજુએ ‘ત્રાજવું’ છાપેલું એને ‘કાવડ’ લેખી લોકોએ પ્રચલિત કરેલી સંજ્ઞા એટલે કાવડિયું. દોકડો એટલે જૂનો તાંબાનો સિક્કો. ખણખણાટ એટલે કોઈ ધાતુ અથડાવાથી થતો અવાજ. કોઈ વ્યક્તિ ઉદાર બની જાય કે જરૂર ન હોય એવી જગ્યાએ પૈસા વાપરવા લાગે ત્યારે કેમ, **ખિસ્સામાં બહુ ખણખણતા** લાગે છે એવું કહેવાતું હોય છે. પૈસો તો હાથનો મેલ છે એવું ઘણી વાર સાંભળ્યું હશે. લક્ષ્મી સતત એક હાથમાંથી બીજા હાથ તરફ વહેતી રહે છે એ અહીં તાત્પર્ય છે.

## ENગ્લિશ વિંGLISH
## BLOOD MONEY



પશ્ચિમ એશિયાનો અરેબિયન દેશ યમન હાલ ભારતીય અખબારોમાં ખાસ્સો ચમકી રહ્યો છે. નિમીષા પ્રિયા નામની કેરળની નર્સને તેની સતામણી કરનારા પુરુષની હત્યા કરવા બદલ દેહાંત દંડની સજા થઈ છે. હત્યા થઈ છે એ પુરુષનો પરિવાર એના મૃત્યુના આર્થિક વળતર પેટે ‘બ્લડ મની’ સ્વીકારી લે તો નિમીષા ઉગરી જશે એવી રજૂઆત કરવામાં આવી છે. અહીંયા આપણે એ કેસની વિગતમાં નથી પડવું, બલકે ‘બ્લડ મની’ એટલે શું એ સમજવું છે. Blood Money is money paid to the family of the person killed in exchange for a pardon. હત્યા થઈ હોય એ વ્યક્તિનો પરિવાર વળતર તરીકે જે પૈસા સ્વીકારી હત્યારાને માફી બક્ષે એ પૈસા ‘બ્લડ મની’ તરીકે ઓળખાય છે. સ્કૂલ - કોલેજમાં ભણતા સંતાનોને વાપરવા માટે જે નાનકડી રકમ મળતી એ ‘પોકેટ મની’ તરીકે જાણીતી છે. Pocket Money means a small amount of money given to a child by their parents, typically on a regular basis. આ પૈસા નિયમિત ધોરણે મળતા. કેટલાક કેસમાં તો સંતાનોએ પોકેટમની બચાવી તેનો સદુપયોગ કર્યો હોવાના ઉદાહરણો પણ નોંધાયા છે. જોકે, હવે આ રકમ નાની નથી રહી. Break the Bank means to be very expensive or cost a lot of money. It's often used in negative statements to indicate that something is not affordable. બ્રેક ધ બેંક પ્રયોગમાં ખાતર પાડવાની કે બેંકમાં લૂંટ ચલાવવાની કોઈ વાત નથી. અતિશય ખર્ચાળ વસ્તુ દર્શાવવા કે ખિસ્સાને પરવડતું ન હોવા છતાં એ ખરીદવાની વૃત્તિ પર પ્રકાશ છે. Going Dutch means that each person in a group pays their own expenses, especially for meals or activities. ખાણીપીણી કે હરવા ફરવા દરમિયાન દરેકે પોતે પોતાનો ખર્ચ ઉપાડી લેવો એ અર્થ આ રૂઢિપ્રયોગમાં વ્યક્ત થાય છે.

## રાષ્ટ્ર ભાષા
## पैसे दे के धक्के खाय

પૈસો આનંદ આપે તો આફતને પણ આમંત્રણ આપે. પૈસાના વિવિધ પહેલું કહેવતોમાં સુપેરે પ્રગટ થાય છે. **इक्के चढ के जहाँ जाय, पैसे दे के धक्के खाय** - ઇક્કા એટલે એક ઘોડાની ગાડી. આવી ગાડીમાં સવારી કરી હોય ત્યારે હડદોલા - ઝટકા ઘણા લાગે. આવી ગાડીમાં સવારી આસાન ન હોય, બલકે એક મુસીબતને આમંત્રણ હોય. પૈસા ખર્ચીને પણ પરેશાની ઉઠાવવી પડે એવી પરિસ્થિતિ માટે આ કહેવત વપરાય છે. **छदाम में लडाई पैसे में सुग्धड** કહેવત સમજવા જેવી છે. છદામ એટલે દોકડો, જૂના પૈસાનો ચોથો ભાગ. સુગ્ઘડ એટલે અંત અથવા નિર્ણય. નાની વાતે થયેલા ઝઘડાનો અંત મોટી વાતે આવીને પૂરો થાય છે એ આ કહેવતનો ભાવાર્થ છે. પૈસાની ફિલસૂફી સમજાવતી કહેવત છે **मुफ्लिसी में खोटा पैसा काम आता है।** મુફલિસી એટલે ગરીબાઈ અથવા નિર્ધનતા. **जरुरत पर वो चीज भी काम आती है जिसे आदमी नाचीज समझकर फेंक देता है.** જે વસ્તુ નકામી - નિરર્થક સમજી ફેંકી કે ફગાવી દીધી હોય એ જ વસ્તુ જરૂરિયાતમાં કામ આવે છે. સંઘર્યો સાપ પણ કામ કહેવતમાં પણ આ જ ભાવાર્થ છે ને. પૈસાનું જોર કેવું હોય છે? **जिसकी जेब भरी उसकी सबने की यारी.** જેનું ખિસ્સું ભરેલું હોય એના બધા મિત્ર હોય.

## સખ્ખી બહિણ
## पैसा हा पाण्यासारखा आहे

ગોળ નાખો એટલું ગળ્યું થાય એ કહેવતથી તમે વાકેફ હશો. દામ તેવું કામ એવો એનો ભાવાર્થ છે. પૈસા સંબંધિત મરાઠી કહેવતોમાં આવા જ ભાવાર્થની એક કહેવત છે **जसा ‘पैसा’ तशी ‘पावसा’. याचा अर्थ आहे की, जसा खर्च (पैसा) असेल, तसाच पाऊस (परिणाम)** येतो. પૈસા નાખો એવું પરિણામ મળે. ટૂંકમાં મહેનત કરી હોય એ હિસાબે સફળતા મળે એ એનો ભાવાર્થ છે. પૈસો - લક્ષ્મી ચંચળ ગણાય છે. એનામાં સ્થાયી ભાવ નથી હોતો. આજે છે તો કાલે ગાયબ પણ થઈ શકે છે. આ મતલબની મરાઠી કહેવત છે **पैसा हा पाण्यासारखा आहे. याचा अर्थ असा की, पैसा येतो आणि जातो, त्याचा योग्य वापर करणे आवश्यक आहे.** પાણી જેમ અટક્યા વિના ખળખળ વહેતું જાય એ જ રીતે પૈસો આવે અને જતો સુધ્ધાં રહે. એટલે એ યોગ્ય રીતે વપરાય એ આવશ્યક છે. આજના જમાનામાં પૈસાનો પાવર સૌથી વધારે છે એ નક્કર સત્ય છે. પૈસો હોય તો સહુ કોઈ સલામ કરે એ વાત **दाम करी काम, बिबी करी सलाम** કહેવત દ્વારા સુપેરે પ્રગટ થાય છે. પૈસાનું જોર એવું છે કે પત્ની પણ વશમાં રહે. પૈસો મારો પરમેશ્વર રૂઢિપ્રયોગ વર્તમાન સમયનું સત્ય છે. આ ભાવના અલગ રીતે દર્શાવતી કહેવત છે **‘पैसा’ म्हणजे देव नाही, पण ‘देवा’ पेक्षा कमीही नाही.** પૈસો એટલે ભગવાન નહીં, પણ એનું મહત્ત્વ પરમેશ્વર કરતા ઓછું પણ ન ગણવું જોઈએ. એકંદરે ભાવાર્થ એવો છે કે જીવનમાં પૈસાનું મહત્ત્વ છે, પણ પૈસો સર્વસ્વ નથી. ■

વિશેષ પ્લસ
નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

### ભોપાલની એક મહિલા પાઈલટે મેળવી અનેરી સિદ્ધિ

# ૭000 કલાકની ઉડાન પૂરી કરીને બન્યા DGCA ફ્લાઈટ ઈન્સ્પેક્ટર!



કેપ્ટન પૂનમ દેવરાખ્યાની

ભોપાલના ટેરેસથી ૭,૦૦૦ કલાકોની ઉડાન પૂરી કર્યા બાદ, કેપ્ટન પૂનમ દેવરાખ્યાનીએ એક પછી એક સફળતાના પરચમ લહેરાવ્યા છે. આજે, તે ભારતની એરલાઇન્સનું નિરીક્ષણ કરે છે. બાળપણની એક ક્ષણે તેને ઉડ્ડયનમાં કારકિર્દી બનાવવા તરફ કઈ રીતે ફેરવી? એને વિસ્તારથી જાણીએ.

ભોપાલમાં એક સાંજે. ખુલ્લા આકાશ નીચે પરિવારજનો બેઠેલા હોય. અગાસીમાં બેઠા બેઠા પાડોશી સાથે વાતો થતી હોય, નીચેના રસોડામાંથી જમવાની સુગંધ આવતી હોય. આ એક એવું શહેર છે જ્યાં જીવનની ગતિ ટાઈમ પ્રમાણે ચાલે છે. મોટાભાગની છોકરીઓને ખબર છે કે શું હાસિલ કરવું છે અને કઈ બાબતોથી દૂર રહેવું સારું.

એક સાંજે ૧૦ વર્ષની છોકરીએ આકાશમાં વિમાન જોયું. એક છેડાથી બીજા છેડા, જ્યાં સુધી તે દેખાતું રહ્યું તે જોતી રહી. કોઈ બીજાએ તો નોટિસ પણ નહોતું કર્યું. તે ત્યાંજ ઊભી રહી. જે દ્રશ્ય જોયું તે તેના મનમાં ઘર કરી ગયું. તે સ્તબ્ધ થઇ ગઈ. આકાશમાં જે પણ હલનચલન થઇ તેના કરતા તેના મનમાં વધુ હલનચન થઇ હતી. તેણે કોઈને જ કશી વાત ના કરી પરંતુ તે વિમાનની ઉડાન તેના મનમાં જ પેસી ગઈ.

એનું નામ પૂનમ દેવરાખ્યાની. વર્ષો પછી, ધરતીથી હજારો ફૂટ ઊંચે. એ ફક્ત ઊડી જ નથી રહી, પણ પોતાના જેવાં બીજાઓના સપના સાકાર કરવા માટે પણ એ જ માર્ગ તૈયાર કરી રહી છે. ચાલો જાણીએ પૂનમના સફર વિશે જે પહેલા પાઇલટ હતી અને કઈ રીતે ફ્લાઇટ ઓપેરશન ઇન્સ્પેક્ટર બની.

જ્યારે તેણે પોતાના પરિવાર જણાવ્યું કે તેને પાઈલટ બનવું છે, ત્યારે બધા આશ્ચર્યમાં પડી ગયા. પૂનમ યાદ કરતા કહે છે કે, આ એવી કરિઅર હતી જેમાં છોકરીઓ ઓછી જોવા મળે. ખાસ કરીને ભોપાલ જેવી જગ્યાએ તો બિલ્કુલ નહીં. પરિસ્થિતિ વધુ મુશ્કેલ હતી કારણ કે તેના માતા-પિતા પહેલેથી જ તેના દિવ્યાંગ ભાઈ વિજય દેવરાખયાનીની સંભાળ રાખી રહ્યા હતા. તેમના પર પહેલેથી જ ઘણો બોજો હતો. તેને ફ્લાઈટ ટ્રેનિંગ માટે મોકલવી એમના માટે આર્થિક રીતે પણ અને ભાવનાત્મક રીતે પણ અશક્ય લાગતું હતું.

સમય જતાં તેના અડગ હિંમતભર્યા જઝબા અને સખત મહેનતે તેને ફળ આપ્યું. ફ્લાઇટ અને અભ્યાસ વચ્ચેની ઘડીઓમાં તે પોતાના સપનાને સાકાર કરતી રહી. જ્યારે તે જેટ એવિયેશનમાં ઉડાન ભરી રહી હતી, ત્યારે પણ પૂનમે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. લેઓવર દરમિયાન કે લાંબી શિફ્ટ પછી એ અસાઇનમેન્ટ પૂરા કરતી. બંને વચ્ચે સંતુલન જાળવવું સહેલું નહોતું, પણ તેના પ્રયત્નો સતત ચાલુ હતા.

તેણે જ્યારે અભ્યાસ પૂરો કર્યો, ત્યારે તેણે માત્ર ડિગ્રી જ નહોતી મેળવી, પણ પોતે યુનિવર્સિટીમાં ટોપ પણ કર્યું હતું. ત્યારે જ જેટ એવિયેશનના લોકો તેને ગોલ્ડન ગર્લ કહીને સંબોધવા લાગ્યા.

તેને પહેલા ઉડાન વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેની આંખોમાં કઈ અલગ જ ચમક હતી. કોકપીટમાં બેસી, આખી ઉડાનને મેનેજ કરવું, પહેલા માત્ર વિચાર્યું જ હતું કે એક સપનું હતું જે આજે સાકાર થયું. જ્યારે પ્લેને પહેલી ઉડાન ભરી ત્યારે તો એમ જ લાગ્યું કે જાણે મારી આખી જિંદગી બદલાઈ ગઈ છે.

આમ જોઈએ તો પૂનમે ખૂબ જ સંઘર્ષ કર્યો હતો, કોઈ વસ્તુ આસાનીથી નહોતી મળી. તેની પર શંકા, થાક અને તેની ક્ષમતા પર પણ ઘણા પ્રશ્નો ઉઠ્યા હતા. ‘એવિએશન ટ્રેનિંગ ખૂબ જ અઘરી હોય છે. ઘરની જવાબદારીને ભણતર સાથે પૂરી કરતા મને ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. મેં ક્યારેય પણ હાર નહોતી માની. મેં હંમેશાં મારા ભાઈનો વિચાર કર્યો કે જો એ મુશ્કેલીનો સામનો આટલી હિંમતથી કરી શકે તો હું શું કામ ન કરી શકું.’

તેના આ હિંમતભર્યા વિચારોએ તેને ઘણી હિંમત આપી ખાસ કરીને કોકપીટમાં કે જયારે એક એક ક્ષણ તમારી ગણાતી હોય. બસ આવી જ એક ક્ષણોમાંથી, જેટ એરવેઝનો એક અનુભવ તેમના મનમાં કાયમ માટે અંકિત થઈ ગયો છે .

પૂનમ આગળ વાત જણાવતા કહે છે કે, ‘હું દોહાથી ફ્લાઇટ ઉડાવી રહી હતી ત્યારે કાર્ગો ડોર એલર્ટે મને ટેકઓફ ન કરવાની ફરજ પાડી, જ્યારે વિમાન ઊડી રહ્યું હતું. બધું ધીમું પડી ગયું. મને ખબર હતી કે મારે ઝડપથી કાર્ય કરવું પડશે. મેં વિમાનને રોક્યું અને સમસ્યાની પુષ્ટિ કરી. અમે તેને ઠીક કરવામાં અને સુરક્ષિત રીતે ઉડાન ભરવામાં સક્ષમ હતા.’

શાંત રહેવાની, જવાબદારી સંભાળવાની અને ઉચ્ચ દબાણની ક્ષણોમાં લોકોને સુરક્ષિત રાખવાની ક્ષમતાએ ત્યારથી તેની યાત્રાને આકાર આપ્યો છે. પૂનમ તેના તાલીમના તે શરૂઆતના વર્ષો - લાંબા કલાકો અને તેનાથી શીખવવામાં આવેલી શિસ્ત હજી સુધી યાદ કરે છે.

૨૦૧૯માં જ્યારે જેટ એરવેઝ બંધ થવાની નજીક હતી, ત્યારે પણ પૂનમ તેની એરવેઝ સાથે રહી. પૂનમ જણાવે છે કે, ‘મેં ખાલી વિમાન ઉડાવ્યું અને મહિનાઓ સુધી પગાર વગર કામ કર્યું. જેટે મને ઘણું બધું આપ્યું. મને લાગ્યું કે અંત સુધી મારે પાછું વાળવું એ મારી ફરજ છે.’

જ્યારે ઉડ્ડયન ઉદ્યોગમાં સલામતીની ચિંતાઓ તાજેતરમાં ચર્ચાનો વિષય બની છે, ત્યારે પૂનમ આગળ જણાવે છે કે વિશ્વભરના પાઇલટ્સને તમામ સંભવિત તકનીકી જોખમોનો સામનો કરવા માટે તાલીમ આપવામાં આવે છે.

‘દર છ મહિને, પાઇલટ્સ સિમ્યુલેટેડ સેટઅપમાં તાલીમ લે છે. આ પ્રક્રિયાને બે દિવસમાં વહેંચવામાં આવે છે. પહેલા દિવસે, અમારી પાસે ચાર કલાકનો સમય ગાળો હોય છે, અને બીજા દિવસે, અમે તપાસ માટે જઈએ છીએ. કટોકટી દરમિયાન પાઇલટ્સ માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓમાંની એક એવિએટમેન્ટ, નેવિગેટિંગ અને વાતચીત કરવાની છે.’ પૂનમ કહે છે. ‘એવિએટ’નો અર્થ એ છે કે આપણે વિમાન ઉડાડવાની જરૂર છે, ‘નેવિગેટ’નો અર્થ એ છે કે તમે ક્યાં જઈ રહ્યા છો તે જાણવા વિશે છે, અને ‘સંચાર’ નો અર્થ એર ટ્રાફિક કંટ્રોલર (ATC) સાથે સંપર્કમાં રહેવું છે.’

પૂનમ સમજાવે છે કે પાઇલટ્સને એન્જિન નિષ્ફળતા અને આગથી લઈને ઝડપી ડિકમ્પ્રેશન સુધીની તમામ પ્રકારની કટોકટીઓને સંભાળવા માટે તાલીમ આપવામાં આવે છે, જે ત્યારે થાય છે જ્યારે કેબિન અચાનક દબાણ ગુમાવે છે. તેમને આ પરિસ્થિતિઓ માટે નિયમિતપણે તાલીમ આપવામાં આવે છે. તેનું કહેવું છે કે એવા સમયે અમે જે પણ નિર્ણયો લઈએ એમાં અમારી જવાબદારી સમાયેલી હોય છે.

કેપ્ટન પૂનમની ઈચ્છા છે કે તેને મળેલી સફળતા અન્ય યુવતીઓને પણ પ્રેરણા આપે. વધુમાં વધુ યુવતીઓ આ ક્ષેત્રે સફળ કારકિર્દી બનાવે. ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

### બનાના વિવિંગઃ

# પુનઃપ્રકૃતિ તરફ ફરી રહ્યું છે વિશ્વ!

પ્રાચીનકાળથી કુદરત પર વિશ્વાસ કરતાં વિશ્વ માનવી ક્યાક આધુનિકતાની છોળોમાં ભાન ભૂલ્યો અને કૃત્રિમતાને એટલું મહત્ત્વ આપ્યું કે ગ્લોબલ વોર્મિંગ જેવી ગંભીર સમસ્યાઓને નોતરી દીધું. માનવે કરેલી ભૂલોને માનવે જ સુધારવી રહી! સમય બદલાતા ફરીથી સમગ્ર વિશ્વ સસ્ટેનેબલ જીવનશૈલી તરફ વળે છે. ઇકોફ્રેંડલી નેચરને અપનાવતા લોકો પહેરવેશમાં પોતાને ઈકો-ફેશન તરફ ઢાળવા લાગ્યા છે. આ પરિવર્તન ખાસ કરીને વણાટકામ માટે લાભદાયી સાબિત થઈ રહ્યું છે.

મોટા પાયે ઉત્પન્ન થતી કૃત્રિમ સામગ્રીથી લોકો હવે ધીમી ગતિએ ઇકો ફેશન તરફ આગળ વધી રહ્યાં છે. હવે રોજિંદા વપરાશના કપડાં માત્ર આરામ પૂરતાં ન રહેતા જીવનશૈલીનું પ્રતીક બની ગયાં છે, એવી જીવનશૈલી જે આરોગ્ય, ટકાઉપણું અને સાચી ઓળખને મહત્ત્વ આપે છે. આ પરિવર્તન હાઇ ફેશન બની વૈશ્વિક ટ્રેન્ડને પ્રભાવિત કરી રહ્યું છે.



આવા ઈકો-ફ્રેન્ડલી ફેબ્રિકમાં બનાના ફેબ્રિકનો વપરાશ હવે વસ્ત્રો બનાવવા માટે પણ મોટા પાયે થવા લાગ્યો છે. ભારત એ દુનિયામાં કેળાનું અગ્રણી ઉત્પાદક તરીકે સ્થાન ધરાવે છે. એક અભ્યાસ અનુસાર, કેળાની ખેતી દર વર્ષે માત્ર એકવાર થાય છે, અને દર વર્ષે અંદાજે ૫ લાખ ટન કેળાંના થડ નિષ્ફળ જતા હોય છે, લણણી પછી કેળના થડ ફેંકી દેવામાં આવે છે. આ થડમાંથી નીકળતા ફાઈબરનો ઉપયોગ કરી વિવિધ વસ્તુઓ બનાવવામાં તેનો સદુપયોગ કરી શકાય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ તેરમી સદીથી જપાનમાં બનાના છોડના પાંદડાઓમાંથી ફાઈબર બનાવવાનું શરૂ થયું હોવાનું જાણવા મળે છે ત્યારે તેનો ઉપયોગ દરિયાઈ જહાજો માટેની દોરી કે પાછળથી ચલણી નોટમાં આ ઉપયોગ થતો હતો.





જે થડને કચરો માનવામાં આવતો, તે હવે વિવિધ જાડાઈ અને ઘનતાવાળાં તંતુના કપડાંમાં રૂપાંતરિત થાય છે. જેનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે થાય છે જેમ કે દોરી (rope), ચલણી કાગળ, પેકિંગ માટેનું કાપડ અને અન્ય ઘણાં ઉપકરણો માટે. જોકે એક કિલો બનાના ફાઈબરનું કાપડ બનાવવા માટે આશરે ૩૭ કિલોગ્રામ કાચો માલ લાગતો હોય છે, તુલનાત્મક રીતે કપાસના કાપડ માટેના કાચા માલ કરતાં તે ઘણું ઓછું કહેવાય. ટકાઉપણાની સાથેસાથે બનાના ફાઈબર પર્યાવરણ માટે પણ વધુ અનુકૂળ છે. એને ઉગાડવા માટે કપાસની તુલનાએ ઓછા સંસાધનોની જરૂર પડે છે અને તેના પ્રક્રિયા દરમિયાન ટેન્સેલ કે રેયોન બામ્બૂની પ્રક્રિયાની તુલનાએ ઘણું ઓછું પાણી વપરાય છે.

કચ્છની સૌથી જૂની હસ્તકળાઓ પૈકીની એક વણાટ કળા છે, કમી કસબી તરીકે ઓળખાતા વણકર સમાજના રામજીભાઈ મહેશ્વરી ત્રીજી પેઢીના કારીગર છે. તેમણે છેલ્લા ચાર-પાંચ વર્ષથી બનાના ફાઈબરનું વણાટ કામ શરૂ કર્યું છે. તેઓ પાંચેક વર્ષ પહેલા બેંગ્લોર- કર્ણાટકની મુલાકાતે ગયેલા; ત્યાં તેમને બનાના ફેબ્રિક વિષે જાણવા મળ્યું અને કચ્છ પરત ફરીને તેમણે પણ બનાના વિવિંગનો પ્રયોગ શરૂ કર્યો. ત્રણેક વર્ષ તો તેમણે અલગ અલગ પ્રયોગો જ કરી જોયા. ગીચા સિલ્ક, કોટન, ટસર સિલ્ક, બાંબુ ફાઈબર સાથે બનાના વિવિંગના પ્રયોગો કર્યા બાદ છેલ્લા એક વર્ષથી માર્કેટમાં વેચાણ અર્થે મૂક્યા. અને એક જ અઠવાડિયામાં બનાવેલા ૨૦ નંગ વેંચાઈ ગયા જેનાથી તેમનો ઉત્સાહ પણ વધ્યો અને ઇકો ફેબ્રિકનું મહત્ત્વ પણ સમજાયું. રામજીભાઈ કહે છે, બનાના ફેબ્રિક ઇકો ફ્રેંડલી હોવાની સાથે ટકાઉ અને શાઈનિંગવાળું કાપડ છે.

ભણતર મેળવી લીધાના તુરત બાદ મજૂરીએ તો લાગ્યા પણ પોતાનો પરંપરાગત વ્યવસાય કે જે ખમીરી સાથે ઓળખનશીન છે, એવી ભાન થઈ અને પાછા પોતાની કળા તરફ પાછા વળ્યા. કળાને વ્યવસાય તરીકે ઊભારવા અને પોતાની આગવી ઓળખ ઊભી કરવા ચીલાચાલુ પદ્ધતિમાં નાવીન્ય લાવવા કલા રક્ષા વિદ્યાલય અને સોમૈયા કલા વિદ્યાલયમાં તાલીમ મેળવી. હાથસાળ પર જે રીતે તાણા અને વાણાનું જોડાણ ઊભું થાય છે એજ રીતે કારીગરનું કળા સાથે અને ગ્રાહક સાથે જોડાણ બનતું હોય છે, આથી રામજીભાઇએ પોતાની બ્રાન્ડ નેમ ‘tana bana’ રાખી છે. આ પ્રદેશમાં રામજીભાઈ જેવા કારીગરો પોતાની આગવી કારીગરી દ્વારા હસ્તકલા ક્ષેત્રમાં કાઠું કાઢ્યું છે જેના થકી કચ્છ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રદેશ બન્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડૉલરની નબળાઈ અને અનિશ્ચિતતા વચ્ચે વૈશ્વિક સોનામાં મક્કમ અન્ડરટોન

## જૂનમાં સોનાની આયાત ૪૦ ટકા ઘટીને માત્ર ૨૧ ટન રહેતા પુરવઠા સ્થિતિ તંગ છતાં નિરસ માગે ડીલરો દ્વારા ઑફર કરતા ડિસ્કાઉન્ટમાં ભાવ

વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સ્તરે અમેરિકી ટૅરિફ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા તેમ જ રશિયા-યુક્રેન વચ્ચેનાં તણાવને કારણે ભૂરાજકીય અનિશ્ચિતતા તથા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતું હોવાથી સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતાં ભાવમાં મક્કમ અન્ડરટોન પ્રવર્તી રહ્યો છે.

વધુમાં ગત સપ્તાહે અમેરિકાના જાહેર થયેલા આર્થિક ડેટાઓ પ્રોત્સાહક હોવાથી ફેડરલ રિઝર્વ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાઓ પણ મંદ પડી હોવાથી સોનાના મક્કમ વલણને અમુક અંશે ટેકો મળી રહ્યો છે.

તેમ છતાં બજાર વર્તુળો વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ સેવી રહ્યા છે. જોકે, આગામી ૨૯-૩૦ જુલાઈની બે દિવસીય નીતિવિષયક બેઠકનાં અંતે ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગેનો કોઈ અણસાર આપે છે કે નહીં તેનાં પર રોકાણકારોની મીટ મંડાયેલી છે.

દરમિયાન સ્થાનિક ઝવેરી બજારમાં ગત સપ્તાહે વૈશ્વિક અહેવાલો અને સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયાની વધઘટને ધ્યાનમાં લેતા સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાયા હતા, જેમાં સપ્તાહના આરંભે મજબૂત અન્ડરટોન રહ્યા બાદ સાધારણ પીછેહઠ જોવા મળી હતી અને પુનઃ સપ્તાહના અંતે ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો. તેમ છતાં એકંદરે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૭,૦૦૦ની ઉપરની સપાટીએ જ રહ્યા હોવાથી સાર્વત્રિક સ્તરેથી માગ શુષ્ક રહી હોવાના નિર્દેશો હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૧મી જુલાઈના રૂ. ૯૭,૫૧૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૮,૦૯૭ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૯૭,૩૭૦ અને ઉપરમાં ૯૮,૩૦૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૭૩૨ અથવા તો ૦.૭૫ ટકા વધીને ૯૮,૨૪૩ની સપાટીએ બંધ રહ્યા હતા. કોલકાતા સ્થિત એક જ્વેલરના જણાવ્યાનુસાર ગત સપ્તાહ દરમિયાન દેશભરનાં જ્વેલરી શૉરૂમોમાં ગ્રાહકોની હાજરી બહુ પાંખી રહી હતી.



ગ્રાહકો ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી પણ નિરસ રહી હતી. ગત જૂન મહિનામાં દેશમાં સોનાની આયાત જૂન, ૨૦૨૪ની સરખામણીમાં ૪૦ ટકા ઘટીને બે વર્ષની નીચી ૨૧ ટનની સપાટીએ રહી હોવાથી પુરવઠાની સ્થિતિ તંગ હોવા છતાં સાર્વત્રિક સ્તરેથી માગ તળિયે બેસી હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ જે આગલા સપ્તાહે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ આઠ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા તે ગત સપ્તાહે ઔંસદીઠ ૧૦ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ ઊંચા મથાળેથી નિરસ માગ રહેતાં ડીલરો વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ પાંચ ડૉલર ડિસ્કાઉન્ટથી ૧૦ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે આગલા સપ્તાહે ડીલરો ઔંસદીઠ ૧૦થી ૨૫ ડૉલર પ્રીમિયમમાં ભાવ ઑફર કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ઉનાળાની રજાઓનો સમયગાળો હોવાથી નજીકના ભવિષ્યમાં માગ ખૂલવાની શક્યતા નથી જણાતી. જોકે, હવે ચીનમાં ઑક્ટોબર મહિના આસપાસ માગ ખૂલવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે.

એકંદરે ગત સપ્તાહે અમેરિકાનાં આર્થિક ડેટાઓ મજબૂત આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ તાકીદના ધોરણે વ્યાજદરમાં કપાત કરે તેવી શક્યતા ન જણાતાં વૈશ્વિક સોનામાં ત્રણ સપ્તાહ પછી પહેલી વખત ભાવમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. ગત મે મહિનામાં અમેરિકાના રિટેલ વેચાણમાં ઘટાડો જોવા મળ્યા બાદ જૂન મહિનામાં અપેક્ષા કરતાં વધુ બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજી કરનારાઓની સંખ્યા ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચી હોવાથી ટૅરિફમાં વધારો થયો હોવા છતાં અર્થતંત્ર પર ધાર્યા કરતાં ઓછી માઠી અસર પડી હોવાનું જણાયું હતું.

આ સિવાય જૂન મહિનામાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અથવા તો ફુગાવામાં થોડો વધારો જોવા મળ્યો હતો, પરંતુ તેની સામે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.

વધુમાં વૈશ્વિક સ્તરે જોઈએ તો ગત સપ્તાહે યુરોપિયન યુનિયનનું પ્રતિનિધિમંડળ ટૅરિફ અને વેપાર વાટાઘાટ માટે વૉશિંગ્ટન ગયું છે, જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચીપ પરનો પ્રતિબંધ દૂર થતાં અમેરિકા-ચીન વચ્ચેનો તણાવ હળવો થવાની સાથે ઈન્ડોનેશિયા સાથે ટ્રેડ ડીલ થયાના અહેવાલને કારણે સોનામાં સલામતી માટેની માગ સાધારણ મંદ પડી હતી.

જોકે, કેન્દ્રવર્તી બૅન્કોનો સોનામાં લેવાલીનો ટેકો મળતો રહ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં કેન્દ્રવર્તી બૅન્કોએ તેની સોનાની અનામતમાં ૨૦ ટનનો વધારો કર્યો છે. જેમાં સૌથી વધુ અનુક્રમે કઝાકિસ્તાન, તુર્કી, પૉલેન્ડ અને સિંગાપોરનો સમાવેશ થતો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને ધ્યાનમાં લેતા તેનાં ૧૫૦ કરતાં વધુ વેપાર ભાગીદાર દેશોના સહયોગમાં રશિયા પર વધુ નિયંત્રણો લાદ્યા હોવાને કારણે પણ સોનાને સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે. અમારા મતે આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૩૪૭૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫,૫૦૦થી ૯૯,૯૦૦ની રેન્જ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા હાજર અને વાયદામાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૫૧.૧૮ ડૉલર અને ૩૩૫૮.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ઊંચા ટૅરિફ અને વેરામાં ભારે કપાતને કારણે અમેરિકી દેવાની ચિંતા સપાટી પર હોવાથી સોનામાં મક્કમ વલણ રહ્યું છે. તેમ જ રોકાણકારોની નજર ટૅરિફ અંગેના અહેવાલો પર સ્થિર થઈ હોવાનું સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્કનાં ગ્લોબલ રિસર્ચ વિભાગનાં વિશ્લેષક સૂકી કૂપરે જણાવ્યું હતું. જોકે, હજુ ઈન્ડોનેશિયા નવી ટ્રેડ ડીલની વિગતોની દિશામાં કાર્ય કરી રહ્યું છે, જ્યારે અમેરિકાનાં ટ્રેઝરી સચિવ જૅનૅટ યૅલેને જણાવ્યું હતું કે જાપાનનાં વડા પ્રધાન સાથે સારા કરાર થવાની શક્યતા છે.

# ખાંડનાં મથકો પર સુધારો છતાં સ્થાનિકમાં મર્યાદિત માગે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ પણ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ અને ગુણવત્તાનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૩૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# પહેલા ત્રિમાસિકગાળામાં તેલખોળની નિકાસમાં એક ટકાનો ઘટાડો


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં દેશમાંથી વિવિધ તેલખોળની નિકાસ જૂન, ૨૦૨૩ના ૩,૩૫,૧૯૬ ટન સામે સાત ટકાના ઘટાડા સાથે ૩,૧૩,૪૦૪ ટનની સપાટીએ રહી છે, જ્યારે વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળા દરમિયાનની નિકાસ આગલા વર્ષના સમાનગાળાના ૧૧,૦૨,૬૩૨ ટન સામે સાધારણ એક ટકાના ઘટાડા સાથે ૧૦,૯૪,૫૯૩ ટનની સપાટીએ રહી છે. એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત જૂન મહિનામાં થયેલી કુલ ૩,૧૩,૪૦૪ ટન તેલખોળની નિકાસ પૈકી ૧,૦૫,૮૯૫ ટન સોયાખોળની, ૧,૮૪,૦૬૪ ટન રાયડાખોળની, ૪૧૮૮ ટન સિંગખોળની અને ૧૯,૨૫૭ ટન એરંડાખોળની નિકાસનો સમાવેશ થાય છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળા દરમિયાન થયેલી કુલ ૧૦,૯૪,૫૯૩ ખોળની નિકાસ પૈકી ૪,૯૩,૪૩૯ ટન (૪,૯૬,૮૫૯ ટન) સોયાખોળની, ૫,૩૧,૬૫૦ ટન (૫,૨૩,૫૨૧ ટન) રાયડાખોળની, ૧૨,૬૩૦ ટન (૩૪૭૬ ટન) સિંગખોળની અને ૫૬,૮૭૪ ટન (૭૮,૭૭૬ ટન) એરંડાખોળની નિકાસનો સમાવેશ થાય છે. ગત એપ્રિલથી જૂન દરમિયાન થયેલી નિકાસમાં મુખ્યત્વે બાંગ્લાદેશ ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૨,૧૮,૩૭૫ ટન સામે ૪૨.૧૪ ટકાના ઘટાડા સાથે ૧,૨૬,૩૫૧ ટનની સપાટીએ, થાઈલેન્ડ ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧,૦૮,૨૪૩ ટન સામે ૨૫.૪૮ ટકા ઘટીને ૮૦,૬૫૭ ટનની સપાટીએ અને દક્ષિણ કોરિયા ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧,૮૮,૩૯૨ ટન સામે ૨૨.૯૩ ટકા ઘટીને ૧,૪૫,૧૮૯ ટનના સ્તરે રહી હતી, જ્યારે ચીન ખાતે નિકાસ વધીને ૧,૮૭,૩૬૧ ટન (૭૪૪૧ ટન) વિયેટનામ ખાતે નિકાસ વધીને ૫૮,૦૬૭ ટન (૫૫,૪૨૦ ટન) અને જર્મની ખાતે નિકાસ ૫૮,૯૪૫ ટન (૦)ની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ત્રણ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત ૧૧મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૩.૦૬૪ અબજ ડૉલર ઘટીને ૬૯૬.૬૭૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેનાં સપ્તાહે પણ અનામત ૩.૦૪૯ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૯.૭૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.




અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતાં અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૨.૪૭૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૨.૪૭૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૮.૮૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૪૯.૮ કરોડ ડૉલર ઘટીને ૮૪.૩૪૮ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૮૦૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૪ કરોડ ડૉલર વધીને ૪.૭૧૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજોનું પ્રમાણ પાંખું રહ્યું હોવાથી હાજરમાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫, નારાયણ એગ્રોના સોયા રિફાઈન્ડના સાત દિવસમાં ડિલિવરી શરતે રૂ. ૧૨૩૦, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, રિલાયન્સ કન્ઝ્યુમરના ખપોલીથી ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૭, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૫ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે વેપારો નિરસ રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ ૧૦૦૦થી ૧૧૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૬૩૫ના મથાળે રહ્યા હતા. જોકે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

# ભારતીય ફૂટવૅર ક્ષેત્રમાં વિયેટનામ અને તાઈવાનની કંપનીઓ રોકાણ કરવા ઉત્સુકઃ કાઉન્સિલ

નવી દિલ્હીઃ તાઈવાન અને વિયેટનામની કંપનીઓ ભારતનાં નોન-લેધર ફૂટવૅર ક્ષેત્રમાં રોકાણ કરવા ઉત્સુક છે અને તેઓને રોકાણ માટે સુવિધાઓનો ટેકો આપવા સરકારનો ટેકો મહત્ત્વનો હોવાનું કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટના ચેરમેન આર કે જૈને તાજેતરમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે તાઈવાન અને વિયેટનામની કંપનીઓ બૂટના સૉલ, મોલ્ડ, મશીનરી અને ફેબ્રિક્સ જેવી ચીજો જેવા ઉત્પાદનોની ખરીદી ચીનથી કરી રહી છે. વિયેચનામ અને તાઈવાનની કંપનીઓ ભારતમાં રોકાણ કરવા ઉત્સુક છે અને આપણે તેને ટેકો આપવાની જરૂર છે જેથી તેઓ તેના ઉત્પાદનો માટે દેશમાંથી સરળતાપૂર્વક આયાત કરી શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

હાલ દેશમાંથી નિકાસ સારા દરથી વૃદ્ધિ પામી રહી છે અને વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કાઉન્સિલ સાત અબજ ડૉલરના મૂલ્યની નિકાસનો લક્ષ્યાંક રાખી રહી છે. નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નિકાસ ૫.૭૫ અબજ ડૉલરની નિકાસ થઈ હતી, જેમાં ૯૫.૭ કરોડ ડૉલરની નિકાસ સાથે અમેરિકા અગ્રેસર રહ્યું હતું અને નિકાસમાં હિસ્સો ૨૦ ટકાનો રહ્યો હતો. ત્યાર બાદ ૧૧ ટકાના હિસ્સા સાથે યુકે બીજા ક્રમાંકે અને ત્યાર બાદ જર્મની રહ્યું હતું. આ વર્ષે અમે નિકાસમાં ૧૮ ટકા વૃદ્ધિદરનો અંદાજ મૂકી રહ્યા છીએ. જોકે, સ્થાનિકમાં ઉત્પાદન વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હોવાથી નિકાસ અને રોજગાર વૃદ્ધિ પણ પ્રોત્સાહિત થશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમેરિકા સાથેનાં વેપાર કરાર થકી અમેરિકા ખાતેની નિકાસના હિસ્સામાં વધારો થશે. જોકે, હાલ અમેરિકા ખાતે શ્રમલક્ષી ક્ષેત્ર પર ૧૮.૫ ટકા ડ્યૂટી લાદવામાં આ રહી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે તાઈવાન અને વિયેટનામ વૈશ્વિક ફૂટવૅર ક્ષેત્રનાં મોટા ખેલાડીઓ છે. વિયેટનામ ફૂટવૅરના ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક હબ તરીકે ગણાય છે, જ્યારે તાઈવાનની ફૂટવૅરની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદનમાં તેની આંતરાષ્ટ્રીય બ્રાન્ડમાં નામના સાથે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી તેમણે સરકારને અંદાજપત્રમાં ફૂટવૅર અને લેધર સેક્ટર માટે ફોકસ્ડ પ્રોડક્ટ સ્કીમ જાહેર કરવાનો અનુરોધ કર્યો છે જેથી ઉત્પાદકતા, નિકાસ અને સ્પર્ધાત્મકતામાં વધારો થાય. તેમ જ આ સ્કીમ ડિઝાઈન ક્ષમતાને ટેકો આપતી, કોમ્પોનન્ટનું ઉત્પાદન વધારતી અને નોન લેધર ક્વૉલિટી ફૂટવૅરની મશીનરી માટે ટેકો આપતી હોવી જોઈએ.

વધુમાં તે જ મુજબના મંતવ્ય આપતા કાનપુર સ્થિત ગ્રોમોર ઈન્ટરનેશનલ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર યાદવેન્દ્ર સિંઘ સચને જણાવ્યું હતું કે તાઈવાનની કંપીઓએ તમિળનાડુમાં રોકાણ કર્યું છે.

તેઓ પાસે નોન લેધર ફૂટવૅર ક્ષેત્રમાં શ્રેષ્ઠ ટૅક્નોલૉજી ધરાવે છે. તેઓના બજારમાં પ્રવેશથી સ્થાનિક કંપનીઓમાં ગુણવત્તાના મુદ્દે જાગરૂકતા વધી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આ કંપનીઓને ઉત્તર પ્રદેશ અને બિહારમાં રોકાણ કરવાની ઘણી તકો છે કેમ કે આ રાજ્યોમાં શ્રમિકોની પોસાણક્ષ ઉપલબ્ધિ છે.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં જળવાતી આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે વૈશ્વિક બજારમાં ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી કોપરના વાયદાના ભાવમાં એક ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં સતત બીજા સત્રમાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાત સુધીનો સુધારો આગળ ધપ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સપ્તાહનું અંતિમ સત્ર હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની તમામ ધાતુઓમાં લેવાલી જળવાઈ રહી હતી. તેમ જ ભાવમાં સુધારો વધુ આગળ ધપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી પ્રમાણમાં વધુ રહેતાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૭૬૫, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૮૩૯ અને રૂ. ૯૧૨ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૫૦, રૂ. ૮૨૬, રૂ. ૬૦૫ અને રૂ. ૨૬૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટો ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૨૭, ટીન અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૯૦૯ અને રૂ. ૫૫૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૫૭ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૧૬ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા.



રાજકોટના વોર્ડ નંબર ૧૮માં બિસ્માર રસ્તાનો સ્થાનિકોએ રેકડી કાઢી, રસ્તા ઉપર હવન કરી વિરોધ કર્યો હતો. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં કાળીયાબીડ વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટનામાં બે નિર્દોષ લોકોના જીવ લેનાર કારચાલક પોલીસ પુત્રને ઘટનાસ્થળે લઈ જઈ પોલીસે રી-કન્સ્ટ્રક્શન કર્યું હતું

## ભચાઉના આમરડી ગામમાં પિતાની ઘાતકી હત્યા કરનારા કળિયુગી પુત્રને આજીવન કારાવાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ તાલુકાના આમરડી ગામ ખાતે આજથી ચાર વર્ષ અગાઉ એક વાડીમાં પોતાના નિંદ્રાધીન પિતાની કુહાડીના સંખ્યાબંધ ઘા ઝીંકીને ઘાતકી હત્યા નીપજાવનારા કળિયુગી પુત્રને આજીવન કેદની ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો હતો. આમરડીમાં રહેતા રતાભાઇ ઉર્ફે ભીખાભાઇ ગોઠી (પટેલ) અને તેમનો પુત્ર એવો આરોપી પ્રકાશ વાડીએ કામ કરતા હતા. આ યુવાન કોઇ કામ-ધંધો કરતો ન હોવાથી પિતા તેને વાડીએ કામ કરવાનું કહેતા રહેતા હતા. ગત તા.૧૬-૬-૨૦૨૧ના રોજ ફરિયાદી પુષ્પાબેન રતા ગોઠી સવારના સમયે સીરામણ લઇને વાડીએ ગયા હતા, જ્યાં ખાટલામાં પોતાના પિતા લોહી નીંગળતી હાલતમાં પડયા હોવાનું જણાયું હતું. પિતાનું માથું કચડાયેલું જોઇને બંને બહેનોએ ભાઇ પ્રકાશને શોધતાં તે ક્યાંય નજરે પડયો નહોતો. બાદમાં પ્રકાશ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ તેને ગણતરીના કલાકોમાં પકડી લેવામાં આવ્યો હતો.

હત્યારા પુત્ર વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાથી ભચાઉના ત્રીજા અધિક સેશન્સ જજની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ન્યાયાધીશ અંદલીપ તિવારીએ સાહેદોની જુબાની, આધાર-પુરાવા અને બંને પક્ષની દલીલો સાંભળીને તેને તકસીરવાન ઠેરવ્યો હતો અને પ્રકાશને આજીવન કેદ તથા રૂ. ૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો તેમજ દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સજાનો ચુકાદો આપ્યો હતો. આ સમગ્ર કેસ દરમ્યાન પ્રકાશ જેલમાં રહ્યો હતો. આ કેસમાં સરકાર તરફે ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડી.એસ. જાડેજાએ ઉપસ્થિત રહી દલીલો કરી હતી. ■

# ગાંધીધામમાં માસીનાં ઘરમાં ઘૂસી, ભાણેજે ૭.૨૫ લાખના ઘરેણાં તફડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ગાંધીધામની કે.ડી.એલ.બી. કોલોનીમાં રહેતાં સગાં માસીનાં ઘરમાં ઘૂસી, તિજોરીમાંથી રૂ. ૭,૨૫,૦૦૦ના મૂલ્યના દાગીના તફડાવી જનારા ભાણેજ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

કે.ડી.એલ.બી. કોલોનીમાં આવેલાં મકાન નંબર ૧૭૮માં ગત તા. ૪-૮-૨૦૨૪થી ૧૯-૮-૨૦૨૪ સુધીના સમયગાળામાં તસ્કરીનો આ બનાવ બન્યો હતો, જેની ફરિયાદ છેક ૧૧ મહિના બાદ પોલીસના ચોપડે ચડી છે. આ અંગે ડી.પી.એ.માં નોકરી કરતા રામબાબુ ચવાકુલા અને ફરિયાદી એવા તેમનાં પત્ની વિજયકુમારી વ્યવહારિક કામ અર્થે તેમના વતન આંધ્રપ્રદેશ ગયા હતા. તેમણે પોતાનાં પુત્રવધૂ અને દીકરીના દાગીના તિજોરીમાં મૂકી ચાવી એક રૂમમાં થેલામાં મૂકી રાખી હતી, ત્યાંથી પરત આવ્યા બાદ દાગીનાની જરૂરિયાત ઊભી થતાં તિજોરી ખોલવા જતાં તિજોરીનું પતરું ઉપરથી વળી ગયેલું અને તેમાં થોડી જગ્યા જણાઇ હતી. તિજોરીમાં અમુક દાગીના હતા. જ્યારે સોનાની મોટી ચેઇન નંગ ત્રણ, સોનાની નાની ચેઇન નંગ બે, સોનાનું બ્રેસલેટ, સોનાની લેડિઝ રિંગ નંગ પાંચ, સોનાની બોટઝ રિંગ નંગ બે, સોનાની કાનની બૂટી જોડી નંગ બે, સોનાનો એક મોટો નેકલેસ, સાડા ૧૪ તોલાના દાગીના કિંમત રૂ. ૭,૨૫,૦૦૦ની મતાની ચોરી થઇ હોવાનું બહાર આવ્યું હતું.

દરમ્યાન,ફરિયાદીના બહેન જયલક્ષ્મીનો પુત્ર પ્રકાશ નાનપણથી તેમના ઘરે રહી ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો હતો. બાદમાં પોતાની બહેનના ઘરે કિડાણા રહેવા ચાલ્યો ગયો હતો. આ વચ્ચે તે ૧૮-૮-૨૦૨૪ના રોજ પિતા બીમાર હોવાનું જણાવીને આંધ્ર પ્રદેશ ચાલ્યો ગયો હતો. ફરિયાદીએ પુચ્છા કરતાં તેના પિતા એકદમ સ્વસ્થ હોવાનું અને તેના ઉપર લાખ્ખો રૂપિયાનું લેણું થઇ ગયું હોવાનું બહાર આવ્યું હતું. પ્રકાશે તેમની ગેરહાજરીનો લાભ લઇ, તિજોરી ખોલી તેમાંથી દાગીના તફડાવી લીધા હોવાનું જાણવા મળતાં તેની વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.■

# કચ્છમાં લાંબી બ્રેક બાદ અષાઢી મેઘાની ઝમકદાર બેટિંગઃ દોઢથી અઢી ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મેઘતૃષ્ણાનાં મુલક એવા કચ્છમાં દસેક દિવસથી જારી રહેલા વરાપણા માહોલ વચ્ચે બંગાળની ખાડીમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમનો ટ્રફ ગુજરાત સુધી લંબાતાં તેની અસર તળે શનિવારથી મેઘરાજા મહેરબાન થયા હતા અને લગભગ તમામ જિલ્લાઓમાં ધીમીધારે અંદાજે એકથી અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

બ્રહ્મમુહૂર્તમાં ચાર વાગ્યા બાદ શરૂ થયેલો વરસાદ આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ચાલુ રહેવા પામ્યો હતો. અંજાર,ગાંધીધામ, નખત્રાણા, ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં અંદાજે એકથી બે ઇંચ જેટલો કાચા સોના સમાન વરસાદ નોંધાયો છે જયારે બંદરીય શહેર મુંદરા અને માંડવી ખાતે સમયાંતરે ભારે ઝાપટાં અવિરતપણે હાજરી પૂરાવી રહ્યા છે.

દરમ્યાન, કચ્છના અંજાર અને ગાંધીધામમાં વરસાદને પગલે મુખ્ય બજારો, રેલવે સ્ટેશન અને બીજા સંખ્યાબંધ વિસ્તારોમાં વરસાદી પાણીના જળભરાવની સમસ્યા ઊભી થવા પામી હતી. તેવી જ રીતે ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં પણ દોઢેક ઇંચ જેટલો વરસાદ નોંધાતા ભુજના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન ખાતાંએ એક દિવસની યલો એલર્ટ સાથે શનિ-રવિવાર દરમ્યાન કચ્છમાં ભારે વરસાદની આગાહી કરી હતી. ■

# કચ્છના અબડાસાના મંજલ ગામ પાસે હિંસક દીપડો દેખાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માલધારીઓ પોતાના પશુધનને ચરાવવા માટે લીલાછમ થયેલા સીમાડાઓ તરફ વળ્યા છે, એ દરમિયાન અબડાસા તાલુકાના મંજલ ગામ પાસેના સીમાડામાં જોવા મળેલા ખૂંખાર દીપડાની તસ્વીર ત્યાંથી પસાર થતા એક યુવકે તેના કેમરામાં કેદ કરી લીધી હતી. રાની પશુઓના આ કાયમી સ્થાનમાં હિંસક પશુ દીપડાએ દેખા દેતાં માલધારીઓ અને ગ્રામજનો ચિંતિત બન્યા છે. પુખ્ત વયના આ ખૂંખાર દીપડો તડકામાં બેઠો હોય એવી તસ્વીર હાલ સોશ્યલ મીડિયા ઉપર વાયરલ થઇ રહી છે.

આ અંગે વનવિભાગના આરએફઓ કનકાસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, અબડાસાના રાયધણજર, ખારુવા, ચિયાસરના સીમાડામાં અવારનવાર દીપડો દેખા દેતો હોય છે. ખારુવામાં બે વર્ષ પહેલાં દીપડાએ છ જેટલા ઊંટોનું મારણ પણ કર્યું હતું. સીમાડા સુધીના વિસ્તારમાં અંદાજે ત્રણથી પાંચ જેટલા દીપડાઓ રહે છે જેઓએ આજ દિન સુધી કોઈ પણ માનવ પર હુમલો ન કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ભાવનગર કલેક્ટર કચેરી ખાતે રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણીના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરે જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ ક્ષતિગ્રસ્ત બન્યા છે ત્યારે જરૂરિયાતવાળા રસ્તાઓની સમારકામની કામગીરી ઝડપી પૂર્ણ કરવી, જે સ્થળે માર્ગ અકસ્માતના બનાવો બને છે તેવા સ્થળોની સંયુક્ત મુલાકાત કરી જરૂરી પગલાં લેવા, ભાવનગર શહેર અને જિલ્લામાં આવેલ હાઇ-વે પર રખડતાં ઢોરના લીધે વાહન અકસ્માતની સંભાવના હોય તે અંગેની તાકીદે કાર્યવાહી હાથ ધરવા, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એક્ટ હેઠળના સત્તા સોંપણી હુકમ અનુસાર જિલ્લામાં માર્ગ સલામતી વિષયક પરિણામલક્ષી કામગીરી કરવા જરૂરી સૂચનો કર્યા હતાં. રાહવીર યોજનાનો મહત્તમ પ્રચાર પ્રસાર કરવાની સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રાહવીરોને સન્માનિત કરવા અનુરોધ કર્યો હતો. આર. ટી. ઓ. ઓફિસરએ સંબંધિત વિભાગો દ્વારા કરેલ કામગીરીના અહેવાલ અંગે પણ ચર્ચા કરી હતી. આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સિંઘાલ, રોડ સેફ્ટી ટ્રેઇનર અજયસિંહ જાડેજા સહિત સંબંધિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના જાંબુડામાં ૪.૫૭ કરોડના આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણઃ

## ૨૦ ગામના એક લાખ લોકોને મળશે આરોગ્ય સેવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર તાલુકાના જાંબુડા ખાતે રૂ. ૪.૫૭ કરોડના ખર્ચે નિર્મિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કૃષિ પ્રધાન રાઘવજીભાઈ પટેલ અને સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આ સુવિધાનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

આ આરોગ્ય કેન્દ્ર જાંબુડા સહિત આસપાસનાં ૨૦ ગામોના અંદાજે એક લાખ નાગરિકોને સ્થાનિક કક્ષાએ આરોગ્ય સેવાઓ પૂરી પાડશે. રાઘવજીભાઈએ જણાવ્યું હતું કે, જાંબુડા સાંસદ આદર્શ ગ્રામ હોવાથી આ પ્રોજેક્ટની મંજૂરી સરળતાથી મળી. તેમણે સગર્ભા, પ્રસુતા, વૃદ્ધો અને બાળકોના આરોગ્યની કાળજી માટે સરકારના આયોજનની વાત કરી હતી.

સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે જાંબુડાને સાંસદ આદર્શ ગ્રામ તરીકે સ્વીકાર્યા પછી ગામનો સર્વાંગી વિકાસ તેમની પ્રાથમિકતા રહી છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગામડાઓમાં પાયાની સુવિધાઓ વધારવા પ્રયાસો થઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રૂ. ૪.૩૧ કરોડના ખર્ચે જાંબુડા ખાતે નિર્માણ પામેલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૦ બેડની સુવિધા સાથે જનરલ ઓપીડી, એક્સ-રે રૂમ, સોનોગ્રાફી રૂમ, ડ્રેસિંગ રૂમ, લેબર રૂમ, લેબોરેટરી, ઓપરેશન થિયેટર, મેલ વોર્ડ રૂમ, ફીમેલ વોર્ડ રૂમ, પોસ્ટ ઓપરેશન રૂમ, આઈસોલેશન રૂમ સહિતની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.■

# ભાવનગરમાં બીએલઓની કામગીરીના વિરોધમાં રેલી યોજાઈ, કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ બુથ લેવલ ઓફિસરની કામગીરીના વિરોધમાં રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ભાવનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને બુથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી છે. જેનો શિક્ષકોએ વિરોધ કર્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક જ કચેરીના અંદાજે ૫૧૪ જેટલા ભાગોમાંથી અંદાજે ૨૦૫ જેટલા ભાગોમાં માત્ર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોને જ બીએલઓની કામગીરીના હુકમો કરવામાં આવ્યા છે. જેથી બીએલઓની આ અન્યાયી કામગીરીનો વિરોધ કરવા શનિવારે એક રેલી યોજાઈ હતી. આ રેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી અને જ્યાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.■

# રાજકોટ કોર્પોરેશનની સામાન્ય સભામાં કોંગ્રેસે હાથમાં પાટાપીંડી કરી બિસ્માર રસ્તા વિરોધ કર્યો



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજની સામાન્ય સભા તોફાની બની હતી. બિસ્માર રોડ રસ્તા મુદ્દે કોંગ્રેસે પ્રતીકાત્મક વિરોધ કર્યો હતો. કોંગ્રેસના નગરસેવક હાથ અને કમર પર પાટા બાંધીને પહોંચ્યા હતા, જ્યારે મનસુખ સાગઠિયા સામે પણ તપાસ કરવા ઈડીને મંજૂરી આપવામાં આવી હતી.

સામાન્ય સભામાં વિપક્ષ નેતા વશરામ સાગઠિયા સહિત ચાર નગરસેવક હાથ-કમરે પાટા બાંધીને પહોંચ્યા હતા. સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટરોએ હોબાળો કરતા મેયરનાં આદેશ બાદ ફાયર વિભાગના માર્શલો દ્વારા આ તમામ કોંગી કોર્પોરેટરોને ટિંગાટોળી કરી બહાર કાઢવામાં આવ્યા હતા, જેને લઈને વિપક્ષ નેતા સાગઠિયાએ 'હાય રે ભાજપ હાય હાય'નાં નારા લગાવ્યા હતા. તેમણે જણાવ્યું કે,સામાન્ય વરસાદમાં શહેરમાં ઠેર-ઠેર ખાડા પડી ગયા છે. જેને લઈને તંત્રને જગાડવા માટે અમે કમર અને હાથમાં પાટા બાંધીને પહોંચ્યા હતા. તંત્રને જગાડવા માટે તેઓએ હાથ અને કમરમાં પાટા બાંધ્યા હતા.આ ઉપરાંત સાગઠિયાએ કહ્યું, અમે ભાજપ શાસકોને તેમનો ચહેરો બતાવવા પ્રયાસ કર્યો હતો. જો કે પોતાનો ભ્રષ્ટાચારી ચહેરો ભાજપના શાસકો જોઈ શક્યા નહોતા. જેને લઈને અમે બોર્ડના કોઈ નિયમનો ભંગ ન કર્યો હોવા છતાં માર્શલો દ્વારા અમને બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત જનરલ બોર્ડમાં મનસુખ સાગઠિયા સામે તપાસ કરવા ઈડીને મંજૂરી આપવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટી મંજૂરી બાદ જનરલ બોર્ડે પણ મંજૂરી આપી દેતા ઈડી મનસુખ સાગઠિયા સામે તપાસ કરી ગમે ત્યારે ફરિયાદ પણ નોંધે તેવી સંભાવના છે. આ મામલે સૂત્રોએ જણાવ્યું હતું કે, કોઈપણ કલાસ વન અધિકારી સામે કાર્યવાહી કરવી હોય તો તેના માટે સ્ટેન્ડિંગ અને જનરલ બોર્ડની મંજૂરી જરૂરી છે. રાજ્ય સરકાર તરફથી મનસુખ સાગઠિયાની સામે કાર્યવાહી કરવા માટેની દરખાસ્ત આજના બોર્ડમાં મળી હતી, જેને મંજૂર કરવામાં આવી હતી. ■

# પ્રતાપ દૂધાતે માત્ર કપાસ નહીં તમામ પાકના વળતરની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપ દુધાતએ રાજ્ય સરકાર સામે મોરચો માંડ્યો હતો. તેમણે જણાવ્યું કે, સરકારે અતિવૃષ્ટિથી થયેલા નુકસાન માટે માત્ર કપાસના પાકને જ વળતર આપવાની જાહેરાત કરી હતી. દુધાતએ કહ્યું કે, ૨૦૨૪માં અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી તમામ પાકોને નુકસાન થયું હતું. સરકારે પ્રથમ તબક્કે ૨૦ જિલ્લાઓમાં વળતરની જાહેરાત કરી હતી. જેમાં અમરેલીને બાકાત રાખવામાં આવ્યો હતો. ૨૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ કલેક્ટર કચેરી સામે આંદોલન બાદ કૃષિ પ્રધાને અમરેલીને નવા પેકેજમાં સમાવવાની ખાતરી આપી હતી.

જિલ્લા પ્રમુખે આક્ષેપ કર્યો કે, સરકારે કોઈ પણ સર્વે વિના માત્ર કપાસના પાકને વળતર આપવાની જાહેરાત કરી હતી. જ્યારે જિલ્લામાં મહફળી, સોયાબીન અને અન્ય પાકોનું પણ વાવેતર હતું. તેમણે ૧૦ દિવસમાં તમામ પાકોના નુકસાનનું વળતર આપવાની માંગ કરી હતી.

આ ઉપરાંત તેમણે કહ્યું, જો સરકાર તમામ પાકોના નુકસાનનું વળતર નહીં આપે તો ગામડે-ગામડે ખાટલા બેઠક અને ગ્રામસભા યોજી આંદોલન કરવામાં આવશે. તેમણે ખેડૂતોને ન્યાય અપાવવા માટે આકરા પગલાં લેવાની પણ ચીમકી આપી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ગેંગ મુખ્યત્વે પૈસાદાર લોકોને જ ટાર્ગેટ કરે છે. આ પહેલા જેને ફસાવવાના હોય તેની તમામ વિગતો એકત્ર કરતા હતા. માત્ર ધનાઢ્ય લોકોને જ ફસાવવામાં આવતા હતા. આ ગેંગ્સ ડેટિંગ એપ્સ જેવી કે, ટિન્ડર, બમ્બલ, લવલી અને ફેસબુક જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ભરપૂર ઉપયોગ કરે છે. તેઓ સૌપ્રથમ આ પ્લેટફોર્મ્સ પર મિત્રતા કેળવે છે. આ મહિલા પહેલા મેસેજ દ્વારા વાતચીત શરૂ કરે છે અને પ્રેમપૂર્વકના સંદેશાઓ દ્વારા પીડિતને વિશ્વાસમાં લેવામાં આવે છે. ■

# રાજકોટમાં શિક્ષિકા સાથે ₹ ૨૭ હજારની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં રહેતી એક શિક્ષિકાને સસ્તામાં ડ્રેસ લેવાની ઓનલાઈન લાલચ મોંઘી પડી હતી. શિક્ષિકા સાથે રૂ. ૨૭ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. વધુ પૈસાની માગણી કરતા શિક્ષિકાએ ના પાડી હતી. જેથી ઠગબાજોએ શિક્ષિકાને તમારે ફરિયાદ કરવી હોય તો કરો, પોલીસ અમારું કંઈ બગાડી નહીં શકે તેવી ધમકી પણ આપી હતી. શિક્ષિકાના ઈન્સ્ટાગ્રામ પર મહાલક્ષ્મી ફેસન નામની એપ્લિકેશન પર સસ્તા ભાવે ડ્રેસ વેચવાની એક જાહેરાત આવી હતી. જેમાં ૪૨૫૯ની કિંમતનો ડ્રેસ ૨૦૦૦માં મળશે તેમ જણાવ્યું હતું, જેથી તેમાં આપેલા વૉટ્સએપ નંબર પર ડ્રેસ ખરીદ કરી પોતાનું એડ્રેસ મોકલ્યું હતું. દરમિયાન સામેથી ઓર્ડર કન્ફોર્મ કરવામાં આવ્યો હતો અને સામેથી મેસેજ આવ્યો હતો અને તેમાં કોડ ઉપર રૂ. ૨૦૦૦ ફોન-પે મારફતે ટ્રાન્સફર કરવાનું કહેતા પૈસા મોકલ્યા હતા. ઓર્ડરના ત્રણ દિવસ પછી ડ્રેસ અંગે મેસેજ કરતા તેને ઓરિજિનલ કિંમત ૪૨૫૦ રૂપિયા ભરવાનું અને ત્યાર બાદ તમારો ડ્રેસ મળી જશે તેમ કહ્યું હતું જેથી ફરીથી પેમેન્ટ કર્યુ હતું અને તેની સાથે વાત કરી હતી. ■

# જૂનાગઢમાં આપ નેતા રેશ્મા પટેલ સહિત કાર્યકરોની અટકાયત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્મા પટેલ જૂનાગઢના ઇવનગર ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રીને ડીજીઆર (એનઆરસીજી) જૂનાગઢના ૧૦૦થી વધુ રોજમદાર કર્મચારીઓને છૂટા કરી રોજીરોટી વિહીન કર્યા તેને રોજીરોટી ફરી આપવા બાબત રોજમદાર મજદૂર લોકો મહિલાઓ સાથે મળવા જતાં હતાં, ત્યારે રેશ્મા પટેલ સહિત તમામની અટકાયત કરી મેંદરડા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યાં હતાં. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્મા પટેલ સાથે આપ હોદ્દેદાર જીવન ભાઈ, ભાવેશભાઈ કાતરિયા સહિત મજદૂર મહિલાઓની પોલીસે અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્મા પટેલ દ્વારા એક આવેદનપત્ર આપવાનું હતું, જેમાં જણાવ્યું હતું કે તમે જે ઇવનગર ખાતે આવેલ રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્રની મુલાકાતે આવ્યા છો, તેમાં રોજમદાર ધોરણે વર્ષોથી કામ કરતા શ્રમિકોને કોઈ પણ જાતની કાર્યવાહી કર્યા વગર કામ ઉપરથી છૂટા કરી દેવામાં આવ્યા છે. આ બાબતે માતાઓ-બહેનો સહિત દરેક લોકો ન્યાય માટે રજૂઆત કરતા આવ્યા છે. પણ કોઈ પણ જવાબ કે સમાધાન વર્ષો પછી પણ મળ્યું નથી,અનેક આંદોલનો કર્યા છતાં પણ ડીજીઆરના ડાયરેક્ટરના પેટનું પાણી હલતું નથી. કોન્ટ્રાક્ટ પદ્ધતિ અમલમાં મૂકી અનેક ગરીબ શ્રમિકની રોજી રોટી છીનવી છે. ■